આફતાબ, *n.* સૂર્ય. The sun.
આફરીન, *n.* કુરબાન. Praises. Thanks.
આફરો, *n.* પેટ ચઢવું તે. Costiveness; constipation.
આબ, *n.* જળ. Water; Lustre.
આબકારી, *a.* કેફી ચીજોને લગતું. Excise.
આબરૂ, *a.* પ્રતિષ્ઠા. Reputation; credit.
આબરૂદાર, *a.* પ્રતિષ્ઠાવાળું. Resppectable; creditable
આબાદ. *a.* સમૃદ્ધ. Thriving. Flourishing.
આબાદી, *n.* આબાદ હોવું તે. Prosperity.
આબેહુબ, *a.* અસલના જેવું. Exact. Vivid.
આબોહવા, *a.* હવાપાણી. Climate.
આભ. *n.* આકાશ. Sky. The clouds.
આભડછેટ, *n.* અભડાવું તે. Pollution. Menses.
આભડવું, *vi.* To be in mense.
આભરણ, *n.* શણગાર. Decoration. Ornament.
આભાર, *n.* ઉપકાર. Gratitude. Obligation.
આભારી, *a.* ઉપકારવશ. Indebted. Grateful.
આભાસ, *n.* ભ્રમ. દેખાવ. Resemblance. Appearance.
આભું, *a.* દિંગ. Surprised.
આભૂષણ, *n.* ઘરેણું. Ornament. Decoration.
આમ, *n.* જળસ. Diarrpœa with mucous.
આમ, *a.* સામાન્ય. Common. ૨. લોક. People [*n.* કેરી. Mango.
આમ, *ad.* આ પ્રમાણે. Thus.
આમટ, *a.* ખાટું. Sour. Acid.
આમતેમ, *ad.* અવ્યવસ્થિત રીતે. Disorderly.
આમદ, આમદાની, *n.* આવક. Income, Revenue,

આમનસામન, *a.* પરસ્પર. Mutual. Reciprocal.
આમન્યા. *n.* આજ્ઞાપાલન. Obedience.
આમલી પીપળી, *n.* એક રમત. Game.
આમવર્ગ, *n.* સામાન્ય લોકોનો સમુહ. Commoners.
આમસભા, *a.* House of Commons.
આમળવું, *vt.* વળ દેવો. To twist. To wring.
આમળો, *n.* વળ. Twisting. A twist. ર. ખાર. Grudge.
આમંત્રણ, *n.* નોતરૂં. Invitation. A call.
આમંત્રવું, *vt.* નોંતરવું. To invite. To call.
આમાતિસાર, *n.* સંગ્રહણી. Dysentery.
આમિષ, *n.* માંસ. Flesh.
આમિન, *a.* તથાસ્તુ. Amen. Be it so.
આમુખ, *n.* પ્રસ્તાવના. Preface.
આમોદ, *n.* આનંદ. Joy. Delight. Pleasure.
આમ્ર, *n.* આંબો. Mango-tree.
આય, *n.* હિંમત. Courage; strength.
આયખું, *n.* આયુષ્ય. Life.
આયના, *n.* દર્પણ. Mirror. A looking glass.
આયપત. *n.* આવક; ઉપજ. Income. Gain.
આયપતવેરો, *n.* આવક ઉપર લેવાતો કર. Income-tax.
આયંદે *ad.* હવે પછી. Hereafter.
આયા, *n.* ધાવ. Nurse. A waiting maid.
આયાત. *n.* બહારગામના માલનો આવરો. Import.
આયાસ, *n.* મહેનત; કષ્ટ. Labour.
આયુ,-ષ્ય, *n.* આવરદા. Life.
આયુધ, *n.* હથીઆર. Weapon. Arms.
આર, *n.* પરોણીની અણી. Pointed iron spike. ર. ખેળ. Sizing.
આરક્ત, *a.* રતાશ પડતું. Reddish.
આરજુ, *n.* ઈચ્છા. Desire. Hope.
આરડવું. *vt.* બરાડા પાડવા. To bawl. To cry out.
આરણકારણ. *n.* બહાનું. Pretext. *a.* અનિશ્ચિત. Uncertain.
આરત, *n.* ગરજ. Necessity. Want.
આરપાર, *ad.* સોંસરૂં. Across.
આરસપહાણ, *n.* સંગેમરમર. Marble-stone.
આરસી. *n.* નાનું દર્પણ. Small-mirror.
આરસો, *n.* દર્પણ. Mirror. Looking glass.
આરંભ, *n.* શરૂઆત. Beginning.
આરંભવું, *vt.* શરૂ કરવું. To begin. To commence.
આરાધના. *n.* પૂજા. Worship. Adoration.
આરાધવું, *vt.* પૂજવું. To worship. To adore.
આરામ, *n.* વિરામ. Rest.
આરામખુરશી, *n.* આરામ કરવા માટેની ખુરશી. Easy-chair.
આરીયું, *n.* ચીભડું. Cucumber.
આરી, *n.* નાનું કરવત. Small saw.
આરો, *a.* કિનારો. Bank. An embankment
આરોગવું, *vt.* જમવું. To Eat. To dine.
આરોગ્ય, *n.* તંદુરસ્તી. Health.
આરોગ્યાલય, *n.* Sanitarium.
આરોપ. *n.* તહોમત. Charge. Accusation.
આરોપણ, *vt.* આરોપવું તે. Act of accusation.
આરોપવું, *vt.* આરોપ મુકવો. To accuse. To ascribe.
આરોપી, *n.* તહોમતદાર. Accused.
આરોહ,-આરોહણ, *n.* ચઢવું તે. Ascent.
આર્જવ, *n.* સરળતા. Straightforwardness.
આર્ત, *a.* દુ:ખી. Distressed; miserable.
આર્તનાદ, *n.* દુ:ખનો પોકાર. Call in distress.
આર્થિક. *a.* નાણાં સંબંધી. Financial. Monetary.
આર્દ્ર, *a.* ભીનું. Wet.
આર્દ્રવાયું. *n.* Hydrogen.
આર્ય, *a.* સંસ્કારી. Cultured. Noble.
આર્યા, *n.* કુલીન સ્ત્રી. Respectable woman.
આર્યાવર્ત, *n.* હિંદુસ્થાન. India.
આલક્ષિત. *a.* ચિન્હવડે દેખાડેલું. Marked.
આલપાકો. *n.* એક પ્રકારનું ઉનનું કાપડ. Alpaca.
આલમ, *n.* જગત. World.
આલમગીર. *a.* જગતને જીતનાર. Conqueror of the world.
આલવું. *vt.* આપવું. To Give. To hand over.
આલસ્ય, *n.* આળસ. Idleness. Indolence.
આલંબ,-આલંબન, *n.* ટેકો. Support.
આલા. *a.* ઉત્તમ. Best.
આલાપ. *n.* ગુંજન. Humming a tune.
આલાપવું, *vt.* ગુંજન કરવું. To Hum. To sing.
આલિશાન, *a.* વિશાળ. Very big. Grand.
આલિંગન; *n.* છાતી સરસું ચાપવું તે. Embrace.
આલુ, *n.* બટાટો. Potato.
આલેખન, *n.* ચિત્રકામ. Drawing.
આલેખવું, *vt.* ચિતરવું. To Draw. To paint
આલોકવું, *vt.* અવલોકન. કરવું. To observe. To see.
આલોપાલો, *n.* શાકભાજી. Foliage. Vegetation.
આવક, *n.* આમદાની. Income. Earnings.
આવકાર, *n.* આદરમાન. Reception.
આવજાવ, *n.* આવવું અને જવું તે. Frequency.
આવડ,-ત, *n.* કુશળતા. Tact; skill.
આવડવું, *vt.* જાણવું. To know. To be familiar with.
આવડું, *n.* એટલું. So much.
આવરણ, *n.* પડદો. Covering. A screen.
આવરદા, *n.* આયુષ્ય. Life.
આવર્તન, *n.* ફરીફરી કરવું તે. Repetition.
આવવું, *vt.* આગમન થવું. To come.
આવશ્યક, *a.* જરૂરી. Compulsory.
આવશ્યકતા, *n.* અગત્યતા. Necessity.
આવળ, *n.* એક વનસ્પતિ છોડ. Shrub.
આવાગમન, *n.* આવવું ને જવું તે. Arrival and departure.
આવાર, *ad.* આ વખતે. This time.
આવાસ, *n.* નિવાસસ્થાન. Residence. Abode.
આવાહન. *n.* આમંત્રણ. Invitation.
આવિર્ભાવ, *n.* પ્રાકટ્ય. Manifestation.
આવિર્ભૂત, *a.* પ્રકટ. Manifested. Unfolded.
આવું, *a.* આના જેવું. Such.
આવૃત્ત, *a.* ઢાંકેલું. Covered.

આવૃત્તિ. *n.* પ્રકાશન, Edition. Repitition.
આવેગ, *n.* જોસ. Vigour. Force. Haste.
આવેશ, *n.* જુસ્સો. Ardour. Zeal.
આશ, *n.* આશા. Hope. Desire; wish.
આશક, *n.* પ્રેમી, Lover. *a.* પ્રેમવશ. Enamoured.
આશય, *n.* ધારણા. Intention. ૨. સ્થાન. Place.
આશરે. *ad.* લગભગ. About.
આશરો. *n.* અંદાજ.Estimate.
આશંક, *n.* આંચકો. Hesitation.
આશંકા. *n.* વહેમ. Doubt. Fear.
આશા, *n.* ઉમેદ. Hope. Expectation.
આશાબંધ,-ભર્યું.-વંત. *a.* &*n.*આશાવાળું.Hopeful.
આશાભંગ,-હીન, *a.* નિરાશ. Disappointed.
આશાવાદ, *n.* Optimism.
આશીષ, *n.* દુવા;આશીર્વાદ.Benidiction.Blessing.
આશીર્વાદ. *n.* દુવા. Blessing.
આશ્ચર્ય, *n.* નવાઇ. Wonder. Surprise.
આશ્ચર્યકારક,-જનક. *a.*નવાઈ પમાડે તેવું.Wonderful.
આશ્રમ, *n.* સાધુનો નિવાસ. Hermitage. Shelter.
આશ્રય, *n.* શરણું; આશરો. Refuge. Asylum.
આશ્રિત, *a.* આશ્રયે રહેલું. Dependent.
આશ્વાસન,-ના, *n.* દિલાસો. Consolation.
આસક્ત. *a.* મોહિત, Enamoured. Attached.
આસક્તિ, *n.* અનુરાગ. Attachment.
આસન, *n.* બેઠક. Seat. Posture.
આસન્નકાળ, *n.* મરણકાળ. Death-time.
આસપાસ, *ad.* આજુબાજુ. All around.
આસમાન, *n.* ગગન. Sky. The atmosphere.
આસમાની, *a.* નીલરંગી. Bluish. Azure.
આસવ, *n.* સત્વ. Extract.
આસાએસ, *n.* આરામ. Rest. Recreation.
આસાન, *a.* સ્હેલું. Easy. Simple.
આસાનકેદ, *a.* સાદી કેદ. Simple imprisonment.
આસામી, *n.* માનવી. Person.
આસુર,-રી, *a.* રાક્ષસી. Inhuman.
આસોપાલવ, *n.* એક ઝાડ, Tree.
આસ્તર, *n.* ગાલીચો. Carpet.
આસ્તિક, *a.* & *n.* શ્રદ્ધાળુ. Theist.
આસ્તિકતા, *n.* શ્રદ્ધા. Faith.
આસ્તે, *ad.* ધીમેથી. Slowly. Gently.
આસ્થા, *n.* શ્રદ્ધા. Faith; Reliance.
આસ્પદ. *n.* સ્થાન. Place; abode.
આસ્વાદ, *n.* સ્વાદ. Taste. Relish.
આસ્વાદવું, *vt.* સ્વાદ લેવો. To taste. To relish.
આહ, *int.* અરે Oh. *n.* બદ દુવા. Curse.
આહવન. *n.* યજ્ઞ. Sacrifice.
આહા-હા, *int.* આશ્ચર્ય,દુઃખ આદિ સુચવવાર ઉદ્ગાર. Expression showing pain, surprise etc.
આહાર, *a.* ખોરાક. Food; Meal.
આહારી, *a*, અકરાંતિયું. Gluttonous.

આહીર, *n.* ભરવાડ. Shepherd.
આહુતિ, *n.* હોમવું તે.Sacrificial offering.*n.* બલિદાન. Sacrifice.
આહ્નિક, *n.* દૈનિક ક્રિયા. Daily work.
આહ્લાદ, *n.* આનંદ. Joy. Rapture.
આહ્લાદક *a.* આનંદ કરાવે તેવું.Joyful.Rapturous.
આળ, *n.* ખોટો આરોપ.False charge or imputation.
આળવીતરૂં, *a.* તોફાની. Mischievous.
આળસ, *a.* એદીપણું. Idleness. Indolence.
આળસુ, *a.* એદી. Idle. Indolent.
આળું, *a.* ભીનું. Moist.
આળોટવું, *vt.* લોટવું. To wallow.
આંક, *n.* સંખ્યા. Figure. ૨. હદ.Limit.૩. નિશાની, Mark.
આંકડી, *n.* કડી. A hook.૨.ચૂંક. Pain in belly.૩. તાણ. Convulsion.
આંકડો, *n.* સંખ્યા. Figure. ૨. લેણદેણનો હિસાબ. Statement of accounts.
આંકણી, *n.* આંકવાનું સાધન. Ruler.
આંકવું, *vt.* દોરવું. To rule. ૨. અટસટ્ટો કાઢવો. To Estimate.
આંખ, *n.* નેત્ર. Eye.
આંખમીચામણાં, *n.* જોયુંનજોયું કરવું તે. Overlook.
આંગણું, *n.* ઘરના મુખ્યદ્વાર સામેની ખુલ્લી જગ્યા.Courtyard.
આંગળ, *n.* આંગળી જેટલું માપ. Measure.
આંગળી, આંગળું, *n.* હાથ પગના પંજા આગળના પાંચ અવયવોમાંનો દરેક અવયવ. Finger.
આંગ્લદેશ, *n.* અંગ્રેજોનો દેશ. England.
આંચ. *n.* ઝાળ; ભભૂકો. Blaze. ૨. ઇજા. Injury.
આંચકવું, *vt.* બળ કરીને ખેંચવું. To pull. To snatch.
આંચકી, *n.* તાણ. Fit.
આંચકો, *n.* જોર કરીને ખેંચવું તે. Push.
આંચળ, *n.* પશુ માદાના આઉનો અગ્રભાગ. Udder.
આંજણ, *n.* અંજન; કાજળ. Collirium.
આંજણી, *n.* પાંપણના મૂળ આગળ થતી ફોલ્લી. Sty on the eyelid.
આંજવું, *n.* લગાડવું. To paint. ૨. છેતરવું. To deceive.
આંટ. *n.* ગુંચ. Knot. ૨. કિનો. Grudge. ૩. આબરૂ. Prestige. ૪. હોશીઆરી. Skill.
આંટણ, *n.* ઘસારાનું ચિન્હ. Corns.
આંટવું, *vt.* ટપી જવું. To surpass. To excel.
આંટી, *n.* ગુંચ. Knot.૨.સુતરની ગડી.Skein.૩.કોયડો. Puzzle.
આંટીઘુંટી, *n.* છળકપટ. Intricacy.
આંટો, *n.* ફેરો. Turn.
આંતરડી, *n.* હૃદય. Heart.
આંતરડું, *n.* પેટના નળ. Entrails.
આંતરરાષ્ટ્રિય. *a.* International.
આંતરવિગ્રહ, *n.* અંદર અંદરનો વિગ્રહ. Civil war.
આંતરવું, *vt.* ઘેરવું. To encompass. ૨. અટકાવવું. To stop.
આંતરિક, *a.* અંદરનું. Inner.
આંતરો, *n.* અંતર; ગાળો. Division.
આંદોલન, *n.* હિલચાલ. Movement.
આંધળિયું, *n.* અવિચારી કૃત્ય. Thoughtlessness.
આંધળું, *a.* ન દેખતું; અંધ. Blind.

આંધી, *n.* વાવાઝોડું. Storm.
આંમલી, *n.* આમલી. Tamarind tree.
આંબાગાળો, *n.* કેરીની મોસમ. Mango-season.
આંબામોર, *n.* Mango-blossom..
આંબાવાડીયું. *n.* અમરાઇ. Mango-grove,
આંબો, *n.* આમ્રવૃક્ષ. Mango tree.
આંબોઇ, *n.* ડુંટીની નીચેની રગોની ગાંઠ. Navel string.
આંસુ, *n,* અશ્રુ. Tear.
આંહાતસ, *n.* ગડભાંજ. Hesjtation.
આંહી, *ad.* અહિંઆ. Here.

' इ '

ઇ, *n.* The third letter of the Alphabet.
ઇકબાલ. *n.* કિસ્મત. Fortune. Destiny. ૨. આબાદી. Prosperity.
ઇકરાર, *n.* કેફીઅત. Declaration. Statement.
ઇકરારનામું. *n.* પ્રતિજ્ઞા પૂર્વકની કબુલાતનો લેખ. Affidavit,
ઇક્ષુ, *n.* શેરડી. Sugar-cane,
ઇખલાસ, *n.* ઘરોબો. Intimacy.
ઇખ્તેસાર, *a.* ટુંકું. Brief. Short.
ઈચ્છવું, *vt.* ઇચ્છા કરવી. To wish. To desire.
ઇચ્છા, *n.* મરજી; કામના. Desire. Wish; will.
ઇચ્છિત, *a.* ઇચ્છેલું. Desired. Wished.
ઇચ્છુક, *n.* ઈચ્છાવાળો. One who desires.
ઇજન, *n.* નોતરૂં, Invitation. A call.
ઇજનેર, *n.* બાંધકામની યોજના જાણનાર માણસ. Engineer.
ઇજાર, *n.* સુરવાલ. Trousers. Breeches.
ઈજારદાર, *n.* ઇજારો ધરાવનાર. Monopoly-holder.
ઇજારો, *n.* Monopoly. ૨. ઠેકો. Contract.
ઇજ્જત, *n.* આબરૂ. Prestige. Reputation; honor.
ઇજ્જતદાર, *a.* ઇજ્જતવાળું; પ્રતિષ્ઠિત. Reputed. Respectable.
ઇતબાર, *n.* વિશ્વાસ. Trust. Confidence.
ઇતર. *a.* અન્ય. Another. Different.
ઇતરાઈ, *n.* ખોટો ડોળ. Pomp. Self-praise.
ઇતરાજી, *n.* નાખુશી. Displeasure. Disfavor.
ઇતિ, *ad.* આ પ્રમાણે. Thus.
ઇતિશ્રી, *n.* સમાપ્તિ. End. Finis. Conclusion.
ઇતિહાસ, *n,* તવારીખ. History. Narration.
ઇતિહાસકાર. *n,* તવારીખ લખનાર. Historian. Narrator.
ઇતિહાસિક, *a.* Historical,
ઇત્યાદિ, *ad.* વગેરે. Et cetra.
ઇનકાર, *n.* નિષેધ; મના. Denial. Refusal.
ઇનામ, *n.* બક્ષિસ. Gift. Present. Reward.
ઇનાયત, *n.* ભેટ. Favour. Gift.
ઇન્સાન, *n.* માનવી. Human being. Mankind.
ઇન્સાનિયત, *n.* સજ્જનતા. Civility. Goodness. Humanity.
ઇન્સાફ, *n.* ન્યાય. Justice. Equity.
ઇન્સાફી, *a.* ન્યાયી. Just. Equitable.
ઇબારત, *n.* શૈલી. Style. Construction.
ઇમાન, *n.* વિશ્વાસ; પ્રમાણિકતા, Honesty; Faith.
ઇમાનદાર, *n.* પ્રમાણિક. Honest. Faithful.
ઇમારત, *n.* મોટું મકાન, Building. A house; a mansion.
ઇયળ, *n.* એક કીડો. Worm.
ઇરાદો, *n.* ધારણા; આશય. Intention.
ઇલકાબ, *n.* ખિતાબ. Title. Surname.
ઇલમ, *n.* કળા. Art. ૨. શાસ્ત્ર. Science.
ઇલમી, *a.* હોશિયાર. Artfful. Clever. Intelligent.
ઇલા, *n.* પૃથ્વી. Earth.
ઇલાકો, *n.* પ્રાંત. Presidency.
ઇલાજ, *n.* ઉપાય. Remedy. Cure. Contrivance.
ઇલાયચી, *n.* એક તેજાનો. Cardamom.
ઈયાયદું, *a.* જુદું. Separate.
ઇસારો, *n.* સૂચના. સાન. સંકેત. A nod; a hint.
ઇશારત. *n.* સાન; સંકેત. Sign.
ઇશ્ક, *n.* પ્રેમ. Love. Enjoyment.
ઇશ્કબાજ, *a.* પ્રેમમાં મગ્ન. Lewd.
ઇશ્કી, *a.* & *n.* પ્રેમી. Amorous. Voluptuous.
ઇષ્ટ, *a.* મનગમતું. Favourite. Desired.
ઇષ્ટદેવ, *n.* કુળદેવ. Family deity.
ઇષ્ટમિત્ર, *n.* પ્રિય મિત્ર. Dear friend.
ઇસમ, *n.* વ્યક્તિ. Person. Individual.
ઇસ્કામત, *n.* મિલ્કત. Property. Estate.
ઇસ્કોતરો. *n.* નાની પેટી. Small box.
ઇસ્તરી, *n.* અસ્ત્રી. Smoothing iron.
ઇસ્પિતાલ, *n.* દવાખાનું. Hospital.
ઇસ્લામ, *n.* મુસલમાન ધર્મ. Mohemedanism.
ઇહ, *ad.* અહીં. Here.
ઇહલોક, *n.* પૃથ્વી. Earth.
ઇહાં. *ad.* અહીં. Here.
ઇંચ, *n.* તસુ. Inch.
ઇંતેખાબ, *n.* ચુંટણી. Selection.
ઇંતેજાર, *a.* આતુર, Anxious; Eager.
ઇંદુ, *n.* ચંદ્ર. Moon.
ઇંદ્રગોપ, *n.* ગોકળગાય. Snail.
ઇંદ્રચાપ, *n.* મેઘ ધનુષ્ય. Rainbow.
ઇંદ્રજાળ, *n.* હાથચાલાકી. Sorcery. Black Magic.
ઇંદ્રિય, ૭. લિંગ; અવયવ. Organ. The senses.
ઇંધન. *n.* બાળવાનું લાકડું. Wood. Fuel.

'ई'

ઈ, The furth letter of the Alphabet.
ઈક્ષણ, *n.* જોવું તે. Act of seeing.
ઈક્ષિત, *a.* જોયેલું. Seen. Beholden.
ઈજા, *n.* પીડા. Injury. Molestation.
ઈદ, *n.* ઈસ્લામી તહેવાર Muslim festival.
ઈપ્સિત, *a.* ઈચ્છેલું. Desired. Wfshed for.
ઈમાન, *a.* આસ્થા. Faith. Honesty.
ઈમાનદાર. *a.* પ્રમાણિક. Honest. Faithful. [ness.
ઈમાનદારી, *n.* પ્રમાણિકતા. Honesty. Faith-ful-
ઈર્ષા, ઈર્ખા, *n.* અદેખાઈ. Jealousy. Spite; envy.
ઈર્ષાખોર. ઈર્ષાળુ, *a.* અદેખું. Jealous. Envious.
ઈવ, *n.* આદ્ય સ્ત્રી; આદમની જોડીઅણ. Eve.
ઈશ, *n.* ઇશ્વર. God.
ઈશાન, *n.* ઉત્તર અને પૂર્વ દિશા વચ્ચેનો ખુણો. Northeast.
ઈશુખ્રિસ્ત, *n.* ખ્રિસ્તી ધર્મનો સંસ્થાપક. Jesus Christ
ઈશ્વર, *n.* પ્રભુ. God.
ઈશ્વરકૃપા, *n.* ઇશ્વરની કૃપા. Grace of God.
ઈષણા, *n.* વાસના, Lust; strong wish.
ઈષત, *a.* થોડું. Little. [bedstead.
ઈસ, *n.* ખાટલાની બાજુનું લાકડું. Side piece of a
ઈસવીસન, *n.* ખ્રિસ્તી સંવત્. Christian era.
ઈસાઈ, *n.* & *a.* ખ્રિસ્તી. Christian. [Brick.
ઈંટ, *n.* ઘર ઈ. ચણવામાં વપરાતું માટીનું ચોસલું.
ઈંટાળો, *n.* ઈંટનો ટુકડો. Brick-piece.
ઈંડું, *n.* એંડું. Egg.

'उ'

ઉ, The fifth letter of the Alphabet.
ઉકરડો, ઉકેરો, *n.* છાણ પૂંજાનો ઢગલો. Dung-hill.
ઉકરાટો, *n.* ટાઢની ધ્રુજારી. Shivering.
ઉકળાટ, *n.* ધામ; તાપ. Heat. Agitation.
ઉકાળવું, *vt.* ખદખદાવવું. To boil.
ઉકાળો, *n.* કાઢો. Decoction.
ઉકેલ, *n.* નિકાલ. Way out. Disentanglement.
ઉકેલવું. *vt.* ગુંચ કાઢવી. To disentangle. ૨. વાંચવું.
ઉક્ત, *a.* કહેલું. Spoken. Uttered; said. [To read.
ઉક્તિ, *n.* કથન, Speech. Utterance, [detach.
ઉખાડવું, *vt.* ચોંટેલું જુદું કરવું. To eradicate. To
ઉખાણું, *n.* સમસ્યા; કોયડો. Riddle. A puzzle. ૨.
ઉખેડવું, Same as. ઉખાડવું. [કહેવત. Maxim.
ઉગમણું, *a.* પૂર્વ દિશાનું. Eastern.
ઉગવું, *vi.* બહાર નિકળવું. To rise; te grow.
ઉગાડવું, *vt.* ઉગે એમ કરવું. To make To grow.
ઉગામવું, *vt.* મારવા ઉપાડવું. To raise. [verance.
ઉગારો, *n.* બચત Saving; surplus. ૨. બચાવ. Deli-
ઉગારવું, *vt.* બચાવવું. To save. ૨. રક્ષણ કરવું. To protect.
ઉગ્ર, *a.* જલદ. Sharp; severe. ૨. ક્રોધી. Hot.
ઉઘરાણી, *n.* તકાદો. Urgent demand. ૨. લેણાની વસુલાત. Collection of debts.
ઉઘડવું. *vt.* ખુલ્લું થવું. To open; to reveal.
ઉઘરાણું, *n.* ફાળો. Subsciption. Contribution.
ઉઘરાવવું, *vt.* એકઠું કરવું. To collect.
ઉઘલાવો, *n.* વરઘોડો. Procession.
ઉઘાડ, *n.* આકાશ વાદળાં વિનાનું થઈ તડકો નીકળે તે. Fair weather.
ઉઘાડવું, *vt.* ખુલ્લું કરવું. To open. To unlock.
ઉઘાડું, *a.* નહિ ઢાંકેલું. Uncovered. Open.
ઉચક,-ઉચ્ચક, *ad.* સામટું; ઉધડું. In the lump.
ઉચાટ, *n.* ચિંતા; અધિરાઇ. Anxiety. Impatience.
ઉચાપત, *n.* ઓળવવું તે. Missappropriation.
ઉચિત, *a.* યોગ્ય. Fit. Proper; suitable.
ઉચ્ચ, *a.* ઉંચું. High. Lofty.
ઉચ્ચઆદર્શ, *n.* ઉચ્ચ આદર્શ. Highideal.
ઉચ્ચવર્ણ, *n.* ઉંચી જાત. High caste. [nce.
ઉચ્ચાર. *n.* બોલવાની ઢબ. Pronunciation. Uttera-
ઉચ્ચારવું, *vt.* બોલવું. To pronounce. To speak.
ઉચ્ચાલન, *n.* તુલા યંત્ર. Lever.
ઉચ્છિષ્ટ. *a.* એંઠું; બોટેલું. Polluted.
ઉચ્છૃંખલ, *a.* ઉદ્ધત. Rash. Mischievons.
ઉચ્છૃંખલતા, *n.* ઉદ્ધતાઈ. Rashness. Mischief.
ઉચ્છેદ, *n.* નાશ. Destruction. Annihilation.
ઉચ્છેદન, *n.* નાશ કરવો તે. Act of destruction. Exterpation.
ઉચ્છેદવું, *vt.* નાશ કરવો. To destruct. To destroy.
ઉચ્છવાસ, *n.* શ્વાસ લેવો મુકવો તે. Breathing. Respiration, ૨. પ્રકરણ. Chapter.
ઉછરવું, *vi.* મોટા થવું. વધવું. To be bred.
ઉછરંગ, *n.* આનંદ. Joy. Merriment. Pleasure.
ઉછરંગી, *a.* આનંદી. Merry. Joyful.
ઉછામણી. *n.* લિલામ. Auction. Bidding.

ઉછાળવું, *vt.* ઉંચે ફેંકવું. To toss up. To throw up.
ઉછાળો, *n.* કુદકો. Jump. Leap. ૨. એકાએક વધારો. Sudden rise. [less.
ઉછાંછળું. *a.* અવિચારી; તોફાની. Childish. Thought-
ઉછીતું, *a.* થોડા દિવસ માટે આપેલું-લીધેલું. Borrowed.
ઉછેરવું, *vt.* મોટું કરવું, To breed. To rear. [Lent.
ઉજવણી. *n.* ઉજવવું તે; ઉજાણી, Celebration. Feast.
ઉજાગરો. *n.* જાગરણ. Waking. ૨. ચિંતા, Anxiety,
ઉજાણી, *n.* જ્યાફત; મિજબાની. Festival. Feast.
ઉજાશ, ઉજેશ, *n.* અજવાળું. Light. ૨. તેજ. Brilliance.
ઉજ્જડ. *a.* વેરાન. Barren. Desolate; waste.
ઉજ્જવળ, *a.* દેદિપ્યમાન. Brilliant. Lustrous.
ઉઝરડવું, *vt.* નખ કે ધારવાળા હથીઆરથી ઘસરડીને ઉખાડવું. To bruise. To scratch.
ઉઝરડો, *n.* કાંટા વિ. ના ઘસારાથી પડેલો લીસોટો. Bruise. A scratch.
ઉટકવું, *vt.* માંજવું. To cleanse. To make clear.
ઉંટાટિયું. *n.* એક રોગ. Whooping cough.
ઉઠાઉગીર, *n.* ચોર. Pickpocket. A rogue.
ઉઠાડવું, *vt.* ઉઠે એમ કરવું. To arouse. To awaken.
ઉઠાવ, *n.* ઉપાડ; ખપત. Demand. Sale. ૨. દેખાવ. Appearance. [માથે લેવું. To undertake.
ઉઠાવવું, *vt.* ઉચકવું. To raise. ૨. ચોરવું. To steal. ૩.
ઉડાઉ, *a.* & *n.* અતિખર્ચાળ. Spendthrift.
ઉડાવવું. ઉડાડવું, *vt.* ઉડે એમ કરવું. To Cause to fly. ૨. વાપરી નાખવું. To spend. ૩. હાંસીકરવી. To ridi-
ઉડુગણ, *n.* તારાઓનો સમૂહ. Constellation. [cule.
ઉડ્ડયન, *n.* ઉડવું તે. Flight; soaring.
ઉતરવું, *vt.* નીચે આવવું. To descend.
ઉતરાણ, ઉત્તરાયણ, *n.* મકરસંક્રાંતિ. The suns northward passage to the tropic of capricorn.
ઉતરાદું, *a.* ઉત્તર તરફનું; ઓતરાદું. Northern.
ઉતરાવવું. *vt.* લખાવવું. To dictate; To get down.
ઉતાપ, -પો. *n.* સંતાપ. Excitement. Heat.
ઉતાર, *n.* મારણ. Antidote. ૨. ઓટ. Ebb. ૩. A ford
ઉતારવું, *vt.* ઉપરથી નીચે મુકવું. To bring down. ૨. નકલ કરવી. To copy. ૩. હલકી પથારી પર મુકવું. To
ઉતારૂ, *n.* મુસાફર. Passenger. [Degrade.
ઉતારો, *n.* રહેઠાણ. Lodging. ૨. ટાંચણ. Extract. A copy.
ઉતાવળ, *n.* ત્વરા. Haste; hurry. ૨. ઝડપ. Speed.
ઉતાવળિયું. *a.* અધીરૂં. Rash. Hasty.
ઉત્કટ. *a.* જબરદ. Powerful.
ઉત્કર્ષ, *n.* ઉન્નતિ, વૃદ્ધિ. Prosperity.
ઉત્કૃષ્ટ, *a.* ઉત્તમ. Best. Excellent.
ઉત્કૃષ્ટતા, *n.* શ્રેષ્ઠતા. Excellence.
ઉત્કંઠ, *a.* આતુર. Eager. Anxious; zealous.
ઉત્કંઠા, *n.* આતુરતા. Eagerness.
ઉત્ક્રમ, *n*, ઉલટો ક્રમ. Transgression. Irregularity. ૨. ઉંચો ક્રમ. Progressive increase.
ઉત્ક્રાંતિ, *n.* વિકાસ. Evolution. Development.
ઉત્ક્ષેપ, *n.* ઉપર ફેંકવું તે. Tossing.
ઉત્તમ, *a.* સૌથી વધારે સારૂં. Best.
ઉત્તમોત્તમ, *a.* ઉત્તમમાં પણ ઉત્તમ. Very best.
ઉત્તર, *n.* ઉત્તર દિશા. North. ૨. જવાબ. Answer. *a.* ડાબું. Left.
ઉત્તરક્રિયા, *n.* અંતિમ ક્રિયા. Funeral rites.
ઉત્તરકાળ, *n.* ઘડપણ. વૃદ્ધાવસ્થા. Old age.
ઉત્તરધ્રુવ, *n.* પૃથ્વીની ધરીનો ઉત્તર તરફનો છેડો. North
ઉત્તરલોક, *n.* સ્વર્ગલોક. Heaven. [Pole.
ઉત્તરાધિકાર, *n.* વારસાનો અધિકાર. Heirship.
ઉત્તરાર્ધ, *n.* બાકીનો અર્ધો ભાગ. Last half part.
ઉત્તરાવસ્થા, *n.* ઘડપણ. Old age.
ઉત્તરોત્તર, *ad.* ક્રમશઃ. Successively. Gradually.
ઉત્તીર્ણ, *a.* પાસ થએલું. Successful.
ઉત્તુંગ, *n.* ઉંચું. Lofty. High.
ઉત્તેજક, *a.* & *n.* જબરદ; ઉત્તેજન આપે તેવું. Stimulating. Stimulant.
ઉત્તેજન, *n.* પ્રોત્સાહન. Encouragement.
ઉત્તેજીત, *a.* ઉશ્કેરાયલું. Incited. Encouraged.
ઉત્થાપવું, *vt.* દૂર કરવું. To set aside. To remove.
ઉત્પત્તિ, *n.* મૂળ. Origin. ૨. જન્મ. Birth. ૩. Produce.
ઉત્પન્ન. *n.* નીપજ. Produce; outcome.
ઉત્પાત, *n.* આપત્તિ. Catastrophe.
ઉત્પાતિયું, *a.* તોફાની. Mischievous. Troublesome.
ઉત્પાદક, *n.* ઉત્પન્ન કરનાર. Producer.
ઉત્પાદન, *n.* નિપજ. Produce.
ઉત્પ્રેક્ષા, *n.* અલંકાર. Metaphor. A simile. ૨. ધારણા. Imagination.
ઉત્સવ, *n.* તહેવાર. Festival. Festivity.
ઉત્સાહ, *n.* હોંશ; ઉમંગ. Zeal. Energy. Alacrity.
ઉત્સાહી, *a.* ઉમંગી. Zealous.
ઉત્સુક, *a.* આતુર. Eager. Zealous; Desirous.
ઉત્સુકતા, *n.* આતુરતા. Eagerness. [reverse.
ઉથલાવવું, *vt.* ફેરવવું. To turn ૨. ઉંધુચતું કરવું. To
ઉથાપવું, *vt.* દૂર કરવું. To remove. ૨. અનાદર કરવો. To disobey.
ઉથામવું. *vt.* ઉથલાવવું. To turn over.
ઉદક, *n.* પાણી, જળ. Water.
ઉદકોદર, *n.* જલોદર. Dropsy.
ઉદગ્ર, *a.* ઉંચું. High. Lofty. ૨. પ્રસિદ્ધ. Conspi-
ઉદધિ, *n.* સમુદ્ર. Sea. Ocean. [cuous.
ઉદધિમેખલા, *n.* પૃથ્વી. Earth.
ઉદમાત-ધમાત, *n.* તોફાન. Mischief. Botheration.
ઉદમાતિયું, *a*, તોફાની. Mischievous.
ઉદય, *n*, ઉગવું તે; ઉન્નતિ. Rise. Prosperity.
ઉદયકાળ, *n.* ઉગવાનો સમય; ઉન્નતિનો વખત. Rising time. Prosperity.
ઉદર, *n.* પેટ. Stomach. Belly. ૨. ગર્ભાશય. Womb.

ઉદરનિર્વાહ-પોષણ, *n.* આજીવિકા. Maintenance. Livelihood. [interest.
ઉદરંભરી, *a.* સ્વાર્થી. Selfish. Actuated by self
ઉદાત્ત, *a.* ઉદાર;દાતાર.Generous,Noble.[Liberal.
ઉદાર, *a.* સખી; દાનશીલ. Generous. ૨.ખુલ્લા દિલનું.
ઉદારચરિત *a.* ઉદાર ચરિત્રવાળું. Magnanimous.
ઉદારતા, *n.* દાનશીલતા. Generosity.
ઉદાસ-સીન, *a.* ગમગીન; ખિન્ન. Sad. Sorrowful.
ઉદાસી, *n.* ગમગીની. Sadness. Sorrow.
ઉદાહરણ, *n.* દાખલો. Example. Illustration.
ઉદિત, *a.* ઉગેલું. Arisen. Risen.
ઉદુ, *a.* નીલવર્ણું. Bluish, Light-blue.
ઉદ્ગાર. *n.* ઉચ્ચાર. Utterance.
ઉદ્ઘોષ-ણા, *n.* ઢંઢેરો. Proclamation.
ઉદ્દંડ, *a.* ભયંકર. Horrible.
ઉદ્દામ, *a.* સ્વચ્છંદી. Forward. ૨.જહાલ. Radical.
ઉદ્દિષ્ટ, *a.* સંબોધાયલું. Directed. Mentiond.
ઉદ્દીપક, *a.*ઉત્તેજીત કરનારૂં.Stimulating. Exciting.
ઉદ્દીપ્ત, *a.* ઉશ્કેરાયલું. Stimulated. Excited.
ઉદ્દેશ, *n.* ધારણા; ઇરાદો. Intention; wish. ૨. હેતુ. Motive.
ઉદ્દેશવું, *vt.* સંબોધવું. To address.To speak of.
ઉદ્દેશ્ય, *n.* હેતુ; પ્રયોજન. Purpose.
ઉદ્ધત, *a.* અસભ્ય. Rude. Impudent.
ઉદ્ધતાઇ, *n.* અસભ્યતા. Rudeness. Insolence.
ઉદ્ધરવું, *vt.* મુક્તિ પામવી. To absolve.
ઉદ્ધાર, *n.* છુટકારો. Deliverance. Salvation.
ઉદ્ધારક, *n.* ઉદ્ધાર કરનાર. Savior.
ઉદ્બોધન, *n.* જાગૃતિ. Awakening. Revival.
ઉદ્ભવ *n.* પેદાશ; જન્મ. Origin. Birth.
ઉદ્ભવવું, *vt.* ઉત્પન્ન થવું. To originate.
ઉદ્ભિજ્જ, *n.* વનસ્પતિ.Vegetation.
ઉદ્ભિજ્જ વિદ્યા, *n.* વનસ્પતિશાસ્ત્ર. Botany.
ઉદ્ભ્રાંત, *a.* વ્યાકુળ. Agitated. Perturbed.
ઉદ્યત, *a,* કૃતનિશ્ચય. Resolved. Determined.
ઉદ્યમ, *n.* કામ. Work. Occupatin. *a.* ૨. ઉદ્યોગ. Industry.
ઉદ્યમી, *a.* મહેનતુ. Diligent. Industrious.
ઉદ્યાન, *n.* બગીચો. Garden. Park.
ઉદ્યાપન, *n.* સમાપ્તિની ક્રિયા. Ceremony.
ઉદ્યુક્ત *a.* કામમાં પરોવાયલું. Engaged.
ઉદ્યોગ, *a.* ધંધો; રોજગાર. Activity. Occupation.
ઉદ્યોગશાળા, *n.* કલાભવન. Technical school.
ઉદ્યોગી, *a.* મહેનતુ. Industrious. Active.
ઉદ્યોત, *n.* તેજ; પ્રકાશ. Lustre.
ઉદ્વાહ, *n.* લગ્ન. Wedding.
ઉદ્વિગ્ન, *a,* વ્યાકુળ; દુઃખી. Grieved. Dejected.
ઉદ્વેગ, *n.* ચિંતા; દુઃખ. Anxiety. Care.
ઉધરસ. *n.* ઠાંસો; ખાંસી. Cough.
ઉધરાવવું, *vt.* નામે લખાવવું. To get debited.

ઉધરાશો, *n.* ચિંતા. Concern. Anxety.
ઉધાન. *n.*ભરતી.Spring tide.૨.દમ.Care.Asthma.
ઉધામો, *n.* પ્રયત્ન. Attempt.
ઉધાર, *a.* પૈસા આપ્યા વિના નામે લખાવી લીધેલું. On credit.
ઉધારવું *vt.* નામે લખવું. To debit.
ઉધારપાસું, *n.* ઉધાર બાજુ. Debit side.
ઉધારો, *n.* વાયદો. Promise. ૨. વિલંબ. Delay. ૩. ખોટ. Want.
ઉધેઇ, *n.* ઉધઇ. White ant.
ઉનાળો, *n.* ગરમીનો સમય. Summer.
ઉન્નત. *a.* ઉંચું. High. Lofty; Exalted.
ઉન્નતાંશ, *n.* ઉંચાઇ. Altitude.
ઉન્નતિ, *n.* ચડતી;આબાદી. Prosperity. Rise.
ઉન્મત્ત *a.* અહંકારી. Haughty; proud. ૨. છાકટું. Intoxicated.
ઉન્માદ *n.* ઘેલછા. Madness. Delirium.
ઉન્માર્ગ, *n.* ખોટો માર્ગ. Evil course.
ઉન્મીલન, *n.* જાગ્રત થવું તે. Awakening.
ઉન્મેષ, *n.* પલકારો. Flash.
ઉપકથા, *n.* આડકથા. Sub-story.
ઉપકરણ, *n.* સાધન. Material. Implements.
ઉપકાર, *n.* પાડ; સહાય. Obligation. Favour.
ઉપકારી. *a.* ઉપકાર કરનારૂં. Obliging. Helping
ઉપકૃત, *a.* આભારી. Obliged. Assisted.
ઉપકૃતિ. *n.* આભાર. Obligation. Help.
ઉપક્રમ, *a.* પ્રારંભ. Commencement.
ઉપગુરુ, *n.* મદદનીશ શિક્ષક. Assistant teacher
ઉપગ્રહ. *n.*મુખ્ય ગ્રહની આસપાસ નાનો ગ્રહ.Satellite.
ઉપઘાત, *n.* હાનિ. Injury. Harm.
ઉપચય, *n.*સંચય. Accumulation.૨. આબાદી. prosperity.
ઉપચાર, *n.* ઉપાય.Treatment.Remedy; means.
ઉપચારિકા, *n.* સેવિકા. Nurse.
ઉપચ્છાયા, *n.* ઝાંખો ઓળો. Penumbra.
ઉપજ, *n.* નિપજ; ઉત્પન્ન. Income; Produce.
ઉપજાઉ, *a.* ઉત્પાદક. રસાળ. Fertile.
ઉપજાવવું, *vt.* પેદા કરવું. To produce.
ઉપજીવક, *a.* & *n.* આશ્રિત. Dependent.
ઉપજીવન. *n.* આજીવિકા.Livelihood.Maintenance.
ઉપજ્ઞાન. *n.* ગૌણજ્ઞાન. Inferior knowledge.
ઉપડામણ, *n.* ઉપાડવાનું મહેનતાણું. Wages.Recompense.
ઉપડાવવું, *vt.* ઉચકાવવું. To cause to lift.
ઉપણાવવું, *vt.* ઉપણવામાં મદદ કરવી.To get winnowed.
ઉપતાપ, *n.* પીડા. Pain.
ઉપતંત્રી, *n.* મદદનીશ તંત્રી. Sub-editor.
ઉપત્યકા, *n.* નીચાણની જમિન. Low-land.
ઉપદંશ, *n.* ડંખ. Sting. ૨. ચાંદીનો રોગ.Syphilis.
ઉપદેવ, *n.* ગૌણ દેવ. Minor diety.
ઉપદેશ, *n.* બોધ;સલાહ.Admonition.Instruction.
ઉપદેશક, *n.* ઉપદેશ કરનાર. Preacher. A teacher.
ઉપદ્રવ, *n.* પજવણી. Molestation. Annoyance, ૨. પીડા. Harm. ૩. સંકટ. Calamity.

ઉપદ્રવી, *a.* ઉપદ્રવ કરનાર. Troublesome. Harmful.
ઉપધાતુ, *n.* હલકી ધાતુ, Inferior metal.
ઉપધારણા, *n.* ચિત્તને એકાગ્ર કરવું તે. Concentration.
ઉપનગર, *n.* પરૂ. Suburb. Colony.
ઉપનયન, *n.* જનોઈ દેવી તે. Sacred thread ceremony.
ઉપનામ, *n.* અડક. Surname. Nickname.
ઉપનિધિ, *n* થાપણ. Deposit.
ઉપનિયમ, *n.* પેટા નિયમ. Bye-law.
ઉપનિવેશ, *n.* વસાહત; સંસ્થાન. Colony.
ઉપનેત્ર, *n.* ચશ્મું. Eye-glass; spectacle.
ઉપપતિ, *n.* યાર. Paramour. Lover.
ઉપપત્તિ, *n.* દલીલ. Argument. Demonstration. ૨. સાબીતી. Proof.
ઉપપત્ની, *n.* રખાત. Concubine. Mistress.
ઉપપદ, *n.* ઉપાધિ. Degree.
ઉપપ્રમુખ, *n.* મદદનીશ પ્રમુખ. Vice-president.
ઉપપ્રશ્ન, *n.* પ્રશ્ન પરથી નિકળતો પ્રશ્ન. Side-question.
ઉપપ્લવ, *n.* સંકટ. Calamity.
ઉપભોક્તા, *n.* ઉપભોગ કરનાર. Lord. Possessor.
ઉપભોગ, *n.* ઉપયોગ. Use. Enjoyment.
ઉપમંત્રી, *n.* મદદનીશ મંત્રી. Assistant secretary.
ઉપમા. *n.* અર્થાલંકાર, Simile. ૨. સરખામણી. Comparison. [mother.
ઉપમાતા, *n.* ધાવ. Wet-nurse. ૨. સાવકી મા. Step-
ઉપયુક્ત, *a.* યોગ્ય. Proper. Fit.
ઉપયોગ, *n.* વપરાશ. Use. Benefit.
ઉપયોગિતા, *n.* ઉપયોગીપણું. Usefulness.
ઉપર. *prep.* ઉંચે; આગળ. Above. *ad.* અગાઉ. Ago.
ઉપરચોટિયું, *a.* ઉપલકિયું; છીછરૂં. Superficial.
ઉપરવટ, *n.* ઉલંઘન. Violation.
ઉપરવાસ, *n.* મેડાનો વાસ. Residence; upstairs.
ઉપરણી, -ણો.-ણું, *n.* ખેસ; પિછોડી. Scarf.
ઉપરાઉપર, *ad.* એક પછી એક; લાગલાગટ. One after the other.
ઉપરાજ્ય, *n.* સંસ્થાન. Dominion.
ઉપરાણું, *n.* ટેકો. Support. Help.
ઉપરાંત. *prep.* વિશેષમાં; સિવાય. Besides.
ઉપરી, *n.* ઉપરનો અધિકારી. Superior.
ઉપરીપણું, *n.* અધિકારીપણું. Superiority.
ઉપર્યુક્ત, *a.* ઉપર જણાવેલું. Abovementioned.
ઉપરોધ,-ન, *n.* રોકાણ; પ્રતિબંધ. Obstruction.
ઉપલક, *a.* ફાલતું; વધારાનું. Supernumerary.
ઉપલક્ષણ, *n.* ચિન્હ. Mark. An indication.
ઉપલબ્ધ, *a.* મળેલું; મેળવેલું. Obtained.
ઉપલબ્ધિ, *n.* પ્રાપ્તિ. Gain. Attainment.
ઉપલાણ, *a.* ઉપરનું. Upper.
ઉપલું, *n.* ઉપરનું. That which is above.
ઉપલેપ *n.* લીંપણ. Smeering.
ઉપવન, *n.* બાગ. Orchard. Garden.
ઉપવસ્ત્ર, *n.* ઉપરણી. Scarf.
ઉપવાસ, *n.* અનશન; ન ખાવું તે. Fast.
ઉપવાસી, *a.* ઉપવાસ કરનાર. Fasting.
ઉપવિષ, *n.* ઘેનનું ઓસડ. Narcotic.
ઉપવીત. *n.* જનોઇ. Sacred thread.
ઉપશમન, *n.* શાંતિ. Tranquillity. Calmness.
ઉપશિક્ષક, *n.* મદદનીશ શિક્ષક. Assistant teacher.
ઉપસર્ગ, *n.* ધાતુ પરથી બનેલા શબ્દની પૂર્વે જોડાતો શબ્દ. Prefix.
ઉપસંહાર, *n.* સારાંશ. Summing up. Conclusion.
ઉપસાગર, *n.* પહોળા મુખનો અખાત. Bay.
ઉપસાવવું. *vt.* ફુલાવવું; પહોળું કરવું. To expand.
ઉપસ્ત્રી, *n.* રખાત. Concubine. Mistress.
ઉપસ્થ, *d.* જનનેંદ્રિય. Generative organ.
ઉપસ્થિત, *a.* હાજર. Arrived.
ઉપહસનીય, *a.* ઉપહાસને પાત્ર. Ridiculous.
ઉપહાર, *n.* ભેટ; બક્ષિસ. Gift. A present.
ઉપહાસ, *n.* મશ્કરી. Ridicule. Jest.
ઉપાડ,-ડો, *n.* સોજો. Swelling. ૨. પ્રયત્ન. Effort. ૩. ઉઠાવ; ખપત. Demand. ૪. પૈસા લઇ લેવા તે. Withdrawl of money.
ઉપાડવું, *vt.* ઉચકવું. To lift up. To raise. ૨. માથે લેવું. To undertake.
ઉપાધિ, *n.* પીડા. Affliction. Annoyance, ૨. પદવી. Degree, ૩. ખીતાબ. Title.
ઉપાધ્યાય, *n.* પુરોહિત; ગોર. Preceptor.
ઉપાન, *n.* પગરખું; જોડો. Shoe. Slippers.
ઉપાય, *n.* ઈલાજ. Remedy. An expedient
ઉપાર્જન, *n.* મેળવવું તે. Acquistion. Gain,
ઉપાર્જિત, *a.* મેળવેલું. Acquired; obtained.
ઉપાલંભ, *n.* ઠપકો. Taunt. Rebuke; reproach.
ઉપાશ્રય, *n.* અપાસરો. Monastery.
ઉપાશ્રિત, *a.* આશ્રિત. Dependent.
ઉપાસક, *n.* ભક્ત. Worshipper. Devote.
ઉપાસના, *n.* ભક્તિ; સેવા. Worship. Service.
ઉપાસિકા. *n.* સ્ત્રી ભક્ત. Female worshipper.
ઉપહાર, *n.* નાસ્તો. Light refreshment.
ઉપહારગૃહ, *n.* હોટેલ. Hotel.
ઉપેક્ષક, *a.* ઉપેક્ષા કરનારૂં. Negligent. Indifferent.
ઉપેક્ષા, *n.* તિરસ્કાર. Contempt. ૨. બેદરકારી. Neglect. Disregard.
ઉપેન્દ્ર, *n.* વિષ્ણુ ભગવાન. Lord Vishnu.
ઉપોદ્ઘાત, *n.* પ્રસ્તાવના. Preface. Introduction.
ઉપોષણ, *n.* અપવાસ. Religious fast.
ઉબળક, *a.* ઉપલક. Superficial. On account.
ઉબાવું. *vt.* ઉબા લાગવો. કોવાવું. To be decomposed.
ઉબાળો, *n.* કોલાહોલ. Excitement. ૨. હોહા. Uproar.
ઉબેળવું, *vt.* વળ ઉકેલવા. To. untwist. [roar.
ઉભડક. *ad.* ઉભાઉભા. Standing. Instantly.
ઉભડિઓ. *n.* દાડીઓ. Labourer; day-worker.
ઉભય. *pro.* & *a.* બન્ને. Both.
ઉભયસંભવ, *n.* ધર્મસંકટ. Dilemma.

ઉમરાવ, *n.* અમીર. Peer. Nobleman.
ઉમરો,*n.*ઘરનો ઉંબરો.Threshold.[Excess of love.
ઉમળકો, *n.* વ્હાલ,હેતનો ઉભરો. Ardent. Feeling.
ઉમંગ, *n.* ઉત્સાહ. Zeal. ૨. હર્ષ. Joy.
ઉમંગી, *a.* ઉત્સાહી. Zealous.
ઉમા, ઉમિયા, *n.* શંકરની પત્નિ. Parvati. *n.* રાત્રિ.
ઉમેદ, *a.* આશા. Hope. Desire. [Night.
ઉમેદવાર, *n.* નોકરી માટે અરજદાર. Candidate.
ઉમેદવારી, *n*, ઉમેદવારપણું. Candidature.
ઉમેરવું, *vt.* વધારો કરવો. To add. To augment.
ઉમેરણ, ઉમેરો, *n.* વધારો. Addition. Increase.
ઉર, *n.* હૃદય. Heart. ૨. છાતી Chest. ૩. લક્ષ. At-
ઉરમાળ, *n.* હાર. Garland. [tention.
ઉરગ, *n.* સાપ. Reptile. A snake.
ઉરજ, ઉરોજ, *n.* કામદેવ. Cupid.
ઉરફે, ઉર્ફે, *prep.* અથવા; કિંવા. Or.
ઉરસ, ઉર્સ, *n.* ઉત્સવ. Festival. Oblations.
ઉરસ્ત્ર, *n.* છાતીનું બખ્તર. Chest armour.
ઉરાડવું, *vt.* ઉડાડવું. To fly. To toss in the air.
ઉરાંગઉટાંગ, *n.* એક પ્રકારનો વાંદરો. Ape.
ઉરોગામી, *a.* & *n.* પેટે ચાલતું. Creeping.
ઉર્દુ, *n.* ઉર્દુ ભાષા. Urdu.
ઉલટગુલાંટ, *n.* અવળી ગુલાંટ. Somersault.
ઉલમા, ઉલેમા, *n.* ઇસ્લામી પંડિત. Moulvi.
ઉલ્લંઘવું, *vt.* ઓળંગવું. To Cross. ૨. અનાદર કરવો. To disregard.
ઉલાળવું, *vt.* ઉછાળવું. To toss up. To raise up.
ઉલાળો, *n.* ઉભો આગળો. Latch. A bolt.
ઉલુક, *n.* ઘુવડ. Owl.
ઉલેચો, *n.* ચંદરવો; છત. Canopy.
ઉલેર, *a.* ઉંચું; ટટાર. Upright. Tall.
ઉલ્કા, *n.* ખરતો તારો. Meteor.
ઉલ્કાપાત, *n.* મહા અનર્થ.Catastrophe.Calamity.
ઉલ્લાસિત. *a.* હર્ષથી પ્રફુલ્લિત Joyful. Delightful.
ઉલ્લંઘન *vt.* અનાદર. Violation. Disobeying.
ઉલ્લાસ, ઉલ્હાસ, *n.* આનંદ. Joy. Delight.
ઉલ્લાસી. *a.* આનંદિત. Joyous. Delightful.
ઉલ્લુ, *a.* મૂર્ખ. Foolish. Dull-headed.
ઉલ્લેખ *n.* નિર્દેશ. Mention. Desription.
ઉલ્લેખવું, *vt.* નિર્દેશ કરવો. To mention. To des-
ઉવારો, *n.* ઓવારો. Quay. [cribe.
ઉવેખ, *n.* અનાદર. Derision. Dispraise.
ઉવેખવું, *vt.* તિરસ્કારવું. To Deride. To censure.
ઉશીકું, તકીઓ. Pillow.
ઉશ્કેરવું, *vt.* ઉત્તેજીત કરવું. To excite.To instigate.
ઉશ્કેરણી. *n.* ઉશ્કેરવું તે. Instigation. Persuation.
ઉશ્કેરાટ, *n.* આવેશ. Excitement. [thing.
ઉશ્વાસ, *n.* ઉંડો શ્વાસ. Deep breath. Deep brea-
ઉષઃકાલ, *n.* સ્હવારનો સમય. Morning time. The
ઉષા, *n.* પરોઢ. Dawn. [dawn.
ઉષ્ટ્ર, *n.* ઉંટ. Camel.
ઉષ્ણ, *a.* ગરમ. Hot. Warm.
ઉષ્ણકટિબંધ, *n.* Torid zone.
ઉષ્ણતા, *n.* ગરમી. Heat. Warmth.
ઉષ્ણમાન, *n.* ગરમીનું માપ. Temperature.
ઉષ્ણતામાપક, *n.* ઉષ્ણતા માપવાનું યંત્ર. Thermo-
ઉષ્ણાંશુ, *n.* સૂર્ય. The sun. [meter.
ઉષ્ણોદક,*n.*ગરમ પાણી. Hot water.Warm water;
ઉષ્મા, *n.* ગરમી. Heat. Warmth.
ઉષ્મામાપકયંત્ર. *n.*ઉષ્મા માપનારૂં યંત્ર. Calorimeter.
ઉસ, *n.* મીઠાનો ખાર. Salt.
ઉસરડવું, *vt.* એકઠું કરવું. To collect.
ઉસારવું, *vt.* દૂર કરવું. To Remove.
ઉસેટવું, *vt.* ફેંકી દેવું. To throw away.
ઉસ્તાદ, *n.* ગુરુ. Teacher. *a.* કાબેલ. Clever.
ઉસ્તાદી, *n.* કાબેલિયત. Cleverness. Mastery.
ઉહલાવવું, *vt.* લાડ લડાવવાં. To fondle.
ઉંદર, *n.* ઊંદર. Rat. A mouse.
ઉંદરિયું, *n.* ઉંદરો પકડવા માટેનું પિંજરૂં.Trap to cat-
ઉંબરો *n.* ઘરનો ઉમરો. Threshold. [ch rats.

‘ ऊ ’

ઊ, The sixth vowel of the Alphabet.
ઊકડો, *n.* વર્ષાસન; વરસુંદ. Annuity.
ઊકલવું, *vt*, ગૂંચનું ખુલવું, સૂઝવું. To be untied.
ઊખડવું, *vt.* છુટા પડવું. To be eradicated.
ઊખડેલ, *a.* વંઠી ગયેલું. Wayward.
ઉખર, *n.* ખારોપાટ. Saltish ground.
ઊખળો, *n.* ખાંડણીઓ. Mortar. [તે. Rising.
ઊગમ, *n.* મૂળ. Source, ૨. પૂર્વ. East. ૩. ઊગવું
ઊગર,*n.*વધારો.Surplus.Balance.૨.બચાવ. Rescue.
ઊગરવું, *vt.* બચવું.To be rescued. ૨. બચવું. To
ઊગવું,*vt.*ઉત્પન્ન થવું;ફુટવું.To grow.[Remain over.
ઊઘડવું, *vt.* ખૂલવું; ઉઘાડું થવું. To open.
ઊઘાડું, *a.*ખૂલ્લું. Open. Naked.
ઉઘલવું, *vt.* છલકાવું; પરણવા નિકળવું.To overflow. To start for marriage. [undertake.
ઊચકવું, *vt.* ઊચું કરવું. To raise, ૨. માથે લેવું, To

ઊચકાવવું, *vt.* ઊંચું થાય તેમ કરવું. To get raised.
ઊચકી, *n.* હેડકી; વાયણી. Belching.
ઊચક્કો, *n.* બદમાશ. Rogue. A knave.
ઊચમૂચ, *ad.* ઓચિંતા. Suddenly.
ઊચરવું, *vt.* બોલવું. To utter. To speak
ઊચલવું, *vt.* ઉપાડવું. To shift. To draw out.
ઊચી જવું, *vt.* વસુકવું. To dry up.
ઊછરવું. *vt.* વૃદ્ધિ પામવી; મોટા થવું. To grow.
ઊછળવું, *vt.* કૂદવું. To leap. To jump.
ઊજમ, *n.* હોંશ. Zeal. Ardour.
ઊજવવું, *vt.* ઉત્સવ કરવો. To make a festival.
ઊજવું, *vt.* દોડવું. To run.
ઊજળું, *a.* સફેદ. White. ૨. નિષ્કલંક. Stainless.
ઊજળાશ, *n.* સફેદી. Whiteness. Brightness.
ઊઠવું, *vt.* ઊભા થવું. To get up; to stand up.
ઊઠવેઠ, *n.* વેઠરૂપ શ્રમ. Unprofitable labour.
ઊડ. *n.* ઊડવાની શક્તિ. Power of flying.
ઊડકવું, ઊટકવું, *vt.* માંજવું. To cleanse.
ઊડણ, *a.* ઉડે એવું. Flying.
ઊડઝુડ, *ad.* વિવેક વિચાર વિના. Rashly.
ઊડમૂડ, *ad.* અકાએક. Suddenly.
ઊડસૂડ, *ad.* ભાન રાખ્યા વિના. Carelessly.
ઊડવું, *vt.* હવામાં અદ્ધર જવું.To fly. ૨.નાસી જવું. To
ઉડેલ. *a.* ફાટેલું. Rash. [run away.
ઊણપ, *n.* ઓછપ. Want. Lack; need.
ઊણું, *a.*અધુરૂં. Incomplete. Wanting.
ઊતડવું, *vt.* દોરા છુટા કરવા. To unsew.
ઊતરવું. *vt.* નીચે આવવું. To descend.
ઊથલપાથલ. *n.* મહાન ફેરફાર, Great change.
ઊથલાવું. *vt.* ઉપરતળેથવું. To be reversed.
ઊથલો, *n.* ગયેલો મંદવાડ પાછો આવે તે. Relapse.
ઊદું. *a.* ભુરૂં. Gray.
ઊધઈ. *n.* ઉધઈ. White ant.
ઉધડ,-ડું, *ad.* & *a.* સામટું. By wholesale.
ઊન, *n.* ઘેટાંના વાળ. Wool.
ઊનડ. *a.* રખડતું. Wandering.
ઊનવા, *n.* મૂત્રરોગ. Urinary disease.
ઊનું, *a.* ગરમ. Hot ૨. તાવવાળું. Feverish.
ઊપજ, *n.* આવક. Income. Gain.
ઊપજવેરો, *n.* આવકવેરો. Income tax.
ઊપજવું. *vt.* ઉત્પન્ન થવું. To be produced
ઊપટવું. *vt.* ઝાંખું પડી જવું. To fade.
ઊપડવું, *vt.* ચાલતા થવું. To start.
ઊપણવું, *vt.* પવનદ્વારા ચોકખું કરવું. To winnow.
ઊપસવું, *vt.* ફુલવું. To swell.
ઊબ, *n.* ફુગ. Mould.
ઊબકો, *n.* બકારી. Belching.
ઊબટ, *a.* ખોરૂં; બગડી ગયેલું. Stale,
ઊબળવું, ઊભળવું, *vt.* ઉકેલી જવું.To be unfolded.
ઊભટ, ઊભટું, *a.* સીધું; ઉભું. Upright.
ઊભડ, *n.* દાંડીઓ. Day labourer.
ઊભરાવું, *vt.* ગરમીથી જોરે ચઢવું. To effervesce.
ઊભરો. *n.* ઉછાળો. Effervescence.
ઊભવું, *vi.* ઉભા રહેવું. To stand.
ઊભું, *a.* ઊભેલું. Standing. ૨. ટટાર; સિધું.Straight.
ઊરવા;*n.* બદનામી. Infamy. Ill-fame. [Erect.
ઊરૂ. *n.* જાંગ. Thigh.
ઊર્જસ્વિતા, *n.* બળ. Strength. Force; Power.
ઊર્જિત, *a.* બળવાન. Strong. Powerful.
ઊર્ધ્વ, *a.* ઉંચું. High. Upward.
ઊર્ધ્વલોક, *n.* સ્વર્ગ. Heaven.
ઊર્ધ્વવાયુ, *n.* ઓડકાર. Eructation. Belching.
ઊર્ધ્વાકાંક્ષી, *a.* ઉચ્ચ આકાંક્ષાવાળું. Ambitious.
ઊર્મિ, *n.* તરંગ; મોજું. Wave. ૨. લાગણી. Feeling.
ઊર્મિકાવ્ય, *n.* ઊર્મિથી ભરેલું ગીત કે કાવ્ય. Lyric.
ઊર્મિલ, *a.* લાગણીપ્રધાન. Sensitive.
ઊલ, *n.* જીભ ઉપરનો મેલ. Dry saliva.
ઊલક, *n.* ઊલટી. Vomit.
ઊલટ -પાલટ, *a.* ઊલટું. Cross. *n.* ઉમંગ. Zeal.
ઊલટભેર, *ad.* ઊમંગથી. Zealously.
ઊલટવું, *vt.* ધસી આવવું. To rush towards. ૨.ફરી
ઊલટી, *n.* ઓકવું તે;વમન.Vomit. [થવું.To relapse.
ઊલટું, *v.* ઊંધું, Cross. Reverse.*ad.* સામું. On the
ઊલવું, *vt.* માસમનું પુરૂં થવું, To expire.[contrary.
ઊલળવું, *vt.* લળી પડવું; ઉલટાઇ પડવું. To be over-
ઊવટ, *n.* અટચણ, Hindrance. Stop. [turned.
ઊસરપાટો, *n.* વિનાશ. Destruction.
ઊસરવું, *vt.* ઓસરવું; ઓછું થવું. To decrease.
ઊહકારો, *n.* નિશ્વાસ. Sigh.
ઊહાપોહ, *n.* Discussion. Debate.
ઊકરાંટો, *n.* ધ્રૂજારી. Shivering. Trembling.
ઊંઘ, *n.* નિદ્રા. Sleep.
ઊંઘરેટું, *a.* ઊંઘમાં ભરાયેલું. Sleepy.
ઊંઘણશી, ઉંઘાળ, *a.* એદી. Idle.
ઊંઘવું, *vt.* નિદ્રા લેવી. To take sleep.
ઊંચ, *a.* ચઢિયાતું. Superior.
ઊંચું, *a.* ઉમદા. Noble. High. Elevated.
ઊંચાઈ,-ણ, *n.* ઊંચાપણું. Height.
ઊંચકાનું, *a.* બહેરૂં. Deaf. ૨. બેદરકાર. Careless.
ઊંચકામણ, *n.* મહેનતાણું. Wages.
ઊંજવું, *vt.* તેલ પુરવું. To oil.
ઊંટ, *n.* એક પ્રાણી. Camel.
ઊંટડી, *n.* સાંઢણી. Female Camel.
ઊંટવૈદ, *n.* લેભાગુ વૈદ. Quack.
ઊંડું, *a.* સપાટીથી નીચે ઉતરતું. Deep. ૨. ગહન; ગંભીર.
ઊંડાઈ, *n.* ઊંડાપણું; ગહનતા. Depth. [Profound,
ઊંધું, *a.* ઉલટું. Cross. Reverse,

' ऋ '

ઋ, The seventh letter of the vowel alphabet.
ઋક્,-ચ્, *a.* ઋગ્વેદ-તેનો મંત્ર. Rig-veda.
ઋગ્વેદ, *n.* ચાર વેદોમાં સૌથી જુનો વેદ. Oldest of four Vedas.
ઋજુ, *a.* સિધું; સરળ. Straightforward.
ઋજુતા, *n.* સરળતા. Uprightness.
ઋણ, *n.* દેવું. Debt.
ઋણમુક્ત, *a.* દેવામાંથી છુટું થયેલું. Free from debt.
ઋણી,-ણિયું, *n.* દેવાદાર. Indebted. A debtor.
ઋત, *n.*સત્ય. Truth.૨.પાણી.Water.૩.નિયમ. Rule.
ઋતુ, *n.* મોસમ. Season. ૨. અટકાવ. Menstrual flux. ૩. હવાપાણી. Weather.
ઋતુકાલ, *n.* અટકાવનો સમય. Mensuration period.
ઋતુદાન, *n.* ગર્ભાધાન. Conception.
ઋતુપતિ,-રાજ, *n.* વસંત. Spring.
ઋતુમતી, *a.* રજસ્વલા. In menses.
ઋતે, *ad.* સિવાય. Except.
ઋત્વિજ, *n.* પુરોહિત. Preceptor.
ઋદ્ધિ, *n.* આબાદી, Prosperity. Riches.
ઋષભ, *n.* બળદ; આખલો. Bull.
ઋષિ, *n.* મુનિ; સાધુ. Sage.
ઋષિકુલ, *n.* ઋષિઓનો સમુહ. Assemblage.

' ए '

એ, The eighth letter of the vowel alphabet.
એ, *pro.* પેલું. That. *int.* અરે, હો. Oh.
એક, *a.* One. ૨. અમુક. Certain. ૩. સરખું. Same.
એકચક્રે, *ad.* એકચક્રે. Absolutely.
એકચક્ર, *a.* ચક્રવર્તી. Paramount. Absolute.
એકચિત્ત,-તાન,-ધ્યાન, *a.* તલ્લીન; ધ્યાનસ્થ. Attentive. Absorbed.
એકજથે, *ad.* એક સાથે-ઠેકાણે. Collectively.
એકજાતીય, *a.* એકજ જાતિનું. Unisexual.
એકઠું, *a.* ભેગું. Joint.
એકડો, *n.* એકનો આંક. Figure one. ૨. સહી. Signature. ૩. જ્ઞાતિનો ગોળ. Caste circle.
એકતરફી, *a.* પક્ષપાતી. Partial. Ex parte.
એકતા, *n.* સંપ; ઐક્ય. Unanimity.
એકતારો, એક તારવાળો તંબુરો.Musical instrument.
એકતાલ. *n.* ઐક્ય. Harmony.
એકત્ર, *ad.* સાથે. Together. Unitedly.
એકત્રતા, *n.* એકતા. Unity. Oneness.
એકત્વ. *n.* એક હોવાપણું. Oneness.
એકદમ, *ad.* તાબડતોબ. Immediately. At once.
એકદા, *ad.* એક સમયે. Once. ૨.પહેલાં. Formerly.
એકદિલ, *a.* એકજીવ. Unanimous.
એકધા, *ad.* એક રીતે. In one way. ૨. એકદમ. At once. ૩. એકદા, Once.
એકનિશ્ચયી, *a.* અડગ. Firm. Resolute.
એકનિષ્ઠ, *a.* વફાદાર; એકનિષ્ઠાવાળું. Faithful.
એકનિષ્ઠા, *n.* વફાદારી. Fidelity. Devotion.
એકપક્ષી, *a.* એકતરફી. Exparte.
એકપગે, *ad.* તલપાપડ; અધીરું. Eagerly.
એકપુષ્પી, *a.* એક બીજકોશવાળું. Unilocular.
એકમ, *n.* અંક; એકડો. Unit. ૨. પડવો. First day of a fortnight.
એકમગ,-ગા, *ad.*એક બાજુ.Aside.
એકમજલી, *a.* એક માળવાળું. One-storied.
એકમત. *a.* સર્વાનુમત. Unanimous.
એકમતિયું, *a.* જીદ્દી. Obstinate. Stubborn.
એકમાર્ગી, *a.* Adhering to one way.
એકમેક, *a.* પરસ્પર. Reciprocal. Mutual.
એકમેકતા, *n.* સંપ. Unity. Harmony.
એકમેર, *ad.* એક બાજુ. On One side. Aside.
એકર, *n.* પોણાબે વિઘાં જેટલી જમિન. Acre.
એકરસ, *a.* ગુલતાન. Engrossed. Assimilated.
એકરાગ, *n.* એકમત. Harmony. Unity.
એકરાર, *n.* Same as. ઈકરાર.
એકરારા, *a.* સમાન ગુણવાળું. Common.
એકલ, *a.* એકલું. Single. Lonely.
એકલદોકલ. *a.* એકલું. Alone.
એકલપેટું, *a.* સ્વાર્થી. Selfish.
એકલવાયું, *a.* નિરાધાર. Helpless.
એકલિયું, *n.* એકને સુવાના માપનું ગાદલું.Single bed.
એકલું, *a.* એકાકી.Alone.૨.સોબતી વિનાનું.Solitary.
એકવચની, *a.* બોલ્યું પાળે એવું. Sincere. Faithful.
એકવડિયું, *a.* નબળું; નબળા બાંધાવાળું. Weak.Thin.
એકવાર, *ad.* એક સમયે. Once.
એકસટ, *a.* એક જથામાંનું. Of one set.
એકસરખું, *a.* સમાન. Uniform. Similar.
એકસંપ, *n.* એકપતા. Union. Harmony

એકહથ્થું, *a.* એકજ હાથમાં હોય એવું.Monopolised.
એકંદર, *ad.* કુલ. In all.
એકાએક, *a.* ઓચિંતું. Sudden. All of a sudden.
એકાકાર, *a.* સેળભેળ, Jumbled.
એકાકી, *a.* એકલું. Solitary.
એકાક્ષ,-ક્ષી, *a.* કાણું. One-eyed. *n.* કાગડો. Crow.
એકાક્ષરી, *a.* એક અક્ષરવાળું. Monosyllabic.
એકાદ,-દું. *a.* અમુક. Certain. ૨.ભાગ્યે એક.Rarely
એકાદેક, *ad.* ભાગ્યેજ એક. Hardly one. [one
એકાર્થ,-ર્થી, *a.* એકસરખા અર્થવાળું. Of uniform
એકાંગ, *a.* લંગડું; ખોડું. Lame. [meaning.
એકાંત, *n.* જ્યાં કોઈ ન હોય તેવી જગા. Solitude. ૨.
ખાનગી. Private. [litude.
એકાંતવાસ, *n.* એકાંતમાં રહેવું તે. Retirement. So-
એકાંતર,-રિયો, એકાંત્રુ,*a.* ત્રીજે દિવસે આવતું.Intermi-
એકી, *n.* એકી સંખ્યા. Odd number. [ttent.
એકીએકી, *n.* રમત. Game.
એકીન, *n.* શ્રદ્ધા. વિશ્વાસ. Faith; confidence.
એકીભવન, *n.* અનેકનું એક રૂપ થવું તે.Combination.
એકેકું, *a.* એક. એક. Each one.
એકેએક, *ad.* Every one.
એકેક, *ad.* એકી વખતે એક એમ. Singly. One by
એકોદર, *a.* એક પેટનું; સહોદર.Uterine. [one.
એક્કો, *ad.* શ્રેષ્ઠ. Expert. Ace.
એખલાસ, *n.* દોસ્તી. Friendship. Intimacy.
એજન, *a.* ઉપર પ્રમાણે. Ditto. The same.
એટલું, *ad.* જણાવેલા માપ કે સંખ્યાનું. So much.
એટલામાં, *ad.* એટલા વખતમાં. Meanwhile.
એટલે, *ad.* તેથી. Therefore.
એંઠ, *a.* & *n.* એઠું. Impure. Offal.
એંઠવાડ,-ડો, *n.* છાંડણ વિ૦ Refuse. Offal.
એડકી, *n.* હેડકી. Frequent belching.
એડી, *n.* પાનીનો છેડો. Heel. Sole.
એણી, *pron.* પેલી. That.
એણીપેર,-રે, *ad.* એ રીતે. In that way.
એથી, *ad.* એટલે. Therefore.
એદી, *a.* આળસુ. Idle. Lazy; Sluggish.
એધાણ,-ણી, *n.* નિશાની. Sign. Mark.
એન, *n.* અણીવેળા. Climax. Critical time. *a.* ખરૂં.
એનકરજ, *n.* મૂળ દેવું. Capital debt. [True
એબ, *n.* ખોડ. Defect. Blemish; fault.
એમ. *ad.* એ રીતે. So.
એરણ, *n.* લુહાર જેના પર ઘડે છે તે. Anvil.
એરંડિયું, *n.* દિવેલ. Caster-oil.
એરીંગ, *n.* કાનનું ઘરેણું. Earring.
એરૂ, *n.* સાપ. Snake. Serpent. [reptiles.
એરૂઝાંઝર, *n.* સાપ વિ૦ ઝેરી પ્રાણીઓ. Venomous
એલચી, *n.* ઇલાયચી.Cardamom.૨.રાજ્યનો પ્રતિનિધિ.
Ambassador
એલ્તેમાસ, *n.* વિનંતિ. Request. Desire.
એલફેલ, *n.* આડુંઅવળું તોફાન. Pranks. Frolics.
એવડું, *a.* એટલા કદનું. So large.
એવામાં, *ad.* તે દરમ્યાન. Meanwhile.
એવું, *a.* એ રીતનું. Such.
એશ, *n.* મોજમજા. Pleasure; Ease.
એશઆરામ. *n.* સુખચેન. Enjoyment. Luxury.
એષણ,-ણા, *n.* વાસના. Desire.
એહ, *a.* પેલું. That.
એહસાન, *n.* કૃપા; ઉપકાર. Kindness; Favor.
એળિઓ, *n.* કુંવારના પાઠાનો સુકવેલો ગર્ભ. Aloes.
એળે, *ad.* ફોગટ. In vain.
એંટ, *n.* શાખ. Prestige. Credit. *n.* જીદ. Obsti-
એંટી, *a.* જક્કી. Obstinate. [nacy.
એંધાણ, *n.* Same as. એધાણ.

'ઐ'

ઐ, The ninth letter of the vowel alphabet.
ઐકાંતિક, *a.* નિરાળું. Exclusive.
ઐક્ય, *n.* સંપ. Union. Unity; oneness.
ઐચ્છિક, *a.* પોતાની ઇચ્છાનું. Optional.
ઐડ, *a.* જીદ્દી. Obstinate.
ઐતિહાસિક, *a.* ઇતિહાસને લગતું. Historical.
ઐરાવત, *n.* ઇંદ્રનો હાથી. Elephant of Indra.
ઐશ્વર્ય, *n.* સાહેબી. Grandeur. Divinity.
ઐહલૌકિક. *a.* આ લોક સંબંધી. Of this world.
ઐહિક, *a.* સાંસારિક. Temporal; of this world.
ઐંદ્ર, *a*, ઇંદ્રનું-ઇંદ્રને લગતું. Of Indra.
ઐંદ્રજાલિક,*a.* માયાવી. Illusive.
ઐંદ્રિય, *a.* ઇંદ્રિયોને લગતું. Sensual.

' ओ '

ઓ, The tenth letter of the vowel Alphabet.
ઓ, *int.* અરેરે ! ઓરે. Oh. *pro.* પેલું. That.
ઓઈયાં, *n.* ઓડકારનો અવાજ. Eructation sound. ૨. પચાવી પડવું તે. Swallowing.
ઓકવું. *vt.* ઉલટી કરવી. To vomit. ૨. પાછું સોંપવુ. To surrender. To give back.
ઓકળી, *n.* લહરી; લીંપણની ભાત. Ripple.
ઓકારી, *n.* બકારી. Belching. Vomit.
ઓખર, *n.* ગંદવાડ; ઉકરડો. Rubbish.
ઓખરવું, *vt.* ગંદવાડ ખાવો. To eat rubbish.
ઓખાણું, *n.* ઉખાણું, Puzzle. A riddle.
ઓખાત,-દ, *n.* શક્તિ; તાકાત. Power.
ઓગટ,-સ,-ગાટ, *n.* ઢોરનું છાંડયું ઘાસ. Residue of cattle forage.
ઓગળવું, *vi.* પીગળવું. To melt. ૨. પ્રવાહીથવું. To liquify.
ઓગાળવું, *vt.* Dissolve. To melt.
ઓઘ, *n.* પૂરનું પાણી. Stream. Flow. Current. ૨. ઢગલો. Heap.
ઓઘરાળું. *a.* ડાઘાવાળું. Soiled.
ઓઘરાળો, *n.* ડાઘો. Soil. ૨. મોટો ચમચો. Large spoon.
ઓઘો, *n.* ઘાસની ગંજી. Heap of grass.
ઓચરવું, *vt.* બોલવું. To utter. To speak.
ઓચરિયું, *n.* આધારરૂપ હિસાબી કાગળ; બીલ. Voucher.
ઓચિંતુ, *a.* અણધાર્યું. Suddenly. Unexpectedly.
ઓચ્છવ, *n.* ઉત્સવ. Festival. Festivity.
ઓછપ. *n.* તંગી; ઉણપ. Want. Deficiency.
ઓછંગ, *n.* ખોળો. Lap. The bosom.
ઓછાડ, *n.* ચાદર. Bed-sheet.
ઓછાડવું. *vt.* ઢાંકવું; ચાદર પાથરવી. To Cover.
ઓછાયો, *n.* પડછાયો; ઓળો. Shadow.
ઓછું, *a.* કમી. Less. Deficient.
ઓછુંવત્તું, *a.* ઓછું કે વધારે. More or less.
ઓછાબોલું, *a.* થોડાબોલું. Reserved.
ઓજ,-સ, *n.* પ્રકાશ. Lustre. ૨. બળ. Strength.
ઓજસ્વિતા, *n.* બળ. Strength. Lustre.
ઓજાર. *n.* હથિયાર. Tool. Implement.
ઓઝલ. *n.* પડદો; બુરખો. Veil. Curtatn.
ઓઝો, *n.* કુંભાર. Potter.
ઓટ, *n.* ભરતીનું ઉતરી જવું તે. Ebb. ૨. પડતી. Fall.
ઓટણ. *n.* ઓટવું તે. Act of hemming.
ઓટલો, *n.* ઓટો. Raised seat. A verandah.
ઓટવું, બખીયો દેવો; શીવવું. To hem.
ઓઠવવું, *vt.* બદલેમુકવું. To substitute a wrong thing.
ઓઠીંગણ, *n.* તકીયો. A pillow to lean on.
ઓટી. *n.* કમરપરના વસ્ત્રનું પડ. Fold.
ઓઠ, *n.* હોઠ. Lip.
ઓઠું, *n.* બહાનું. Excuse. ૨. પુતળું. Puppet.
ઓડકાર, *n.* પેટનો વાયુ નિકળતાં થતો ડકાર. Belching.
ઓડું. *n.* ચાડિઓ. Scar-crow.
ઓઢણ,-ણી, *n.* છોકરીઓને ઓઢવાનો નાનો સાડલો. Upper garment-
ઓઢવું, *vt.* પહેરવું; માથે લઇ લેવું. To wear. To cover.
ઓઢાડવું, *vt.* ઢાંકણ કરવું. To put a covering on.
ઓણ, *ad.* આ સાલમાં. In this year.
ઓણુંકું, *a.* આ સાલનું. Of this vear.
ઓતપ્રોત, *a.* પરોવાયલું. Engrossed; Pervading.
ઓતરાદું, *a.* ઉત્તર દિશાનું. Northern.
ઓતવું, *vt.* ઢાળવું. To cast. To form into a mould.
ઓતાડું, *a.* અપરિચિત. Remote. Out of the way.
ઓથ *n.* આશરો. Shelter. Aid; support.
ઓથાર, *n.* ભયંકર સ્વપ્ન. A nightmare.
ઓથો, *n.* છાંયો. Shade. Shelter. Protection.
ઓધ, *n.* કુળ; વંશ. Descent. Line.
ઓધરવું, *vi*, ઉછરવું. To be bred up.
ઓધવાડો, *n.* સંતતિ. Progeny. Children.
ઓધાન. *n.* ગર્ભ. Conception. Pregnancy.
ઓહ્દો. *n.* હોદ્દો; પાયરી. Post; position. Rank.
ઓપ. *vt.* ઢોળ. Gilt. Polish. Glitter.
ઓપદાર, *a.* ચળકાટવાળું. Shinning.
ઓપટી. *n.* જરૂરીઆત. Necessity. *n.* અટકાવ. Menses.
ઓપવું, *vt.* શોભાયમાન કરવું. To polish; to gild.
ઓબાળ, *n.* કાંપ. Silt.
ઓભા, *n.* આપદા. Difficulty. Anxiety.
ઓભાવું, *vt* વળખાં મારવાં. To struggle. To be in anxiety.
ઓર, *n.* ગર્ભ રક્ષણનું પડ. Placenta.
ઓરડી, *n.* કોટડી; નાનો ઓરડો. Apartment; a closet.
ઓરડો. *n.* ખંડ. Room. An apartment.
ઓરણી, *u*, ઓરવું તે. Sowing.
ઓરણું, *n.* ઓરણી કરવાની વસ્તુ. Thing to be sowed.
ઓરત, *a.* સ્ત્રી. Woman. Female.
ઓરતો,-રિયો *n.* લહાવો. Longing. Wish. Desire.
ઓરમાન,-યું, *a.* સાવકું. Having the same farher but different mother.
ઓરવું, *vt.* વાવવું. નાંખવું. ખાવુ. To sow. To eat.
ઓરવો, *n.* ગોદી. Dock. Moorage.
ઓરશિયો, *u.* Flat stone for rubbing sandal.
ઓરસ, *u.* મેળો. Fair.
ઓરી, *d.* એક ચેપી રોગ. બળીઆ. Smallpox.
ઓરે, દુ:ખનો ઉદગાર. Expression of pain.
ઓલવવું, *vt.* બુઝવવું. To quench
ઓલાદ, *u.* સંતતિ. Progeny. Children.
ઓલિયું,-યો, *a.* ભોળિયું. Artless. Guileless.
ઓવારણું, *n.* આશીર્વાદ. Benediction. Blessing.

ઓવારવું, *vt.* આશીર્વાદ દેવા. To bless.
ઓવારો, *n.* નદી કિનારો. Riverside. Riverbank.
ઓશરી,- સરી, *n.* માંડવી; અટાળી. Verandah.
ઓશિયાળું, *a.* પરાધીન. Dependent.Obliged.
ઓશિંગણ. *a.* આભારી. Indebted. Grateful.
ઓશિકું, -સીકું, *n.* તકીઓ. Pillow.
ઓસ, *n.* ઝાકળ. Dew. Moisture from the sky.
ઓસડ, *n.* દવા. Medicine. ૨. ઉપાય. Remedy.
ઓસરવું, *vt.* પાછા હઠવું, નરમ પડવું. To recede.
ઓહો, આશ્ચર્ય દર્શાવતો ઉદ્ગાર. Expression of sur-
ઓળ, *n.* હાર; પંકિત. Row. ૨. ગલી; કેરી. Lane[prise.
ઓળખ, *n.* પરિચય. Acquaintance ૨. નિશાની. To
oken; sign.

ઓળખવું, *vt.* પિછાનવું. To recognise.
ઓળખાણ, *n.* પરિચય. Acquaintance.
ઓળખાવવું, *vt.* પરિચય આપવો. To introduce.
ઓળખીતું, *a.* જાણીતું. Familiar, Acquainted.
ઓળગાણો, *n.* ભંગિયો. Scavanger.
ઓળવવું, *vt.* પચાવી પડવું. To misappropriate.
ઓળવું, *vt* હોળવું; વાળ ઠીક કરવા. To comb.
ઓળંગવું, *vt.* પાર જવું. To cross. ૨. ઉલ્લંઘન કરવું.
To violate.
ઓળંબો, *n.* કડીઆનું ઓજાર. Mason's plummet.
ઓળા. *n.* પોપટા. Parched green gram.
ઓળો, *n.* પડછાયો. Shadow.

'औ'

ઔ, The eleventh letter of the vowel.
ઔ, *n.* પૃથ્વી. Earth. [Alphabet.
ઔચિત્ય, *n.* યોગ્યતા. Fitness.
ઔત્સુક્ય, *n.* ઉત્સુકતા. Impatience. Eagerness.
ઔદાર્ય *n.* ઉદારતા. Generosity. Liberality.
ઔદ્યોગિક, *a.* ઉદ્યોગને લગતું. Relating to an in-
ઔપચારિક, *a.* ઉપચારને લગતું. Medicinal. [dustry.
ઔરસ, *a.* પોતાની પરણેલ સ્ત્રીથી પેદા થયેલું. Legiti-
ઔષધ, *n.* દવા. Medicine. Drug. [mate.
ઔષધશાળા, *n.* દવાખાનું. Dispensary; Hospital.
૨. દવાઓનું કારખાનું. Pharmacy.

'क'

ક, The first consonant.
ક, *n.* પાણી. Water.
કઅવસર, *n.* કવખત. Inopportunt time.
કઇ, *pro.* કયું. What.
કઇક *a.* Several; Many.
કકડતું, *a.* ઉકળતું; ઉગ્ર. Boiling.
કકડધજ, *a.* બળવાન. Strong. Powerful.
કકડાટ. કડકડાટ, *n*, કડકડ એવો અવાજ. Thunder. A
rolling sound. *ad.* ઝપાટાબંધ. Fluently.
કકડી,-ક, *n.* નાનો કકડો. Small bit.
કકડીન, *ad.* સખત રીતે. Severely.
કકડો,-ક, *n.* ટુકડો. Piece. *a.* થોડું. Little.
કકરૂં, *a.* ખડબચડું. Rough. [Bewailment.
કકલાણ,-ળાટ, *n.* કલ્પાંત; બુમરાણ. Lamentation.
કકળવું, *vt.* કલ્પાંત કરવું. To lament.
કક્કો, *n.* પ્રાથમિક જ્ઞાન. Elementary knowledge.
કક્ષ. *n.* બગલ; પક્ષ. Armpit; Help.
કક્ષા, *n.* ગ્રહનો આકાશમાં ફરવાનો માર્ગ. Orbit. ૨.
શ્રેણી. Grade. [plore. To crave.
કગરવું, *vt.* અત્યંત દીનતાપૂર્વક આજીજી કરવી. To im-
કચ, *n.* કેશ; ચોટલો. Hair. ૨. કચકચ. Babble.
કચકચ, *n.* ટકટક. Idle talk; Prattle.
કચકડો, *n.* કાચબાનું ભીંગડું. Tortoise shell.
કચડવું,-રવું, *vt.* ચગદવું; છુંદવું, To crush. To trample.
કચરાકચરી, *n.* સખ્ત ભીડ. Pressure.
કચરો, *n.* નકામી ફેંકી દેવાની વસ્તુ. Refuse; rubbish.
કચરાપેટી, *n.* કચરો એકઠો કરવાની પેટી. Dust-bin.
કચવાટ, *n.* અસંતોષ. Dissatisfaction.
કચવાવું, *vi.* અસંતોષ અનુભવવો. To be dissatisfied.
કચુંબર,-મર, *n.* ઝીણી કકડીઓ-છુંદો. Peelings.
કચૂકો, *n.* આંબલીનો ઠળીઓ. Tamarind seed.
કચુડો, *n.* હિંચકો; ઝુલો. Swing.
કચેરી, *n.* અદાલત. Court. ૨. કાર્યાલય. Office.
કચોરી, *n.* એક જાતની ખાવાની બનાવટ. Cake.

કચોળું, *n.* વાટકું; કંકાવટી. Cup. A bowl.
કચ્ચર, *a.* કણ; ભુકો. Particle.
કચ્ચરઘાણ, *n.* સર્વનાશ. Complete ruin. Desolu-
કચ્ચાંબચ્ચાં, *n.* બાળબચ્ચાં.Children. [tion.
કચ્છ, *n.* કછોટો; લંગોટ. Suspender. ૨. કાચબો.
Tortoise. ૩.કિનારો.Shore. [or saree
કછોટો, કચ્છોટો, *n.* કચ્છ. The tuck of a dhotar
કછોટીબંધ, *a.&n.* બ્રહ્મચારી. Celibate. Continent.
કછોરૂં, *n.* ખરાબ છોકરૂં. A bad child.
કજલી, કજ્જલી, *n.* ગંધકને પારાનું મિશ્રણ. Sulphu-
ret of mercury. [ashes.
કજળવું, *vt.* રાખથી ઢંકાવું. To be cevered with
કજા, *n.* કિસ્મત. Fate. Destiny. ૨. તદબીર.Trick.
કજાત, *a.* હલકું; નીચ. Mean. Base.
કજિયો, *n.* તકરાર. Quarrel. Dispute.
કજિયાખોર, *a.* તકરારી. Quarrelsome.
કજોડ, *a.* અણસરખું. Dissimilar. Unlike.
કજોડું, *n.* અયોગ્ય જોડું. Mismatch.
કટક, *n.* સૈન્ય. Army.
કટકટ,-ટારો, *n.* ટકટક. Fault-finding.
કટાક્ષ, *n.* વક્રોક્તિ; વાંકી નજર. Leer. A glance.
કટાણું, *a.* કાટવાળું.Rusty.૨.અણગમાભર્યું.Dejected.
કટાર,-રી. *n.*એક શસ્ત્ર.Dagger.૨. વર્તમાનપત્રનું કોલમ.
કટાવું, *vt,* કાટ ચઢવો. To be rusty. [Column.
કટોરો, *n.* A bowl; a cup.
કટિ, કટી, *n.* કેડ. Hip.
કટિત્રાણ,-બંધ, *n.* કમરપટો. Waist-band.
કટુ, કટુક, *a.* કડવું; તીખું. Bitter. Pungent.
કટોકટી, *n.* અણીનો સમય. Critical time.
કટોરી, *n* વાટકી-કો. Bowl.
કટ્ટર, *a.* જીવલેણ. Mortal. Bitter.
કઠ. *n.* બફારો. Sultriness.
કઠણ. *a.* સખત. Hard. Severe.
કઠલો, *n.* ઘરવખરી. Household furniture.
કઠવું, *vt.* ધામ થવો. To be sultry; to be hot.
કઠારો, *n.* ધામ; બફારો. Sultriness.
કઠિન, *a.* મુશ્કેલ. Difficult. Hard.
કઠિઆરો,*n.* લાકડાં કાપી વેચવાનો ધંધો કરનાર.Wood-
cutter. [Railing. A belustrade.
કઠેડો,-રો, *n.* બારીએ પડી ન જવાય તે માટે કરેલી આડ.
કઠોદર, *n.* પેટનો એક રોગ. Dropsy.
કઠોર, *a.* કર્કશ. Harsh. ૨. નિર્દય. Cruel.
કઠોરતા, *n.* નિર્દયપણું. Cruelty. Harshness.
કઠોળ, *n.* દાળ પડે એવું અનાજ. Pulse.
કડક, *a.* આકરૂં. Severe. ૨. કાચું. Raw.
કડકડવું, *a.* કડકડ અવાજ કરવું. Crackling.
કડકડાટ, *ad.* ઝપાટાબંધ. Fluently.
કડકાઇ, *n.* ગરીબાઈ. Poverty.
કડકો, *n.* કકડો. Piece. A bit. [spoon.
કડછી. *n.* છેડે વાડકીવાળું લાંબા દાંડાનું એક સાધન.Small

કડછો, *n.* મોટી કડછી. Large spoon.
કડદો, *n.* મુકાવેલી છુટછાટ. Abatement;deduction.
કડલી, *n.* હાથનું ઘરેણું. Armlet.
કડલું, *n.* પગનું ઘરેણું. Ornament for leg.
કડવું, *a.*કરિયાતાના સ્વાદ જેવું. Bitter.૨.અપ્રિય. Dis-
કડવાટ,-શ, *n.* કડવો સ્વાદ. Bitterness. [tasteful.
કડાકડી, *n.* ચડસાચડસી. Rivalry. Competition.
કડાકૂટ, *n.* માથાફોડ. Bother. Trouble.
કડાકો *n.* કડાક એવો મોટો અવાજ. Thunder-clap.
૨. લાંઘણ. Rigid fast.
કડીયાળી, *a.* કડીવાળી. Full of rings.
કડીયાકામ, *n.* છોવા ચણવાનું કામ. Masonry; work.
કડિયો *n.* છોવા ચણવાનું કામ કરનાર કારીગર. Mason.
કડી, *n.* વાળી. Ring. ૨. આંકડી. Hook. ૩. કવિતાનું
કડું, *n.* હાથનું ઘરેણું. Bracelet. [પદ. Couplet.
કડૂચું, *a.* કડવા સ્વાદવાળું.Somewhat bitter.
કડેધડે. *ad.*ધમધોકાર.Vigourously. In full power.
કઢંગ. *a.* કદરૂપું. Ugly. Ill-shaped.
કઢંગુ, *a.* બેડોળ.Awkward. Ugly; Rude.
કઢાઇ, *n.* તળવાનું વાસણ. Frying-pan.
પીડાકારક.-કારી, *a.* પીડા કરનાર. Painful.
પીડિત, *a.* પીડા પામેલું. Oppressed. Tormented.
પીઢ, *a.* મોટી ઉમરનું. ઠરેલ. Venerable.
પીઢિયું, *a.* વળો. Rafter. ૨. દાઢનો દાંત. Grinding tooth. ૩. અવાળુ. Gum.
પીત, *n.* પિત્ત. Bile. ૨. પાણી પાઇને ઉછેરેલો માલ. Vegetables grown by irrigation. *a.* પીળું. Yellow. [cloth.
પીતાંબર,*n.*પીળું રેશમી અબોટિયું.Yellow silk loin-
પીધેલ, *n.* છાકટું. Drunk. Besot,
પીપ, *n.* લાકડાનું નળાકાર વાસણ. Barrel.
પીપળ,-ળો, *n.* અશ્વત્થ. Name of a tree.
પીયુષ, *n.* અમૃત. Nectar. Ambrosia.
પીર, *n.* મુસલમાનોમાં પવિત્ર ગણાતો પુરુષ. Mohmadden saint.
પીરસવું. *vt.* જમવા માટે મૂકવું.To serve meals.
પીરોજ, *n.* શનિ. Saphire. Turcois.
પીરોજી, *a.* આસમાની. Blue. [To torture.
પીલવું, *vt.* કચરવું, દબાવવું. To crush. દુઃખ દેવું.
પીવું, *vt.* પ્રવાહી પેટમાં લેવું. To drink. ધૂમાડો લેવો. To smoke.
પીસવું, *vt.* દળવું. To grind. ૨. લસોટવું.To crush.
પીળું, *a.* પીત; હળદરના રંગનું. Yellow.
પીળવું, *vt.* રંગવું; પીળું કરવું. To besmear.
પીળચટું. *a.* આછું પીળું. Yellowish.
પીંખવું, *vt.* વિખેરી નાંખવું; ચૂંટી નાખવું.To scatter.
પીંછું,-છ, *n.* પીછું, Feather.
પીંજણ, *n.* પીંજવું તે. Carding.૨.નકામી લાંબી વાત. Unnecessary long talk.
પીંજર, *n.* પાંજરૂં. Cage.
પીંજવું,*vt.*રૂના રેસા જુદા પાડવા.To card.To comb.
પીંજારો, *n.* પીંજવાનું કામ કરનારો. Carder.
પીંઢારો, *n.* લૂંટારો, Robber.
પુકાર, *n.* પોકાર; બુમ. Cry. Uproar.
પુખ્ત, *a.* પાકટ, Mature. ૨, પાકેલ. Ripe.
પુગાડવું, *vt.*મોકલવુ.પહોંચાડવું.To send.To deliver.
પુચ્છ, *n.* પુંછડી. Tail.
પુછડિયોતારો, *n.* ધૂમકેતુ. Comet.
પુછાવવું, *vt.* તપાસ કરવી. To inquire of.
પુટ, *n.* પડિયો.Cup.૨.ખોબો.Cavity.૩.ઢાંકણ.Cover.
પુણ્ય, *a.* પવિત્ર. Holy. *n.* પવિત્રતા.સત્કર્મ. Purity.
પુણ્યકર્મ, *n.* સત્કર્મ. Meritorious act.
પુણ્યકાળ. *n.* પવિત્ર સમય. Auspicious time.
પુણ્યદાન, *n.* ધર્મદાન. Charity. Benevolence,
પુણ્યવાન,-શાળી, *a.* ધર્મિષ્ઠ. Religious.
પુણ્યાત્મા, *n.* પવિત્ર મનનો માણસ. Holy person.
પુત્ર, *n.* દીકરો. Son. [Soul.
પુદ્ગલ,*n.*પરમાણુ.Atom. ૨..શરીર.Body. ૩. આત્મા.
પુનર્, *ad.* ફરીથી; પુનઃ Again.

પુનરાવર્તન. -વર્તિ, n. એકનીએક વાત ફરી કરવી તે. Repetition.
પુનરાવર્તી, a. ફરી ફરી આવનારૂં. Repeating.
પુનરૂક્તિ n. ફરીફરીને કહેવું તે. Repetition.
પુનરૂત્થાન, n. ફરીથી જીવતા થવું તે. Resurrection.
પુનર્જન્મ, n. નવો જન્મ. Rebirth. Regeneration.
પુનર્લગ્ન,-ર્વિવાહ, n. પુન: વિવાહ; વિધવાવિવાહ. [Widow remarriage.
પુનિત, a. પવિત્ર. Holy.
પુરજન, n. શહેરી; નાગરિક. Citizen.
પુરપતિ, n. રાજા. King. A sovereign.
પુરજોર, a. પૂરા જોશવાળું, In full bloom. [dour.
પુરબહાર, ad. પૂરી શોભા સહિત, With full splen-
પુરવણી, n. પરિશિષ્ટ. Appendix; A supplement.
પુરવાર, a. સાબીત. Established by evidence.
પુરશ્ચરણ, n. અમુક મંત્રનો જપ. Repetition of a mantra. [gating
પુરસીસ. n. પૂછપરછ; તપાસ. Inquiry. Intorro-
પુરસ્કર્તા, n. આગેવાન. Leader.
પુરસ્કાર, n. ઇનામ; બદલો. Reward.
પુરંદર, n. ઇંદ્ર. Indra.
પુરાણ, a. પ્રાચીન. Ancient. n. પ્રાચીન દેવકથા. Sacred work.
પુરાણી. n. પુરાણ,વાંચનાર.One reciting Puranas.
પુરાણું,-તન, a. પ્રાચીન.Ancient.Old. Antique.
પુરાતત્વ. n. પુરાતન કાળની બાબત.Archeology.
પુરાવિદ્,-તત્વજ્ઞ, n. પુરાતત્વનો શોધક.Archeologist.
પુરાવું, vt. પુરાવાય એમ કરવું. To be interned.
પુરાવો, n. સાબીતી. Evidence. Proof.
પુરાંત, n. હાથ પર જમે રકમ. Balance. Stock.
પુરી. n. નગર,-રી. City. 2. A cake.
પુરૂષ, n. નર. Male.૨.મરદ. Man.૩.વર; પતિ. Husband. ૪. આત્મા. Soul.
પુરૂષત્વ,-ષાતન, n. મરદાઈ. Manliness. [effort.
પુરૂષાર્થ, n. માણસથી થઇ શકતી મહેનત. Human
પુરોહિત, n. ગોર. Family priest.
પુલ, n. સેતુ. Bridge.
પુલકિત, a. રોમાંચિત. Thrilled. [dish.
પુલાવ, n. એક મસાલેદાર મુસલમાની વાની. A sweet
પુલિન, n. બાકું; નદીનો કાંઠો. Sand-bank. ૨, નદીની વચ્ચે આવેલો રેતીનો બેટ. Islet.
પુષ્કર. a.નીલ કમળ.Blue lotus.૨.પાણી.Water.
પુષ્કળ, a. ખૂબ; મસ. Much.Abundent;copious.
પુષ્ટ. n. જાડું.Fat. ૨. પોષાયેલું, Nourished.
પુષ્ટિ,n. પોષણ, Nourishment. ૨.-સમર્થન; ઉત્તેજન. Support. ૩. કૃપા. Favour.
પુષ્ટિકારક, a. પૌષ્ટિક. Nutritive.
પુષ્ટિમાર્ગ, n. વલ્લભાચાર્યે ચલાવેલો વૈષ્ણવભક્તિમાર્ગ. A religious doctrine.
પુષ્પ, n. ફુલ. Flower. ૨. રજસ. The menses,
પુસ્તક, n. ચોપડી; ગ્રંથ. Book.
પુસ્તકાલય, n. ગ્રંથાલય. Library.
પુસ્તો, n. પાણીના ધક્કા ઝીલે તેવું બાંધકામ. Embankment. ૨, ડક્કો, Dock.
પુંકેસર, n.ફુલની અંદર નર બીજવાળો રેસો. Stamen.
પુંજ, n. ઢગલો. Heap. A pile. A mass.
પુંલિંગ,-લ્લિંગ, n. નરજાતિ. Masculine gender.
પૂગવું, vt. પહોંચવું. To reach. To arrive at.
પૂછ,-ડું, n. પુચ્છ. Tail.
પૂછગાછ,-પૂછ,પરછ,n. તપાસ; પૂછવું કરવું તે. Inquiry.
પૂછવું, n. સવાલ કરવો. To question.
પૂજનિક,-નિય, a. પૂજ્ય. Venerable. Worshipful.
પૂજવું, vt. પૂજા કરવી, ભજવું. To worship.
પૂજા,-જન,n.આરાધના;ઉપાસના.Worship.Adoring.
પૂજાપો, n.પૂજાનો સામાન. Materials for worship.
પૂજારી, n. પૂજા કરનારો. Worshipper.
પૂજાવું. vt. પૂજા થવી. To be worshipped.
પૂજ્ય, a. પૂજનીય. Venerable.n. વડીલ. Elderly person.
પૂઠ, n. શરીરનો પાછલો ભાગ.Back. ૨. પીછો.Chase.
પૂઠું,n. ઢાંકણ. Cover.
પૂણી, n. કાંતવા માટે પીંજેલા રૂનો વણીને બનાવેલો.ગોળ આકાર. Roll of cotton reado for spinning.
પૂતળી.n. સ્ત્રીના આકારનું રમકડું. Doll. ૨. આંખની કીકી. Pupil of the eye.
પૂતળું, n. રમકડું. Toy ૨, મૂર્તિ. Image. ૩. પત્થરની આકૃતિ. Statue,
પૂનમ, n. પૂર્ણિમા, Full moon day.
પૂમડું, n. રૂનો બહુ નાનો પિંડ. Piece of cotton.
પૂર, n, નવા પાણીનું જોસબંધ આવવું તે. Flood. a. પૂરેપૂરૂં; સંપૂર્ણ. Complete.
પૂરક,a.&n.પુરૂં કરનાર.Completing.Complement.
પૂરણપોળી, n. વેડમી. Sweet cake.
પૂરત, n. પહેરામણી. Dowry. Bride's portion.
પૂરતું, a. જોઇએ તેટલું. Enough Sufficient.
પૂરપાટ, ad. પૂર વેગથી. Very fast.
પૂરવું. vt. ભરવું. To fill up. ૨, ગોંધવું. To inter.
પૂરી,n.તળેલી વાની, Bun. [૩.પૂરૂં પાડવું. To supply.
પૂરૂં,-રેપૂરૂં, a. પૂર્ણ, Complete whole.
પૂર્ણ, a. અધુરૂં નહિ એવું. Perfect. Entire.
પૂર્ણવિરામ, n. લખાણમાં વાક્ય પૂરૂં થયાનું સ્થાન બતાવનાર ચિહ્ન. Full point.
પૂર્ણાહુતિ, n. સમાપ્તિ. Copletion.
પૂર્ણિમા, n. પૂનમ, Full moon day.
પૂર્વ. a. ઊગમણું; પૂર્વ દિશાનું. Estern. ૨. આગલું Previous. ૩, પ્રાચીન. Ancient. n. સૂર્યને ઊગવાની દિશા, East.
પૂર્વકાલીન, a. પ્રાચીન. Ancient.
પૂર્વજ, n. વડવો; પિતૃ. Ancestor,

પૂર્વપક્ષ, *n.* અદાલતમાં વાદીએ રજૂ કરેલી વાત. The prima facie view of a question.
પૂર્વરંગ, *n.* નાટકના પ્રારંભની સ્તુતિ, સંગીત વિ. Prologue.
પૂર્વવત્, *ad.* પહેલાંની જેમ. As before,
પૂર્વાપર, *a.&ad.* આગલુંપાછલું; આગળ પાછળ. Preceding and succeeding.
પૂર્વાભિમુખ, *a.&ad.*પૂર્વ તરફના મોંનું. Facing the east.
પૂર્વાર્ધ, *n.* આગલો અડધો ભાગ. First half.
પૂર્વે, *ad.* પહેલાં. Formerly.
પૂર્વોક્ત,*a.*પહેલાં કહેવાયેલું.Said before.Afore-said.
પૂળો, *n.* ઘાસ કે કડબનું મોટું પૂળિયું; Bundle of grass.
પૂંખ, *n.* છાપરનો બહાર પડતો ભાગ.Wing of a roof.
પૂંખવું, *vt.* વરકન્યાને વધાવવું. To receive ceremoniously.
પુછ,-ડું,-ડી, *n.* પુંછડું. Tail.
પૂંજ, *n.* મીંડું; અનુસ્વાર. Point.
પૂંજી, *n.* દોલત. Capital.Wealth. Property.
પૂંજો, *n.* કચરો; વાસીદું. Refuse.Sweepings.
પૃચ્છા, *n.* તપાસ; પ્રશ્ન. Inquiry. Quesioning.
પૃથગ્, *ad.* અલગ; છૂટું, Separate.
પૃથક્કરણ,-ક્કૃતિ, *n.* ઘટક તત્વો છૂટાં પાડવાં તે. Analysis,
પૃથિવી, *n.* પૃથ્વી. Earth. ૨. જમીન. Land.
પૃથ્વી, *n.* ધરા. Earth. ૨. એક છંદ. Metre.
પૃથ્વીનાથ,-પતિ,,-પાલ,-ળ, *n.* રાજા. King.
પૃષ્ઠ, *n.*પીઠ;વાંસો Back.૨.પાનું.Page.૩. સપાટી.Surface.
પેખવું, *vt.* જોવું. To see. To perceive.
પેગંબર,*n.*પયગંબર.Prophet.A heavenly messenger.
પેગામ, *n.* સંદેશો. Message. An errand.
પેચ, *n.* આંટો; વળ. Twist. ૨, સ્ક્રૂ. Screw.૩.યુક્તિ. Device. ૪. ફાંદો, જાળ. Noose.
પેચીલું, *a.* યુક્તિબાજ. Shrewd.Wily.Clever.
પેચોટી, *n.* આંબોઈ. The umbilical cord.
પેટ, *n.* જઠર. Stomach.૨.પેટની બખોલ.Abdomen. ૩. આજીવિકા. Livelihood. ૪. ગર્ભાશય. Womb. ૫. પોતાનાં સંતાનો, Children. ૬. અંતર, Mind.
પેટભરૂ,-ટ્ટું. *a.* સ્વાર્થી. Selfish.
પેટવવું,-ટાવવું, *vt.* સળગાવવું. To kindle.
પેટવું,-ટાવું, *vt.* સળગવું. To be kindled.
પેટાકલમ, *n.* કલમની અંદર ઉપકલમ. Sub-section.
પેટાજાતિ. *n.* મોટી જાતિનો એક ફાંટો.Sub-caste.
પેટાનિયમ, *n.* ગૌણ નિયમ, Bye-law.
પેટિયું,-યો,*n.*પગાર. Salary૨.રોજનો ખોરાક,Ration.
પેટી, *n.* વસ્તુ મૂકવા માટેની બનાવટ. Trunk.
પેટ્રું, *n.* પોલો કે ઉપસેલો ભાગ, Hollow of a swollen part.
પેટે, *ad.* સાટે; બદલામાં. In place of; for.
પેઠ,-ઠે, *ad.* રીતે; માફક,In the same manner as.
પેડું, *n.* ડુંટીની નીચેનો પેટનો ભાગ. Lower part of the belly.
પેઢી,*n.*વેપારીનીકોઠી.Mercantile firm,૨.વંશપરંપરાનું પગથિયું. Generation.
પેઢીઉતાર,*ad.*પેઢી દર પેઢી. Succesively.
પેઢીનામું, *n.* વંશવક્ષ, Geneological tree.
પેઢું, *n.* અવાળું. Gum. ૨. પેટની નીચેનો ભાગ. The abdomen.
પેદળ, *n.* પાયદળ.Infantry. ૨.પગપાળો, Pedestrian.
પેદાશ, *n.* ઉત્પન્ન; ઉપજ, Produce. Income.
પેધું, *a.* પેધેલું, Habituated. Accustomed.
પેન, *n.* પથ્થર પેન; Slate-pen.
પેન,-સીલ,-ન્સિલ, *n.* સીસાપેન.Lead-pencil.
પેય,*n.*પીણું. Drink. પીવા યોગ્ય. Worth drinking.
પેર, *n*; પ્રકાર; રીત. Manner.Mode. ૨..તદબીર.Plan. ૩. ખબર. Information. ૪ગ. Fort.
પેરવેશ, *n.* લિબાસ. Dress.Costume.
પેરામણી, *n.* સ્ત્રીધન. A dowry.
પેરેગીર, *n.* ચોકીદાર. A guard. A sentry.
પેરવી, *n.*તજવીજ;ગોઠવણ.Preparation.An effort.
પેરૂ, *n.* જામફળ. Guava.
પેલું, *pro.&a.* સામે આંગળીથી બતાવેલું.That.આગલું. Former.
પેશ, *ad.* આગળ; ઠેઠ. Forward.
પેશકદમી. *n.* સામે લેવા જવું તે. Fore-running.
પેશકશ,-કશી, *n.* ખંડણી. Tribute.
પેશગી, *n.* બાનું. Earnest money.
પેશાબ, *n.* મૂતર. Urine.
પેશાબખાનું,*n.*મૂતરડી. Urinal.
પેશવા,-શ્વા, *n.* મુખ્ય પ્રધાન. Chief minister. ૨.આગેવાન.Leader.
પેશી, *n.*માંસનો લોચો. Tissue.૨.ફળની કાપલી. Divison of a fruit.
પેશો. *n.* ધંધો. Occupation. A profession.
પેસવું, *vt.* દાખલ થવું. To enter. To penetrate.
પેસાડવું, *vt.* અંદર દાખલ કરવું. To thrust.
પેળ, *n.* વૃષણ. Testicle.
પેંગડું, *n.*ઘોડેસવાર જેમાં પગ મૂકે છે તે કડું. Stirrup.
પેંડો, *n.* દૂધના માવાની એક મીઠાઈ. Sweetmeat.૨. લોંદો. Lump.
પૈકી, *a.* માંથી. Out of, માંનું. Of.
પૈડું, *n.* ચક્ર; ચાક. Wheel.
પૈસાદાર, *a.* ધનવાન. Wealthy. Rich.
પૈસો, *n.* પાઆનો. Pice. ૨. દોલત. Money.
પોક, *n.* બૂમ પાડીને રડવું તે. Loud cry of sorrow.
પોકળ, *a.* ખોટું. False. ૨. પોલું. Hollow.
પોકાર, *n.* બૂમ.Cry. ૨. ફરિયાદ. Complaint.
પોકારવું,*vt.*બૂમ પાડીને બોલવું.બોલાવવું.To cry aloud.
પોકેપોકે,*ad.* ખૂબ પોકો પાડીને. Lamentingly.
પોખરાજ, *n.* પીળા રંગનું એક રત્ન. Topaz.
પોકળ, *n.* ભોપાળું. Palsity. Emptiness.
પોકરણું, *a.*બીકણ. Cowardly. Effeminate.
પોચું,*a.*નરમ. Soft.નબળું.Weak.૨.બીકણ. Coward.
પોટકી,-લું,-કું,-ધ *n.* નાની ગાંસડી. Package.
પોટીસ, *n.* ઘઉંના લોટની ગરમ લૂગદી. Poultice,
પોઠ, *n.* વણજાર. Caravan.

પોઠિયો, *n.* બળદ.Bullock. ૨. શીવનો નંદી.Bull of Shiva.
પોઢવું, *vt.* સુવું. To sleep. To slumber.
પોઢાડવું, *vt.* સુવે એમ કરવું. To cause to sleep.
પોત, *n.* વણાટ. Texture.૨.પોતાનું ખરૂસ્વરૂપ.Worth.
પોતું,*n.*ભીંનો કકડો.Small wet piece of cloth.
પોતપોતે, *ad.* દરેક જાતે. Each one.
પોતાપણું, *n.* વ્યક્તિત્વ. Individuality.
પોતીકું, *a.* પોતાનું. Own,
પોતે, *pro.* જાતે. Self. *a.* પંડે. Personally.
પોથી, *n.* લાંબા છૂટા પાનાનું પુસ્તક. Book.
પોપચું, *n.* આંખનું પાંપણવાળું ઢાંકણ. Eyelid.
પોપટ, *n.* શુક; લીલા રંગનું એક પક્ષી Parrot.
પોપડો, *n.* ઉપસેલું, ઉખડેલું કે લાગેલું પડ. Crust.
પોપૈયું, *n.* એક ફળ. પપૈયું. Papaya fruit.
પોબાર, *n.* ફતેહ. Victory.
પોબારા ગણવા, *vt.* નાસીજવું.To decamp.To bolt-away.
પોમાવું, *vt.* હરખાવું. To be overjoyed.
પોયણું, *n.* રાતે ખીલતું કમળ. Lily.
પોર, *ad.* ગયે કે આવતે વર્ષે. Last or next year. *n.* શૂરાતન. આનંદ. Bravery. Delight.
પોરિયું, *n.* બાળક. Child.
પોરો,*n.*પાણીનો એક બારીકજીવ.Germ..૨.સમો.Time.
પોલ, *n.* પોલાણ. Cavity. Vacuum. ૨. ગોટાળો. Mismanagement.
પોલકું, *n.* સ્ત્રીઓનું બદન.Female under-garment.
પોલાણ, *n.* પોલો ભાગ. Hollowness. Cavity.
પોલાદ, *n.* ગજવેલ. Steel.
પોલાદી,*a.*પોલાદનું. Made of steel.૨.મજબૂત.Stout.
પોલીસ, *n.* સીપાઇ. Sepoy.
પોલું, *a.* પોલવાળું; ખાલી. Hollow.
પોશ, *n.* ખોબો. Handful.
પોશાક, *n.* પહેરવેશ. Costume. Garments.
પોષણ, *n.* ગુજરાન; નભાવ. Maintainance. Nourishment.
પોષવું, *vt.* ખવરાવી પીવરાવી જતન કરવું. To nourish.
પોષાવું,-સાવું, *vt.* પાલવવું, To suit.
પોળ, *n.* શેરી. Street. A lane.
પોળી. *n.* પાતળીને પોચી રોટલી. Cake. Thin bread.
પોંક,-ખ. *n,* ભૂંજીને કાઢેલા તાજા કણ. Parched grains of fresh corn.
પોંખવું, *vt.* વરકન્યાને વધાવવાં. To welcome bride and bridegroom ceremoniously.
પૌત્ર, *n.* પુત્રનો પુત્ર, Grand-son.
પૌરાણિક, *a.* પુરાણને લગતું. Mythological. *n.* પુરાણી. Mythologist.
પૌરુષ, *a.* પુરુષનું Manly. *n.* પુરુષાતન. Manliness.
પૌષ્ટિક, *a.* પુષ્ટિ આપનાર. Nutritive. Tonic.
પૌંઆ,-વા, *n.* પહુવા, Rice parched and beaten flat.
પ્યાજ, પિઆજ, *n.* ડુંગળી. Onion.

પ્યાદુ, *n.* શેતરંજમાં પેદળ સીપાઇનું મહોરૂં. Pawn at chess. ૨. પેદળ સીપાઈ. Footman.
પ્યાર, *n.* પ્રેમ, Love. Attachment.
પ્યારું, *a.* વહાલું. Dear. Beloved.
પ્યાલું,-લો,-લી, *n.* પાણી પીવાનું વાસણ. Cup.
પ્યાસ, *n.* તરસ. Thirst. Longing for water.
પ્યાસુ, *a.* તરસ્યું. Thirsty.
પ્રકટ,-ગટ, *a.* ખુલ્લું. Open. Evident. Clear ૨. જાહેર. Public. *ad.* ખુલ્લી રીતે. Openly.
પ્રકરણ, *n.* વિભાગ. Chapter. ૨. વિષય. Subject.
પ્રકાર,*n.*જાત;ભેદ;રીત. Variety.Kind.Sort. Mode.
પ્રકાશ, *n.* અજવાળું. Light. ૨.પ્રસિદ્ધિ. Celebrity.
પ્રકાશક, *n.* પ્રસિદ્ધ કરનારો. Publisher.
પ્રકીર્ણ *a.* વેરાયેલું. Scattered. ૨. પરચૂરણ. Miscellaneous.
પ્રકૃતિ, *n.* કુદરત. Nature. ૨. સ્વભાવ. Temper. ૩. તબિયત. Temperament.
પ્રકોપ, *n.* ગુસ્સો. Wrath; Anger.
પ્રક્રિયા, *n.* કાર્યપ્રણાલિ; રીત. Process. ૨. વિધિ. Ceremony.
પ્રક્ષાલન. *n.* ધોવું તે. Washing.
પ્રખર, *a.* ઉગ્ર; તીક્ષ્ણ. Vehement. Severe.
પ્રખ્યાત, *a.* પ્રસિદ્ધ. Famous. Celebrated.
પ્રખ્યાતિ. *n.*પ્રસિદ્ધિ. Fame. Celebrity; Renown.
પ્રગટવું, *vt.* સળગવું. To be lighted. સળગાવવું, To light. ૩. જન્મવું. To be born. ૪. પ્રગટ થવું. To be published.
પ્રગતિ, *n.* ઉન્નતિ; આગળ વધવું. Progress.
પ્રગતિશીલ, *a.* પ્રગતિ કરતું. Progressive.
પ્રગલ્ભા, *n.* પ્રૌઢ સ્ત્રી. A matured grave woman.
પ્રચલિત, *a.* ચાલુ; ચાલતું આવેલું. Prevalent.
પ્રચંડ, *a.* કદાવર. Powerful. ૨. ભયંકર, Terrible.
પ્રચાર, *n.* ફેલાવો. Prevalence. ૨, રૂઢિ. Custom.
પ્રચારક,-લક, *n.* પ્રચાર કરનાર; આરંભક. Organiser.
પ્રચ્છન્ન,-ચ્છાછિત,*a.* ઢાંકેલું. Covered. Concealed.
પ્રજનન, *n,* જન્મ આપવો તે. Generating.
પ્રજનનશાસ્ત્ર, *n.* સંતતિનું શાસ્ત્ર. Engenics.
પ્રજળવું, *vt.* સળગવું. To burn. To kindle.
પ્રજા, *n.* લોકો. People. ૨. સંતતિ. Progeny. ૩, જનતા. Nation.
પ્રજાતંત્ર,*n.*પ્રજાસત્તાક રાજતંત્ર. Republic.
પ્રજાપતિ.*n.*બ્રહ્મા. Brahma. ૨. રાજા. King. ૩. કુંભાર. Potter.
પ્રજાશાહી, *n.* લોકશાસન. Democracy.
પ્રજાસતાક, *a.* પ્રજાના વહિવટવાળું. Democratic.
પ્રજાળવું, *vt.* સળગાવવું. To kindle. To burn.
પ્રજોત્પાદક, *a.* સંતાન ઉપજાવે એવું. Generative.
પ્રજ્ઞા, *n.* બુદ્ધિ. Intellect. Wisdom.
પ્રજ્વલિત, *a.* પ્રદિપ્ત. Shining. ૨.સળગતું. Kindled.
પ્રણય, *n.* પ્રેમ, Love. Espousing.
પ્રણયી, *n.* પતિ, આશક. Husband.
પ્રણવ, *n.* ૐકાર. The mystic syllable,

પ્રણામ, *n.* નમસ્કાર. Salutation. Obeisance.
પ્રણાલિ,-લિકા, *n.* રૂઢિ; પ્રદ્ધતિ. Custom. [cript.
પ્રત, *n.* ગ્રંથની નકલ. Copy. ૨, મૂળ લખાણ;Manus-
પ્રતાપ,*n.*પ્રભાવ. Dignity. ૨. તેજ; કાંતિ Grandeur.
પ્રતાપી,-પધાન,-શાળી, *a.* પ્રતાપવાળું. Glorious.
પ્રતિ.*ad.*તરફ: Towards. [Illustrious.Powerful.
પ્રતિકાર,-તીકાર, *n.* સામનો; વિરોધ. Resistance. ૨. ઇલાજ; ઉપાય. Remedy.
પ્રતિકૂલ,-ળ, *a.*ઉલટું; વિરૂદ્ધ.Adverse.Contrary.
પ્રતિક્રિયા, *n.* વિરોધી ક્રિયા. Reaction.
પ્રતિક્ષણ, *ad.*દરેક પળે;પળેપળે.At every moment.
પ્રતિગ્રહ, *n.* સ્વીકાર, દાન લેવું તે. Acceptance.
પ્રતિઘોષ, *n.* પડઘો. Echo.
પ્રતિજ્ઞા, *n.* પણ. નિશ્ચય. Resolution. A vow.
પ્રતિદિન,-દિવસ, *ad.* દરરોજ. Daiiy.
પ્રતિનિધિ, *n.* વકીલ મુખત્યાર. Representative.
પ્રતિપક્ષ, *n.* સામો પક્ષ; હરિફ. Rival.
પ્રતિપદ.-દા, *n.* એકમ; પડવો. First day.
પ્રતિપાદન, *n.* પ્રમાણો આપી પુરવાર કરવું તે.Proving.
પ્રતિબંધ, *n.* વાંધો;વિઘ્ન.Objection. An obstacle.
પ્રતિબિંબ, *n.* પડછાયો. Shadow. A reflexion.
પ્રતિભા,*n.*તેજ;શક્તિ.Luster.Divine illumination.
પ્રતિમા, *n.* મૂર્તિ. Image. A picture.
પ્રતિરોધ, *n.* અટકાવ; રોકાણ. Hindrance.
પ્રતિલોમ, *a.* હલકું. Low. ૨. ઉલટા ક્રમનું. Reverse.
પ્રતિષેધ, *n,* અટકાવ; નિષેધ. Prohibition.
પ્રતિવાદ, *n.* જવાબ. Answer. ૨. ખંડન; વિરોધ. Refutation.
પ્રતિવાદી,*n.* દાવામાં સામા પક્ષનો માણસ. Defendant.
પ્રતિષ્ઠા, *n.* આબરૂ; કીર્તિ. Reputation; Credit. ૨. મૂર્તિની સ્થાપના. Installation.
પ્રતિષ્ઠિત, *a.* પ્રતિષ્ઠાવાળું; આબરૂદાર. Celebrated.
પતિસ્પર્ધા *n.* હરિફાઇ. Rivalry. Emulation.
પ્રતિસ્પર્ધી, *n.* હરિફ. A competitor.
પ્રતિહાર, -તીહાર, *n.* દરવાન. Door-keeper.
પ્રતીક, *n,* મૂર્તિ. Image. ૨. નિશાન; ચિહ્ન. Symbol,
પ્રતીક્ષા, *n.* વાટ જોવી તે. Waiting for. [surance.
પ્રતીતિ, *n.* ભરોંસો; વિશ્વાસ. Trust. ૨. ખાતરી. As-
પ્રત્યક્ષ, *a.* ખુલ્લું. Open. ૨. સ્પષ્ટ. Clear.
પ્રત્યય, *n.* વિશ્વાસ; ખાતરી. Trust. ૨. કારણ; હેતું. Cause. [Echo.
પ્રત્યાઘાત, *n.* સામો આઘાત. Reaction. ૨. પડઘો.
પ્રત્યારોપ, *n.* સામો આરોપ. Recrimination.
પ્રત્યુત્તર, *n.* સામો જવાબ. Reply. A rejoinder.
પ્રત્યે, *ad.* તરફ. Towards.
પ્રત્યેક, *a.* દરેક, Each.
પ્રથમ, *a.* પહેલું, First. *ad.* પહેલેથી. From the beginning
પ્રથા, *n.* ધારો; રીત. Custom. Practice.

પ્રદક્ષિણા, *n.* કોઈપણ વસ્તુ કે વ્યક્તિને જમણી બાજુ રાખીને આસપાસ ફરવું તે. Circumambulation.
પ્રદર, *n.* સ્ત્રીઓનો એક રોગ. Leucorrhea.
પ્રદર્શન, *n.* હુન્નર, વિદ્યા કળા વગેરેનાં દૃશ્યોને જાહેરમાં મૂકવાની પ્રાસંગિક યોજના. Exhibition.
પ્રદીપ્ત, *a.* સળગેલું. Kindled. ૨. ઉત્તેજીત. Excited.
પ્રદેશ, *n.* દેશ; મુલક, Region ૨. વિભાગ. District.
પ્રધાન,, *a.* મુખ્ય. Chief. *n.* મુખ્યકારભારી. Premier.
પ્રપંચ, *n.* છળકપટ. Deceit. Fraud.
પ્રપંચી, *a.* કપટી. Deceitful. Fraudulent.
પ્રપાત, *n.* ધોધ. Water-fall. ૨, ભૂસકો. Falling down. A jump. [મેલું. Gay.
પ્રફુલ્લ,-લ્લિત, *a.* ખીલેલું. Full blown ૨. આનંદ પા-
પ્રબલ,-ળ,*a.*બળવાન. Powerful. Mighty. Strong. ૨. અત્યંત. Excessive. [committee.
પ્રબંધસમિતિ, *n.* વ્યવસ્થાપક મંડળ, Managing
પ્રભા, *n.* તેજ; કાંતિ. Lustre; Splendour.
પ્રભાકર. *n.* સૂર્ય, Sun.
પ્રભાત, *n.* સવાર. Mornning.Dawn.Day-break.
પ્રભાતિયું, *n.* સવારે ગાવાનું ગીત. Mornning hymn.
પ્રભાવ, *n.* શક્તિ. Power. ૨. રૂઆબ. Awe. ૩. અસર. Influence. [King.
પ્રભુ, *n.* પરમેશ્વર. God. ૨. પતિ. Husband. ૩.રાજા.
પ્રભુતા, *n.* મહત્તા; ગૌરવ. Greatness. [woman.
પ્રમદા, *n.* જુવાન,-સુંદર સ્ત્રી. Young beautiful
પ્રમાણ,*n.*પુરાવો;સાબિતી.Evidence.૨.માપ.Measure.
પ્રમાણપત્ર, *n.* ખાતરી પત્ર. Certificate.
પ્રમાણભૂત, *a.* વિશ્વાસપાત્ર. Authoritative.
પ્રમાણિક, *a.* સાચું; ઇમાનદાર. Honest.Just.
પ્રમાણિકતા, *n.* ઈમાનદારી. Honesty.Integrity.
પ્રમાદ, *n.*ગફલત. Carelessness ૨. આળસ.Idleness.
પ્રમુખ, *n.* સભાપતિ.; અધ્યક્ષ. President.
પ્રમેય, *n.* સિદ્ધાંત. Theorem. *a.* સિદ્ધ કરી શકાય તેવું. Demonstrable.
પ્રમેહ, *n.* એક રોગ-પરમિયો. Gonorehea.
પ્રમોદ, *n.* આનંદ. Joy. Delight.
પ્રયત્ન, *n.* પ્રયાસ; કોશિશ. Effort. An endeavour.
પ્રયાણ, *n.* જવું તે; પ્રસ્થાન,Departure.
પ્રયાસ, *n.* મહેનત; કોશિશ. Labour.Efforts.
પ્રયોગ, *n.* અખતરો.Experiment. ૨, વાપર. Use.
પ્રયોગશાળા,-ળા, *n.* વૈજ્ઞાનિક પ્રયોગો કરવાની જગા.
પ્રયોજક, *n.* લેખક; પ્રેરક. Author, [Laboratory
પ્રયોજન, *n.* હેતુ; સબબ. Object.Motive.
પ્રલય,-લે,-લ્લે, *n.* વિનાશ; જગતનો લય. Havoc.
પ્રલોભન, *n.* ભારે લાલચ. Temptation.
પ્રવચન, *n.* વ્યાખ્યાન. Exposition. Preaching. Devastation.
પ્રવર્તક,-ર્ત્તક, *n.&a.* સંસ્થાપક. Promoter.
પ્રવાલ,-ળ, *n.* પરવાળું, Coral.

પ્રવાસ, *n.* મુસાફરી. Journey.
પ્રવાસી, *n*, મુસાફર. Traveller.
પ્રવાહ, *n.* વહેણ, Current; Course; Flow.
પ્રવાહી, *a.* રેલો ચાલે એવું. Liquid.
પ્રવીણ, *a.* કુશળ. Expert. Adept.
પ્રવૃત્ત, *a.* ચાલુ. Current.૨.પ્રવૃત્તિમાં મચેલું, Active.
પ્રવૃત્તિ, *n*, ઉદ્યોગ; વ્યવસાય. Activity.
પ્રવેશ, *n.* દાખલ થવું તે. Entrance.૨. નાટકના અંકનો પેટા વિભાગ. Scene.
પ્રવેશવું, *vt.* દાખલ થવું. To enter.
પ્રશંસનીય, *a.* વખાણવા યોગ્ય. Commendable.
પ્રશંસા,-શસ્તિ, *n.* વખાણ, Praise. Commendation.
પ્રશાંત, *a.* ખૂબ શાંત, Very calm.
પ્રશ્ન, *n.* સવાલ. Question. ૨, જાણવા વિચારવા કે ચર્ચવાની વસ્તુ. Problem.
પ્રશ્નપત્ર, *n.* સવાલપત્રક. Question paper.
પ્રશ્નમાલા,-ળા, પ્રશ્નાવલિ; *n.* પ્રશ્નોની હાર. Interrogatory.
પ્રશ્નાર્થ, *a*, પ્રશ્નવાચક. Interrogative.
પ્રસન્ન, *a.* ખુશ; આનંદી. સંતુષ્ટ. Pleased with.
પ્રસરવું, *vt.* ફેલાવું. To spread, To extend.
પ્રસવ, *n.* જન્મ, Birth. Production.
પ્રસવવું, *vt.* જન્મ આપવો. To give birth. [tion.
પ્રસંગ, *n*, અવસર. Occasion૨. ૨. સહવાસ. Associa-
પ્રસંગવશાત;-ોપાત્ત, *ad.* પ્રસંગને લીધે. On occasion.
પ્રસાદ,-દી, *n.* મહેરબાની; કૃપા. Favour.
પસારવું, *vt.* ફેલાવવું. Ta spread. To diffuse.
પ્રસિદ્ધ, *a.* વિખ્યાત; જાહેર. Famous.૨.પ્રકાશિત. Published. [Publishing.
પ્રસિદ્ધિ, *n.* વિખ્યાતિ. Fame. Celebrity.૨. પ્રકાશન.
પ્રસિદ્ધિપત્ર, *n.* જાહેરખબર. Advertisement.
પ્રસૂત. *a.* જન્મેલું; જણેલું. Begotten.
પ્રસૂતિ, *n.* સુવાવડ. Delivery. Child-bed.
પ્રસૂતિગૃહ, *n.* સુવાવડખાનું. Maternity home.
પ્રસૂતિજ્વર, *n.* સુવાવડીનો તાવ. Puerpural fever.
પ્રસૂતિશાસ્ત્ર, *n.* સુવાવડનું શાસ્ત્ર. Obstetrics.
પ્રસ્તાવના, *n.* ઉપોદ્‌ઘાત. Introduction. Preface.
પ્રસ્તુત, *a.* કહેવામાં આવેલું. Said.
પ્રસ્થાન, *n.* પ્રયાણ. Departure.
પ્રસ્વેદ, *n.* પરસેવો. Perspiration.
પ્રહર, *n.* પહોર. Period of three hours.
પ્રહસન, *n.* હાસ્યરસપ્રધાન નાટક. Farce
પ્રહાર, *n.* ઘા. Blow; A stroke; A thrust.
પ્રાકટ્ય,-ગટ્ય, *n.* પ્રગટવું તે; અવતાર. Manifestation.
પ્રાકૃત, *a.* મામૂલી. Ordinary.૨. સંસ્કાર વિનાનું. Vulgar.
પ્રાકૃતિક, *a*, સ્વાભાવિક. Natural
પ્રાચી, *n.* પૂર્વ દિશા. The East, The orient
પ્રાચીન, *a.* જૂનું. Ancient,
પ્રાચ્ય, *a*: પૂર્વનું. Eastern.

પ્રાણ, *n.* જીવ, Life. ૨. શ્વાસ. Aspiration. ૩. જીવનશક્તિ. Vitality.
પ્રાણઘાતક,-હારક,-હારી, *a.* જીવલેણ. Fatal. Mortal.
પ્રાણવાન, *a.* જીવંત; ચપળ. Active.
પ્રાણવાયુ, *n.* પ્રાણસહાયક એક વાયુ. Oxygen.
પ્રાણવિનિમય, *n.* જાદુઈ વિદ્યા. Mesmerism.
પ્રાણાયામ, *n.* શ્વાસોશ્વાસની એક ક્રિયા. A system to breathe with the nostrils.
પ્રાણાંત *n.* મૃત્યુ. Death. The dying State, [mal.
પ્રાણી, *n.* જીવ. Living creature. ૨. જાનવર. Ani-
પ્રાણવિદ્યા, *n.* પ્રાણીઓને લગતું શાસ્ત્ર. Zoology.
પ્રાતઃકાળ, *n.* સવાર. Morning. The day-break.
પ્રાથમિક, *a.* આરંભનું, Primary. [The dawn.
પ્રાદુર્ભાવ, *n.* ઉત્પત્તિ; પ્રગટ થવું તે. Manifestation.
પ્રાદુર્ભૂત, *a.* પ્રગટેલું. Manifested. [dancy.
પ્રાધાન્ય, *n.* મુખ્યત્વ. Predominance. Ascen-
પ્રાપ્ત, *a.* મેળવેલું. Acquired.
પ્રાપ્તિ, *n.* લાભ. Gain. Profit; Acquisition.
પ્રાબલ્ય, *n.* જોર. Force. Predominance.
પ્રામાણિક, *a.* ઇમાનદાર; સાચું. Honest; Just.
પ્રાયશ્ચિત્ત, *n.* પાપના નિવારણ માટેનું તપ. Penance. Atonement.
પ્રારબ્ધ, *n.* નસીબ. Luck. Destiny. Fate.
પ્રારબ્ધવાદ, *n.* દૈવવાદ. Fatalism.
પ્રારંભ, *n.* શરૂઆત. Beginning. Commencement.
પ્રારંભક, *n.* નવો પ્રારંભ કરનાર. Pioneer.
પ્રાર્થના. *n.* ઇશ્વરસ્તુતિ; અરજ. Prayer. Request.
પ્રાર્થવું, *vt.* પ્રાર્થના કરવી. To pray. To request.
પ્રાવીણ્ય, *n.* કુશળતા. Proficiency. Expertness.
પ્રાસ, *n.* કવિતાની તુકને અંતે અક્ષર મળતા આવવા તે. Alliteration. [cassional.
પ્રાસંગિક, *a.* પ્રસંગને અનુકુળ; પ્રસ્તુત. Casual. Oc-
પ્રાસાદ, *n.* મહેલ, Palace. [dary.
પ્રાંત, *n.* દેશનો વિભાગ. Province. ૨. છેડો. Boun-
પ્રાંતિક,-તીય. *a.* પ્રાંતને લગતું. Provincial.
પ્રિય, *a.* વહાલું. Dear. *n.* પિયુ; કાંત. Husband.
પ્રિયકર,-કારી, *a.* હિતકર. Pleasing. Amiable.
પ્રિયતમ, *a.* સૌથી વધુ વહાલું. Dearest. *n.* પતિ.
પ્રિયા,-યતમા, *n.* પત્ની; કાંતા. Wife. [Husband.
પ્રીત,-તિ, *n.* પ્રેમ. Love. Affection.
પ્રેક્ષક, *n.* જોનારો. Spectator.
પ્રેક્ષકવર્ગ, *n.* જોનારાઓનો સમુદાય. Audience.
પ્રેત, *n.* શબ. Corpse. ૨. પિશાચ. Ghost; A sprite.
પ્રેતભૂમિ, *n.* સ્મશાન. Burial ground.
પ્રેમ, *n*, પ્રીતિ. Love. Affection.
પ્રેમદા, *n.* સુંદર સ્ત્રી; Lovely woman.
પ્રેમલ,-ળ, *a.* પ્રેમવાળું. Affectionate. Kind.
પ્રેમશૌર્ય, *n.* પ્રેમ અને શૌર્ય. Chivalry.
પ્રેમી, *a.* પ્રેમ કરનારૂં. Amorous. *n*, આશક. Lover.

પ્રેરક, *n.* -ગતિ કે ઉત્તેજન આપનારૂં. Stimulating.
પ્રેરણા, *n.* પ્રોત્સાહન. Inspiration. Urging.
પ્રેરવું, *vt.* પ્રેરણા કરવી. To inspire. To stir up.
પ્રોત્સાહન, *n.* ખૂબ ઉત્સાહ આપવો તે. Stimulus.
પ્રૌઢ, *a.* પુખ્ત; આધેડ. Full-grown. Matured.
પ્લીહા, બરોળ. Spleen.

'फ'

ફ, ૨૨ મો વ્યંજન. The 22nd consonant of the
ફઇ,-બા, *n.* બાપની બહેન. Aunt. [Alphabet
ફકત, *conj.* કેવળ; માત્ર. Only.
ફકરો, *n.* કંડિકા. Paragraph. A clause. [beggar.
ફકીર, *n.* ત્યાગી: મુસલમાન વૈરાગી. Mendicant; A
ફકીરી, *n.* ફકીરપણું. Mendicity; Poverty.
ફક્કડ, *a.* વરણાગિયું;છેલ. Foppish. ૨. બેફિકરૂં. Careless. ૩. સ્વચ્છંદી. Free. Libertine.
ફગવું, *vt.* બોલીને ફરી જવું. To swerve from.
ફગોટવું,-ળવું, *vt.* ઉશેટવું. To throw away.
ફજર, *n.* કાલ સવાર. The morning following.
ફજલ, *a.* સુખી. Happy. *n.* મહેરબાની. Favour ૨. આબાદી. Prosperity.
ફજેત, *a.* બદનામ. Disgraced. Confounded.
ફજેતી,-તો, *n.* બદનામી. Infamy. Ignomy.
ફટ, *n.* તિરસ્કારનો ઉદ્‌ગાર. Expression showing
ફટકડી, *n.* એક જાતનો ખાર. Alum. [contempt.
ફટકવું, *vt.* ખસવું; ચસકવું. To deviate.૨. રંગનું ઉડી જવું. To lose colonr.
ફટકારવું,-વવું, *vt.* મારવું-ચાબુકથી મારવું. To strike.
ફટકો, *n.* પ્રહાર; ઘા. Stroke. ૨. ખોટ. Loss. [to.
ફટવવું,-ટાવવું, *vt.* બહેકાવવું.To give undue liberty
ફટાકડો,-કિયો,-કો, *n.* ટેટો; દારૂખાનું. Cracker.
ફટાડવું, *vt.* ફટવવું, To give undue liberty.
ફટાણું,*n.* બીભત્સ ગીત. Obscene or abusive song.
ફડક,-કો, *n.* બીક, Fear. Dismay.
ફડચ,-શ,-ડાશિયું, *n.* ચીરી. કકડો. Slice.
ફડચો, *n.* તોડ; નિકાલ. Settlement.Adjustment.
ફડફડવું, *vt.* ફડફડ અવાજ થવો. To flap. ૨. ધ્રુજવું. To tremble. ૩. ગુસ્સામાં બડબડવું. To rail at.
ફડાકો, *n.* ફટાકડો. Cracker. ૨. બીક. Fear.
ફડિયો, *n.* કણિયો. Grain-vendor. ૨. દારૂ ગાળનારો. Distiller
ફણગો, *n.* અંકુર. Sprout; An off-shoot.
ફણસ, *n.* એક ફળ. Fruit. [pent.
ફણા, *n.* સાપની ફેણ. Expanded hood of a ser-
ફણી, *n.* સાપ. Snake. ૨. કાંસકી; સાળવીનું ઓજાર. Comb..
ફતવાખોર, *a.* ઢોંગી. Hypocrite: Pretender.
ફતવો, *n.* ઢોંગ. Pretence. ૨. હુકમ. Decision. ૩. મુસલમાની ધર્મશાસ્ત્રનો હુકમ. Law.
ફતેમારી,-તેહમારી, *n.* એક જાતનું નાનું વહાણ. Small sailing vessel.
ફતેહ,-મંદી, *n.* જીત; જય. Success. Victory.
ફતેહમંદ, *a.* વિજયી. Successful. Triumphant.
ફદફદવું, *vt.* ફોડી જવું. To suppurate.
ફના, *a.* પાયમાલ, Ruined. Extinct.
ફરક, *n.* ફેર; તફાવત. Difference. Variation.
ફરકવું,*vt.*ધડકવું.To throb.૨.ખસવું;ધ્રુજવું.To move.
ફરજ, *n.* કર્તવ્ય. Duty. Obligation.
ફરજિયાત, *a.*ફરજરૂપ.Compulsory.Obligatory.
ફરજંદ,*n.*સંતાન. Offspring. A progeny. [Open.
ફરદ, *n.* જોડમાંનું એક. One out of a pair. *a.* ખુલ્લું,
ફરમાન, *n.*હુકમ.Command.૨. સનદ. Mandate.
ફરમાવવું, *vt.* હુકમ કરવો. To order.
ફરમાશ, *n.* હુકમ.Order.૨.ભલામણ.Charge.Desire.
ફરવું,*vt.*ગોળગોળ ફરવું.To turn.૨.બદલાવું.To change.
ફરશી,-સી, *n.*હથિયાર.Battle-axe.૨.સુતારનું ઓજાર, Chisel.
ફરસબંધી, *n.* પથ્થર બેસાડેલી જમિન. Pavement.
ફરંદું, *a.* કાબેલ. Clever. ૨, હરાયું. Immoral.
ફરાળ, *n.* ઉપવાસનો ખાસ ખોરાક. Repast for a fasting day. [laint. ૨. અરજી. Petition.
ફરિયાદ, *n.* જુલમ કે અન્યાય સાથનો પોકાર. Comp-
ફરિયાદી, *n.* ફરિયાદ કરનારો; વાદી. Complainant.
ફરી,-થી,-ને, *ad.* પુન: બીજીવાર. Again.
ફરેબ,-ફરેબી. *n.* ઠગો; કપટ. Fraud. Deception.
ફરેબી, *a.* દગલબાજ. Deceitful. [Coceit.
ફલ,-ળ. *n.* વનસ્પતિનું ફળ. Fruit ૨.પરિણામ.Result. ૩. ફાયદો. Profit. ૪. પાનું. Blade.
ફલંગ, *n.* ફૂદકો; ફાળ. Jump. A leap.A spring.
ફલદાયક,-દાયી,-પ્રદ, *a.* ફળ આપનારૂં. Fruitful.
ફલાણું, *a.* અમુક. Certain.
ફલાલીન, *n.* એક જાતનું ઉનનું કાપડ. Flannel.
ફલિત,*n.*પરિણામ.Result.*a.*ફળેલું;નીપજેલું. Fulfiled.
ફલિભૂત,-ળીભૂત, *a.* સાર્થક. ફળવાળું. Fruitful.
ફસ, *n.* નસ; નાડી. Vein. Artery.
ફસકવું,*vt.* છટકવું; નાહિંમત થવુ.To turn away.
ફસલ, *n.* મોસમ. Season. ૨. પાક. Harvest.
ફસવું,-સાવું, *vt.* સપડાવું; ઠગાવુ. To be misled.
ફળ, *n.* ફળ. Fruit.Result.Consequence.
ફળદ્રુપ, *a.* રસાળ, Fertile. Fruitful.

ફળવું, *vt.* ફળ આવવાં. To bear fruit.
ફળાઉ, *a.* ફળ આપતું. Bearing fruit.
ફળિયું, *n.* મહોલ્લો. Street. A lane.
ફંટાવું, *vt.* દિશા બદલાવી; ફાંટા પાડવા. To digress.
ફંદ,-દો, *n.* કાવતરૂં; જાળ. Intrigue. A plot.
ફાક,ફાકી, *n.* ભૂકી, Powder. ૨. રાખ. Ashes.
ફાકડો,-કો, *n.* બુકડો. Mouthful.
ફાકવું, *vt.* હથેળીને મોમાં નાખવું.To toss from the palm into the mouth.
ફાગ, *n.* શૃંગારી ગીત. Amatory song.
ફાચર,*n.*લાકડાની નાની ચીર.Wedge.૨.નડતર.Obstacle.
ફાજલ, ફુઝુલ, *a.* વધેલું; ફાલતું.Spare. Surplus.
ફાટ,*n.* તરડ. Fracture. ૨. ભેદ; તડ. Disunion.
ફાટફૂટ, *n.* વિરોધ; કુસંપ. General disunion.
ફાટવું, *vt.* ચીરાવું. To tear. ૨. તુટવું, To part.
ફાટેલ, *a.* છકેલું. Immodest. Impudent.
ફાડવું, *vt.* ચીરવું, To tear. To split. To cleave.
ફાતડો, *n.* પવૈયો. Woman of a masculine physique and nature.
ફાનસ, *n.* બત્તી; દીવો. Lamp. A lantern.
ફાની, *a.* નાશવંત. Perishable; Mortal.
ફાયદો, *n.* લાભ. Advantage. Gain. Profit.
ફાયદાકારક,-કારી, *a.* લાભદાયી. Advantageous.
ફારક..ગ, *a.* છૂટ; મુક્ત; નવરૂ. Freed.
ફારગત,-ગતી, *n.* છૂટકારો; મુક્તિ. Freedom.Release.
ફારસ, *n.* પ્રહસન. Farce. ૨. ઇરાન. Iran.
ફાલ, *n.* પાક. Harvest. ૨. અતિશયતા.Abundance.
ફાલતું, *a.* વધારાનું; ફાજલ. Spare. Surplus.
ફાલવું, *vt.* ખીલવું. To bloom. 2. વધવું; પુષ્ટ થવું. To grow fat.
ફાવવું,*vt.* સફળ થવું; અનુકૂળ આવવું. To be successful.
ફાળ, *n.* ફદકો. Jump. ૨. દહેશત. Apprehension.
ફાળકી,-કો, *n.* દોરાની આંટી-તે વીંટવાનો ફાળકો.Reel of thread.
ફાળો, *n.* હિસ્સો; વહેંચણી. Proportion. A share.
ફાંકડું, *a.* સુંદર. Nice. 2. ફક્કડ. Foppish.
ફાંકો, *n.* ગર્વ; અભિમાન. Conceit. Presumption.
ફાંટ, *n.* લુગડાના છેડાની ઝોળી.Ends of a garment.
ફાંટો, *n.* શાખા; ડાળ. Branch.
ફાંદ, *n.* પેટનો ઝુલતો ભાગ; ફુંદ. Swollen belly.
ફાંદો, *n.* પ્રપંચ; જાળ. Fraud. A snare. A trick.
ફાંફાં, *n.* વલખાં; મિથ્યા પ્રયત્ન. Vain efforts.
ફાંસ, *n.* આડખીલી. Obstacle.૨. ફાચર. Splinter,
ફાંસિયો,-શીગરો,-ખોરો, *n.* જલ્લાદ. Hangman.
ફાંસી, *n.* ફાંસો દઇ મારી નાંખવાનુ સાધન. Gallows.
ફાંસો, *n.* ફાંદો; દોરડાનો ગાળો. Noose. A snare.
ફિકર,-મંદી, *n.* કાળજી; ચિંતા. Care. Anxiety.
ફિક્કું, *a.* નિસ્તેજ. Pale. ૨. નિરસ. Dull.
ફિકાશ, *n.* નિરસતા;ફિક્કાપણું. Paleness, Faintness.
ફિટકાર, *n.* ધિક્કાર; અનાદર. Contempt.
ફિટકારવું, *vt.* અનાદર કરવો. To scorn. [Quarrel.
ફિતૂર, *n.* બળવો; દંગો. Revolt. Sedition. ૨.તોફાન.
ફિદા, *a.* આસક્ત; ખૂબ ખુશ. Enamoured.
ફિરસ્તો, *n.* દેવદૂત; પેગંબર. Angel.
ફિરંગી,*a.*&*n.*પોર્ટુગાલનો વતની. Portuguese.૨.ગોરો. European.
ફિલસૂફ, *n.* તત્વજ્ઞાની. Philosopher.
ફિલસૂફી, *n.* તત્વજ્ઞાન. Philosophy.
ફિશિયારી,-સીયારી, *n.* આડંબર; પતરાજી.Vanity.
ફિસાદ, *n.* ટંટો; બખેડો. Scuffle. Tumult.
ફી, *n.* લવાજમ; મહેનતાણું. Fee.
ફીકાશ, *n.* મોળાશ. Paleness.
ફીકું,-સું, *a.* નિસ્તેજ; મોળું. Pale. Vapid.
ફીટવું, *vt.* નિકાલ આણવો. To be cleared.
ફીણ, *n.* પ્રવાહી પર થતો ધોળો પદાર્થ. Foam.Spray.
ફીણવું, *vt.* પ્રવાહીને ખૂબ ઘુમડવું. To crush with the hand.
ફીત, *n.* ગુંથેલી કોર. Embroidered border.
ફીરકી, *n.* ચકરડી; નાની ફાળકી. Reel.
ફુઇ, *n.* ફોઇ. Aunt.
ફુઆ, *n.* ફોઇનો વર. Husband of the aunt.
ફુગાવવું, *vt.* ફુલાવવું. To swell.
ફુટકળ, *a.* પરચુરણ; ફાલતુ. Miscellaneous.Retail.
ફુદીનો, *n.* એક વનસ્પતિ. Mint. MenthaSaliva.
ફુરજો, *n.* બંદરી જકાતનું નાકું. Custom house.
ફુરસદ, *n.* નવરાશ. Leisure. Respite.
ફુલારો,-શ, *n.* પતરાજ; બડાઇ, Vanity; Boasting.
ફુલાવવું, *vt.* ઉપસાવવું. To swell. [To be proud.
ફુલાવું, *vt.* ઉપસવું. To be swelled. ૨. પતરાજી કરવી.
ફુલેકું, *n.* વરઘોડો, Marriage procession.
ફુલેલ, *n.* સુગંધીદાર તેલ. Scented oil.
ફુવારો, પાણી ઉડતું પડે તેવી રચના. Fountain. ૨. ઝરો. Spring.
ફુગ, *n.* ઉબ. Whitish exfoliation. Mould,
ફુટ, *n.* બાર ઇંચનું માપ. Measure of length of twelve inches. ૨. ફાટ; ભંગાણ. Breakage. ૩. કુસંપ. Disunion.
ફુટડું *a.* સુંદર; રૂપાળું. Charming, Attractive.
ફુટવું,*vt.* ઉગવું; પલ્લવિત થવું. To shoot. ૨. તૂટવું. To break. ૩. ફાટવું. To burst. ૪. ખુલવું. To open, ૫. દગો દેવો. To betray. [એક ચિહ્ન. Sign.
ફુદડી, *n.* ગોળગોળ ફરવું તે. Moving in circles. ૨.
ફુદું *n.* પતંગિયું; પાંખોવાળું નાનું જીવડું. Butterfly.
ફુમતું,-તી, *n.* કલગી; છોગું. Tuft.
ફૂર્તિ, *n.* ચપળતા. Briskness. Activity.
ફૂલ, *n.* પુષ્પ. Flower.
ફૂલકો, *n.* નાની ફુલાવેલી રોટલી, Light cake.
ફૂલણજી, *n.* વખાણ કર્યાથી ફૂલાઈ જાય તેવું. Puffed up person.

ફૂલબાગ, *n.* ફૂલનો બાગ. Flower-garden.
ફૂલવવું, *vt*, ફૂલાવવું. To swell.
ફૂલવું, *vt.* ખીલવું. To bloom. ૨. ઉપસવું. To swell.
ફૂલું, *n.* આંખનો એક રોગ. White spot in the eye. [Nebula.
ફૂવડ, *a.* આળસુ. Lazy. ૨. ગંદું. Dirty.
ફૂંક, *n.* મોંથી પવન ફેંકવો તે. Blowing. A puff.
ફૂંકવું, *vt.* ફૂંક મારવી. To blow. To puff.
ફૂંફવાટો,-ડો, *n.* ફૂંફાડો મારવો તે. Frightening. Hissing. [Punishment.
ફેજ, *n.* પાયમાલી. Ruin. ૨. દશા. State. ૩. સજા.
ફેડવું, *vt.* દૂર કરવું. To remove. ૨. મટાડવું. To claer awry.
ફેણ, *n.* ફણા. Expanded hood of a serpent.
ફેફરી,-રું, *n.* વાઇ. Apoplexy. Epilepsy.
ફેફસું, *n.* શરીરમાંનું હવા લેવા કાઢવાનું યંત્ર. Lung.
ફેર, *n.* તફાવત. Difference. ૨. તમ્મર. Dizziness. ૩. ઘેરાવો. Circumference. *ad.* ફરીથી. Again.
ફેરફાર, *n.* તફાવત, Variation. ૨. સુધારો. Alteration. ૩. બદલી. Shifting.
ફેરબદલી,-લો, *n.* અરસપરસ ફેરફાર. Transfer.
ફેરવવું, *vt.* બદલવું. To change.
ફેરાવો, *n.* ઘેરાવો; ચક્કર. Circuitous turn.
ફેરિયો, *n.* ફેરી કરનાર. Vendor. [Round.
ફેરિ,-રો, *n.* આંટા. Turn. ૨, વખત. Time. ૩. ફરવું તે.
ફેલ, *n.* ઢોંગ. Pretence.
ફેલાવ,-વો, *n.* વિસ્તાર; પ્રસાર. Expansion. ૨. વૃદ્ધિ. Progress.
ફેંસલો, *n.* નિકાલ; તોડ. Decision. Judgment.
ફેંકવું, *vt.* નાખવું. To throw.
ફેંટ, *n.* કમરની આજુબાજુનો લૂગડાનો બંધ. Long strip of cloth tied round the waist.
ફેંદવું, *vt.* ચૂંથવું; વિખેરી નાખવું. To separate.
ફોઈ,-બા, *n.* બાપની બહેન. Aunt.
ફોક, *a.* રદ; બાતલ, Void. Null.
ફોકટ,-ગટ, *ad.* નકામું: વ્યર્થ. In vain. Gratis
ફોજ, *n.* લશ્કર; સેના. Army.
ફોજદાર, *n.* એકપોલીસઅમલદાર. Inspector of police.
ફોજદારી, *a.* શિક્ષાપાત્ર; ગુના સંબંધી. Criminal.
ફોડ, *n.* વિગત. Detail. ૨. ફોડવું તે. Breaking open. ૩. વહેંચણી. Distribution. ૪. નિકાલ. Decision.
ફોડલી,-લો, *n.* ગુંમડું. Boil.
ફોડવું, *vt.* ફૂટે એમ કરવું. To break.
ફોદો, *n.* લોચો. Lump.
ફોરમ, *vt.* સુગંધ. Scent. Odour. Smell.
ફોરવું, *vt*, સુવાસ ફેલાવવી. To smell.
ફોલવું, *vt.* છોડાં વગેરે કાઢી ચોખ્ખું કરવું. To peel.
ફોલ્લી,-લ્લો, *n*, ફોડલી-લો. Boil,
ફોસલામણ,-ણી, *n.* પટામણ; છેતરામણ. Cajoling.
ફોસલાવવું, *vt*, છેતરવું. To coax; To wheedle. To cheat.

‘ब’

બ, ૨૩ મો વ્યંજન. The 23rd consonant of Alphabat.
બક,-ગ. *n.* બગલો. Crane.
બકબક,-કાટ,-કારો, *n.* લવારો. Prattling.
બકરી, *n.* બકરાની માદા. She-goat.
બકરો, *n.* બકરીનો નર. Goat.
બકવા,-ટ,-દ, *n.* લવારો. Prattling. Chatter.
બકવું, *vt.* લવારો કરવો. To prattle. To chatter.
બકાત, *a.* વધેલું; બચત. Surplus. Remaining.
બકારી, *n.* ઉબકો; ઉકરાંટો. Belching. Vomiting.
બકાલ,-લી, *n.* કાછિયો. Vegetable vendor.
બકાલું,-લું, *n.* શાકભાજી;લીલોતરી. Fresh vegetable.
બક્ષવું, *n.* ભેટ તરીકે આપવું, To bestow. To confer.
બક્ષીસ,-શ, *n.* ભેટ. Present. A gift,
બખતર,-ખ્તર, *n.* લોઢાનો પોશાક; કવચ. Armour.
બખિયો, *n.* આંટી દઈને ભરેલો દોરાનો ટાંકો. Stitching closely.
બખીલ, *a.* કંજૂસ. Miser. Stingy.
બખેડો, *n.* ટંટો; ઝઘડો. Quarrel. Affray.
બખોલ, *n.* કાણું; બાકું. Hole. A den.
બગડવું, *vi.* ખરાબ થવું, To be spoiled. ૨. ભ્રષ્ટ થવું. To be corrupted.
બગદો, *n.* કચરો; પૂંજો. Refuse. Rubbish.
બગધ્યાન, *n.* બગલા જેવું જૂઠું ધ્યાન. Hypocrasy.
બગભગત, *n.* ઢોંગી. જૂઠો ભગત. A religious hypocrite.
બગલ, *n.* ખભાતળેનોહાથનામૂળઆગળનોખાડો, Armpit.
બગલું,-લો, *n*, એક પંખી. Crane. A stork.
બગા,-ઈ. *n.* ઢોર પર બેસતી એક જાતની માંખ. Cattle louse. Dog-louse.
બગાડ,-ડો, *n.* ખરાબી; નુકશાન. Wastage. Injury. Mischief. ૨. ભ્રષ્ટતા. Corruption.
બગાડવું, *vt.* ખરાબ કરવું. To spoil. ૨. ભ્રષ્ટ કરવું. To corrupt.
બગાસું, *n.* બગાસણ. A yawn. A gape.
બગી, *n.* ઘોડાગાડી. Gig. A sleigh.
બગીચો, *n.* બાગ. Garden. A bower.
બચકી,-કો, *n.* ગાંસડી,-ડો. Bundle.
બચકું, *n.* કરડવું તે; ડાકું. Bite. ૨. ટુકડો. piece. ૩. પોટકું. Bundle.
બચત, *n.* વધારો; ઉગારો, Savings.

બચપણ, *n.* બાળપણ. Chidhood. Puerility.
બચરવાળ, *a.* વસ્તારી. Having many children.
બચવું, ઉગરવું. To be saved. ૨. વધવું; સિલક રહેવું. To remain unspent. [Saving.
બચાવ, *n.* સંરક્ષણ. Protection. ૨. ઉગારો; બચત.
બચાવપક્ષ, *n.* પ્રતિવાદીનો પક્ષ. The defence.
બચી.-ચ્ચી, *n.* ચુંબન. Kiss.
બચ્ચું, *n.* બાળક, Child. An infant.
બજર, *n.* છીકણી. Snuff. Tobacco.
બજવણી,-જાવણી. *n.* અમલમાં મૂકવું-મૂકાવવું તે. Execution of an order.
બજવું, *vt.* અમલમાં આવવું. To be executed.
બજાણિયો, *n.* નટ; દોરડાંપર નાચનાર. Rope-dancer.
બજાર, *n.* ચૌટું; હાટ. Market. A mart. ૨. ભાવ, Rate.
બઝાડવું, *vt.* માથે નાખવું; ગળે ઓઢાડવું. To force to
બટક, *a.* બરડ. Brittle. ૨. તીખું. Acrid. [accept.
બટકબોલું, *a.* ટીખળી. ૨. Witty. વિનોદી. Humorous.
બટકું, *a.* બચકું; Mouthful. ટુકડો. Piece. ૨. ઠીંગણું.
બટાકો,-ટો, *n.* એક કંદ. Potato. [Short.
બટાવું. *vt.* લાંબો સમય પડી રહેવાથી વાસ મારવી. To be spoiled by being kept for a long time.
બટુક, *n.* છોકરો. Boy. ૨. વામનજી. A dwarf.
બટેરૂં, *n.* રામપાતર. Small earthen pot.
બટ્ટો, *n.* ડાઘ; લાંછન. Stigma. A slur.
બડકું, *n.* છણકો; તરછોડો. Angry look or speech.
બડબડવું, *vt.* બડબડાટ કરવો; To grumble. To rave.
બડબડાટ, *n.* બડબડવું તે. Grumbling.
બડભાગી, *a.* મહાભાગ્યશાળી. Very fortunate.
બડમૂછિયો,-મૂછો, *a.* મૂછો વગરનો. Having no
બડવું,-રડવું, *n.* મિજાગરૂં, Hinge. [moustaches.
બડાઇ, *n.* ફુલાશ. Boast. Brag. ૨. મોટાઇ. Greatness.
બડું, *a.* મોટું. Big. ૨. ભારે. Heavy.
બઢતિ, *n.* વૃદ્ધિ. Growth. ૨. પગારમાં વધારો. Increment in pay. [૩. હુલ્લડ. Rioting.
બણગું, *n.* રણશિંગું. Trumpet. ૨. ગપગોળા. Gassip.
બણબણ,-ણાટ, *n.* બણબણ અવાજ. Buzz. [To hum.
બણબણવું, *vt.* બણબણાટ કરવો (માખીનો). To buzz.
બતક, *n.* એક પક્ષી. Duck. [out.
બતાડવું,-વવું, *vt.* દેખાડવું; To show. To point
બત્તી, *n.* દીવેટ. Wick. ૨. દીવો. Lamp.
બથાવવું, *vt.* પચાવી પડવું. To misappropriate ૨. થકવી નાખવું. To tire.
બદ, *n.* જાંઘના ખૂણામાં થતું ગરમીનું એક દરદ. Venereal bubo. *a.* Bad. ખરાબ.
બદકામ,-ચલન,-ચાલ, *n.* વ્યભિચાર. Adultery. Debauchery. ૨. ખરાબ વર્તણુક. Misconduct.
બદગોઈ,-ગોઇ, *n.* નિંદા; કુથલી. Slander. Calumny.
બદદાનત, *n.* અપ્રમાણિકતા. Dishonesty. Bad faith.
બદનક્ષી,-નામી, *n.* નામોશી; બટ્ટો. Defamation.

બદનામ, *a.* બદનામી પામેલું. Disgraced, Infamous.
બદન, *n.* શરીર. Body. 2. પહેરણ. Shirt.
બદનું,-નો, ડબલું; કુલડું. Earthen or tin pot.
બદફેલી, *n.* અનીતિ; દુરાચરણ. Debauchery. Misconduct. Adultery. [tion
બદબો,-ઈ. *n.* દુર્ગંધ. Stench. ૨. બદનામી. Defama-
બદમાશ,-સ. *a.* દુરાચારી. Rascal. Rogue.
બદલ,-લે, *ad.* સાટે; અવેજમાં. In exchange of.
બદલવું, *vt.* ફેરફાર કરવો. To change. To alter.
બદલી,-લો, *n.* ફેરફાર. Change; Exchange.
બદશિકલ,-સિકલ,-સુરત, *a.* કદરૂપું. Ugly.
બદામ, *n.* એક સુકો મેવો. Almond. [nder.
બદી, *n.* દુરાચરણ. Immodesty. Vice. નિંદા. Sla-
બધિર, *a.* બહેરૂં, Deaf. Hard of hearing.
બધું, *a.* સર્વ. All. ૨. સઘળું. Entire.
બધે, *ad.* સર્વત્ર. Everywhere.
બનવું, *vt.* થવું. To happen. ૨. મેળ હોવો. To harmonize. ૨. ઠાઠ કરવો. To be dressed finely.
બનાત, *n.* એક જાતનું ઊનનું કપડું. Kind of woolen cloth. [Incident. ૩. મેળ. Harmony.
બનાવ, *n.* ઘટના. Event. An occurence. ૨. પ્રસંગ.
બનાવટ, *n.* ઘડતર; રચના. Composition; Make. ૨. તરકટ. Fabrication. ૩. મશ્કરી. Ridicule.
બનાવટી, *a.* કૃત્રિમ. Artificial. ૨. ખોટું. False.
બનુસ,-નૂસ, *n.* ઉનનો, જાડો ધાબળો. Blanket.
બપોર, *n.* મધ્યાહ્ન. Noon.
બફારો, *n.* ધામ; તાપ. Warmth. Sultriness.
બફાવું *vt.* તાપથી અકળાવું. To be suffocated. To be boiled. [tter.
બબડવું, *vt.* બબડાટ કરવો. To grumble. To cha-
બબરચી, *n.* રસોઈયો. Cook. A butler.
બબુચક, *a.* મૂર્ખ. Fool. Stupid.
બમણાટ. *n.* બમણવું તે. Hovering. Buzz; Hum.
બમણું, *a.* બેવડું. Double.
બયાન *n.* વર્ણન. Narration. Description.
બરકત. *n.* ફાયદો; લાભ. Benefit. Advantage. ૨. ફતેહ. Success. ૩. ભરપૂરતા. Abundance. Plenty.
બરકંદાજ, *n.* બંદુકચી. A gunner. A musketeer.
બરકો, *n.* બૂમ; ઘાંટો. Call. Voice.
બરખાસ્ત, *a.* વિખરાયેલું; વિસર્જિત. Dissolved.
બરછી, *n.* ભાલો. Javelin. A lance.
બરડ. *a.* ઝટ ભાંગી જાય તેવું, Brittle. Fragile.
બરડો, *n.* પીઠ; વાંસો. Back. The back-bone.
બરણી, *n.* એક જાતનું પાત્ર. Jar. A vase.
બરતરફ, *a.* કાઢી મુકેલું. Dismissed. Discharged.
બરતરફી, *n.* રૂખસત આપવી તે. Dismissal. Discharge. [Care.
બરદાશ,-સ,-સ્ત, *n.* સંભાળ; તજવીજ. Treatment.
બરફ, *n.* જામી ગયેલું પાણી. Ice,

બરફી, *n.* એક મીઠાઇ. Kind of sweetmeat.
બરબાદ, *a.* પાયમાલ; Ruined. ૨. નકામું. Useless.
બરબાદી, *n.* પાયમાલી. Destruction. Ruin.
બરાગળ, *n.* ઝીણો તાવ. Slight fever.
બરાડ,-ડો, *n.* ત્રાડ; બૂમ. Loud cry. A scream.
બરાડવું, *vt.* ત્રાડ નાંખવી. To utter a loud cry.
બરાત, *n.* વરની જાન; વરઘોડો. Marriage party.
બરાબર,-રોબર, *a.* સરખું. Equal. ૨. સમાન. Alike. ૩. જોઇએ તેવું. Exact. ૪, યોગ્ય. Fit.
બરાબરિયું,-રોબરિયું, *a.* સમોવડિયું. Equal; match.
બરાબરી-બરોબરી, *n.* સમાનતા. Equality.
બરાસ, *n.* ભીમસેની કપૂર. Kind of camphor.
બરૂ, *n.* નેતરની જાતનું ઘાસ. Reed.
બરો, *n.* તોર; ગર્વ. Arrogance. ૨. પતરાજી. Boast,
બરોળ, *n.* પ્લીહા; પેટને ડાબે પડખે આવેલો એક અવયવ. Spleen.
બલ,-ળ, *n.* શક્તિ; જોર. Power; Strength. ૨. [લશ્કર. Army.
બલકે,-લ્કે. *ad.* એટલુંજ નહિ પણ. Even.
બલગમ,-ખમ, *n.* કફ; શ્લેશ્મ. Phlegm.
બલવંત,-વાન, *a.* મજબૂત, Powerful. Mighty.
બલા, *n.* પીડા. Bother. Pest. ૨. મુસીબત. Calamity.
બલાત્કાર,-ળાત્કાર, *n.* બળજોરી; Foace. ૨. સ્ત્રી પર અત્યાચાર. Rape.
બલિ, *n.* ભોગ. દેવને માટે કાઢેલો ભાગ. Offering. [Oblation.
બલિદાન, *n*, ભોગ. Sacrifice.
બલિષ્ઠ, *a.* સૌથી બળવાન. Most powerful.
બલિહારી, *n.* ખૂબી, Beauty. *int.* વાહવાહ. Bravo.
બવાસીર, *n.* હરસ-મસા. Piles.
બસ, *ad.* પુરતું. Enough. ૨. થયું. Sufficient.
બસ્તિ, *n.* પેડું; મુત્રાશય. Sacrum. Pelvis. ૨. ગુદા વાટે પાણી ચડાવવાની પીચકારી. Enema; syringe.
બહાદુર, *a.* શૂરવીર, Brave. Bold. Daring.
બહાદુરી, *n.* પરાક્રમ. Heroism. Bravery.
બહાનું, *n.* મિષ; ખોટું કારણ. Pretext. Pretence.
બહાર, *n.* શોભા; Bloom. ૨. આનંદ. Pleasure. *ad.* અંદર નહિ. Outside.
બહારવટિયો, *n.* લૂંટારો. Outlaw.
બહાલ, *a.* મંજૂર; Confirmed. Permanent.
બહાલી, a. મંજૂરી. Confirmation.
બહિર્ગોળ, *n.* બહાર પડતી ગોળ સપાટીવાળું. Convex.
બહિષ્કાર, *n.* અસ્વીકાર Rejection. ૨. ત્યાગ. Excommunication.
બહિષ્કૃત, *a.* બહિષ્કાર પામેલું. Excommunicated. outcaste.
બહુ, *a.&ad.* ઘણું. Much. Very.
બહુબોલું, *a.* વાચાળ. Loquacious, Garrulous.
બહુમતી, *n.* એક પક્ષ કરતાં બીજાના મતની સંખ્યાની વિશેષતા. Majority.
બહુમૂલું,-મૂલ્ય, *a.* ભારે કિંમતનું, Costly.
બહુવચન, *n.* એકથી વધારેને માટે વપરાતું વચન. The plural number.
બહેક, *n.* સુગંધ. Fragrance. Odour.
બહેકવું, *vt.* મધમઘવું. To spread fragrance. ૨. ફાટી જવું; વંઠી જવું. To go wild.
બહેડું, *a.* એક ફળ. Myrobalan.
બહેતર, *a.* વધારે સારૂ. Better. ૨. ઠીક. Well.
બહેન, *n.* એક માતા પિતાની દીકરી. Sister.
બહેરૂં, *a.* સંભાળી ન શકે તેવું. Deaf.
બહોળું, *a.* મોટું; વિસ્તારવાળું. Extensive.
બળ, *n*, શક્તિ. Vigour. Strength. Power.
બળખો,-લગમ, *n.* ગળફો; કફ. Phlegm. Mucus.
બળજબરાઇ,-જબરી,-જોરી, *n.* જબરજસ્તી. Violence.
બળતણ, *n.* બાળવાનાં લાકડાં. Fire-wood.
બળતરા, *n.* દાઝવાથી થતી પીડા. Burning sensation.
બળતું, *n.* સળગતી વસ્તુ. Flame. *a.* સળગતું. Burning.
બળદ,-દિયો, *n.* બળદ. Bullock. Ox. ૨. મૂર્ખ. Fool.
બળવાખોર, *a.* બંડખોર. Rebel.
બળવું, *vt.* સળગવું. To burn. ૨. ઇર્ષા કરવી. To be jealous. ૩. ઝૂરવું. To pine.
બળવો, *n.* બંડ. Rebellion, A mutiny.
બળાપો, *n.* શોક; સંતાપ. Grief. Sorrow.
બળિયું,-ળુંકું, *a.* જોરાવર. Strong. Powerful.
બળિયેલ, *a.* અદેખું. Jealous. Envious Sullen.
બંગ, *n.* સીસાનો એક ક્ષાર-કલાઈ. Sugar of lead. ૨. રીત; તરેહ. Pattern. ૩. તર્ક. Whim
બંગડી, *n.* સ્ત્રીઓનું કાંડાનું ઘરેણું. Bangle.
બંગલો. *n.* એક જાતનું મકાન. Bungalow.
બંડ, *n.* હુલ્લડ. Rebellion. Revolt.
બંડી,-ડિયું, *n.* એક જાતનું પહેરણ. Underwear.
બંદગી, *n.* પ્રાર્થના. Prayer. Obeisance.
બંદર, *n.* દરિયાને કિનારે આવેલું વહાણોની આવજા થઇ શકે તેવું સ્થાન, Harbour. Port.
બંદી,-જન, *n.* કેદી. Captive. A prisoner.
બંદીખાનું, *n.* તુરંગ; કેદ. Prison A dungeon.
બંદૂક,-ધૂક, *n.* દારૂથી ગોળી મારવાનું એક શસ્ત્ર. Gun. A musket.
બંદોબસ્ત. *n.* વ્યવસ્થા; તજવીજ. Arrangement. [Management.
બંધ, *a.* વાસેલું. Shut. ૨. અટકેલું. Stopped
બંધકોશ,-ષ, *n.* કબજિયાત. Constipation.
બંધાણી, *n.* કરાર; પટો. Agreement. Bond.
બંધન, *n.* અટકાવ; પ્રતિબંધ. Restraint Binding.
બંધનકારક,-કારી, *a.* બંધનકર્તા, Binding.
બંદબેસતું, *a.* બંધબેસતું. યોગ્ય. Befitting. Fit. [Proper.
બંધાણ, *n.* ટેવ; વ્યસન. Habit.
બંધાણી, *a.* વ્યસની. Addicted to vice.
બંધારણ, *n.* ધારાધોરણ; રચના. Constitution.
બંધિયાર, *a.* હવા અજવાળા વગરનું. Confined; without air, ૨. સ્થિર. Stagnant,

બંધી, n. મના. Prohibition. ૨. પરેજી. Diet. ૩. કરાર. Stipulation. ૩, સંયમન. Abstinence.
બંધુતા,-ત્વ, n. ભાઈચારો. Brotherhood.
બંધુવર્ગ, n. સગાંવહાલાં. Kinsman.
બંબાખાનું, n. આગનો બંબો રાખવાનું સ્થળ. Fire-brigade station.
બંબો, n. પાણી કાઢવાનું યંત્ર. Pump. ૨. આગ ઓલવવા માટે પાણી ફેંકવાનું યંત્ર. Fire-engine.
બંસરી,-સી, n. વાંસળી. Flute.
બા, n. મા, Mother
બાઇ, n. A term of respect for females. 2. ચાકરડી. Maind-servant.
બાઇડી,-યડી, n. સ્ત્રી, Woman. ૨. પત્ની. Wife.
બાકી, a. ખૂટતું. Wanting. ૨. વધેલું. Remaining. n.સીલક.Cash on hand. ad.નહિ તો.Otherwise.
બાકું,-ખું,-કોરું, n, કાણું. Hole.
બાગ, n. બગીચો. Garden. An orchard.
બાગવાન, n. માળી, Gardner.
બાઘડો, n. બીહામણો માણસ. A frightful man.
બાઘું, a. મૂઢ. Senseless.
બાચકો, n. મુઠી કે ક્લ્લામાં આવે તેટલું. Handful.
બાજ, n. એક શિકારી પક્ષી. Hawk.
બાજઠ,-જોઠ, n. એક જાતનું ચારપાયાનું આસન, Seat.
બાજરી, n. એક અનાજ Millet.
બાજી, n. રમત; દાવ. Game. ૨. યુક્તિ Trick.
બાજીગર, n. મદારી. Juggler. A conjurer.
બાજુ,-જૂ, n. પક્ષ; Side. Party. ૨. છેડો. Limit.
બાજૂબંધ, n. હાથનું ઘરેણું. Ornament.
બાઝવું, vt. ટંટો કરવો. To clasp. To quarrel.
બાટલી, n. શીશી. Bottle.
બાડું, a. ત્રાંસા ડોળા કે નજરવાળું, Squint-eyed.
બાઢમ, ad. ભલે; ઠીક. Well. ૨. બંધ, Closed.
બાણ, n. તીર. Arrow. ૨.શીવલિંગ, Oblong stone worshipped as Shiva. ૨. હદીઓ. Boundary mark.
બાણાવળી, n. બાણ મારવામાં હોંશિયાર યોદ્ધો. Skillful archer.
બાતમી, n. સમાચાર. News. ૨.ખબર. Information.
બાતમીદાર, n. ખબર આપનાર. Informant.
બાતલ, n. નકામું. Useless.કાઢી મૂકેલું. Expelled.
બાથ, n. ટક્કર, Opposing.૨.પકડ. Grip.૩.આલિંગન. Embrace. [પછી. Afterwards.
બાદ, a; બાતલ; કમી. Deducted. *prep* & *conj*.
બાદબાકી, n. બાદકરવાની રીત. Subtraction.
બાદલું, a. તકલાદી. Not lasting. Counterfeit.
બાદશાહ, n. શહેનશાહ. Emperor. Sovereign.
બાદશાહી, a. બાદશાહનું. Imperial. Royal. n. સામ્રાજ્ય. Empire.
બાદી, n. અપચો. Indigestion, Dyspepsia.

બાધ. n. અડચણ,હરકત.Objection.૨.પીડા.Trouble.
બાધક,-કર્તા,-કારક,a.અડચણ કર્તા.Objectionable.
બાધા, n. માનતા; આખડી. Vow.
બાધું, a. બધું; આખું. Whole. Entire.
બાધેભારે, ad. Ambiguously.
બાનુ,-નું, n. સન્નારી. Lady. [ext.
બાનું, n. બહાનું. Earnest money. મિષ. A pret-
બાપ,-પા,-પો, n. પિતા. Father.
બાપડું, a. ગરીબ; રાંક. Poor. Gentle. Pitiable.
બાપદાદા, n. પૂર્વજો. Ancestors.Fore-fathers.
બાપીકું, a. વારસામાં મળેલું. Patrimonial.
બાપુ, n. વડીલ પ્રત્યે માનવાચક ઉદ્ગાર. A term of respect for a male.
બાફ, n. બફારો, Warmth. ૨. પરસેવો. Sweat.
બાફવું, vt. ઉકાળવું. To boil. ૨. ગોટાળો વાળવો. To confuse.
બાબ, n. પ્રકરણ. Chapter. ૨. વિષય. Subject.
બાબત, n. વિષય. Subject. ૨. વિગત. Detail.
બાબરાં,-રી, n. માથાના છૂટા વાળ. Loose hair.
બાબાગાડી, n. નાનાં છોકરાંની ગાડી. Baby-car.
બાબે, ad.બાબતમાં;વિષે. Regarding.Concerning.
બામલી, n. બગલમાં થતી ગાંઠ. A bubo in the arm pit.
બાયડ,a.બહિષ્કૃત. Excommunicated. Outcasted.
બાયલું, a. બીકણ; નામર્દ. Coward. Henpecked.
બાર, n. બારણું. Door. ૨. આંગણું. Court-yard. ૩. બંદૂકનો અવાજ. Shot. a. ૧૨. Twelve.
બારકસ, n. માલ લઈ જનાર વહાણ. Trading vessel.
બારખલી,-ળી, n. માફી જમિન. Rent-free land.
બારગીર, n. ઘોડેસ્વાર; સૈનિક. Mounted soldier.
બારણું,n.દ્વાર. Door. દરવાજો. Gate. [તોલ. Tare.
બારદાન, n. જેમાં માલ ભર્યો હોય તે ખાલી બાંધણું કે
બારમું, a. અગિયાર પછીનું, Twelfth.
બારવટિયો, n. વેરવટે નીકળેલો માણસ. An out-law.
બારવટું, n. વેરવટું. Outlawry.
બારશાખ, n. બારણાનું ચોકઠું. Door-frame.
બારી, n. નાનું બારણું. Window. ૨. છટકવાનું બારૂં. Escape.
બારીક, a. ઝીણું, Thin. ૨. કટોકટીનું. Critical.
બારૂં, a. બંદરમાં પેસવાનો માર્ગ. Entrance of a harbour. ૨. બારણું. Door.
બારોબાર, ad. પરબારૂં; લાગલુંજ. Directly.
બાલ, n. વાળ. Hair.
બાલ,-ળ, a, નાનું. Small. n. બાળક. Child.
બાલક,-ળક, n, નાનું છોકરૂં. Child.
બાલમ, n. આશક. Lover. ૨. પતિ. Husband.
બાલાર્ક, n. ઉગતો સૂર્ય. Rising sun.
બાલાશ,-શી, n. સંભાળ; બરદાસ્ત. Care.
બાલેંદુ, n. બીજનો ચંદ્રમા. Waxing moon,

બાલીશ, *a.* છોકરવાદ; નાદાન. Childish.
બાલ્ય,-લ્યાવસ્થા, *n.* બાળપણ. Childhood. Infancy.
બાવરું, *a.* બેબાકળું. Bewildered. Confounded.
બાવલું *n.* પૂતળું. Statue. A puppet. Idol.
બાવળ,-ળિયો, *n.* એક કાંટાવાળું વૃક્ષ. Babul tree.
બાવી,-વણ,*n.* સાધ્વી. Female mendicant. A nun.
બાવું, *n.* કરોળિયાનું જાળું. Cobweb.
બાવો, *n.* સાધુ. Mendicant. ૨. બાપ. Father.
બાષ્પ *n.* વરાળ. Vapour. ૨. ધુમ્મસ. Fog. ૩. આંસું. [Tear.
બાસ, *n.* વાસ. Smell. ૨. દુર્ગંધ. Stench,
બાસુદી,-સુંદી. *n.* ઉકાળીને કરાતી દૂધની એક વાની, Liquid sweetmeat made of milk.
બાહુ, *n.* હાથ. Arm. ૨. બાવડું. Upper arm.
બાહુક, *n.* વાંદરો. Ape, ૨. બિહામણો માણસ. Ugly person.
બાહેર,-હીર, *ad.* બહાર. Outside.
બાહોશ, *a.* ચાલાક; હોંશિયાર. Intelligent Clever.
બાહોશી, *n.* ચાલાકી; હોંશિયારી. Cleverness.
બાહ્ય, *a.* બહારનું. Outer.
બાળ,-લ, *a.* નાનું. Small, *n.* બાળક. Child.
બાળગોપાળ,-બચ્ચાં, *n.* છોકરાં છૈયાં, Young-ones.
બાળપોથી, *n.* બાળકને વાંચવા શીખવા માટેનું પ્રથમ પુસ્તક. Primer. [પણું. Child-widowhood.
બાળરંડાપો,-વૈધવ્ય, *n.* નાન પણમાં પ્રાપ્ત થયેલું વિધવા-
બાળલગ્ન, *n.* બાળપણમાં થતુ લગ્ન. Early-marriage.
બાળવર્ગ, *n.* બાળકોનો શિક્ષણ વર્ગ. Primary class.
બાળવું, *vt.* બળે એમ કરવું; સળગાવવું. To burn.
બાળહત્યા, *n.* બાળકની હત્યા. Infanticide.
બાંક,-ડો, *n.* બેસવાની પાટલી. Bench.
બાંકું, *a.* સુંદર. Handsome. ૨. સાહસિક. Daring ૩. નાજુક. Delicate. ૪. ફાંકડું. Foppish.
બાંગ, *n.* નમાજનો સમય સૂચવવા મુલ્લાંએ કરેલો પોકાર. Mohmeddan call to prayer.
બાંટ, *n.* સ્ત્રીઓને પહેરવાનું એક રેશમી વસ્ત્ર. Silken વસ્ત્ર. ૨. એક મીઠી વાની. A sweat dish. ૩. કાટલાંનો સટ. Series of weights.
બાંડિયું, *n.* બંડી. Underwear.
બાંડું, *a.* પૂછડી વગરનું. Tail-less. ૨. વરવું, Ugly. ૨. ખુલ્લું. Open.
બાંદી, *n.* ગુલામડી, Female slave.
બાંધ, *n.* પુસ્તો. Dam. ૨. પાળ. Embankment.
બાંધકામ, *n.* બાંધવા,-ચણવાનું કામ. Masonary work.
બાંધણી, *n.* બાંધવાની શૈલી. Style of construction. ૨, એક રંગીત વસ્ત્ર. Kind of spotted cloth.
બાંધવું, *vt.* બંધવડે જકડવું. To bind. ૨. ઘર વગેરે બનાવવું. To build.
બાંધો, *n.* શરીર. Body. ૨. બંધારણ, Constitution.
બાંય, *n.* હાથને ઢાંકતો કોટ પહેરણ વગેરેનો ભાગ. Sleeve.
બાંહધરી, *n.* જામીનગીરી. Surety. A guarantee.
બિચારું, *a.* રાંક; ગરીબ. Poor. Pitiable.
બિછાનું, *n.* પથારી. Bedding. A carpet.
બિછાવવું, *vt.* પાથરવું. To spread. To lay.
બિજોરું, *n.* એક ફળ. Fruit.
બિન, *n.* દીકરો. Son.
બિનઅનુભવી, *a.* અનુભવરહિત. Inexperienced.
બિનકાયદેસર, *a.* ગેરકાયદેસર. Illegal.
બિનજરૂરી, *a.* જરૂર વગરનું; નકામું. Unnecessary.
બિનવાકેફ, *a.* અણવાકેફ. Uninformed.
બિનશરતી, *a.* શરત વિનાનું. Unconditional.
બિનસલામત, *a.* સલામતી વગરનુ. Unsafe.
બિયાબારું, *n.* અણબનાવ. Discord.
બિયાબાં,-બાન, *n.* જંગલ; પ્રાણી વગરનો પ્રદેશ. Jungle.
બિયું, *n.* બી. Seed.
બિરદ,-રુદ, *n.* ટેક; પ્રતિજ્ઞા. Vow. ૨. યશ, Fame.
બિરંજ, *n.* કેસરી ભાત. Sweet rice.
બિરાજવું, *vt.* બેસવું. To sit. ૨. શોભવું. To shine.
બિરાજમાન, *a.* બેઠેલું. Seated. ૨. શોભિતું. Prominent.
બિરાદર, *n.* ભાઈ. Brother.
બિલકુલ, *ad.* સાવ; સંપૂર્ણતઃ. Wholly.
બિલાડી, *n.* બિલાડાની માદા. Cat. ૨. કૂવામાં પડેલું વાસણ કાઢવાનું આંકડાવાળું સાધન. Hook. ૩. વહાણનું લંગર. Anchor.
બિલોર, *n.* જાડો પાસાદાર કાચ. Crystal glass.
બિલ્લો, *n.* ચાંદ. Medal ૨. ઉપાધિ. Degree.
બિવડાવવું, *vt.* ડરાવવું. To frighten.
બિસમાર, *a.* વિસ્મૃત. Forgotten. Delapidated.
બિસ્તરો,-સ્ત્રો, *n.* બિછાનું. Bedding. A carpet.
બિસમિલ્લા, *an.* અલ્લાના નામથી. In the name of [God.
બિહામણું, *a.* ભયંકર. Dreadful. Terrible.
બિંદુ, *n.* ટપકું. Dot. ૨. ટીપું. Drop. ૩. મીંડું. Zero.
બિંબ, *n.* સૂર્ય-ચંદ્રનું મંડળ. Disc of the sun or moon. ૨. છાયા. Reflection.
બિંબાકાર, *a.* ગોળ. Round, [પણ. Even.
બી, *n.* બીજ; બિયું. Seed. ૨. મૂળ, Origin. *ad.* વળી;
બીક, *n.* ભય; ડર. Apprehension. Fear. Terror.
બીકણ, *a.* નામર્દ. Coward. Timid.
બીજ, *n.* બી. Seed. ૨. વીર્ય. Semen. ૩. ઓલાદ. Progeny. ૪. અક્ષર. Letter. ૫. સમીકરણનાં બીજ. Root.
બીજગણિત, *n.* અક્ષરગણિત. Algebra.
બીજવર, *n.* બીજીવાર પરણનાર વર. A person marrying second time.
બીજું, *a.* દ્વિતીય. Second. *ad.* વળી. Also.
બીડ, *n.* ચરો. Pasture-land. 2. કાચું ભરતર લોઢું. [Cast Iron.
બીડવું, *vt.* બંધ કરવું. To close.
બીડી, *n.* પાનબીડી. Roll of betel-leaf. ૨. તમાકુની બીડી. Cigarette.
બીડો, *n.* કાગળનું મોટું પરબીડિયું. A large packet.
બીન, *n.* એક વાદ્ય. Musical instrument,

બીના,બિના, *n.* બનાવ; હકીકત. Incident.
બીબું, *n.* છાપવાનો સીસાનો અક્ષર. Type. ૨. કોઈ
આકૃતિ છાપવાનું ચોકઠું. Mould. ૩. નમૂનો.Copy.
બીભત્સ, *a.* ભૂંડું; કુત્સિત. Obcene. Disgusting.
બીમાર, *a.* માંદુ. Sick. Unwell. Indisposed.
બીમારી, *n.* માંદગી. Sickness. Illness
બીવું, *vt.* ડરવું, To fear. To be afraid.
બુખાર, *n.* તાવ. Fever. [for the water pot.
બુઝારું, *n.* પાણીની માટલી પર ઢાંકવાનું ઢાંકણુ.Covering
બુઝવવું, *vt.* ઓલવવું. To extinguish.
બુઝાવું, *vt.* ઓલાવું. To be extinguished.
બુઝુર્ગ,-જરગ, *a.* વૃદ્ધ.Old.૨.અનુભવી.Experienced.
બુટ્ટાદાર, *a.* નકશા-ભાતવાળુ. Flowery.
બુટ્ટી, *n.* કાનની બુટ. Lower lobe of the ear. ૨,
અકસીર ઉપાય. Remedy.
બુટ્ટો, *n.* મનનો તરંગ. Fancy. Whim.
બુઠ્ઠું, *a.* લાગણી વગરનું. Blunt. ૨. ધાર વગરનું Dull-
બુડથલ, *a.* મૂર્ખ. Fool. [edged.
બુઢ્ઢું, *a.* વૃદ્ધ. Old. Aged.
બુડવું, *vt.* બુડી જવું, To sink. To be drowned.
બુડવવું, *vt.* ડુબાડવું. To sink. To drown.
બુતપરસ્તી *n,* મૂર્તિપૂજા. Idol-worship.
બુતાન, *n.* બટન; બોરિયું. Button.
બુદબુદ,-દ્બુદ્, *n.* પરપોટો. Bubble.
બુદ્ધ, *a.* જાગેલું. Awakened. ૨. સમજુ. Wise.
બુદ્ધિ, *n.* સમજ; જ્ઞાન. Intelligence. [lligible.
બુદ્ધિગમ્ય,-ગ્રાહ્ય, *a.* બુદ્ધિથી સમજી શકાયતેવું. Inte-
બુદ્ધિપુર:સર,-પૂર્વક, *ad.* જાણીનેજોઇને. Purposely.
બુદ્ધિબલ,-ળ, *n.* સમજશક્તિ, The power of
intelligence. [gent.
બુદ્ધિમાન,-શાળી,-સંપન્ન, *a.* અક્કલમંદ. Intelli-
બુદ્ધિહીન, *a.* મૂર્ખ. Foolish. Senseless.
બુધ, *a.* ડાહ્યુ. Wise. *n.* એ નામનો ગ્રહ. Mercury.
૨. એ નામનો વાર. Wednesday.
બુનિયાદ, *a.* ખાનદાન. Highborn. Genteel.
બુમરાણ, *n.* ધાંટાધાંટ, Uproar. Clamour.
બુમાટ,-ટો, *n.* અફવા. Rumour. ૨, પોકાર. Outcry.
બુરખો, *n.* ચહેરો ઢાંકવાનું કપડું. Veil.
બુરજ, *n.* કિલ્લાનો મિનારો. Tower.
બુલબુલ, *n.* એક પક્ષી. Nightangle.
બુલંદ, *a.* ભવ્ય; ઉત્કૃષ્ટ. Sublime. Exalted.
બુંદ, *n.* એક બી જેની, કાફી બને છે. Coffee-berry.
૨. ટીપું. Drop.
બુંબિયો, બૂંગિયો, *n.* મોટું ઢોલ. Big drum.
બૂક,-ડો. *n.* કોળિયો. Mouthful.
બૂકવું,*vt.*ફાકવું.To throw in mouth. ૨.ઝટઝટ ખાવું.
To eat swiftly. [કાન વગરનું. Earless.
બૂચિયું, *a.* બેઠેલા નાકનું. Having a flat-nose. ૨.
બૂજ, *n.* કદર કે સમજ. Appreciation.
બૂજવું, *vt.* કદર કરવી. To appreciate. ૨. સમજવું.
To understand. [the ear.
બૂટ, *n.* પગનો જોડો. Boot. ૨. કાનની બૂટ. Lobe of
બૂડકી, *n.* ડૂબકી. Dive.
બૂધુ,-હલું, *n.* જાડો ડંગોરો. Club.
બૂમ, *n.* ધાંટો; પોકાર. Cry. ૨. અફવા. Rumour.
બૂમાબૂમ, *n.* બૂમરાણ. Clamour. Uproar. [sugar.
બૂરું, *a.* ખરાબ. Bad. *n,*ધોયેલી ઝીણી ખાંડ. Kind of
બૃહસ્પતિ, *n.* એક ગ્રહ. Jupiter. દેવનો ગુરુ. Prece-
ptor of the gods.
બૃહસ્પતિવાર,-તવાર, *n.* ગુરુવાર. Thursday.
બે, *n.* ૨. Two.
બેઅક્કલ, *a.* અક્કલ વગરનું. Senseless.
બેઅદબ, *a.* અવિવેકી; અસભ્ય. Impolite. Rude.
બેઆબરૂ,-ઈજ્જત, *a,* આબરૂ વગરનું Disgraced.
n. અપકીર્ત્તિ. Disgrace. Disrespect.
બેઈન્સાફ, *a.* અન્યાયી. Unjust.
બેઇન્સાફી, *n.*અન્યાય.Injustice.Unfairness.
બેઈલાજ, *a.* લાચાર. Helpless.
બેઇમાન, *a.* વિશ્વાસઘાતી. Faithless; Perfidious.
બેઉ, *a.* બન્ને. Both.
બેકદર, *n.* કદર વગરનું. Unappreciative.
બેકરાર,-ચેન, *a.* અસ્વસ્થ. Restless. Ill.
બેકાર, *a.* કામધંધા વગરનું. Unemployed.
બેકારી,*n.* કામધંધા વિનાનીસ્થિતિ. Unemployment.
બેખબર, *a.* અજાણ્યું, Ignorant. Unacquainted.
બેકી,*n.*બેથી ભાગી શકાય તેવી સંખ્યા.Even number.
૨. બેની જોડી. Pair. [dan lady.
બેગમ, *n.* મોટા દરજ્જાની મુસલમાન સ્ત્રી.A Mohmed-
બેગરજ,-જુ,-જાઉ, *a.* ગરજ વિનાનું.Indifferent.
બેગાર, *n.* વેઠ. Forced labour.
બેગારી, *n.* વેઠિયો; મજૂર. Labourer.A porter.
બેગુના,-હ, *a.* નિર્દોષ. Innocent. Inoffensive.
બેજાર, *a.* અકળાયેલું, Fatigued. Tired,
બેજીવવાળી,-સોતી, *a.* સગર્ભા. Pregnant.
બેટ, *n.* ટાપુ; દ્વિપ. Island.
બેટી, *n.* દીકરી. Daughter.
બેટો, *n.* પુત્ર. Son.
બેઠક, *n.* બેસવાની જગા-આસન. Seat. ૨. બેસવું તે.
Sitting. ૩. સભા. Meeting. ૪. બેસવા ઉઠવાનો
ઓરડો. Sitting-room. ૫. અધિવેશન. Session.
બેડી, *n.* જંજીર. Fetters. ૨. બંધન. Tie.
બેડોળ, *a.* કદરૂપુ. Ugly. Shapeless.
બેઢંગ,-ગુ, *a.* કઢંગુ; ઢંગ વગરનું.Disorderly;Loose.
બેત, *n.* મનસૂબો. Intention. ૨. યુક્તિ. Scheme. ૩.
નેતર. Cane.૪. બે ટૂંકની ફારસી કવિતા. Couplet.
બેદરકાર,-તમા, *a.* દરકાર વગરનું. Careless. Indiffe-
બેદરકારી, *n.* દરકાર ન હોવી તે. Carlessness. [rent.
બેદિલ, *a.* મન ઉઠી ગયું હોય એવું.Dissatisfied. Sad.

બેદિલી, *n.* નાખુશી. Discord. Disagreement.
બેદું, *n.* ઇંડું. Egg.
બેધડક, *ad.* ડર વગર; હિંમતભેર. Unhesitatingly.
બેન, *n.* બ્હેન. A sister.
બેનપણી, *n.* સખી. A female friend.
બેનમુન, *a.* અજોડ; સર્વોત્તમ. Unprecedented. Unparalleled. [xed.
બેધ્યાન, *a.* ધ્યાન વગરનું. Heedless. ૨. વ્યગ્ર. Perple-
બેનસીબ, *a.* કમનસીબ. Unlucky. Unfortunate.
બેપરવા,-ફિકર,-રૂં, *a*, બેતમા; સ્વતંત્ર. Careless.
બેફામ, *a.* ગાફેલ, Unconcious. Inwary.
બેબાકળું, *a.* બાવરૂં; ગાભરૂં. Perplexed.
બેભાન,-શુદ્ધ,-હોશ, *a.* ભાન વગરનું; મૂર્છિત. Uncon-
બેમુનાસબ,-સીબ, *a.* અયોગ્ય. Improper. [scious.
બેરખો, *n.* રૂદ્રાક્ષના મોટા મણકાની માળા. Rosary.
બેરોજગાર, *a.* રોજગાર વગરનું, Unemployed.
બેલ, *n.* બળદ. Ox. Bullock.
બેલગાડી, *n.* બળદગાડી, Bullock-cart.
બેલગામ, *a.* નિરંકુશ. Rash. Impudent.
બેલતેલ, *n.* લાકડાંપરલગાવનાનું તેલ. Oil of turpentine.
બેલાશક, *ad.* જરૂર; સંકોચ રાખ્યા વિના. Certainly.
બેલી, *n.* સહાય. Helper. ૨. મુરબ્બી. Patron.
બેવકુફ, *a.* મૂર્ખ. Foolish. Stupid; Senseless.
બેવકૂફી, *n.* મૂર્ખતા. Stupidity. Folly.
બેવચની, *a.* બોલીને ફરીજનાર, Faithless. Dishonest.
બેવડ, *a.&n.* બેવડેલું હોય એવું. Folded double.
બેવડવું, *vt.* બેવડું કરવું. To double.
બેવડું, *a.* બમણું. Double. Twofold.
બેવફા, *a.* બેઈમાન. Ungrateful. Faithless.
બેવફાઈ, *n.* બેઈમાની. Ungratefulness.
બેશ, *a.* સારૂં; ખાસું. Good. Proper. Suitable.
બેશક, *a.* શક વગર. Doubtless.
બેશરમ,-હયા, *a.* નિર્લજ. Shameless. Immodest.
બેશુદ્ધિ, *n.* મૂર્છા. Unconsciousness.
બેશુમાર,-સુમાર,-સતમ, *a.* સુમાર વગરનું; બેહદ, Excessive. Numerous.
બેસતી, *n* ગાઢ મૈત્રી. Close friendship.
બેસતું, *a.* યોગ્ય. Fitting. ૨. માફકસરનું. Suitable.
બેસમજ, *a.* સમજ વગરનું. Senseless. Injudicious.
બેસવું. *vt.* જમીન પર આસન માંડવું. To sit. ૨. નીચે આવવું. To go down. ૩. બેસતું આવવું. To fit. ૪. શરૂ થવું. To begin.
બેસાડવું, *vt.* બેસે એમ કરવું. To seat. ૨. માફક આવે એમ કરવું. To fit. ૩. જડવું. To set. [Discordent.
બેસૂરૂં, *a.* ખોટા કે ખરાબ સૂરનું. Unmusical.
બેસ્વાદ, *a.* સ્વાદ વગરનું. Tastless.
બેહદ, *a.* હદ વગરનું. Limitless. Endless.
બેહાલ, *a.* ભૂંડી હાલતમાં આવી પડેલું. Ruined.
બેહૂદું, *a.* અઘટિત; બાવકૂફી ભરેલું. Improper. Silly.
બેહેસ્ત, *n.* સ્વર્ગ. Heaven. Paradise.
બેહેસ્તનશીન, *a.* સ્વર્ગવાસી. Deceased.
બેહોશ, *a.* મૂર્છિત. Insensible; In swoon.
બૈરી,-રૂં,-ચર, *n.* પત્ની. Wife. સ્ત્રી. Woman.
બો, *n.* ગંધ; વાસ. Smell. Scent. ૨. અભિમાન. Pride.
બોકડો, *n.* બકરો, He-goat.
બોકી, *n.* બચ્ચી. Kiss. A buss. A smack.
બોખ, *n.* મોટો ખાડો. Deep pit. Pond.
બોખલું, *a.* બોખું. Toothless.
બોઘરણું, *n.* પહોળા મોંની વટલોઈ. Metallic pot.
બોઘલું,-ઘું, *d.* ભોળું, Guileless.
બોચી, *n.* ગરદન. Neck. [Status.
બોજ, *n.* ભાર, Load ૨. પોત. Texture ૩. મોભો.
બોજો, *n.* જોખમદારી. Responsibilty.
બોટવું, *vt.* અભડાવવું. To pollute.
બોડ, *n.* ગુફા; બખોલ. Den.
બોડકું,-ડું-ડિયું, *a.* ઉઘાડું; વાળ વગરનું. Bear-headed.
બોડવુ, *vt.* મુડવું. To shave. [બક્ષિસ. Present.
બોણી, *n.* પહેલો વકરો. First sale. ૨. બેસતા વર્ષની
બોતાન,-નું, *n.* ગાળ. Allegation. Accusation.
બોથડ, *a.* જડ; સુસ્ત. Dull. Doltish.
બોદું,-દલું, *a.* ખોખરૂં. Hoarse. ૨. સડી ગયેલું. Rotten.
બોધ, *n.* જ્ઞાન; સમજ. Perception.
બોધક,-દાયક,-દાયી, *a.* બોધ આપતું-આપનારૂં. Giving
બોબડું, *a.* તોતડું. Stammering. Lisping. [advice.
બોયું, *n.* ખરાબાની ચેતવણી આપવા દરિયામાં તરતા
બોર, *n.* એક ફળ, fruit. [રાખેલો લોઢાનો ગોળો. Buoy.
બોરિયું, *n.* બુતાન. Button.
બોરી, *n.* થેલો, Bag.
બોલ, *n.* શબ્દ; વચન. Word. ૨. મહેણું. Taunt.
બોલકણું, વાચાળ, *a.* Loquacious. Fluent.
બોલપટ, *n.* બોલતું ચિત્ર. Talking picture.
બોલબાલા, *n.* ચડતી; ફતેહ. Prosperity. Affluence.
બોલવું, *vt.* ઉચ્ચારવું. To speak. ૨. વાચા કાઢવી. To utter.
બોલંબોલા,-લાબોલ,-ચાલી, *n.* તકરાર, Quarreling.
બોલી, *n.* ભાષા. Tongue. ૨. બોલવાની રીત. Speech.
બોસો, *n.* ચુંબન. Kiss. [૩. કબુલાત. Agreement.
બોળવું, *vt.* પ્રવાહીમાં ડૂબાવવું. To dip. To destroy.
બ્યાન, *n.* વર્ણન. Narration. Description.
બ્રહ્મ, *n.* સચ્ચિદાનંદ-સ્વરૂપ; જગતનું મૂળતત્વ. Supreme. Beeing. ૨, પરમાત્મા. God.
બ્રહ્મચર્ય, *n.* ઇંદ્રિયનો નિગ્રહ. Celibacy. [Student.
બ્રહ્મચારી, *n.* બ્રહ્મચર્યને પાળનાર પુરુષ. Celibate. વિદ્યાર્થી
બ્રહ્મરાક્ષસ, *n.* ભૂત થયેલો બ્રાહ્મણ. Ghost of a learned Brahaman. [created the world.
બ્રહ્મા, *n.* સૃષ્ટિની ઉત્પતિ કરનાર દેવ. The diety who
બ્રહ્માંડ, *n.* વિશ્વ. Universe, The world.
બ્રાહ્મણ, *n.* ભૂદેવ. Brahaman.

'भ'

ભ, ૨૪. મો વ્યંજન. The 24th consonant of the Alphabet.
ભક્ત, a.જુદું પાડેલું.Separated.૨.આસક્ત.Devout. n. ભક્તિ કરનાર. Devotee. [to devotees.
ભક્તવત્સલ, a. ભક્ત પર પ્રેમ રાખનારૂં. Gracious
ભક્તિ,-ગતાઈ, n. ઇશ્વર સેવા. Devotion. Worship.
ભક્તિકાવ્ય, n. ભક્તિરસનું કાવ્ય. Psalm.
ભક્તિપૂર્વક, ad ભક્તિથી. Devoutly.
ભક્તિભાવ, n. ભક્તિનો ભાવ; આદર; પ્રેમ. Devout feeling. Devoutness.
ભક્ષ, a. ખોરાક, Food. Prey.
ભક્ષક,-ક્ષી, n. ખાનાર. Eater, Devourer.
ભક્ષણ, n. ખાવું તે. Eating.
ભક્ષણીય,-ક્ષ્ય, a. ખાવાને યોગ્ય. Eatable.
ભગ, n. નસીબ. Luck. ૨. ઐશ્વર્ય. Grandeur.
ભગત, n. ભજન કરનાર. Devotee. A votary.
ભગદળ,-દાણું, n. મોટું બાકોરૂં. Big hole.
ભગરૂં,a.બરડ.Brittle.૨.ચિકાશ વગરનું.Not sticky.
ભગવતી, n, દેવી. Goddess. [to gods' worship.
ભગવત્પરાયણ, n. ઈશ્વરભક્તિમાં પરોવાયેલું. Devoted
ભગવાન, n. પરમેશ્વર. God. The supreme being.
ભગવું, a. ગેરૂવા રંગનું. Of a red-ochre colour.
ભગંદર, n. બાકું. Fistula. Hole.
ભગાડવું,-વવું,-ગવવું, vt. નસાડવું, To cause to run away.
ભગિની, n. બહેન. Sister.
ભગિરથ, a. મહામુશ્કેલ. Very difficult.
ભગ્ન,a.નાશ પામેલું.Ruined.હારેલું;હતાશ.Defeated.
ભચકાવું, vt, પછાડવું. To dash.
ભચડવું,-રડવું, vt. દાબવું. To crush. ૨. ભરડવું. To grind.
ભચડભચડા,-ડાભચડી,n. સખત ભીડ.Crowd.
ભચોભચ, ad. ઉપરાઉપરી. Successively. ભચભચ. Piercingly.
ભજન, n.ભક્તિ;ભક્તિનું કાવ્ય. Worship. A hymn.
ભજવવું, vt. વેશ કાઢી બતાવવો. To act.
ભજવું, vt. ભક્તિ કરવી. To worship. To adore.
ભજિયું, n. તળીને કરેલી એક ચણાના લોટની વાની. A kind of preparation of gram-flour fried in oil.
ભટ, n. યોદ્ધા. Warrior. Scholar,
ભટકણ,-ણું, a. રખડતું. Roaming.
ભટકવું, vt. રખડવું.To roam. To wander.
ભટકાવું,vt.અથડાવું, To collide.૨.લડવું. To quarrel.
ભટ્ટ, n. વિદ્વાન બ્રાહ્મણ;પંડિત.Learned Brahaman.
ભડવું,vt.ધમકાવવું.To scold. ૨.ચિડાવું.To be angry.
ભઠિયારો, n. રસોઇયો. Cook.
ભઠ્ઠી, n.નિભાડો.Kiln. ૨.એક જાતનો ચુલો. Furnace.
ભડ, a. બહાદુર.Brave.n. યોદ્ધો.Warrior.a.શ્રીમંત. Rich.
ભડક, n. બીક; ચમક. Apprehension.
ભડકણ,-ણું, a. બીકણ. Shy.
ભડકવું, vt. ચમકવું. To startle. ૨. ડરવું. To fear.
ભડકો, n. અગ્નિનો ભભૂકો. ઝાળ. A blaze.
ભડભડવું, vt. સળગવું. To blaze.૨.વગર વિચાર્યું બોલવું. To talk thoughtlessly.
ભડભડિયું, a. ભોળું. મનમાં હોય તેજ બોલનાર. Outspoken. Frank.
ભડભાદર, a, મોટું; ભર્યુંભાદર્યું. Influential.
ભડવીર, n. બહાદુર યોદ્ધો. Brave warrior.
ભડવો, n. પોતાની સ્ત્રીના વ્યભિચારપર જીવનાર. Pimp. A pander.
ભડાકો, n. ધડાકો. Crash. ૨. ગપગોળો.Gossip.
ભટાભૂટ, ad. વેરણછેરણ, Being scattered about. n. ધાંધલ. Uproar.
ભડું, n. પાતળી દીવાલ. Thin wall.
ભણકાર,-રો, n, કશાના અવાજની આશંકા. Impression of a humming sound.
ભણતર, n. જ્ઞાન; શિક્ષણ. Knowledge.
ભણવું,vt.શિખવું.To learn. ૨. અભ્યાસ કરવો. To study.
ભણી, ad. તરફ. Towards.
ભતુ,-થ્થું, n. ખાસ કામ માટે અપાતું મહેનતાણું.Allowance.
ભત્રીજો, n. ભાઈનો કે પતિપત્નીના ભાઈના દીકરો. Nephew.
ભત્રીજી, n. ભાઈ કે પત્નીના ભાઇનો દીકરી. Niece.
ભદ્ર, a. કલ્યાણકારી.Auspicious.Happy. n. કલ્યાણ. Welfare.
ભપકો,-ભકો, n. દેખાવ; શણગાર. Show.
ભભક, n. તેજ; ચળકાટ. Lustre. Elegance.
ભભકવું,-ભભૂકવું, vt.તેજ મારવું.To glow. ૨.ગુસ્સે થવું. To be angry.
ભભકાદાર,-પકાદાર,-કાબંધ, a. ભભકાવાળું. Pompous.
ભભરાવવું, vt. ભૂકો છૂટો છૂટો નાંખવો. To strew.
ભભૂકો, n. ભડકો. A puff of flame.
ભભૂત,-તી, n. ભસ્મ. Ashes.
ભમર, n. ભૃકુટિ; ભવું. Eye-brow. ૨. વમળ. Eddy.
ભમરડો, n. એક રમકડું. Top. [૩. ભમરો.Wash.
ભમરી, n. કરડે એવી એક માખી. Bee ૨. ધૂમરી.Whirlpool. ૩. ચકરી. Swoon.
ભમરો, n. ભ્રમર. Wasp. ૨. વમળ. Eddy. ૩. વાળનું કુંડાળું. Curling hairs.
ભમવું, vt. રખડવું.To wander. ૨. તમ્મર આવવાં. To feel giddy.
ભય, n. બીક. Dread. Fear.
ભયભીત, a. ડરેલું. Afraid,
ભયંકર,-ચાનક,-ચાવહ, a. બીક ઉપજાવે એવું.Terrible.
ભરખવું, vt. ખાવું. To eat. To devous.

ભરડવું, *vt.* અનાજને જાડું જાડું દળવું. To grind coarsely. ૨. ગમે તેમ બોલવું. To speak without consideration.
ભરણપોષણ, *n.* ગુજરાન. Maintenance. Nourishment. [ling. ૩. સંગ્રહ. Collection.
ભરણું, *n.* ભરેલું નાણું. Payment. ૨. ભરવું તે. Fil-
ભરત. *n.* માપ. Measurement. ૨. ગૂંથણકામ. Embroidery. ૩. બીબામાં રસ રેડી ઘાટ બનાવવો તે.
ભરતકામ,*n.*ભરત ભરવું તે. Embroidery. [Casting.
ભરતખંડ,-ભૂમિ, *n.* હિંદુસ્થાન. India.
ભરતાર,-થાર, *n.* પતિ. Husband.
ભરતિયું,*n.* માલની કિંમતની વિગતવાર યાદી. Invoice.
ભરતી, *n.* જુવાળ. Tide. ૨. વધારો, ઉમેરો. Increase.
ભરપટ, *ad.* જોઇએ તેટલું; ખૂબ. Sufficiently.
ભરપાઈ, *n.* સંપૂર્ણ પતાવટ. Receipt in full.
ભરપૂર,*a.*પુષ્કળ. Abundant, *ad.*પૂરેપૂરી રીતે. Fully.
ભરભાંખળું,-ભળભાંખળું, *n.* મસળકું. Dawn. Early morning.
ભરમાવું, *vt.* છેતરાવું; વહેમાવું. To be misled.
ભરવવું, *vt.* લટકાવવું. To hang. ૨. જોડવું. To join.
ભરવાડ,*n.* ઢોર રાખી ગુજરાન ચલાવનારી જાતનો માણસ. Shepherd.
ભરવું, *vt.* ખાલી હોય તેમાં મૂકવું. To fill up ૨. સંઘરવું. To collect. ૩. ભરતકામ કરવું. To embroider. ૪. માપવું. To measure.
ભરાવ,-વો, *n.* જથો; જમાવ. A crowd.
ભરોંસા,-રેંસા,-રૂંસા, *n.* વિશ્વાસ; ખાતરી. Trust. Confidence.
ભરોસાદાર,-પાત્ર, *a.* વિશ્વાસપાત્ર; Trustworthy.
ભર્તા, *n.* સ્વામી; પોષણ કરનાર. Master.
ભર્યુંભાદર્યું, *a.* આબાદ; સમૃદ્ધ. Prosperous.
ભલતું,-ળતું, *a.* ગમે તેવું. Of any kind or sort. ૨. અપ્રસ્તુત. Impertiment.
ભલભલું, *a.* મોટું. Great. ૨. ઘણું. Several.
ભલમનસાઈ,-પણું,-લાઈ, *n.* સુજનતા, Goodness; Courtesy.
ભલામણ,-ણી, *n.* સિફારસ. Recommendation.
ભલામણપત્ર, *a.* ભલામણનો પત્ર. Letter of recommendation. [ચાળુ. Kind.
ભલું, *a.* સારૂં. Good. ૨. પ્રમાણિક. Honest. ૩. મા-
ભલે, *int.* ઠીક; સારૂ. અસ્તુ. Well.
ભવ, *n.* સંસાર. World. ૨. જન્મ. Birth.
ભવન, *n* રહેઠાણ. Residence. ૨. અસ્તિત્વ. Existance. [Ocean of worldly life.
ભવસાગર,-સિંધુ,-વાબ્ધિ,-વાર્ણવ, *n.* સંસારરૂપી સમુદ્ર.
ભવાઈ, *n.* ફજેતી. Disgrace. ૨. હલકા પ્રકારનું નાટક. Low type of drama.
ભવાડો, *n.* ફજેતો. Disgrace; Calumny.
ભવાયો, -વૈયો, *n.* ભવાઇનો નટ. Actor.

ભવિષ્ય, *n.* નસીબ; આવતો કાળ. Future ૨. દોલત; વારસો. Fortune. [tense.
ભવિષ્યકાળ,-લ, *n.* ક્રિયાપદનો એક કાળ. Future
ભવિષ્યવાણી, *n.* ભવિષ્ય ભાખતી વાણી. Prophesy.
ભવિષ્યવેત્તા,*n.*ભવિષ્ય જાણનાર; જ્યોતિષી. Astrologer.
ભવું, *n.* ભ્રમર. Eye-brow.
ભવોભવ, *ad.* સદાકાળ; દરેક જન્મમાં. For ever.
ભવ્ય,*a.*પ્રૌઢ; ગૌરવશાળી. Grand.*n.*ભવિષ્ય. Future.
ભવ્યતા, *n.* પ્રૌઢતા; ગૌરવ. Grandeur. Sublimity.
ભસવું, *vt.* કૂતરાનું બોલવું. To bark.
ભસ્મ, *n.* રાખોડી. Ashes.
ભસ્મીભૂત, *a.* ભસ્મ થયેલું. Reduced to ashes.
ભળવું, *vt.* ભેગું મળી જવું. To mix. [care of.
ભળામણ,-ણી; *n.* સોંપણી. Consigning to the
ભળાવવું, *vt.* સોંપવું. To entrust to the care of. ૨. ભલામણ કરવી. To introduce.
ભંગ,-ગાણ, *n.* ભાંગી પડવું તે. Break. ૨. નાશ. Ruin. ૩. વિઘ્ન. Interruption.
ભંગડો,-ગિયો,*n.* શેરી સાફ કરનારો અત્યંજ. Sweeper.
ભંગાર, *n.* ભાંગેલાં વાસણ. Broken vessels.
ભંગુર, *a.* નાશવંત. Mortal. Frail. Fragile.
ભંજન, *n.* નાશ; Breaking. Destroying.
ભંડાર, *n.* ધનધાન્ય ભરી રાખવાની જગા. Store. ૨. ખજાનો. Treasure ૩. દુકાન. Shop.
ભંડારિયું, *n.* નાનું કબાટ અથવા ગોખલો. Recess.
ભંડારી, *n.* ખજાનચી. Treasurer. ૨. કોઠારી. Store-keeper.
ભંડારો, *n.* તમામ માણસોને અપાતું જમણ. General dinner.
ભંડોળ,*n.*એકત્ર કરેલી મૂડી. Capital. Stock;Fund.
ભંભેરવું, *vt.* ઉશ્કેરવું. To instigate. To mislead.
ભંભેરણી, *n.* ખોટી ઉશ્કેરણી. Instigation.
ભાઈ, *n.* માજણ્યો; સહોદર. Brother.
ભાઈચારો,-બંધી, *n.* દોસ્તી. Friendship.
ભાઇબંધ, *n.* મિત્ર. Friend. A companion.
ભાખરી, *n.* જાડી કઠણ રોટલી.. Thick hard cake.
ભાખવું, *vt.* ભવિષ્ય ભાખવું. To foretell. ૨. બોલવું. To speak,
ભાગ,-લો, *n.* અંશ; હિસ્સો. Part. ૨. ટુકડો. Piece.
ભાગબટાઈ, *n.* મહેસૂલ તરીકે ખેતીની ઉપજનો ભાગ આપવો તે. Payment in kind.
ભાગવું,*vt.* તૂટવું. To break. ૨. દેવાળું કાઢવું. To be insolvent. ૩. ભાગ કરવા. To divide.
ભાગાકાર *n.* ભાગવું કે તેથી આવતી રકમ. Division.
ભાગિયો, -ગીદાર, *n.* હિસ્સેદાર. Partner.
ભાગીદારી, *n.* ભાગીદારપણું. Partnership.
ભાગીરથી, *n.* ગંગા નદી. Ganges.
ભાગોળ. *n.* ગામનું પાદર. Precincts of a village.
ભાગ્ય, *n.* નસીબ. Luck. Destiny; Lot.

ભાગ્યવંત,-વાન,-શાળી, *a.* નસીબદાર. Lucky. Fortunate.
ભાગ્યહીન, *a.* કમનસીબ. Unlucky. Unfortunate.
ભાગ્યે, *ad.* ક્વચિત. Rarely.
ભાજક, *n.* ભાગનાર સંખ્યા. Divisor.
ભાજી, *n.* શાક લાયક કુમળા છોડ. Greens.
ભાજ્ય. *a.* ભાગી શકાય તેવું. Divisible. *n.* ભાગવાની રકમ. Dividend. [strel.
ભાટ, *n.* રાજાઓના ગુણગાન ગાનારો, Bard. A minભાઠું, *n.* ચાંદુ. Ulcer. ૨. નદી કાંઠાની રેતાળ જમીન. sand-bank. [Grain-parcher.
ભાડભૂંજો, *n.* ભઠ્ઠીથી ધાણીચણા શેકવાનો ધંધો કરનારો.
ભાડવાત,-ડૂત, *n.* ભાડે રહેનાર. Tenant; Hirer.
ભાડું, *n.* કોઈપણ વસ્તુને વાપર્યા બદલ આપવાનું નાણું. Rent. Hire; Fare. [કરતું. Mercenary.
ભાડૂતી, *a.* ભાડે રાખેલું. Hired. ૨. પૈસા ખાતર કામ
ભાણિયો,-ણેજ,-ણો. *n.* બહેનનો દીકરો. Sister's son.
ભાણું, *n.* પીરસેલી થાળી. Meal.
ભાત, *n.* રાંધેલા ચોખા. Cooked rice. ૨. ડાંગર. Paddy. ૩. જાત. Sort. ૪. રીત; પ્રકાર. Method.
ભાતું,-થું, *n.* મુસાફરીમાં સાથે લીધેલું ખાવાનું. Provision for journey.
ભાથી, *n.* યોદ્ધો. Warrior. A veteran.
ભાથો,-થું, *n.* બાણ રાખવાની કોથળી. Quiver.
ભાન, *n.* શુદ્ધિ; હોશ. Consciousness. ૨. સ્મરણ. Recollection. ૩. અક્કલ. Intellect.
ભાનુ,-ણુ, *n.* સૂર્ય. Sun.
ભાભી, *n.* ભાઇની વહુ. Brother's wife.
ભાભો, *n.* કણબી, Cultivator. ૨. ગડેરો. Rustic.
ભામટો, *n.* રખડેલ, Tramp. A sly thief.
ભામા,-મિની, *n.* જુવાન રૂપાળી સ્ત્રી. Young beautiful woman.
ભાયડો, *n.* પુરુષ, Male. ૨. પતિ. Husband.
ભાયાત, *n.* પિત્રાઈ. Kinsman. A cadet.
ભાર, *n.* વજન, Weight. ૨. જવાબદારી, Responsibility. ૩. વિસ્તાર. Expanse. ૪. વજન; વટ.
ભારખાનું, *n.* માલગાડી. Goods-train. [Influence.
ભારટિયું.-રોટિયું. ટિયો, *n.* મોભ. પાટડો. Beam.
ભારત,-વર્ષ, *n.* હિંદુસ્થાન. India.
ભારતી. *n.* વાણી. Speech. ૨. સરસ્વતી. Learning. ૩. હિંદુસ્થાન, India. [Importance; Dignity.
ભારબોજ, *n.* વજન. Weight.૨. મહત્વ.પ્રતિષ્ઠા;પ્રભાવ.
ભારી,-રે, *a.* વજનદાર. Heavy. મુશ્કેલ. Difficult. કિંમતી. Costly. *ad.* ખૂબ. Much.
ભારેખમ, *a.* મોભાદાર.Influential. Grave; Sedate.
ભારેવાઇ, *a.* સગર્ભા. Pregnant.
ભારો, *n.* ઘાસનો ભારો. Bundle of grass.
ભાર્યા-રજા, *n.* પત્ની. Wife.
ભાલ, *n.* કપાળ. Forehead. ૨. પાટડો. Beam ૩. કાઠિયાવાડને લગતો એક પ્રદેશ. Name of a country.
ભાલું,-લો, *n.* એક હથિયાર. Spear. A lance.
ભાલોડું, *n.* તીર કે તેનું પાનું. Arrow.
ભાવ, *n.* કિંમત; દર. Rate. ૨. અસ્તિત્વ. Condition of being. ૩. પ્રકૃતિ; સ્વભાવ. One's nature. ૪. ઇરાદો. Intention. ૫. ચેષ્ટા. Gesture. ૬. હેત. Love. ૭. અર્થ; હેતુ. Meaning.
ભાવતું, *a.* યોગ્ય. Suitable. Agreeable
ભાવગીત, *n.* ભાવ વ્યક્ત કરતું ગીત. Lyric.
ભાવવાચક, *a.* ભાવ બતાવનારૂં. Abstract.
ભાવના, *n.* કલ્પના. ધારણા. Conception. ૨. આસ્થા. Trust. ૩. લાગણી. Feeling. ૪. ચિંતન. Meditating.
ભાવનાપ્રધાન. *a.* લાગણી ભરેલું. Sensitive.
ભાવનાવાદી, *n.* ભાવનાને મહત્વ આપનાર. Idealist.
ભાવવું, *vt.* ગમતું; પસંદ પડવું. To like. To suit; To please.
ભાવાર્થ *n.* મતલબ; તાત્પર્ય. Purport. Meaning.
ભાવિ,-વી. *n.* ભવિષ્ય. Future.
ભાષણ, *n.* વ્યાખ્યાન. Speech. A lecture.
ભાષા, *n.* બોલી. Speech. ૨. વાણી. Language.
ભાષાશાસ્ત્ર, *n.* ભાષાનું શાસ્ત્ર. Philology.
ભાષાંતર, *n.* અનુવાદ. Translation.
ભાષ્ય, *n.* વિસ્તૃત. વિવરણ. Commentary.
ભાસ, *n.* આભાસ; ખ્યાલ. Impression; likeness.
ભાસવું, *vt.* લાગવું. To seem. ૨. દેખાવું.To appear.
ભાળ; *n.* પત્તો; ખબર. Trace. ૨. સંભાળ. Care.
ભાળવવું, *vt.* સિફારસ કરવી; સોંપવું. To recommend.
ભાળવું. *vt.* જોવું. To see. ૨.અવલોકવું. To observe.
ભાંગતોડ,-ફોડ, *n.* ભાંગવું ને તોડવું તે. Breaking.
ભાંગવું, *vt.* તોડવું,કકડા કરવા. To break; To divide.
ભાંજગડ,-ઘડ, *n.* તકરાર; પંચાત. Quarrel. Debate.
ભાંજણી. *n.* વહેંચણી. Dividing. Division.
ભાંડ, *n.* મશ્કરો. Joker. *a.* બીભત્સ. Obscene.
ભાંડવું, *vt.* ગાળ દેવી. To abuse. ૨.બદબોઈ કરવી. To
ભાંડુ *n.* ભાઇ કે બહેન. Brother or sister. [slander.
ભિક્ષા, *n.* ભીખ Alms.
ભિક્ષાવૃત્તિ, *n.* ભિક્ષાથી ચલાવેલું ગુજરાન. Living by
ભિક્ષુક,-ખારી, *n.* માંગણ. સાધુ. Beggar. [begging.
ભિજાવવું, *vt.* પલાળવું. To wet.
ભિડાવું, *vt.* ભિડમાં આવવું; દબાવું. To be pressed.
ભિન્ન, *a.* જુદું; ફેરવાળું. Different. Separate.
ભિલ્લું, *n.* રમતનો સાથી. Pal. A play-mate.
ભિષક,-ગ,-જ, *n.* વૈદ્ય, Physicion. A Doctor.
ભિસ્તી, *n.* પખાલી. Waterc-arrier.
ભિંગડું, ભીંગડું, *n.* છાલ કે ચામડીનું કઠણ છોડું. Hard and dead skin.
ભીખ, *n.* ભીખ માગવી તે. Begging. Alms. [isten.
ભીજવવું, નવવું, *vt.* પલાળવું. To make wet. To mo

ભીજવું, ભીંજાવુ, *vt.* પલળવું. To be wet.
ભીડ, *n.* ગીરદી. Crowd. ઓછપ;તંગી. Scarcity.
ભીત, *a.* ભય પામેલું. Afraid.
ભીતર, *ad.* અંદર.Within, *n.* દિલ. Heart.
ભીતિ, *n.* બીક. Fear. Dread. Apprehension.
ભીનાશ, *n.* ભીનાપણુ. Moisture.
ભીનું. *a.* પલળેલું. Wet. Moist.
ભીરૂ, *a.* બીકણ. Coward. *n.* સાથી, Pal.
ભીષણ, *a.* ભયંકર. Terrible.
ભીંત, *n.* દીવાલ. Wall.
ભીંસ, *u.* દબાણ. Pressure.
ભીંસવુ,*vt.*દાબવું. To press. ૨.ભેટવું.To embrace.
ભુક્ત, *a.* ખાધેલું. Eaten. ૨. ભોગવેલું. Enjoyed.
ભુખાળવું. *a.* ખાઉધરૂં. Hungry. Indigent.
ભુજ, *n.* હાથ. Hand. ૨. ખભાથી કોણી સુધીનો ભાગ. Arm. ૩. બાજુ. Side.
ભુજબલ,-*n.* બાહુબળ. Muscular strength.
ભુજંગ, *n.* સાપ. Snake. A cobra.
ભુજા, *n.* હાથ. Hand.
ભુલકણું, *a.* ભૂલી જવાની ટેવવાળું. Forgetful.
ભુલભુલામણી, *n.* ભૂલા પડી જવાય તેવી અટપટી રચના. Maze.
ભુલાવવું, *vt.* ભુલે એમ કરવું. To make to forget. [To beguile.
ભુલાવો, *n.* ભુલવણી; ભ્રમ. Deception.
ભુવન, *n.* જગત; લોક. World.
ભુસ્કો, *n.* ફદકો; ભુસકો. Jump.
ભૂ,-મંડળ,-લ, *n.* પૃથ્વી. Earth.
ભૂકંપ, *n.* ધરતીકંપ. Earthquake.
ભૂકી,-કરી,-કો, *n.* ચૂરો; ચૂર્ણ. Powder.
ભૂખ, *n.* ક્ષુધા, Hunger. ૨. ઈચ્છા. Desire.
ભૂખરૂં, *a.* રાખોડી રંગનું. Ash-coloured.
ભૂખ્યું, *a.* જેને ભૂખ લાગી હોય તેવું. Hungry. લાલચુ. Covetous.
ભૂગોળ,*n*,પૃથ્વીનો ગોળો. Globe. ભૂગોળવિદ્યા.Geogra- [phy.
ભૂગોળવિદ્યા, *n.* પૃથ્વીની હકીકતનું શાસ્ત્ર.Geography.
ભૂત, *a.* થઇ ગયેલું. વિતેલું. Past. *n.* પ્રેત. Ghost. ૨. પ્રાણી. Living creature.
ભૂતકાલ,-ળ, *n.* ક્રિયાપદનો ભૂતકાળ. Past tense. ગયેલો વખત. Past time.
ભૂતદયા, *n.* જીવદયા. Humanity.
ભૂતલ,-ળ, *n.*પૃથ્વીની સપાટી.Surface of the earth.
ભૂતલવિદ્યા, *n.* ભૌતિક વિદ્યા. Physiography.
ભૂતાવળ, *n.* ભૂતોનું ટોળું. Group of goblins etc.
ભૂદેવ, *n.* બ્રાહ્મણ. Brahamin.
ભૂધર, *n.* રાજા. King. ૨. પર્વત. Mountain. ૨. નાગ. Snake. ૩, કૃષ્ણ. Krishna. ૪. શીવ. Shiva.
ભૂપ,-તિ,-પાલ, *n.* રાજા. King.
ભૂમધ્યરેખા,-ષા, *n.* વિષુવવૃત. Equator.
ભૂમધ્યસમુદ્ર, *n.* યુરોપ આફ્રિકા વચ્ચેનો સમુદ્ર. Tha Mediterranean sea.
ભૂમિ, *n.* જમિન;પૃથ્વી. Land. ૨.દેશ. Country.
ભૂમિકા, *n.* જમિન. Land. ૨, પાયરી. Degree. ૩. મૂળ. Foundation. ૪. પ્રસ્તાવના. Preface.
ભૂમિતિ, *n.* રેખાગણિત. Geometry.
ભૂરકી, *n.* વશીકરણ. Spell. ૨. મંત્રેલી રાખોડી. Enchanted ash.
ભૂરૂં, *a.* આસમાની રંગનું. Brown. ૨. ગોરૂં. White.
ભૂલ,-ચૂક,-થાપ, *n.* ખામી; ગફલત.Error. ૨.ગેરસમજ, Misunderstanding.
ભૂલવવું, *vt.* ભૂલમાં નાંખવું. To cause to commit [an error.
ભૂલવું, *vt.* ભૂલ કરવી. To err. To commit a mis- [take.
ભૂલોક, *n.* મૃત્યુલોક. Mortal world.
ભૂવો, *n.* ઊંડો ખાડો. Deep-pit. ૨.ભૂત કાઢનાર.Ghost-charmer.
ભૂશિર, *n.* દરિયામાં ગયેલી જમીનની લાંબી પટી, [Cape.
ભૂષણ. *n.* શોભા.Decoration. ૨. ઘરેણું.Ornament.
ભૂષિત. *a.* શણગારેલું. Decorated.
ભૂસ્તરવિદ્યા,-શાસ્ત્ર, *n.*પૃથ્વીના પડ સંબંધી વિદ્યા.Geo- [logy.
ભૂંકવું, *vt.* ગધેડાનું ભોંભોં કરવું. To bray.
ભૂંગળ, *n.* બારણું બંધ રાખવાનો લાંબો આડો દંડ. Door-bar. ૨. એક વાદ્ય, Trumpet.
ભૂંગળી, *n.* લાંબી નળી. Tube.
ભૂંગળું, *n.* નળાકાર કોઈપણ ઘાટ. Cylinder.
ભૂંજવું, *vt.* શેકવું. To roast. To parch.
ભૂંડું, *a.* ખરાબ. Bad. ૨. બીભત્સ. Obscene.
ભૂંડાણું, *n.* ગાળ. Abuse. ૨. ગંદી ચેષ્ટા. Indecent [gestures.
ભૂંસવું, *vt.* કાઢી નાખવું. To efface.
ભ્રૂકુટિ,-ટી, *n.* ભમ્મર. Eye-brow.
ભેખ,-વટો, *n.* વેષ. Disguise ૨. સંન્યસ્ત. Ascetism.
ભેખડ, *n.* ઝઝૂમતા ટેકરીનો ખૂણો; કરાડ. Precipice.
ભેગ, *n.* મિશ્રણ. Mixture. Adulteration.
ભેગું, *a.* સાથે; એકઠું. Being together. Joint.
ભેજ *n.* ભીનાશ. Moisture; Humidity.
ભેજું, *n.* મગજ. Brain. Intellect.
ભેટ, *n.* મુલાકાત. Meeting. Visit. ૨. બક્ષિસ. Pre- [sent.
ભેટવું, *vt.* મુલાકાત થવી. To meet. ૨. આલિંગન દેવું. To embrace. લડવા માટે ભેગા થવું. To encounter.
ભેટો,*n.*મુલાકાત. Meeting. ૨. આલિંગન. Embrace.
ભેદ, *n.* તફાવત. Difference, ૨. પ્રકાર. Sort. ૩, ગુપ્ત વાત. Secret. ૪. ચીરો. Cleft.
ભેદભાવ, *n.* જુદાપણું. Differentiation ૨. કપટ. [Guile.
ભેદુ, *n.* જાસુસ; છૂપી વાત જાણનાર. Spy.
ભેરવવું, *vt.* વળગાડવું. To fasten. ૨. ભંભેરવું. To mislead.
ભેરવાવું, *vt.* ગૂંચવાવું; સંડોવાવું. To be fastened.
ભેરિ,-રી, *n.* નોબત; નગારૂં. Kind of drum.
ભેરૂ, *n.* સાથી. Pal. A companion.
ભેલાડ,-ળાડ, *n.* નુકશાન. Loss. Mischief.
ભેલાડવું. *vt.* બગાડવું. To spoil. To ruin,

ભેળ, *n.* મિશ્રણ. Mixture. ૨. બગાડવું તે. Spoiling. ૩. ભંગાણ. Break.

ભેળવણી, *n.* મિશ્રણ. Mixture.

ભેળવવું, *vt.* મિશ્ર કરવું. To mix. ૨. સામેલ કરવું. To add.

ભેળવું, *vt.* બગાડવું. To spoil. ૨. સામેલ કરવું. To make one join.

ભેંસ, *n.* ડોબું. Buffalo.

ભૈયો, *n.* ભાઇ. Brother. ૨. ઉત્તર હિંદનો વતની. A native of Northern India.

ભો, *n.* ભય. Fear. Dread.

ભોઇ, *n.* પાલખી ઉપાડવાનો ધંધો કરનાર. Litter-bearer.

ભોંકવું, *vt.* ઘોંચવું. To pierce. To thrusht.

ભોગ, *n.* ભોગવવું તે. Enjoying. ૨, પ્રસાદ. Offering. ૩. બલિદાન, Sacrifice.

ભોગજોગે, *ad.* દૈવયોગે. By chance. ૨. સંજોગવશાત. Accidentally.

ભોગવટો, *n.* ઉપભોગ. Enjoyment.

ભોગવવું, *vt* ઉપભોગ કરવો. To enjoy. ૨. સહન કરવું. To suffer.

ભોજન, *n.* જમણ. Dinner. Meal.

ભોજનગૃહ,-નાલય,-શાલા,-ળા, *n.* વીશી. Hotel.

ભોજાઈ, *n.* ભાભી. Brother's wife.

ભોટ, *n.* મૂર્ખ. Stupid; A blockhcad.

ભોટવો, *n.* માટીનો ચંબુ. Earthen jug.

ભોથું, *n.* મૂળિયાંનો ઝૂડો. Knot of roots.

ભોપાળું, *n.* પોલ; દંભ. Exposure. Emptiness.

ભોમવાર, ભૌમવાર, *n.* મંગળવાર. Tuesday.

ભોમિયું,-યો, *n.* જાણકાર માણસ. Guide.

ભોરિંગ, *n.* મોટો સાપ. Big snake.

ભોળપણ, *n.* ભોળાપણું. Artlessness. Simplicity.

ભોળવવું, *vt.* છેતરવું. To deceive. To beguile.

ભોળું, *a.* કપટમાં ન સમજે તેવું. Artless: Simple.

ભોંઠું, *a.* શરમાયેલું. Ashamed.

ભોંઠપ. *n.* શરમ. Shame.

ભોંય, *n.* જમિન. Land.

ભોંયતળિયું, *n.* ઘરનો છેક નીચેનો ભાગ. Ground floor.

ભોંયભાડું, *n.* જમિન. Landed estate.

ભોંયભાડું, *n.* જમિનનું ભાડું. Land-rent.

ભોંયરૂં, *n.* ઘરની અંદર કરેલું ઘર. Vault.

ભૌતિક, *a.* પંચમહાભૂત સંબંધી. Physical.

ભૌતિકશાસ્ત્ર,-વિદ્યા. *n.* ભૌતિક પદાર્થોને લગતું શાસ્ત્ર. Physics.

ભૌમ, *a.* પૃથ્વી સંબંધી. Relating to earth. ૨. મંગળનું. Of Mars.

ભ્રમ,-ણા, *n.* સંદેહ. Doubt. Error. Mistake.

ભ્રમણ, *n.* ગોળ ફરવું તે. Revolving.

ભ્રમર, *n.* ભમરો. Wasp. ૨. ભ્રૂકુટિ. Eye-brow.

ભ્રમિત, *a.* ભ્રમમાં પડેલું. Deluded; Bewildered.

ભ્રષ્ટ, *a.* પડેલું. Fallen. ૨. અપવિત્ર. Corrupted. ૩. દુરાચારી. Vicious.

ભ્રષ્ટતા,-ષ્ટાચાર. *n.* દુરાચાર. Life of dissipation.

ભ્રામક, *a.* ભ્રમમાં નાખે એવું. Misleading.

ભ્રાંતિ, *n.* વહેમ. Doubt. ૨. ખ્યાલ. Wrong notion.

ભ્રૂકુટિ,-ટી, *n.* ભવું. Eye-brow.

'म'

મ, Ths 25th consonant of the Alphabet

મા; નહિ. No.

મકબરો,-રબો, *n.* કબરસ્તાન; રોજો. A Mohameddan mosque.

મકર, *n.* મગર. Crocodile. ૨. છળકપટ. Fraud.

મકરંદ, *n.* કોકિલ. Cuckoo. ૨, ભમરો. Wasp. ૩. ફુલનું મધ. Honey of a flower.

મકરસંક્રમણ,-સંક્રાંતિ, *n.* ઉત્તરાયણ. The sun's passage into the the sign of capricornus.

મકસદ, *n.* મુરાદ; ધારણા. Intent. Purpose. Design.

મકાઈ, *n.* એક અનાજ. Maize.

મકાન, *n.* ઘર; ઈમારત. Building. A house.

મક્કમ, *a.* દૃઢ. Firm. Stable. Stout.

મક્કમતા, *n.* દૃઢતા. Firmness. Stability.

મક્કર, *n.* છળ; કપટ. Deceit. Fraud.

મક્ષિકા, -ક્ષીકા, *n.* માખ. Fly.

મખમલ, *n.* એક જાતનું રેશમી કાપડ. Velvet.

મખ્ખીચૂસ, *a.* કંજુસ. Miserly. Stingy.

મગ, *n.* એક કઠોળ. Kind of green bean.

મગજ, *n.* ચણાના લોટની એક મીઠાઇ. Kind of sweet-meat made from gram-flour. ૨. ભેજું. Brain. ૩. ફળની મીજ. Pith.

મગતરૂં, *n.* મચ્છર; ડાંસ. Gnat.

મગતું, *a.* મોકળું; પહોળું. Wide.

મગદળ, *n.* કસરત માટે હાથથી ફેરવવાની લાકડાની બનાવટ. Thick club for excercise.

મગદૂર,-કદૂર, *n.* તાકાત. Daring. Power. Might. ૨. હિંમત. Courage.

મગફળી, *n.* તેલી બીની એક જાત. Grount-nut.

મગર, *conj.* પરન્તુ. Yet. *n.* મગરમચ્છ. Alligator.

મગરમચ્છ. *n.* એક જળચર પ્રાણી. Alligator.

મગરી, *n.* મગરની માદા. Female crocodile.

મગરૂબ,-ર, *a.* અભિમાની. Proud. Haughty.

મગરૂબી,-રી, *n.* અભિમાન. Pride. Arrogance.

મગાવવું, મંગાવવું, *vt.* લેવા મોકલવું. To send for. To order out.

મગ્ન,-ગન, *a.* તલ્લીન; ગરક થયેલું. Absorded in. ૨. રાજી. Pleased.

મઘમઘવું, *vt.* મહેકવું. To have a diffusive fragrance.

મઘમઘાટ, *n.* મગજ તર કરે તેવો બહેકાટ. Fragrance.

મચક, *n.* પાછુ હઠવું તે. Retreating.
મચકો, *n.* લટકો; લહેકો. Coquetish gesture.
મચકોડ, *n.* લચક. Sprain.
મરડવું,-ચકોડવું,-ચોડવું, *vt.* આમળવું. To twist. To sprain. [રહેવું. To persevere.
મચવું, *vt.* તલ્લીન થઇ જવું. To be absorded. ૨. મચ્યા
મચ્છ, *n.* માછલું. Fish. ૨. મેઘધનુષ્ય. Rain-bow.
મચ્છર, *n.* ડાંસ. Mosquito. ૨. મત્સર; ગુમાન. Arrogance.
મચ્છરદાની, *n.* મચ્છરને અટકાવવા કરાતી જાળીદાર કપડાની બનાવટ. Mosquito-curtain.
મચ્છી, *n.* માછલી. Fish.
મચ્છીબજાર, *n.* માછલીઓનું બજાર. Fish-market.
મછવો, *n.* હોડી. Boat. [*n.* વર્ણન; હેવાલ. Account.
મજકૂર, *a.* સદર; આગળ જણાવેલું. The above said.
મજદૂર, *n.* મજૂર. Labourer.
મજબૂત; *a.* જબરું. Strong. ૨. નક્કર. Solid. ૩. દૃઢ. Firm.
મજબૂતી, *n.* દૃઢતા. Firmness. ૨. જબરાઇ. Strength.
મજમુ,-મૂ, *a.* મજિયારું. Common. Joint.
મજમુદાર, *n.* ભાગીદાર. Partner. ૨. હિસબનીસ. Accountant-general.
મજરે, *ad* પેટે; સાટે. In compensation for.
મજલ, *n.* એક દિવસની મુસાફરી જેટલું અંતર; મુકામ. Stage. ૨. મુસાફરી, Journey.
મજલિસ, *n.* મંડળી. Society. An assembly.
મજલો, *n.* માળ; મેડો. An upper storey.
મજહબ, *n.* ધર્મ. Religion. ૨. પંથ. Sect.
મજા,-ઝા, *n.* આનંદ; લહેર, Joy. Gaiety.
મજાનું, *a.* આનંદ પડે એવું; મનોહર, Pleasing.
મજાક, *n.* મશ્કરી. Joke.
મજાગરું, *n.* ખરડવું. Hinge.
મજિયારું, *a.* સહિયારું. Joint. *n.* ભાગીદારી. Partnership. [Medder.
મજીઠ, *n.* A plant. ૨. રાતો રંગ. Red dye. Bengal
મજૂર, *n.* રોજિંદો; શ્રમજીવી. Day-labourer.
મજૂરમહાજન,-સંઘ,-મંડળ, *n.* મજૂરોનું મંડળ. Trade-union; Labour union. [Labour.
મજૂરી, *n.* મહેનતાણું. Wages of a labourer. ૨. મહેનત.
મજૂસ, *n.* મોટી પેટી; પટારો. Coffer. A chest.
મજે,-ઝે,-દારી, *n.* મજા. Mirth. Joy.
મજેદાર,-નું, *a.* મનોહર. Pleasing. Fine. Delightful.
મજ્જા, *n.* હાડકામાંનો માવો. Marrow of the bones.
મટકાવવું, *vt.* આંખ મટમટાવવી. To wink.
મટમટાવવું, *vt.* આંખના પલકારા મારવા. To wink.
મટવું, *vt.* દૂરથવું; ટળવું; રોગમુક્ત થવું. To be cured.
મટોડી, *vt.* માટી. Clay. Dust.
મઠ, *n.* એક કઠોળ. Kind of pulse. ૨. સાધુનો આશ્રમ.
મઠાધ્યક્ષ, *n.* મઠનો વડો, Abbot. [Monastery.
મડદું,-મડું, *n.* શબ. Corpse.
મઢવું, *vt.* લપેટી કે આવરીને જડી લેવું. To frame.

મઢી,-ઢુલી, *n.* કુટિર; છાપરી. Hut. A cottage.
મણ, *n.* ચાલીસ શેરનું તોલ. Maund.
મણકો, *n.* વેહવાળા ગોળ દાણા; અંકોડો. Bead.
મણા, *n.* ખોટ. ઊણપ. Want.
મણિ, *n.* રત્ન. Gem. A jewel.
મણિધર, *n.* નાગ. A poisonous. Snake.
મણિમહોત્સવ, *n.* હિરક મહોત્સવ. Diamond Jubilee.
મણિયાર, *n.* બંગડીઓ વેચનાર. Bangle-seller.
મત, *n.* અભિપ્રાય. Opinion. ૨. હઠ; મમત. Obstinacy. ૩. અનુમતિ. Vote.
મતદાર, *n.* મત આપવાના અધિકારવાળો. Voter.
મતદારમંડળ, *n.* મતદારોનું મંડળ. Constituency.
મતપત્ર, *n.* મત આપવાનો કાગળ. Voting paper.
મતફેર,-ભેદ,-મતાંતર, *n.* મત ભિન્ન હોવા તે. Difference of opinion.
મતલબ, *n.* હેતુ; સબબ. Motive. Purpose; Object.
મતલબી, *a.* સ્વાર્થી. Selfish. Self-interested.
મતવાલું, *a.* માતેલું. Very strong. Gallant.
મતા, *n.* માલમિલકત. Property; Wealth.
મતાદાર, *n.* ગામમાંથી સરકારને ભરણું ભરાય તેની સહીસાખ કરનારો. A village officer.
મતાધિકાર, *n.* મત આપવાનો અધિકાર. Franchise.
મતિ, *n.* બુદ્ધિ. Intelligence. Intellect.
મતિયું, *a.* જક્કી. Obstinate. Self-willed.
મતું, *n.* સહી. The signature of the party executing a document.
મત્ત, *a.* ગુમાની. Arrogant. Impudent.
મત્સર, *n.* ઈર્ષ્યા. Jealousy. ૨. ગુમાન. Arrogance.
મથક, *n*, મુખ્ય સ્થાન. Principal place. Headquarters.
મથન, *n.* માથાકુટ. Struggle. Exertion. [struggle.
મથવું, *vt.* વલોવવું. To churn. ૨. મહેનત કરવી. To
મથાળું, *n.* ટોચ. Top. ૨. શીર્ષક. Heading.
મથોડું, *n.* માણસની ઊંચાઇ જેટલું ઊંડાણ. Depth to a man's height.
મદ, *n.* કેફ; ખુમારી. Intoxication ૨. ગર્વ. Pride. Arrogance.
મદગળ, *n.* હાથી. Elephant.
મદમત્ત,-માતું,-મસ્ત, *a.* મદથી મસ્ત બનેલું. Intoxicated. ૨. ગર્વિષ્ઠ Proud.
મદદ, *n.* સહાયતા. Help. Assistance.
મદદગાર.-નીશ, *a.* મદદ કરનાર. Helping.
મદન, *n.* કામદેવ. Cupid. ૨. કામ. Sexual passion.
મદાર, *n.* ભરોંસો; આધાર. Reliance. Confidence.
મદારી, *n.* માંકડાં-રીંછ કે સાપ કેળવી ખેલ કરી બતાવનાર. Snake-charmer. [pride.
મદાંધ,-દોન્મત્ત. *a.* ગર્વથી અંધ બનેલું. Blind from
મદિરા,-દ્ય *n.* દારૂ. Wine. Alcohol.
મદ્યપાન,-ધુપાન *n.* દારૂ પીવો તે. Wine-drinking.

મધ, *n.* મધમાખીઓએ એકઠો કરેલો ફૂલનો રસ. Honey. *ad.* મધ્યમાં; વચ્ચે. In the centre.
મધમાખ,-ધુમક્ષિકા, *n.* મધ બનાવનારી માખી. Bee.
મધપૂડો, *n.* મધમાખીઓનું ઘર. Honey-comb.
મધરાત, *n.* અરધી રાત. Midnight.
મધલાળ, *n.* લાલચ. Eager desire. Enticement.
મધુ, *a.* ગળ્યું. Sweet. *n.* મધ. Honey. ૨. દારૂ. Wine.
મધુકર, *n.* ભમરો. Wasp. ૨. મધમાખ. Bee.
મધુપ્રમેહ, *n.* પેશાબમાં સાકર જવાનો રોગ. Diabetes.
મધુર,-રૂં, *a.* પ્રિય. મિઠું. Sweet. Melodious. Fragrant.
મધ્યામધ, *ad.* વચ્ચોવચ. Betwixt.
મધ્ય, *a.&n.* વચ્ચેનું; વચલો ભાગ. Central.
મધ્યકાલ,-ળ,-યુગ, *n.* મધ્યયુગના જમાના. Middle ages.
મધ્યકાલિન, *a.* મધ્યયુગનું. Of the middle ages.
મધ્યબિંદુ, *n.* કેન્દ્ર. Centre.
મધ્યમ, *a.* વચલું. Central. ૨. સામાન્ય. Ordinary.
મધ્યમા, *n.* વચલી આંગળી. Central finger.
મધ્યમસર, *ad.* મર્યાદિત પ્રમાણમાં. Moderately.
મધ્યરાત્ર,-ત્રિ,-ત્રી, *n.* અરધી રાત. Midnight.
મધ્યરેખા,-ખા, *n.* વિષુવવૃત્ત. The equator.
મધ્યાન,-હ્ન, *n.* બપોર. Mid-day.
મધ્યે, *ad.* મધ્યમાં. In the middle. ૨. અંદર. Within.
મન, *n.* સંકલ્પ વિકલ્પ કરનારી ઇંદ્રિય. Mind. ૨. દિલ. Heart. ૩. ઇચ્છા. Desire.
મનગમતું,-પસંદ, *a.* મનને ગમતું. Pleasing.
મનન, *n.* ચિંતન. Meditation.
મનનીય, *a.* મનન કરવા જેવું. Worthy of being meditated upon.
મનમાનતું,-માન્યું, *a.* પુષ્કળ. Plenty.
મનમોજી. *a.* તરંગી; મનસ્વી. Self-willed.
મનખો, *n.* મનુષ્ય તરીકેની જીંદગી Human life. Life.
મનવવું,-નાવવું, *vt.* માને તેમ કરવું. To persuade.
મનવાર, *n.* લશ્કરી વહાણ. Man-of-war.
મનવેગી, *a.* ખૂબ ત્વરિત. Very swift.
મનસા,-નીખા. *n.* ઈચ્છા. Desire. *ad.* મનથી. With one's mind.
મનસૂબો, *n.* ધારણા; ઇરાદો. Intention. Design. Purpose.
મનસ્વી,-સ્વિની, *a.* તરંગી; સ્વચ્છંદી. *a.* Self-willed.
મનહર, *a.* મનોહર. Pleasing; Charming.
મના,-ઇ, *n.* બંધી; નિષેધ. Prohibition.
મનાઇહુકમ, *n.* મનાઇ કરનો કે જણાવનારો હુકમ. Injunction.
મનુ, *n.* મનુસ્મૃતિના રચનાર આદિ માનવ. The great Hindu law-giver.
મનુકુલ,-મનુષ્યજાતિ, *n.* માનવજાત. Humanity. Mankind.
મનુષ્ય,-જ, *n.* માણસ. Human being.
મનુષ્યલોક, *n.* પૃથ્વી. World.
મનુષ્યાહારી, *a.* મનુષ્યનું ભક્ષણ કરનારૂં. Cannibal.
મને, *pro.* હું નું બીજી કે ચોથી વિભકિતનું એક વચન. To me.
મનોગત, *a.* મનમાં રહેલું. Internal. *n.* વિચાર Thought.
મનોગમ,-હર,-રંજક, *a.* સુંદર. મનને ગમતું. Pleasing.
મનોબળ, *n.* માનસિક બળ. Firmness of the mind.
મનોજ,-ભવ,-ભૂ, *n.* કામદેવ. Cupid.
મનોભાવ,-રથ,-વાંચ્છા,-વિકાર,-વૃત્તિ, *n.* ધારણા; વિચાર. Intent. Thought. Purpose; Emotion.
મનોયત્ન, *n.* મનની મહેનત. Effort of the mind. ૨. અભ્યાસ પાઠ. Excercise.
મનોરમા, *n.* સુંદર સ્ત્રી. Beautiful woman.
મન્મથ, *n.* કામદેવ. Cupid.
મફત, *aa.* વગર પૈસે Gratis. Free of charge.
મફતિયું, *a.* ફોગટિયું. Free. Gratuitous.
મબલક,-ગ, *a.* પુષ્કળ, Plenty. Very much.
મમત, *n.* હઠ; જીદ Obstinacy. Persistency.
મમતા,-ત્વ, *n.* હેત; સ્નેહ. Affection. Love. ૨. જીદ. Obstinacy.
મમતી,-તીલું, *a.* જીદ્દી. Obstinate. Head-strong.
મમરો, *n.* ચોખાની ધાણીનો દાણો. Parched rice.
મમળાવવું, *vt.* આગાળવા માટે મોંમાં આમતેમ ફેરવવું. To turn over and over in the mouth.
મયૂર, *n.* મોર. Peacock.
મરકી, *n.* મહામારી; ફોગળિયું. Epidemic disease. A pestilence.
મરઘી, *n.* કૂકડી. Hen.
મરઘો, *n.* કૂકડો. Cock.
મરચું, *n.* મરચીની તીખી શિંગ. Chilli.
મરજ, *n.* રોગ. Disease. A malady.
મરજાદ,-દા, *n.* મર્યાદા. Decency. Decorum.
મરજી, *n.* ઇચ્છા, Desire. Wish. Will. ૨. ખુશી. Willingness.
મરજિયાત, *a.* મરજી પ્રમાણેનું Optional.
મરજીવો, *n.* દરિયામાંથી મોતી કાઢનાર. A pearl-diver. ૨. મરણિયો. Careless person.
મરડવું, *vt.* વાંકું વાળવું. To twist. To turn. To bend.
મરડાવું, *vt.* વંકાવું. To be bent. ૨. રિસાવું. To be ill-humoured.
મરડો, *n.* જેમાં ઝાડા વાટે આમ તથા લોહી પડે તેવો રોગ. Dysentery.
મરણ,-ણુ, *n.* મોત. Death. Demise. ૨. અંત. End.
મરણતાલ, *a.* મરી જાય તેવું. Almost dying.
મરણિયું, *a.* મોતની પરવા વિનાનું. Desperate.
મરતબા, *n.* દરજ્જો; મોભો. Status; Rank.
મરદ,-દં, *a.* બહાદુર. Brave. Bold.
મરદાઇ,-નગી,-મી, *n.* પુરુષાતન. Manliness. ૨. વીરતા. Bravery.
મરદાના,-ની, *a.* મરદને છાજે એવું. Manly. Bold; Brave.
મરવું, *vt.* મરણ પામવું. ૨. To die. અંત આવવો. To end.
મરવો, *n.* નાની કાચી કેરી. Young unripe mango.
મરહૂમ, *a.* મરણ પામેલું; સ્વર્ગસ્થ, Deceased.
મરામત, *n.* સમારકામ; જીર્ણોદ્ધાર. Repairs.
મરી,-રિયું, *n.* એક તેજાનો. Black pepper.
મરૂ,-દેશ,-ભૂમિ,-સ્થલી, *n.* રણ. Desert.

મરો, *n.* મૃત્યું. Death. ૨. હેરાનગતિ. Bad plight.
મરોડ, *n*, વાંક; અક્ષરનો મરોડ. Bent.
મર્કટ, *n.* વાંદરો. Ape.
મર્ત્ય, *a.* નાશવંત. Mortal.
મર્ત્યલોક, *n.* મૃત્યુલોક, World.
મર્દન, *n.* ચોળવું તે, Rubbing. [Essence.
મર્મ,-રમ, *n.* છૂપી વાત. Secret talk. ૨. તાત્પર્ય.
મર્મગ્રાહી,-જ્ઞ, *a.* રહસ્યનું ગ્રહણ કરનારૂં. Clever.
મર્મભેદી,-વેધક,-વેધી, *a.* મર્મસ્થાનને ભેદનાર.. Piercing the vitals.
મર્મવચન, *n.* મહેણું. Taunt.
મર્યાદા, *n.* હદ.Limit.Boundary. અદબ. ૨. Decorum. Modesty.
મર્યાદાશીલ, *a.* વિનયી. Deferential. Modest.
મલ,-લ્લ, *n.* કુસ્તીબાજ; પહેલવાન. Athlete.
મલ,-ળ, *n.*વિષ્ટા;કચરો. Refuse. Excrement. Dirt.
મલકવું,-કાવું, *vt.* મંદમંદ હસવું. To smile.
મલપતું, *a.* ઉમંગમાં ઠાઠથી ધીમે ધીમે ચાલતું. Sauntering along.
મલમ, *n.* ચોપડવાનું ઔષધ, Ointment.A salve.
મલમપટી-ટો,-ટ્ટી,-ટ્ટા, *n.* મલમવાળી લુગડાની પટી કે પટો. Gum-plaster.
મલમલ, *n.* એક જાતનું બારીક કાપડ. Muslin.
મલાઈ, *n.* દૂધની તર. Cream.
મલાખું, *a.* બાડું. Oblique-looking.
મલાજો, મુલાજો, *n.* માન; મર્યાદા. Deference.
મલિન, *a.* ગંદું. Dirty. Filthy. Foul.
મલીદો, *n.* ચૂરમું. Sweetmeat.
મલ્લયુદ્ધ,-કુસ્તી, *n.* કુસ્તી; બાથંબાથા. Wrestling.
મલ્લવિદ્યા, *n.* કુસ્તીનું શાસ્ત્ર. Art of wrestling.
મવાલી, *n.* ગુંડો; કંગાળ. Wretch.
મશક, *n.* પાણી ભરવાની ચામડાની કોથળી, Leathern water-bag.
મશગુલ, *a.* નિમગ્ન; લીન. Absorbed. Engaged.
મશરૂ, *n.* એક પ્રકારનું કાપડ. Kind of cloth.
મશહૂર, *a.* પ્રખ્યાત. Famous. Renowned.
મશાલ,*n.* લાકડીપર ચીંથરાં વીંટેલો સળગાવવાનો કાકડો, Torch.
મશાલચી,-લી, *n.* મશાલવાળો. Torch-bearer.
મશી,-સી, *n.* કાજળ; મેશ. Soot.
મશ્કરી, *n.* મજાક; ઠઠ્ઠો. Joke. Jest. Fun.
મશ્કરો, *n.* મશ્કરી કરનારો; વિદૂષક.Jester. [Mole.
મસ, *a.* પુષ્કળ. Plenty.*n.*બહાનું.Pretext. ૨. મસો,
મસકો, *n.* ખુશામત. Flattery.૨. માખણ. Butter.
મસલત, *n.* સંતલસ; સલાહ. Deliberation. Advice.
મસળવું, *vt* ચોળવું; ગદડવું. To rub.
મસાણ,*n.* શ્મશાન. Burning ground. Cemetery.
મસાલો, *n.* રસોઇ સ્વાદિષ્ટ કરવા નાખવાનો તેજાનો.
મસાલેદાર, *a.* સ્વાદિષ્ટ, Tasteful. [Spices.

મસીદ,-જિદ, *n.* નિમાજ પઢવાનું સ્થળ. Mosque.
મસો,*n.*ચામડીપર બાઝેલી ગોળ ગાંઠ.Mole.૨.હરસ.Piles.
મસોતું, *n.* ચૂલા ઉપરનાં ગરમ વાસણ પકડવા વપરાતું ચીંથરૂં. Rag.
મસ્ત,-સ્તાન, *n.* મદમાતું; ઉન્મત્ત. Intoxicated. Bold. Strong.
મસ્તક,-સ્તિષ્ક, *n.* માથું. Head.
મસ્તિષ્કવિદ્યા, *n.* માથાના ઘાટ ઉપરથી અંતઃકરણની લાગણીઓ પારખવાની વિદ્યા. Phrenology.
મસ્તિ, *n.* તોફાન. Mischief.
મસ્તિખોર, *a.* તોફાની. Mischievous. Riotous.
મહકૂબી, *n.* મોકૂફ રાખવું તે. Suspension.
મહત,-દ, *a.* મોટું. Big. [portance.
મહત્તા,-ત્વ, *n.* મોટાપણું; મહિમા. Magnitude. Im-
મહત્વાકાંક્ષા.-હાકાંક્ષા, *n.* મોટાઇ મેળવવાની ઇચ્છા. Ambition. [tious.
મહત્વાકાંક્ષી, *a.* મોટાઇ મેળવવાની ઇચ્છાવાળું. Ambi-
મહર્ષિ, *n.* મોટો ૠષિ. Great sage.
મહંત, *n.* મઠાધિકારી. Chief of a monastery.
મહા, *a.* મોટું. Big. Great. [dess.
મહાકાલી,-ળી, માય, *n.* ભયંકર સ્વરૂપવાળી દુર્ગા. God-
મહાજન, *n.* મોટા પ્રતિષ્ઠિત માણસ કે તેવાઓનું મંડળ. Community. [minded.
મહાત્મા, *n.* સંત.Saint.*a.*મહાન આત્માવાળું.Noble-
મહાપાતક, *n.* મોટું પાપ. Sin. [tion.
મહાપ્રલય,*n.*સૃષ્ટિનો સમુળો નાશ.Universal destruc-
મહાભારત, *a.* બહુ મોટું અને મુશ્કેલ. Very difficult. એ નામનું એક પ્રસિદ્ધ મહાકાવ્ય. An epic peem.
મહાભૂત, *n.* મૂળતંત્ર. Primary element.
મહામંત્રી, *n.* પ્રધાન મંત્રી. Chief Minister.
મહામાત્ર, *n.* વિદ્યાપીઠનો મંત્રી. Registrar.
મહામારી, *n.* કોગળિયું; પ્લેગ. Epidemic.
મહારથી, *n.* પરાક્રમી લડવૈયો. Mighty warrior.
મહારાજ, *n.* મોટો રાજા. Great king. સંબોધનનો એક પ્રકાર. Term of address.
મહારાજા,-ધિરાજ, *n.* સમ્રાટ. Emperor.
મહારાણી, *n.* વડી રાણી. Chif queen.
મહાલ, *n.* નાનો તાલુકો. Small district.
મહાલય, *n.* મહેલ. Palace. ૨. મંદિર. Temple.
મહાવત, *n.* હાથીનો હાંકનાર. Elephant driver.
મહાવરો, *n.* ટેવ. Habit. ૨. શિરસ્તો. Practice.
મહાવિરામ, *n.* : આવું ચિહ્ન. Colon.
મહાશય, *a.* ઉચ્ચ ભાવનાવાળું. Noble minded. *n.* માનવાચક ઉદ્ગાર. Term of respect.
મહાસભા, *n.* મોટી વિશાળ સભા. Congress.
મહિ-હી, *n.* પૃથ્વી. Earth.
મહિના, *n.* ગર્ભ રહેવો તે. Pregnancy.
મહિનો. *n.* માસ. Month.
મહિમા, *n.* પ્રતાપ, યશ.Dignity.Grandeur.Glory.

મહિયર, *n.* પિયર. House of a married woman's mother.
મહિયારી, *n.* ભરવાડણ; ગોપી. Milk-woman.
મહિલા, *a.* સ્ત્રી. Woman. ૨. રાણી. Queen.
મહિષી, *n.* ભેંસ. Buffalo. ૨. રાણી. Queen.
મહીં, *ad* અંદર. Within.
મહીંમહીં, *ad.* વચ્ચે વચ્ચે. Occassionally.
મહુડો, *n.* એક ઝાડ. Mowra-tree.
મહુરત, *n.* મુહૂર્ત. Auspicious time. [scent
મહેક,-કાટ, *n.* ફોરમ; સુગંધ. Fragrance. Sweet-
મહેકવું, *vt.* ફોરવું. To give out fragrance.
મહેચ્છા, *n.* મહત્વાકાંક્ષા. Ambition.
મહેણું, *n.* મર્મ; ટોણો. Taunt.
મહેતલ, *n.* મુદત; સમય. Time.
મહેતાબ,-હતાબ, *n.* ચંદ્ર. Moon.
મહેનત, *n,* શ્રમ. Labour. Exertion.
મહેનતાણું, *n.* મહેનતનો બદલો; રોજી. Wages.
મહેનતુ, *a.* ઉદ્યમી. Diligent.
મહેફિલ, *n.* મિજલસ; ઉજાણી. Party.
મહેમાન, *n.* પરોણો. Guest.
મહેમાની,-માનગીરી,-દારી, *n.* પરોણાચાકરી. Hospitality. [ness.
મહેર,-બાની, *n.* કૃપા; દયા. Favour. Grace. Kind-
મહેલ,-લાત,-હોલ, *n.* રાજમહેલ. Palace.
મહેલ્લો,-હોલ્લો, *n.* શેરી; ફળિયું. Street.
મહેસૂલ, *n.* જમીન ઉપજનો કર. Land-tax. ૨. રાજ્યની એકંદર આવક. Income.
મહોચ્છવ,-ત્સવ, *n.* મોટો ઉત્સવ. Great festival.
મહોદધિ, *n.* મહાસાગર. Ocean.
મહોબત, *n.* પિછાન; દોસ્તી. Acquaintance ૨. પ્રેમ; પ્યાર. Affection.
મહોર, *n.* ગિની. Guinea. ૨. છાપ, સિક્કો. Seal.
મહોરું, *n.* શેત્રંજનું પ્યાદું. Mate in a chess.
મળ, *n.* વિષ્ટા. Excretion. ૨. કચરો. Refuse.
મળતર, *n.* નફો; લાભ. Gain. Profit. Advantage.
મળતાવડું, *a.* મિલનસાર. Social.
મળવું,*vt.*ભેગા થવું. To meet. ૨.એકઠા થવું. To join. ૩. સંપ કરવો. To unite. ૪. હાથ લાગવું. To get.
મસળકું, *n.* પરોઢિયું. Dawn.
મળી, *n.* પૈડામાં ઊંજેલા દિવેલ તથા ચીથરાનો થતો મેલ. Grease.
મંગળ,-લ, *a.* શુભ. Benefactory. *n.* એ નામનો ગ્રહ. The planet Mars. કલ્યાણ. Welfare આશીર્વાદ. Blessing. [cious.
મંગલકારક,-કારી,-મય, *a.* શુભ; કલ્યાણકારી. Auspi-
મંગલાચરણ,-આચરણ, *n.* ઇશ્વરસ્તુતિ. Benedictory poem. ૨. પ્રારંભ. Beginning.
મંગાવવું, *vt.* લાવવાને કહેવું; મંગાવવું. To order out.
મંછા; *n.* ઈચ્છા; ઉમેદ. **Desire.**

મંજન *n.* દાંતે ઘસવાનો ભૂકો. Tooth-powder.
મંજરિ,-રી, *n.* ફૂલની કળિઓનું ઝૂમખું. Cluster of flowers. ૨. કુંપળ. Sprout.
મંજીરાં, *n.* કાંસીજોડા; કરતાલ. Cymbals.
મંજુ,-લ, *a.* કોમળ; Delicate. Gentle. Soft. ૨.
મંજુર, *a.* કબૂલ; માન્ય. Granted. [મધુર. Sweet.
મંજૂરી *n.* બહાલી. Confirmation. [blishing.
મંડન, *n.* શણગાર. Decoration. ૨. સ્થાપન. Esta-
મંડપ, *n.* માંડવો. A temporary structure erected on festive occassions.
મંડલ,-ળ, *n.* કૂંડાળું; ગોળ ઘેરાવ. Circle. ૨. ટોળું. Assemblage ૩. પ્રાંત. Province.
મંડલાકાર,-ળાકાર, *a.* ગોળ. Circular. [tary chief.
મંડલિક,-લીક,-ળિક,-ળીક, *n.* ખંડિયો રાજા. Tribu-
મંડલી,-ળી, *n.* ટોળી. Assembly. A society.
મંડવું, *vt.* ખંતથી વળગવું; લાગવું. To persevere.
મંડાણ,*n.*પ્રારંભ. Beginning.૨.પાયો. Foundation.
મંડિત, *a.* શણગારેલું. Adorned. Decorated.
મંતરવું. *vt.* મંત્રથી કાબુમાં લેવું. To charm. ૨. ભરમાવવું. To allure.
મંતવ્ય, *n.* મત; અભિપ્રાય. Opinion. *a.* વિચારવા યોગ્ય. Worthy to be considered.
મંત્ર, *n.* કોઇ શક્તિ યા દેવ સાધ્ય કરવાનો ગૂઢ શબ્દ કે શબ્દો. Formula sacred to a deity. ૨. મંત્રણા, Secret consultation.
મંત્રણા, *n.* ખાનગી મસલત. Secret consultation.
મંત્રશાસ્ત્ર, *n.* મંત્રો તથા તેમની વિધિનું શાસ્ત્ર. The system which treats of mystic formulas, spells etc.
મંત્રી, *n.* પ્રધાન. Minister. ૨. કારભારી. Secretary.
મંદ, *a.* ધીમું; ધીર. Slow. ૨. થોડું. Little.
મંદબુદ્ધિ,-મતિ, *a.* મૂર્ખ Foolish.
મંદભાગી *a.* કમનસીબ. Unlucky.
મંદભાગ્ય, *n.* દુર્ભાગ્ય. Unluck.
મંદવાડ, *n.* બીમારી. Sickness. ૨. રોગ. Disease.
મંદાગ્નિ, *n.* પાચનશકિતની મંદતા. Low appetite.
મંદિર. *n.* દેવાલય, Temple. ૨. ઘર. Residence. ૨. શાળા. School. [Slowness.
મંદી, *n.* ભાવની પડતી. Dull market. ૨. મંદતા.
માંચડો, ખેતરમાં બાંધેલો માળો. Elevated seat in
મા,*ad.*ના;નહિ. Not. *n.* માતા. Mother. [a field.
માજી, *n.* દાદી. Grandmother.
માકડ,-ણ, *n.* એક જીવડું. Bug.
માક્ષિકા,-ક્ષીક, *n.* મધ. Honey. ૨. ઉપધાતુ. A drug.
માખ,-ખી, *n.* એક ઉડતું જીવડું. Fly.
માખણ, *n.* નવનીત. Butter.
માગ, *n.* રસ્તો. Way. ૨. આસન. Seat. ૩. અંતર; મોકળાસ. Space. ૪. માગણી; ખપત; ઉઘરાણી, **Demand.**

માગણ, *n.* ભીખારી. Beggar.
માગણી, *n.* ઉઘરાણી; માગવું તે. Demand.
માગણું, *n.* માગણી. Demand. ૨. લેણું. Claim. ૩. પરદેશમાંથી આરોપી. કે ગુનેગારને અદાલતમાં હાજર કરવાની માગણી. Extradition.
માગવું, *vt.* પાછું આપવા કહેવું. To demand.
માગું, *n.* પાણિગ્રહણની માગણી. An offer for bet- [rothal.
માછણ, *n.* માછીની સ્ત્રી. Fisherwoman.
માછલી,-લું, *n.* એક જળચર પ્રાણી. Fish.
માછી,-માર, *n.* માછલાં પકડવાનો ધંધો કરનાર, Fisherman.
માજણ્યું,-જાયું, *a.* સહોદર. Born of the same [mother.
માજી, *a.* અગાઉનું. Former. ૨. પૂર્વે થઇ ગયેલું. Past. ૩. મરહૂમ. Deceased.
માઝમ, *a.* મધ્યમ; મધ્ય. Middle.
માઝા, *n.* મર્યાદા. Decorum. ૨. હદ. Limit.
માટલું, *n.* માટીનું એક વાસણ. Earthen pot.
માટી, *a.* જોરાવર. Mighty. *n.* ધણી. Husband. ૨. મટોડી. Earth. ૩. માંસ. Flesh.
માઠું. *a.* ખરાબ. Bad અશુભ. Unauspicious. ૨. બીભત્સ. Obscene.
માડી,-વડી, n. માતા. Mother. ૨. માતા. Goddess.
માણકી, *n.* એક જાતની ઘોડી. A swift-going mare.
માણવું, *vt.* ભોગવવું; મજા કરવી. To enjoy. ૨. અનુભવવું. To experience.
માણસ, *n.* મનુષ્ય. Man.
માણસાઈ, *n.* માણસને યોગ્ય વર્તન; ગુણ. Manliness.
માણિયો, *n.* ઘડો; ગાડવો. Water-pot.
માણિક-ણિક્ય, *n.* રાતો મણિ. Red ruby.
માત, *n.* મા. Mother. *a.* હારી ગયેલું. Defeated,
માતપિતા, *n.* માબાપ. Parents.
માતબર, *a.* તાલેવન્ત; શ્રીમંત. Rich. Wealthy.
માતંગ, *n.* હાથી. Elephant.
માતા,-તુ,-તૃ, *n.* જનની. Mother. ૨. દેવી. Goddess.
માતું-તાતું, *a.* માતેલું. Plump.
માતૃક,-દરી. *a.* મા સંબંધી. Maternal.
માતૃઘાત, *n.* માતાનો વધ, Matricide.
માતૃભાષા,-દરજબાં-જબાન, *n.* સ્વભાષા. Mother- [tongue.
માતૃભુમિ,-ભૂમિ, *n.* જન્મભૂમિ. Motherland.
માત્ર, *ad.* ફકત; કેવળ. Only. *a.* બધું. Whole.
માત્રા, *n.* બારાખડીમાં વપરાતું આવું ચિહ્ન. A sign. ૨. ધાતુની ભસ્મ. A medicinal preparation. ૩. પ્રમાણ. Measure.
માથાકૂટ,-ઝીક,-તોડ,-ફોડ, *n.* ભાંજગડ; પંચાત. Bo- [ther.
માથાદીઠ, *ad.* જણ દીઠ; Per head.
માથાફરેલ,-લું, *a.* ગર્વિષ્ઠ; Arrogant. ૨. ક્રોધી Angry.
માથાવટી, *n.* આબરૂ. Credit.
માથાવેરો, *n.* માથાદીઠ લેવાતો કર. Poll-tax.
માથું *n.* શરીરનો ખોપરીવાળો ભાગ; ડોકું. Head. ૨. ટોચ. Top. ૩. બુદ્ધિ. Intellect.
માદક, *a.* કેફી. Intoxicating.
માદર, *n.* માતા. Mother.
માદરપાટ. *n.* એક જાતનું સુતરાઉ કાપડ. Kind of cloth. [Longcloth.
માદળિયું, *n.* તાવિજ. Talisman.
માદા, *n.* સ્ત્રી જાત. Female.
માધુરી,-ધુર્ય, *n.* મિઠાશ. Sweetness.
માધ્યમિક, *a.* વચમાં આવેલું Central.
માન, *n.* આબરૂ; પ્રતિષ્ઠા. Reputation. ૨, અભિમાન. Pride. ૩. તોલ; માપ. Measure.
માનદ, *a.* વેતન લીધા વગર કામ કરનારૂ. Honorary.
માનનીય, *a.* માનને યોગ્ય. Honourable.
માનપત્ર, *n.* વખાણ કે ધન્યવાદનો જાહેર રીતે અર્પણ થતો લેખ. Address.
માનપાન,-મર્યાદા, *n.* માન; આદર. Respect. ૨. આબરૂ. [Dignity.
માનભંગ,-હાનિ, *n.* અપમાન, Insult. Humiliation.
માનત,-તા, *n.* આખડી. Vow.
માનવ,-વી, *n.* મનુષ્ય. Man.
માનવજાતિ, *n.* મનુષ્યજાતિ. Humanity.
માનવું, *vt.* કબુલ કરવું. સ્વીકારવું. To accept. ૨. ગણવું. To regard.
માનસ, *a.* મન સંબંધી. Mental. *n.* મન. Mind.
માનસશાસ્ત્ર, *n.* મનની વૃત્તિઓ, તેનું સ્વરૂપ વગેરેનું શાસ્ત્ર. [Psychology.
માનસિક, *a.* મન સંબંધી. Mental.
માનિત, *a.* માન પામેલું. Honoured.
માની, *a,* અહંકારી. Arrogant.
માનીતું, *a.* ઘણું વહાલું. Favourite.
માન્ય, *a.* સ્વીકારાયેલું. Accepted. ૨. માનનીય. Venerable.
માન્યતા, *n.* મત; ધારણા. Belief.
માપ, *n.* લંબાઇ, પહોળાઇ. વજન વગેરેનું પ્રમાણ. Measuring. ૨. ગજું. Capacity.
માપકરણ, *n.* ક્ષેત્રમાપ. Mensuration.
માપણી. *n.* માપવું તે. Measuring. ૨. જમીન માપવાનું કામ. Land-survey.
માપવું, *vt.* માપણી કરવી, To survey.
માફ, *a.* ક્ષમા કરેલું. Pardoned. ૨. જવા દીધેલું. Exempted.
માફક, *a.* અનુકુળ; રૂચતું. Suitable. *ad.* પ્રમાણસર. [According to.
માફી, *n.* ક્ષમા. Pardon. ૨. જતું કરવું તે. Exemption.
માફીપત્ર, *n.* લેખી ક્ષમાપન. Written apology.
માફો, *n.* રથ. Chariot.
માબાપ, *n,* મા અને બાપ. Parents.
મામલત, *n.* માલમતા; પૂંજી. Property.
મામલતદાર, *n.* તાલુકાની વસૂલાત સંબંધી કામ કરનાર. અમલદાર. Taluka revenue officer.
મામલો, *n.* બાબત. affair. ૨, કટોકટીનો સમય. Climax.
મામા,-મો, *n.* માનો ભાઈ. Maternal uncle.
મામુલી, *a.* સામાન્ય. Ordinary.
માયકાંકલું,-ગલું, *a.* દુર્બળ. Week.

માયનો, *n.* અર્થ. Meaning.
માયા *n.* ભાંગ. Bhang. ૨. ઇંદ્રજાળ. Illusion ૩. સ્નેહ. Affection. ૪. દોલત. Riches.
માયાળુ. *a.* હેતાળ, Tender.
માર, *n.* મારવું તે; તાડન. Beating. ૨. મરણ. Death. ૩. વિપુલતા. Abundance. ૪. કામદેવ. Cupid.
મારકૂટ,-ઝૂડ,-પીટ,-ફાટ, *n.* મારવું તે. Beating.
મારફત, *ad.* દ્વારા. Through. ૨. દલાલી. Agency.
મારફતિયો, *n.* દલાલ. Agent.
મારવું, *vt.* ઠોકવું. To beat. ૨. ઠાર કરવું. To kill.
મારામારી, *n.* લડાઇ; ધિંગાણું, Affray.
મારુત, *n.* પવન. Wind.
મારૂં, *pro.* 'હું'ની છઠ્ઠી વિભકિતનું એક વચન. My; mine.
મારો, *n.* જલ્લાદ. Assassin. ૨. હલ્લો. Attack. ૩. વિપુલતા. Abundance.
માર્ગ,-રગ, *n.* રસ્તો. Way. ૨. પંથ. Sect.
માર્ગદર્શક,-માર્ગોપદેશક, *n.* ભોમિયો. Guide.
માર્ગદર્શન, *n.* માર્ગ બતાવવો તે. Guiding.
માર્ગી, *n.* મુસાફર, Way-farer.
માર્જન, *n.* સાફ કરવું તે. Cleaning.
માર્જની, *n.* સાવરણી. Broom.
માર્તંડ, *n.* સૂર્ય Sun.
માર્મિક, *a.* મર્મભેદી, Poignant.
માલ, *n.* સામાન, Goods. ૨. પૂંજી. Property ૩. સત્વ. Essence.
માલગાડી, *n.* ભારખાનું. Goods train.
માલણ,-ણ, *n.* માળીની સ્ત્રી. Flower-girl.
માલદાર, *a.* ધનવાન. Rich. Wealthy.
માલધણી,-ધારી. *n.* માલિક. Owner.
માલમ,-મી, *n.* વહાણને દોરનાર. Pilot.
માલમતા,-મિલકત, *n.* સ્થાવર અને જંગમ મિલકત. Property.
માલિક,-લક,-લેક, *n.* સ્વામી; શેઠ. Owner.
માલીકી,-લકી, *n.* સ્વામીપણું. Ownership.
માલિશ,-સ, *n.* ચોળવું તે. Rubbing.
માલેતુજાર,-જ્જાર, *a.* ખૂબ પૈસાદાર. Very rich.
માવજત, *n.* સંભાળ; બરદાસ. Care.
માવઠું, *n.* કમોસમનો વરસાદ. A shower of rain at an unseasonable time.
માવડીમુખું, *a.* શરમાળ. Shy. ૨.બાયલું. Coward.
માવાદાર, *a.* માવાવાળું. Pulpy.
માવું, *vt.* સમાવું; બરાબર આવી રહેવું. To hold.
માવો, *n.* ગર. Pulp. ૨. દૂધ બાળી કરાતો ઘટ્ટ પદાર્થ. Milk condenced by boiling.
માશી, *n.* માની બહેન. Mother's sister.
માશૂક, *n.* પ્રિયા. Beloved.
માસ,-હ, *n.* મહિનો. Month.
મસાલો, *n.* નમૂનો; ઘાટ. Specimen.
માસિક, *a.&n.* દરમાસે બનતું-તેવું પત્ર. Monthly.
માસો, *n.* માસીનો વર. Husband of the maternal aunt. ૨. તોલાનો બારમો ભાગ. One twelfth part of a tola.
મહાત્મ્ય, *n.* મહિમા; મહત્વ. Magnanimity.
માહિત,-ગાર, *a.* વાકેફ. Acquainted.જાણીતું. Known.
માહિતી, *n.* ખબર; જ્ઞાન. Knowledge.
માળ,-ળિયું, *n.* મેડો: મજલો. Storey.
માળી, *n.* ફુલઝાડ ઉછેરનાર. Gardener.
માળો, *n.* પંખીનું ઘર. Nest. મોટું મકાન. A big residence.
માં, સાતમી વિભક્તિનો પ્રત્યય. Suffix for the locative case.
માંકડ,-ણ, *n.* માકડ. Bug.
માંકડું. *n.* લાલ મોંનું વાંદરૂં. Red-faced ape.
માંગ, *n.* માગણી. Demand.
માંગલિક,-ળિક. *a.* શુભ. Auspicious.
માંજર, *n.* મંજરી; કલગી. Cluster.
માંજરૂં, *a.* ભૂરી કીકીવાળું. Grey-eyed.
માંજવું, *vt.* ઘસીને સાફ કરવું. To polish.
માંજો, *a.* કાચ પાયેલો દોર. String rubbed with glass-powder.
માંડમાંડ, *ad.* મહા મુશ્કેલીએ. With great difficulty.
માંડલિક,-ળિક, *n.* ખંડિયો રાજા; સામંત. Tributary.
માંડવાળ, *n.* માંડી વાળવું તે; સમાધાન. Settlement.
લૂલું. a. લંગડું, Lame. ૨. અશક્ત. Weak.
લૂંડી, n. ગુલામડી. Female slave.
લૂંડો, n. ગુલામ; દાસ. Male slave.
લૂંબ, n. લુમ. A bunch.
લેકિન, *prep.* પણ. Still. ૨. તથાપિ. Yet.
લેખ, n. લખાણ. Writing. ૨. કરાર, Deed. ૩. ટૂંકો નિબંધ. Short essay.
લેખક, n. લહિયો; ગ્રંથ કે લેખ લખનાર. Writer.
લેખણ,-ણી,-ની,-ખિની, n. કલમ. Pen.
લેખવું,-વવું, vt. ગણવું; હિસાબમાં લેવું. To regard.
લેખિત, a. લખેલું. Written.
લેખું, n. મોંએ ગણાય એવો ટૂંકો સહેલો હિસાબ. An excercise in mental arithmetic.
લેખે, ad. હિસાબે; પ્રમાણે, At the rate of.
લેણદાર,-ણિયાત, n. લેણાવાળો, Creditor.
લેણદેણ,n.લેવડદેવડનો સંબંધ.Business relations.
લેણું, n. આપેલું પાછું લેવાનું તે.Outstanding debt.
લેપ, n. ખરડ. Liniment.

લેપવું, vt. ચોપડવું. To coat with. ૨. વળગવું. To stick to. ૩. ઢાંકવું. To cover.
લેબાસ, n. પોશાક. Dress. Costume.
લેભાગુ, n, લઇને નાશી જનાર. Runaway. ૨. ઉપર-ચોટિયા જ્ઞાનવાળો. A smatterer.
લેલું,-લો, n. કડિયાનું એક ઓજાર, Trowel.
લેવડદેવડ,-વાદેવા, n. લેણદેણ. Pecuniary dealings.
લેવાલી, n. ખરીદી. Buying.
લેવાવું, vt. લેવાય એમ કરવું, To be taken. ૨.સુકાવું. To go thin. ૩. શરમાવું. To be ashamed.
લેવું, vt. ગ્રહણ કરવું. To take. ૨. સ્વીકારવું. To accept. ૩. ખરીદવું. To buy.
લેહેકો, n. ચાલવાની મરોડ. Gait; Motion.
લેહેજત, n. રસ; મઝા. Delight.
લેહેર, n. પવનની લહરી.A breeze.૨.ગમત.Pleasure.
લેશ, a. જરાક. Little. n, અણું. Atom.
લેશમાત્ર, a. થોડુંક. Little. ad. જરાક. A little.
લેંઘો, n. ચોરણો. Trousers. [૩. વર્ગ Class.
લોક, n. જનતા. People. ૨. જનસમૂહ. Mankind.
લોકકથા,-વાર્તા, n. લોકોમાં પ્રચલિત વાત; દંતકથા. [Folklore.
લોકનાયક, n. આગેવાન. n. Leader.
લોકપ્રિય, a. લોકોમાં પ્રિય.Popular.
લોકમત, n. લોકોનો મત.Public opinion.[rumour.
લોકવાયકા, n. લોકોમાં ચાલતી વાત; અફવા. Public
લોકશાસન,-શાહી, n. પ્રજાસત્તાક રાજ્ય.Democracy.
લોકસત્તાક, n, પ્રજાસત્તાક. Republic.
લોકસત્તાવાદ, n. લોકશાસનનો વાદ. Democracy.
લોકસેવા, n. જાહેર જનતાની સેવા. Public service.
લોકહિત, n, લોકોનું હિત. General welfare.
લોકાચાર, n. લોકમાં ચાલતો વ્યવહાર, Public usage.
લોકાપવાદ, n. જાહેરમાં વગોણું. Popular censure. Accusation by public.
લોકાંતર, n. પરલોક. Other world.
લોકિક, કાંક,n,લૌકિક;ખરખરો.Visit of condolence.
લોકોપકાર, n. સાર્વજનિક કલ્યાણ. Public good.
લોખંડ,-ડું, n. લોહ; એક ધાતુ. Iron.
લોખંડી, a, ખૂબ મજબૂત. Very strong.૨. લોખંડનું બનાવેલું. Made of iron.
લોચન, n. આંખ. Eye. ૨. છીનવી લેવું તે. Robbing.
લોચના, n. ઝંખના; તલસાટ. Craving.
લોચો, n. લોંદો. Lump. ૨. ડુચો. Rag. ૩. ગોટાળો. Confusion. ૪. તકરાર. Dispute.
લોટ, n. આટો. Flour.
લોટો, n, કળશિયો. Drinking pot.
લોઢ, n. હિંડોળો, Swing. ૨. પાણીનું મોટું મોજું. Wave. ૩. માટીનો ગઠ્ઠો. Lump of clay.
લોઢવું, vt. કપાસને ચરખાથી પીલવું. To seperate cotton seeds.
લોઢી, n. લોઢાની તવી. Iron pan.

લોથ, *n.* મડદું; શબ, Corpse. ૨. પીડા. Pest. *a.* થાકી ગએલું. Tired. ૨. મૂર્ખ. Stupid. ૩. નકામું. Useless.
લોથપોથ,-ટપોટ, *a.* સાવ થાકી ગએલું. Utterly tired.
લોથવું,-ધવું, *vt.* બેચેનીમાં આળોટવું; લોથવું. To roll in uneasiness.
લોપવું, *vt.* ન માનવું. To disobey.
લોબાન, *n.* એક વૃક્ષનો ગુંદર. ધૂપમાં વપરાય છે તે. Benzoin.
લોભાવું, *vt.* લલચાવું; લોભમાં પડવું. To be allured.
લોભિયું,-ભી, *a.* લોભવાળું. Greedy.
લોલક, *n.* લટકતી અને ઝૂલતી વસ્તુ. Pendulum. 2. કાનનું ઘરેણું. Ear-drop.
લોલવું, *vt.* હાલવું. To move. શોભવું. To shine.
લોલુપ, *a.* લલુપતાવાળું; તૃષ્ણાતુર. Covetous.
લોહ, *n.* લોઢું. Iron.
લોહકાટ, *n.* લોઢાનો કાટ. Oxide of iron.
લોહચુંબક, *n.* લોઢાને આકર્ષવાના ગુણવાળું એક દ્રવ્ય. Magnet.
લોહવું, *vt.* લુછવું. To rub off.
લોહીયાળ,-ળું, *a.* લોહીવાળું. Stained with blood.
લોહી, *n.* રૂધિર; રક્ત. Blood.
લોહીલુહાણ,-લોહાણ, *a.* લોહીના રેલાથી ખરડાએલું. Stained with blood.
લોંકડી, *n.* શિયાળ. Fox.
લોંદો, *a.* ચીકણા નરમ પદાર્થનો લોચો. Clammy lump.
લૌકિક, *a.* લોકોમાં ચાલતું. General. Popular.
લૌવો, *n.* વિદૂષક. Buffoon.
લ્યાનત, *n.* શરમ; ફિટકાર. Disgrace.

'व'

વ, ઓગણત્રીસમો વ્યંજન; ચોથો અર્દ્ધસ્વર. The twenty ninth consonant of the Gujarati Alphabat. *ad.* અને. And.
વકફ, *a.* સાર્વજનિક. Public.
વકરવું, *vt.* સામું થવું; બહેકવું. To oppose.
વકરો, *n.* વેચાણ. Sale.
વકાલત,-કીલાત, *n.* વકીલનું કામ. Pleadership.
વકી, *n.* સંભવ. Possibility. ૨. આશા. Prospect.
વકીલ, *n.* કાયદાશાસ્ત્રી. Pleader. ૨. પ્રતિનિધિ. Agent.
વકીલાતનામું, *n.* અસીલ તરફથી વકીલાત કરવાનો લેખ. The power of attorney.
વકૂફ, *n.* અક્કલ; સમજ. Sense. Understanding.
વક્કર, *n.* મોભો. Reputation. ૨. વજન. Weight. ૩. લાયકી. Dignity.
વક્તા, *n.* ભાષણ કરનાર. Speaker. Orator.
વક્તૃતા,-તૃત્વ, *n.* બોલવાની છટા. Eloquence.
વક્ર, *a.* વાંકું. Curved.
વક્રદષ્ટિ, *n.* અદેખાઈ. Jealousy.
વક્રોક્તિ, *n.* કટાક્ષનું વચન; વાંકો બોલ. Sarcasm.
વક્ષ,-સ્થલ,-ક્ષઃસ્થળ, *n.* છાતી. Chest.
વખ, *n.* વિષ. Poison.
વખત, *n.* સમય. Time. ૨. કાળ. Period. ૩. તક. Opportunity. ૪. નવરાશ. Ease.
વખતસર, *ad.* યોગ્ય વખતે. Timely.
વખતે, *ad.* કદાચ; સંભવત: It is possible that.
વખતો વખત, *ad.* વારંવાર. Frequently. Often.
વખવખાટ-ખો, *n.* વખવખવું તે. Restlessness.
વખાણ, *n.* પ્રશંસા. Praise.
વખાણવું, *vt.* વખાણ કરવાં, To praise.
વખાર, *n.* કોઠાર. Storehouse.
વખો, *n.* સંકટ. Calamity. ૨. ભૂખમરાનું સંકટ. State of starvation.
વખોડવું, *vt.* ખોડ કાઢવી. To find fault with.
વગ, *n.* મોટાની સાથેનો સંબંધ. Influence. ૨. સવડ. Accomodation. ૩. તક. Circumstance.
વગડાઉ, *a.* જંગલી. Wild.
વગડો, *n.* જંગલ. Forest.
વગદાં, *n.* ફાંફાં. Vain efforts.
વગર, *ad.* વિના. without.
વગવસીલો,-સગ, *n.* મોટાની સાથેનો સંબંધ તથા તેની ઓથ. Influence.
વગળ, *n.* ભેગ. Mixture.
વગાડવું,-જાડવું, *vt.* બજાવવું. To sound.
વગેર, *ad.* અને બીજા ઈત્યાદિ. Et cetra.
વગોણું,-વણું,-વણા, *n.* નિંદા. Slander.
વગોવવું, *vt.* નિંદા કરવી. To slander.
વઘાર, *n.* દાળ કઢીને તેલ મરચાં ઈત્યાદિથી છમકારવી તે. Seasoning.
વઘારવું, *vt.* વઘાર કરવો. To season.
વચગાળો, *n.* વચ્ચેનો ભાગ. Interval.
વચન, *n.* કથન. વેણ. Speech. ૨. કોલ. Promise. ૩. સંખ્યા. Number.
વચની, *a.* વચન પાળનારૂં. Faithful.
વચમાં,-ચ્ચે, *ad.* દરમિયાન. During.
વચલું,-ચેટ, *a.* મધ્યનું. Middle.
વચ્ચોવચ, *ad.* બરાબર વચમાં. Exactly in the middle.
વચ્છનાગ-છનાગ. *n.* એક ઝેરી કંદ, Aconite.
વછિયાત, *n.* આડતિયા. Agent.
વછુટવું, *vt.* છૂટવું; જુદા પડવું. To be seperated.
વછેરી, *n.* નાની ઘોડી. Young mare.
વછેરો, *n.* નાનો ઘોડો. Colt.
વછોડવું, *vt.* જુદું પાડવું. To seperate. ૨. મુક્ત કરવું. To discharge.
વજન, *n.* ભાર. Weight. ૨. તોલ. Standard of weight. ૩. દબાણ. Pressure. ૪. મોભો. Dignity.
વજનદાર, *a.* વજનવાળું. Weighty. ૨. મોભાદાર. Influential.
વજીફદાર, *n.* જાગીરદાર. Landlord.
વજીફો, *n.* જાગીર; ઇનામમાં મળેલી જમીન. Estate.

વઝીર, *n.* પ્રધાન. Minister.
વજુદ, *n.* ખરાપણું; વાસ્તવિકતા. Truth.
વજે,*n.*પાકેલા અનાજમાં-હિસ્સો પાડીને લેવાતી મહેસૂલ. Payment in kind. [૨. વિજળી,Lightning.
વજ્ર,-જ્જર,*n.*ઇંદ્રનું આયુધ,Thunderbolt of Indra.
વજ્રલેપ, *n.* કદી ઉખડે નહિ તેવો લેપ, Very strong cement. *a.* સજ્જડ. Irremovable.
વટ, *n.* વડ.Banyan tree.૨. ટેક. Self-respect. ૩. આબરૂ. Reputation.૪. ધીરધાર થતી હોય તે બજાર. Shroff bazar. *a.* મુખ્ય. Chief.
વટલવું,-લાવું, *vt.* પરધર્મમાં જવું. To be a convert into another religion.
વટલોઇ, *n.* તાંબડી. Brass water-pot.
વટવું, *vt.* ઓળંગવું, To cross. ૨. પસાર થઈ જવું. To pass away. ૩. પાછા હઠવું. To recede. 4. નાસી જવું. To disappear.
વટહુકમ, *n.* સર્વને લાગુ પડતો હુકમ. A general order applicable to all.
વટાણો, *n.* એક કઠોળ. Field-pea.
વટાવ, *n.* વળતર; છૂટ. Discount.
વટાવવું, *vt.* નાણા કરવાં. To exchange. ૨. પરચુરણ નાણું લેવું.To cash.
વટાળ,-ળો,*n.*ભ્રષ્ટતા.Pollution.
વટાળવું,-ટલાવવું, *vt.* ભ્રષ્ટ કરવું, To pollute.
વટીક, *ad.* સુદ્ધાં, પણ. Also.
વટેમાર્ગુ, *n.* મુસાફર. Traveller.
વડ, *n.* એક ઝાડ. Banyan tree. *a.* મોટું. Elder.
વડપણ,-ણું, *a.* મોટાપણું. Greatness.
વડવા, *n.* ઘોડી. Mare.
વડવાઘોળ,-વાગોળ; *n.*વાગોળ.Wild bat;flying fox.
વડવાગ્નિ,-વાનલ, *n.* સમુદ્રમાં રહેલો અગ્નિ. Sub-marine fire. [Grand-father.
વડવો, *n.*પૂર્વજ,Ancestor.૨. મા અથવા બાપનો બાપ.
વડાઇ, *n.* મોટાઈ. Greatness. ૨. પતરાજ Vanity.
વડારણ, *n.* ગોલી; ખવાસણ. Maid-servant.
વડિયાઇ, *n.* મા અથવા બાપની મા. Grandmother.
વડીલ, *a.*&*n.* મોટું મુરબ્બી. Elder.
વડીલોપાર્જિત, *a.*બાપદાદાએ રળેલું. Ancestral.
વડું, *a.* અડદની દાળનીએકવાની,Kind of fried dish.
વડે,-તે, *prep.* થી; વતી. By; With.
વઢકણ,-ણું,-કારૂં,-વાડિયું,*a.*કજિયાખોર.Quarrelsome.
વઢવાડ,-વેડ, *n.* તકરાર; કજિયો. Quarrel.
વઢવું, *vt.* કજિયો કરવો. To quarrel. ૨. મારામારી કરવી. To fight. 3. ઠપકો આપવો. To scold.
વણ, *ad.* વિના. Without.
વણકર, *n.* વણવાનો ધંધો કરનાર. Weaver. [ness.
વણજ,*n.*વેપારનીવસ્તુ. Commodity. ૨. વેપાર. Busi-
વણજાર, *n.* પોઠ કે કાફલો. Caravan.
વણજારો, *n.* બળદોની પીઠ પર માલ ભરી પરદેશમાં લઇ જનાર વેપારી. Travelling merchant.
વણવું, *vt.* સાળ વડે કપડું બનાવવું, To weave. ૨. રોટલી કરવી. To roll. ૩.આમળવું,.To interwine.
વણસવું, *vt.* બગડવું; ખરાબ થવું. To be spoiled.
વણાટ, *n.* પોત; કુમાશ. Texture.
વણિક, *n.* વેપારી; વાણિયો. Merchant. [animal.
વણિયર, *n.* એક નાનું ચોપગું પ્રાણી. A carnivorous
વતન, *n.* મૂળ ગામ કે દેશ. Native place. ૨. ઈનામ દાખલ મળેલી જાગીર. Estate.
વતની, *n.* રહીશ. Resident.
વતરણું, *n.* કલમ. Pen.
વતાવવું, *vt.* છેડવું. To tease. ૨. બતાવવું.To point. out. ૩. પજવવું. To harass. [લાવણ્યવતી. suffix.
વતી, *prep.* બદલે. Instead of. વડે.For.પ્રત્યય જેમકે;
વતેસર, *a.*&*n.* લાંબુ. Lengthy.
વત્તુ, *a.* વધારે. More.
વત્સ, *n.* બાળક. Child. વાછરડું, Calf.
વત્સર, *n.* વર્ષ. Year.
વત્સલ, *a.* માયાળુ; સ્નેહાળ. Kind.
વદ,-ધ,-દિ, *n.* કૃષ્ણપક્ષ; અંધારિયું. Dark half of the Hindu Lunar month. [Contradiction.
વદતોવ્યાઘાત, *n.* પોતે બોલેલી વાતથી વિરૂદ્ધ બોલવું તે.
વદન, *n.* મો. Face.
વદવું, *vt.* બોલવું. To speak.
વદાડ,-ર,*n.* વાયદો, A stipulated time [crease.
વધ, *n.* કાપી નાખવું તે. Slaughter. ૨. વધારો, In-
વધઘટ, *n.* વત્તુ ઓછું થવું તે.Increase or decrease.
વધરાવળ; *n.* વૃષણનો એક રોગ, Hydrocele.
વધવું, *vt.* વધારો થવો; મોટા થવું. To increase. ૨. બાકી રહેવું, To have a remainder. ૩. આગળ જવું. To advance.
વધાઈ,-મણી, *n.* શુભ સમાચાર. Good news.
વધારવું, *vt.* વધારો કરવો. To increase. વિસ્તારવું. To expand.
વધારે પડતું, *ad.* જોઇએ તે કરતાં વધારે. More than necessary. [Appendix.
વધારો, *n.* નફો; બાકી, વૃદ્ધિ, Surplus. ૨. પુરવણી.
વધાવવું, *vt.* હર્ષભેર આવકાર આપવો. To welcome [ceromoniously.
વધુ,-ધારે, *a.* વધારે. More.
વધૂ, *n.* પત્ની. Bride ૨.. છોકરાની વહુ. Son's wife.
વધેરવું, *vt.* બલિદાન આપવું.To sacrifice.૨. ભાંગવું; ફોડવું. To crush.
વન, *n.* જંગલ. Forest.
વનરાજ, *n.* સિંહ. Lion.
વનરાજી,-જિ,-ઇ, *n.* ઝાડોની લાંબી હાર. Woods.
વનવાસ, *n.* વનમાં વસવું તે. Dwelling in a forest.
વનસ્પતિ, *n.* ઝાડ છોડ વિગેરે. Vegetables. Greens.
વનસ્પતિવિદ્યા,-શાસ્ત્ર,*n.*વનસ્પતિને લગતુંશાસ્ત્ર.Botany.
વનિતા, *n.* સ્ત્રી. Woman.
વપરાટ,-શ, *n.* ઉપયોગ; વાપર. Use.
વપરાવું, *vt.* વપરાય એમ કરવું. To be used,

વપુ, *n.* શરીર, Body.
વફા,-ઇ,-દારી. *n.* પ્રમાણિકપણું;શ્રદ્ધા. Fidelity,
વફાદાર, *a.* વિશ્વાસુ; સ્વામીભક્ત, Loyal.
વમન, *n.* ઉલટી. Vomitting.
વમળ, *n.* વહેતાપાણીમાંથતુંકુંડાળું-ભમરો. Whirlpool.
વય *n.* ઉમ્મર. Age.
વર,*a.* ઉત્તમ.Best. *n.* વરરાજા. Bridegroom. ૨.પતિ. Husband. ૩. વરદાન. Boon.
વરક,-ખ. *n.* સોના કે ચાંદીનું છેક પાતળું પતરું. Silver or gold leaf. [procession.
વરઘોડો, *n.* પરણવા જતા વરની સવારી. Marriage.
વરજોગ, *a.* પરણવા લાયક. Marriageable.
વરજોળો, *n.* ઉચાટ; ચિંતા. Anxiety.
વરણાગિયું, *a.* ટાપટીપ કરનારૂં. Foppish. [teem.
વરણી,-રણી, *n.* પસંદગી. Selection. ૨. લેખુ. Es-
વરતવું,*vt.*વર્તવું;ચાલવું.To act.૨.થવું. To happen. ૩. ઓળખવું,To rocognise.૪. પ્રાપ્ત થવું.To gain.
વરતારો, *n.* ભવિષ્યકથન. Foretelling.
વરદાન, *n.* દેવદેવીએ આપેલું વચન. Boon.
વરદી, *n.* ખબર. Information. ૨, હુકમ. Order.
વરમ, *n.* સોજો. Inflammation.
વરમાળ,-ળા, *n.* પરણતી વખતે વરકન્યાના કંઠમા નંખાતી સૂતરની માળા. Nuptial garland.
વરરાજા, *n.* વર. Bridegroom.
વરવધૂ,-વહુ, *n.* પતિપત્ની. Husband and wife.
વરવું, *vt.* લગ્ન કરવાં. To marry. ૨.વપરાવું. To be used. *a.* કદરૂપું; બેડોળ. Ugly.
વરશી, સી, *n.* મરનારની વાર્ષિક તિથિ. Anniver-
વરસ, *n.* વર્ષ. Year. [sary of the dead.
વરસગાઠ, *n.* જન્મગાંઠ. Birth-date.
વરસવું, *vt.* વરસાદ પડવો. To rain.
વરસાદ, *n.* વાદળામાંથી પાણીનું પડવું તે. Rain.
વરસોવરસ, *ad.* દરવર્ષે. Every year.
વરંડો, *n.* ઓસરી; પડાળી. Verandah.
વરાડું,-ડેડું, *n,* દોરડું. Rope.
વરાધ, *n.*બાળકને થતો એક રોગ.Whooping cough.
વરાહ, *n.* ડુક્કર. સૂવર. Boar. [Steam.
વરાળ, *n.* પાણી ગરમ થતાં તેનું વાયુ રૂપે થતું રૂપાંતર.
વરાળયંત્ર, *n.* વરાળથી ચાલતું યંત્ર. Steam-engine.
વરિયાળી, *n.* મુખવાસ તરીકે વપરાતું એક બી. Indian
વરિષ્ઠ, *a.* સર્વોત્તમ. Highest.[sweet fennel seed.
વરૂ, *n.* ચોપગું પ્રાણી. Wolf.
વરુણ, *n.* પાણીનો અધિષ્ઠાતા દેવ. Deity of water. ૨. એક ગ્રહ. Neptune. [lent.
વરેણ્ય, *a.* પસંદ કરવા યોગ્ય.Eligible.ઉત્તમ. Excel-
વરો, *n.* જમણ. Dinner party.
વર્ગ, *n.* મોટા સમુદાયનો એક ભાગ. Class. ૨. શ્રેણી. Series. ૩. વિભાગ. Division. ૪.જાત. Category.
વર્ગમૂલ,-ળ, *n.* Square root,
વર્ગવારી,-ર્ગીકરણ, *n,* જાતવારગોઠવણી. Classification.
વર્ચસ. *n.* તેજ;દીપ્તિ. Lustre. બળ,પરાક્રમ.Vigour,
વર્ચસ્વી, *a.* તેજસ્વી. Lustrous.
વર્જવું, *vt.* તજવું. To renounce,
વર્જિત, *a.* છાડી દીધેલું, Forbidden,
વર્જ્ય-ર્જનિય, *a.* તજવા યોગ્ય. Fit to be avoided.
વર્ણ, *n.* રંગ. Colour. ૨. અક્ષર. Letter. ૩. રૂપ. Complexion.
વર્ણન, *n.* બયાન. Description, પ્રશંસા. Praise.
વર્ણમાલા,-ળા, *n.* ભાષાના મૂળાક્ષરો. Alphabet.
વર્ણવવું,-વું, *vt.* વર્ણન કરવું. To describe.
વર્ણસંકર, *n.&a.* ભિન્ન વર્ણનાં સ્ત્રી પુરુષથી ઉત્પન્ન થયેલું. Hybrid.
વર્ણાંતર, *a.&n.* ભિન્ન ભિન્ન વર્ણનું. Endogamous,
વર્ણ્ય,-ર્ણનીય, *a.* વર્ણવા યોગ્ય. Describable.
વર્તણુંક,-તાવ,*n.*વર્તવાની રીત; ચાલચલગત. Conduct.
વર્તન,*n.*આચરણ. Behaviour. [*n.* સમાચાર. News.
વર્તમાન, *a.* ચાલુ. Current. ૨. આધુનિક. Modern.
વર્તમાનકાળ, *n.* ચાલુ સમય. Present tense.
વર્તમાનપત્ર, *n.* છાપુ. Newspaper.
વર્તવું, *vt.* આચરણ કરવું. To act.૨. થવું. To be. ૩. પારખવું. To make out.
વર્તુલ-ળ,*n.*ગોળ કુંડાળું. Circle.
વર્તુલાકાર, *a.&n.* ગોળ. Round.
વર્ધન, *n.* વધવું તે. Augmentation. ૨. આબાદાની. Prosperity. [sperous.
વર્ધમાન, *a.* વધતું.Advancing. ૨.આબાદ થતું. Pro-
વર્ય, *a.* ઉત્તમ. Best. પ્રત્યય છે. જેમ-: પંડિતવર્ય,
વર્ષ, *n.* બાર માસનો સમય. Year. [Suffix.
વર્ષા,-રૂતુ, *n.* વરસાદની ૠતુ. Monsoon.
વર્ષાસન,*n.*ગુજરાન માટે મળતી વાર્ષિક રકમ.Annuity.
વલખાં, *n.* ફાંફાં. Vain efforts.
વલણ,-ળણ, *n.* વૃત્તિ; મનનું વળવું તે, Inclination. ૨. વાંક. Curve. ૩. મરોડ. Specimen. ૪. નફાતોટાની પતાવટ. Settlement. [કરવું To prattle.
વલવલવું,*vt.*વલખાંમારવાં.To be restless.૨.બોલબોલ
વલવલાટ, *n.* વલખાં મારવાં તે. Restlessness.
વલંદો, *n.* હોલેન્ડનો વતની. Dutch.
વલુર, *n.* ખજવાળ; ચળ. Itch.
વલુરવું, *vt.* ખજવાળવું. To itch. To scratch.
વલે, *n.* હાલત; સ્થિતિ.Condition.૨.ઉપાય.Remedy. ૩. ખરાબ દશા. Wretched state. staff.
વલોણું,*n.*વલોવવું તે. Churning.૨.રવાઇ. Churning
વલોપાત, *n.* આક્રંદ; કલ્પાંત. Weeping. [vessel.
વલોવવું, *vt.* માખણ દહીંને વાંસવડે ઘુમડવું.To churn.
વલ્કલ, *n.* ઝાડની છાલનું વસ્ત્ર. Bark-garment.
વલ્લભ, *a.* પ્રિય. Dear. *n.* પતિ. Husband.
વલ્લભા, *n.* પત્ની. Beloved. Wife.

વવડાવવું,-વાવવું. *vt.* વાવે એમ કરવું.To get planted.
વવળાટ. *n.* ચળ, ખજવાળ. Itch.૨. સળવળાટ.Sensation. [૨. મુગ્ધ. Enchanted.
વશ. *a.* તાબે; શરણે. Subjected. Obedient.
વશવર્તી, *a.* તાબે રહેનારૂં. Submissive.
વશીકરણ, *n.* જાદુ. Spell.
વસતિ,-તી. *n.* લોકસંખ્યા. Population. ૨. રહેઠાણ. Abode. ૩. વસેલી જગા. Populated place,
વસતિપત્રક, *n.* વસ્તિની ગણતરી. Census.
વસમુ. *a.* મુશ્કેલ. Difficult. ૨. માઠું. Evil.
વસવસો, *n.* વહેમ; અંદેશો. Doubt.
વશવાટ, *n.* વસતું તે. Habitation.
વસવાયુ. -યો, *n.* ગામ તરફથી પસાયતાં આપી વસાવેલા હજામઘોબીવગેરે. Individual of the artisan class.
વસવું, *vt.* વસવાટ કરવો.To dwell. ૨. મનમાં ઉતરવું. To be impressed with.
વસંત, *n.* ફાગણ ચૈત્ર માસની ઋતુ; ઋતુરાજ.Spring.
વસાણું. *n.* ઔષધિઓ નાખી બનાવેલો પાક.An ectuary prepated from several drugs.
વસાવવું. *vt.*માણસોને લાવી રહેઠાણ કરાવવું,To colonize.
વસાહત, *n.* સંસ્થાન. Colony.
વસિયત,-નામું, *n.* વારસા સંબંધી લખાણ. Will.
વસીલો *n.* વગવગ. Influence.
વસુ, *n.* સોનું. Gold. ૨. ધન. Wealth.૩.સૂર્ય. Sun.
વસુધા,-મતી,-સુંધરા. *n.* પૃથ્વી. Earth.
વસુકવું, *vt.* દૂધ દેતાં બંધ થવું.To stop giving millk.
વસુલ,-લાત.*n.*મહેસુલ.Revenue.૨.આમદાની.Income.
વસો, *n.* સોમો ભાગ. A hundreth part. ૨. વીઘાનો વીસમો ભાગ. Twentieth part of a vigha. ૩. આબરૂ. Credit. [family.
વસ્તારી, *a.* બહોળા કુંટુંબવાળુ. Having a large
વસ્તુ, *n.* ચીજ. Thing. ૨. સત્ય સાર. Truth. *ad.* નાટક કે કથાનો વિષય. Plot.
વસ્તુત: ખરૂં જોતાં. Really.
વસ્ત્ર, *n.* કપડું. Dress. Cloth
વસ્લ, *n.* મેળાપ. Meeting.૨. સંબંધ. Connection.
વહન, *n.* વહેવું તે. Flowing. ૨. વાહન.Conveyance. ૩. ઉચકીને લઈ જવું તે. Carrying.
વહવું, *vt.* વહન કરવું. To carry.૨.વહેવું,To flow.
વહાણ, *n.* મોટો મછવો.Boat. [Marine merchant.
વહાણવટી.*n.*વહાણ હંકારનાર. Sailor.૨.દરિયાઇવેપારી.
વહાણવટું, *n.* દરિયામાં વહાણ ફેરવવાં તે.Sea-faring.
વહાણું, *n.* પ્રભાત. Dawn.
વહાર, *n.* મદદ. Help. Aid. Assistance.
વહાલ,-પ,-પણ, *n.* પ્રીતિ. Affection.
વહાલમ.-લો, *n.* પિયું; કાંત. Husband.
વહાલસોયું. *a.* લાડકવાયું. Favourite.
વહાલું. *a.* પ્રિય. Dear.
વહાલી. *n.* પ્રિયા. Beloved,

વહી, *n.* નામાનો ચોપડો. Account book.
વહીવટ, *n.* કારભાર. Management. ૨. પદ્ધતિ. System. ૩. સંબંધ. Intercourse.
વહીવટદાર, *n.* કારભારી. Manager.
વહીવંચો. *n.* પેઢીનામું રાખનાર ભાટ. Family bard.
વહુ, *n.* પત્ની. Wife, ૨. છોકરાની વહુ, Son's wife.
વહેણ, *n.* પ્રવાહ. Flow.
વહેમ, *n.* શંકા. Doubt. ૨. ભ્રમ. Illusion.
વહેમાવું, *vt.* શંકા આવવી. To doubt.
વહેમી,-લું, *a.* વહેમથી ભરેલું. Suspicious.
વહેરવું, *vt.* કરવતથી કાપવું. To cut. To saw.
વહેરો,-આંતરો,-વંચો,*n.*ભેદભાવ.તફાવત.Difference.
વહેલ, *a.* રથ. Chariot.
વહેલું, *a.* જલદી. Early. ૨. ઉતાવળું. Fast.
વહેવાર, *n.* સંબંધ; ઘરવટ. Intercourse. ૨. ધીરધાર. Dealings. ૩. આચરણ; વર્તન. Social conduct. ૪. રૂઢિ. Usage.[glide. ૩. વીતવું. To pass away.
વહેવું, *vt.* ઉચકવું. ખમવું. To bear. ૨. સરવું. To
વહેળો,-હેળીયું, *n.* નાનો પ્રવાહ. Rivulet.
વહેંચણ,-ણી, *n.*ભાગ કરવા તે.Distribution. હિસ્સો.
વહેંચવું, *vt.* ભાગ પાડવા. To divide. [Dividend.
વહોરવું,*vt.*ખરીદવું.To buy.૨.માથેલેવું.To undertake.
વહોરો,*n.*શિયા મુસલમાનનીજાતનોએકમાણસ, A Bora.
વળ, *n.* આમળો. આંટો. Twist. ૨. યુક્તિ. Device. ૨. અંટસ. Spite. [3. ટંટો કરવો. To wrangle.
વળગવું,*vt.*બાઝવું. To cling. ૨.લપેટાવું To embrace.
વળગાડ, *n.* ભૂતપ્રેતની ઝપટ. Evil spirit.
વળગાડવું, *vt.* સંધાડવું. To attach to ૨. માથે નાખવું. To force upon. [Compensation.
વળતર. *n.* બદલા તરીકે કાંઈ મજરે આપવાનું હોય તે.
વળવું,*vt.*વાંકા વળવું.To bend.પાછા ફરવું,૨.To return.
વળાવવું.*vt.*મોકલવું.To send.૨.વિદાય કરવું.To see off.
વળાવિયો.-વો, *n.* ભોમિયો. Guide.
વળી, *ad.* વધારામાં; ઉપરાંત. Again. *n.* પાતળો સોટો. Round thin rafter. [To bend.
વંકાવું,*vt.*રિસાવું. To take to offence. ૨.વાંકા વળવું.
વંચાવવું, *vt.* વંચાય એમ કરવું. To get read.
વંચાવું, *vt.* વાંચે એમ થવું. To be read.૨.નિંદા થવી. To be talked about. [Devoid of.
વંચિત, *a.* છેતરાયેલું; વિમુખ; હીન. Deceived.
વંઝા, *n.* વાંઝણી સ્ત્રી Childless woman.
વંટોળ,-ળિયો, *n.* કૂંડાળાં કરતો જોરમાં વાતો પવન. Whirlwind.
વંઠવું, *vt.* ફાટવું; હાથથી જવું. To be insolent.
વંડી,-ડો, *n.* ખુલ્લીજમીનની નાની ભીંત. Compound wall.
વંતરી, *n.* ભૂતડી. Witch.
વંતાક, *n.* રીંગણું, Brinjal.
વંદન,-ના, *n.* નમસ્કાર, Obeisance.
વંદનીય, *a.* વંદન કરવા યોગ્ય.Fit to be respected,

વંદવું, *vt.* પ્રણામ કરવા. To pay homage to.
વંદો, *n.* એક જીવડું. Beetle.
વંધ્ય, *a.* વાંઝિયું. Barren.
વંધ્યા, *n.* વાંઝણી. A barren wooman.
વંશ, *n.* પુત્રપૌત્રાદિકનો ક્રમ; કુળ. Lineage. ૨. વાંસ
Bamboo. વાંસળી. Pipe.
વંશજ, *a.* & *n.* સંતાન વારસદાર. Descendent.
વંશપરંપરા. *n.* પેઢીનો ક્રમ. Heredity.
વંશવૃક્ષ,–શાવળિ, *n.* પેઢીનામું. Geneological tree.
વા, *conj.* યા; અથવા. Or. *n.* પવન. Wind. ૨. સાંધા
રહી જવાનો રોગ. Rheumatism.૩. તરંગ. Fancy.
૪. વાઈ, *n.* મૂગી; ફેફરૂં. Hysteria. [Expert.
વાકેફગાર. *a.* જાણીતું. Acquainted with. પ્રવીણ.
વાક્ચાતુરી,–ચર્ય–પટુતા, *n.* બોલવાની ચાતુરી. Elocu-
વાક્પટુ. *a.* બોલવામાં ચતુર. Eloquent. [tion.
વાક્ય, *n.* પૂર્ણ અર્થ બતાવેવો. શબ્દસમૂહ. Sentence.
૨. વચન. Promise.
વાક્યરચના,વિચાર,વિન્યાસ, *n.* વાક્યનીરચના.Syntax.
વાખરો, *n.* ઘરગથુ સામાન.Household articles.
વાગવું, *vi.* અવાજ નિકળવો. To sound. ૨. ઈજા થવી.
To be injured. ૩. કલાક વાગવા. To strike.
વાગિંદ્રિય, *n.* જીભ. Tongue.
વાગોલ,–ળ,–ળું, *n.* વડવાગોળ. Bat.
વાગોળવું, *vt.* ખાધેલુંમોંમાં લાવી ફરી ચાવવું.To chew.
વાગ્દાન, *n.* સગાઈ. Betrothal.
વાગ્બાણ, *n.* મહેણું, Taunt.
વાઘ, *n.* એક હિંસ્ર પ્રાણી. Tiger.
વાઘણ, *n.* વાઘની માદા. Tigress.
વાઘો. *n.* પોશાક. Dress of honour.
વાઙ્મય, *n.* સાહિત્ય. Literature.
વાચ,–ચા, *n.* વાણી. Speech. ૨. બોલી. Dialect.
વાચક, *a.* બોલતું. Speaking. ૨. દર્શક. Declara-
tory. *n.* વાંચનાર. Reader.
વાચકવર્ગ,*n.*વાંચનારાઓનોવર્ગ.The reading public.
વાચન, *n.* વાંચવું તે. Reading. ૨.અભ્યાસ. Study.
વાચનમાળા. *n.* વર્ગોમાં ચલાવવા તૈયાર કરેલી ચોપડી-
ઓની શ્રેણી. Series of reading books.
વાંચનાલય, *n.* લાયબ્રેરી. Reding room. [meaning.
વાચ્યાર્થ, *n.* શબ્દ વાંચતાં નિકળતો અર્થ, Literal
વાછટિયું, *n.* વાછંટ અટકાવવા કરેલું છજું. Weather
વાછડી,–રડી, *n.* ગાયનું માદા બચ્ચું, Heifer. [board.
વાછડું,–ડો, *n.* ગાયનું નર બચ્ચું, Calf. [wind.
વાછૂટ, *n.* ગુદા વાટે પવન નીકળવો તે. Breaking of
વાજ, *n.* પીડા;.Trouble. ૨. ઉપદેશ. Preaching.
૩. યજ્ઞ. Sacrifice. ૪. સંગ્રામ. Battle. ૫. બાણનું
વાપીછું. Feather of an arrow. ૬. બળ. Vigour,
વાજબી, *a.* યોગ્ય, Proper. [*a.* કંટાળેલું. Tired.
વાજિત્ર, -જિંત્ર, *n.*વાદ્ય;વાજું.Musical instrument.
વાજી, *n.* ઘોડો. Horse. ૨. બાણ. Arrow,

વાજીકરણ, *n.* વીર્યવર્ધક ઔષધ.Stimulating. Medi-
વાજું,*n.*વાજિંત્ર.વાદ્ય. Musical instrument. [cine.
વાટ, *n.* માર્ગ. Way. ૨. પ્રતીક્ષા, રાહ. A waiting.
૩. દિવેટ. Wick. ૪. પૈડા પરનો લોઢાનો પાટો. Tyre.
વાટખરચ,ર્ચી,*n.*મુસાફરીખર્ચ.Travelling expenses.
વાટકી,–ડકી,–ટી, *n.* છાલી. Brass or copper cup.
વાટવું, *vt.* ભૂકો કરવો; લસોટવું. To pound.
વાટવો, *n.* હાથથેલી. Purse.
વાટાઘાટ, *n.* પંચાત; ભાંજગડ. Discussion.
વાટિકા, *n.* બગિચો; વાડી. Garden.
વાટો, *n.* ગોળ લાબો વીંટો. Corrugation.
વાડ, *n.* જમીનની ચારે બાજુએ કરેલી આડ. Fence.
વાડી, *n.* બાગ. Garden ૨. ફૂલ ગૂંથીને કરેલો શણગાર.
Network of flowers.
વાડો, *n.* પછવાડે આંતરેલી ખુલ્લી જગા. Enclosure.
૨. સંડાસ. Privy. ૩. મહોલ્લો. Ward. ૪.તડ; પક્ષ.
Party. [sugarcane. ૩. કાપણી.Reaping.
વાઢ, *n.* કાપ; જખમ. Cut. ૨. શેરડીનુંખેતર. Field of
વાઢકાપ, *n.*દાક્તરે શરીરને ચીરવું કે કાપવું તે.Surgical
વાઢવું, *vt.* કાપવું.To cut. [operation.
વાણી, *n.* કથન. Speech. ૨. બોલી. Utterance. ૩.
સ્વર. Voice.
વાણો, *n.* વણતાં નંખાતા આડા દોરા. Woof.
વાણોતર, *n.* ગુમાસ્તો. Clerk.
વાત, *n.* પવન. Air. ૨. શરીરની ત્રણ ધાતુઓમાંનીએક.
One of the three humours of the body.
વાતચિત. Talk. ૪. કથા. Story. ૫. હકીકત. His-
વાતચીત, *n.* સંભાષણ. Conversation. [tory.
વાતાવરણ, *n.* પૃથ્વીને વીંટળાઈને રહેલું વાયુનું આવરણ.
Atmosphere. ૨. પરિસ્થિતિ. Circumstance.
વાતોડિયું,–ડું, *a.* વાતો કરવાની ટેવવાળું.Talkative.
વાત્સલ્ય, *n.* મમતા; પ્રેમ. Affection.
વાદ, *n.* ચર્ચા. Debate. ૨. તકરાર. Controversy.
૩, ચડસાચડસી. Rivalry. કોઈ વિષય કાઢેલું અનુમાન
વાદાસ્પદ, *a.* ચર્ચાસ્પદ. Disputed, [Theory.
વાદવિવાદ, *n.* ચર્ચા. Debate. ૨. તકરાર. Dispute.
વાદળ,–ળું, *n.* આકાશમાં એકઠો થયેલો વરાળનો સમૂહ.
Cloud.
વાદળી, *a.* વાદળી રંગનું નીલવર્ણું. Blue. *n.* ૨. નાનું
વાદળ. Small cloud. ૩. પાણી ચૂસી શકે તેવી એક
બનાવટ. Sponge. [૩. મદારી. Conjurer,
વાદી, *n.* ફરિયાદી. Plainitiff. ૨. બોલનાર. Speaker.
વાદ્ય, *n.* વાજિંત્ર. Musical instrument.
વાધણ,–ણી, *n.* હેડકી, Hiccough.
વાધર,–રી, *n.* ચામડાની સાંકડી પટી. Leather strap.
વાન, *n.* રંગ;વર્ણ. Colour.શરીરનો બાંધો. Physique.
વાનગી,*n.*નમુનો.Specimen.નવાઇની ચીજ.Novelty.
વાનપ્રસ્થ, *a.* છૂટું થયેલું નિવૃત. Retired,
વાનર, *n.* વાંદરો; કપિ, Monkey,

વાની, *n.* જાત; જણસ. Sort. ૨. મડદાની રાખ. Ashes of a dead body.
વાનું, *n.* વસ્તુ; ચીજ. Article.
વાપર, *n.* વપરાશ. Use.
વાપરવું, *vt.* વપરાશમાં લેવું. To use. વાપરી નાખવું To spend.
વામ, *n.* હાથ જેટલું માપ. Fathom. *a.* સુંદર, Beautiful. ૨. ડાબું. Left. ૩. પ્રતિકૂળ. Adverse.
વામન, *a.* ઠીંગણું. Short. *n.* ઠીંગણો. Dwarf.
વામવું, *vt.* ફેંકી દેવું. To throw overboard. ઓછું કરવું. To lessen. તજવું. To abandon.
વાયકા, *n.* ઊડતી વાત. Rumour.
વાયડું, *a.* પેટમાં વાયુ ઉત્પન્ન કરતું. Flatulent હઠીલું. Obstinate.
વાયદાસર, *ad.* મુદતસર. Timely.
વાયદો, *n.* વચન. Promise. ૨. મુદત; અવધિ. Stipulated time.
વાયરો, *n.* પવન. Wind.
વાયલ,-લી. *a.* તરંગી, Whimsical.
વાયવ્ય,-યુકોણ, *n.* & *a.* ઉત્તર-પશ્ચિમ ખૂણો. North west corner.
વાયુ, *n.* પવન. Wind. ૨. બાદી. Gas.
વાયુચક્ર,-મંડલ, *n.* વાયુમંડળ; વાતાવરણ. Atmosphere.
વાયુચક્રશાસ્ત્ર, *n.* વાતાવરણમાં થનારા ફેરફારો જાણવાનું શાસ્ત્ર. Meteorology.
વાયુવેગી, *a.* પવનવેગી. Swift as wind.
વાર, *n.* ત્રણ ફૂટ જેટલું માપ, Yard. ૨. અઠવાડિયાનો દિવસ. Day of the week. ૩. સમય. Time. ૪. ફેરો. Turn. ૫. ઢીલ; વિલંબ. Delay.
વારવું, *vt.* To મના કરવી. To forbid.
વારસ, *n.* મરનારની મિલકતનો હકદાર. Heir.
વારસનામું, *n.* વસિયતનામું. Will.
વારસાગત, *a.* વારસામાં ઉતરેલું. Hereditary.
વારસો,સાઇ. *n.* વારસનેમળેલીમરનારનીમિલકત. Legacy.
વારંવાર. *ad.* ફરીફરીને; વારેઘડીએ. Frequently.
વારાફરતી, *ad.* વારા પ્રમાણે. One after another.
વારાંગના. *n.* ગણિકા. Courtezan. ૨. વેશ્યા. Prostitute.
વારિ,-વારૂણ, *n.* પાણી; નીર, Water.
વારિધિ, *n.* સમુદ્ર. Sea.
વારી, *n.* ઘોડો. Horse. ૨. વારો. Turn. ૩. બદલો લેવાનો અવસર. Occasion.
વારુ, *ad.* ઠીક. Well. *a.* સારૂ. Good. સુંદર. Charming.
વારેઘડીએ -વારે, *ad.* વારંવાર. Often.
વારો, *u.* ક્રમ; પાળી. Turn. ૨. અણુંજે પાકી. Cessation of work.
વાર્તા,-ર્ત્તા, *n.* કથા. Story. ૨, સમાચાર. Tidings.
વાર્ષિક, *a.* & *n.* દર વર્ષે બનતું. Yearly.
વાલ, *n.* એક કઠોળ. Bean. ત્રણ રતી જેટલું તોલ. 1/32. part of a tola.
વાલી, *n.* રક્ષક; પાલક. Guardian.
વાવ, *n.* પગથિયાં વાળો કુવો. Well with steps.
વાવટો, *n.* ધજા. Flag.
વાવડ. *n.* સમાચાર. Tidings. ૨. રોગનુંફેલાવું તે. Spread.
વાવણી, *n.* વાવવું તે. Sowing.
વાવરવું, *vt.* વાપરવું. To use.
વાવવું, *vt.* ઉગાડવા માટે જમીનમાં બી કે ગોટા નાખવા. To sow.
વાવટોળ,-વાઝોડું, *n.* વંટોળિયાનું તોફાન. Hurricane.
વાવું, *vt.* ફૂંકાવું. To blow.
વાવેતર, *n.* વાવવું,-વાવેલું. તે; વાવેલી જમીન. Cultivation.
વાસ, *n.* વસવાટ Residence. ૨. પોળ. Street. ૩. ગંધ. Smell.
વાસણ, *n.* પાત્ર, ઠામ. Vessal.
વાસણકૂસણ, *n.* રાંધવાનાં વાસણ. Culinary utensils.
વાસના, *n.* કામના, ઈચ્છા. Wish. ૨. વાસ. Scent.
વાસર, *n.* દિવસ: વાર. Day.
વાસવું, *vt.* બંધ કરવું. To close. To shut.
વાસંતિક, *a.* વસંત ઋતુનું. Vernal. *n.* વિદૂષક. Buffoon. ૨. નટ. Actor.
વાસી, *a.* આગલા દિવસનું. Not fresh.
વાસીદું, *n.* પૂંજો; છાણ. મુતર વિગેરે. Sweepings.
વાસો, *n.* વાસ કરવો તે. Lodging.
વાસ્તવ,-વિકતા, *n.* વાજબીપણું; સાચી હકીકત. Being proper.
વાસ્તવિક. *a.* ખરૂં; વાજબી. Real.
વાસ્તુ, *n.* નવા ઘરમાં રહેવા જતાં કરાતી ક્રિયા, Ceremoney at entering a new house.
વાસ્તે, *an.* તેથી. Therefore. કાજે, For.
વાહ, *inter.* શાબાશ. Bravo! ૨. સરસ! Wall!
વાહન, *n.* જમીન પર આવજામાટે વપરાતું સાધન. Conveyance. ૨. માધ્યમ. Medium.
વાહવાહ, *n.* વખાણ. Praise.
વાહિયાત. *a.* નકામું, Useless.
વાળ, *n.* કેશ. Hair.
વાળણ, *n.* ઉતાર. Anti-dote.
વાળવું, *vt.* વાંકુંકરવું. ૨. નમાવવું. To bend. ૩. વાળીને આકાર કરવો. To fold. પાછા ફેરવવું. To send back. કચરો કાઢવો To sweep.
વાળંદ, *n.* હજામ. Barber.
વાળી, *n.* નથ; કડી. Nose-ring.
વાળુ, *n.* રાત્રિભોજન. Dinner. રેતી, Sand.
વાળો. *n.* એક રોગ. Guinea-worm. ૨. ધાતુનો તાર, Metal thread.
વાંક. *n.* અપરાધ; ખામી, Fault. રસ્તાનો વાં. Curve.
વાંકું. *a.* સીધું નહિ એવું. Crooked. ૨. વક્ર. Oblique ૩. ખોટું. False. ૪. સામું થયેલું Hostile.
વાંકુચૂંકું, *a.* આડુઅવળું. Zigzag.
વાંચન, *n.* વાંચવું તે. Reading.
વાંચવું, *vt.* લખેલું ઉકેલવું. To read.
વાંછવું, *vt.* ઇચ્છવું. To desire. To wish.
વાંછિત, *a.* ઇચ્છેલું. Desired. Wished for.
વાંઝણી, *a.&n.* સંતતી ન થતી હોય તેવું. Barren.
વાંટવું, *vt.* વહેંચવું. To divide.
વાંટો, *n.* ગરાસ કે નરવાની જમીનનો ટૂકડો. Land held in fee simple.
વાંઢો, *n.* નહિ પરણેલો. A bachelor.
વાંદ,-રું,-રો, *n.* કપિ. Ape.
વાંદરચેષ્ટા,-નકલ,-વેડા, *n.* અડપલું. Mimicry,

વાંદો, *n.* વંદો; એક જીવડું. Insect.
વાંધો, *n.* વિરોધ; હરકત. Objection.
વાંસ,-ડો, *n.* એક ઝાડ-તેનો સોટો. Bamboo.
વાંસકપુર, *n.* વાંસમાંથી નીકળતું કપુર. Silicious concretion found inside a bamboo.
વાંસલો. *n.* સુથારનું એક ઓજાર. Adze.
વાંસળી.-લડી, *n.* બંસી. Flute.
વાંસે, *ad.* પછવાડે. Behind.
વાંસો, *n.* પીઠ; બરડો. Back.
વિકટ, *a.* મુશ્કેલ; દુર્ગમ. Difficult. ૨. વિકરાળ. Fri-
વિકરાલ,-ળ *a.* ડરામણું; ભયાનક.Dreadful. [ghtful.
વિકલ,-ળ, *a.* વિહ્વળ;વ્યાકુળ.Perplexed.Restless.
વિકલ્પ, *n.* તર્કવિતર્ક, Indecision. ૨. આ કે તે.
વિકસવું, *vt.* ખીલવું. To develop. [Alternative.
વિકસાવવું, *vt.* ખીલવવું. To expand.
વિકાર,-કૃતિ,-ક્રિયા, *n.* ફેરફાર; પરિવર્તન. Change. ૨. તફાવત. Variation. ૩. બગાડ. Disorder.
વિકાસવું, *vt.* ખીલવું. To bloom. ૨. પહોળું થવું. To expand. [ding.
વિકાસ, *n.* ઉત્ક્રાંતિ. Evolution. ખીલવું તે. Expan-
વિકૃત, *a.* વિકાર પામેલું. Spoiled.
વિક્રમ, *n.* પરાક્રમ. Heroism. પગલું. Step.
વિક્રમસંવત, *n.* વિક્રમ રાજાથી ચાલેલો સંવત્સર, Era
વિક્રય *n.* વેચાણ, Sale. [of Vikrama.
વિક્ષેપ, *n.* અડચણ; હરકત. Hindrance. 2. વિલંબ.
વિખ, *n.* ઝેર. Poison. [Delay.
વિખવાદ, *n.* કજિયો; તકરાર. Quarrel.
વિખૂટું, *a.* છૂટું પડી ગયેલું. Seperated.
વિખેરવું, *vt.* જુદું પાડવું. To seperate. ૨.વેરી નાખવું.
વિખ્યાત, *a.* પ્રસિદ્ધ. Famous. [To scatter,
વિખ્યાતી, *n,* પ્રસિદ્ધ. Fame.
વિગત, *a.* ગત. Departed. મૃત. Dead. *n.* બીના.
વિગતવાર, *ad.* વિસ્તારપુર્વક. In details. [Details.
વિગ્રહ, *n.* યુદ્ધ. Battle. ૨. શરીર, Dody. ૩. સમાસના અવયેવો છૂટા પાડવા તે. Dissolution of a compound.
વિઘાતક, *a.* વિઘાત કરનારૂં. Destructive.
વિઘોટી, *n.* જમીનની સરકારને ભરવાની મહેસૂલ. Land revenue. Diffleulty.
વિઘ્ન, *n.* હરકત; સંકટ. Obstacle. 2. મુશ્કેલી.
વિચક્ષણ, *a.* ચતુર. Clever ૨. વિદ્વાન. Wise.
વિચરવું, *vt.* જવું; પ્રવાસ કરવો. To go.
વિચલ,-ળ,-લિત, *a.* અસ્થિર; હાલતું. Unsteady.
વિચાર, *n.* મનન કરવું તે. Reflection. ૨. અભિપ્રાય. Opinion. ૩. કલ્પના; મનસુબો, Thought. ૪. ચિંતન. Deliberation.
વિચારક, *n.&a.* ચિંતનશીલ પુરૂષ. Thinker.
વિચારવંત,-વાન,-શીલ, *a.* વિચાર કરનારૂં. Conside-
વિચારવું, *vt.* મનન કરવું. To deliberate. [rate.
વિચારશ્રેણી,-સરણી, *n.* વિચારોની પરંપરા. Line of thought. [૩. અદ્ભુત. Marvellous.
વિચિત્ર, *a.* તરેહવાર.Diverse. ૨, વિલક્ષણ. Strange.
વિચત્રતા, *n.* વિલક્ષણતા. Strangeness.
વિજન, *a,&n,* માણસના અવરજવર વિનાનું, Solitary.
વિજયસ્થંભ, *n.* વિજયની યાદગીરી માટે ઉભો કરેલો સ્તંભ. Victory memorial,
વિજયા,*n.*પાર્વતી.GoddessParvati.૨.ભાંગ,Bhanga.
વિજયી, *a.* ફતેહમંદ. Triumphant.
વિજાતિ,-ય, *a.* ભિન્ન જાતિનું. Heterogenous.
વિજિગીષા, *n.* જીતવાની ઇચ્છા. Desire to win.
વિજેતા, *n.* જીત મેળવનાર, Victor.
વિજોગ, *n.* વિયોગ. Seperation.
વિજ્ઞપ્તિ, *n.* વિનંતિ. Request.
વિજ્ઞાત, *a.* સારી રીતે જાણેલું. Well-known.
વિજ્ઞાન, *n.* શાસ્ત્રીય જ્ઞાન. Science. 2. અનુભવ જ્ઞાન.
વિજ્ઞાપન,-ના, *n.* નિવેદન, Announcement.
વિટપ, *n.* ડાળી, Branch.
વિટંબ,-ણા, *x.* મુશ્કેલી; ઉપાધી. Difficulty.
વિટંબણા, *n.* મુશ્કેલી Difficulty.
વિણ, *ad.* વિના. Without.
વિતર્ક, *n.* સંદેહ. Doubt. Bad conjecture.
વિતંડા,-વાદ, *n.* ખોટો બકવાદ. Idle carping.
વિતાડવું,-વવુ., *vt.* પજવવું; દુ:ખ દેવું. To harass.
વિતાડવું, *vt.* પસાર કરવું. To pass through.
વિત્ત, *n.* દ્રવ્ય. Money. ૨. શક્તિ. Power. ૩, સાર. Esssence.
વિદગ્ધ, *a.* બળીને ભસ્મ થયેલું. Burnt. ૨. પરિપકવ. Ripe. ૩. વિદ્વાન. Learned. ૪. ચતુર. Clever.
વિદાય, *n.* પ્રસ્થાન. Departure.
વિદાયગીરી, *n.* રજા આપવી તે, Send off.
વિદારવું, *vt.* ચીરવું. To tear.૨.મારી નાખવું, To kill.
વિદિત, *a.* જાણવામાં આવેલું. Known.
વિદુષી, *n.* પંડિતા. Learned woman.
વિદૂષક, *n.* મશ્કરો; રંગલો. Buffoon.
વિદેશ, *n.* પરદેશ. Foreign contry.
વિદેશી, *a.* & *n.* પરદેશી. Foreign.
વિદેહે, *h.* મૃત; માયાપાશમાંથી મુક્ત થયેલું. Dead.
વિદ્યમાન, *a.* હયાત હાજર. Existing.
વિદ્યા, *n.* જ્ઞાન. Knowledge. ૨. તેનું શાસ્ત્ર કે કળા, Science.
વિદ્યાનીધિ, *n.* વિદ્યાનો ભંડાર.Treasure of learning.
વિદ્યાપીઠ, *n.* વિદ્યાનું ધામ. University.
વિદ્યાભ્યાસ, *n.* ભણતર. Study.કેળવણી, Education.
વિદ્યાર્થી, *n.* ભણનાર. Student.
વિદ્યાલય, *n.* શાળા. School.
વિદ્યુત, *a.* વિજળી. Lightning; electricity.
વિદ્વતા, *n.* પંડિતાઇ જ્ઞાન. Learning.
વિદ્વાન,-સજ્જન, *n.* પંડિત; જ્ઞાની. Scholar,

વિધવા, *n.* જેનો પતિ મરી ગયો હોય તેવી સ્ત્રી, Widow.
વિવધ,-વિધ, *a.* બહુ પ્રકારનું. Diverse.
વિધાતા, *n.* બ્રહ્મા, Cteator.
વિધાત્રી, *n.* પ્રારબ્ધની દેવી. Goddess of destiny.
વિધાન, *n.* રીત. Rite. ૨. શાસ્ત્રાજ્ઞા, Ordinance. ૩. ક્રિયા. Ceremony. ૪. ઉપાય. Expedient.
વિધાયક, *a.* & *n.* રચનાત્મક. Constructing.
વિધિ, *n.* બ્રહ્મા. Brahma. ૨. નસીબ, Fate. ૩. આજ્ઞા. Command.
વિધુ, *n.* ચંદ્રમા. Moon.
વિધુર, *n.* જેની પત્ની મરીગઇહોય એવો પુરૂષ. Widower.
વિધેય, *a.* કર-વા યોગ્ય. Fit to be done. *n.* વાક્યમાં ઉદ્દેશને વિષે જે કાંઈ કહ્યું હોય તે. Predicate.
વિનયી, *a.* નમ્ર. Humble. ૨. નમી ગયેલું. Bent,
વિનય, *n.* નમ્રતા; સભ્યતા. Modesty.
વિનયમંદીર, *n.* માધ્યમિક કેળવની આપનારી શાળા, High school.
વિનવણી, *n*, વિનવવું તે. Request.
વિનંતી,-તી,-નતી, *n.* આજીજી, Request. 2. અરજી. Petition.
વિના,-ન, *ad.* સિવાય. Without.
વિનાયક, *n.* ગણપતિ. God Ganapati.
વિનાશ,-ધ્વંશ, *n.* નાશ. Ruin.
વિનાશક, *a.* નાશ કરનારૂં. Destructive.
વિનાશી, *a.* નાશ પામે તેવું. Mortal.
વિનિપાત, *n.* પડતી. Fall.
વિનિમય, *n.* બદલો. Exchange.
વિનીત, *a.* સૌમ્ય; વિવેકી. Meek. ૨. સુશિક્ષિત. Cultured.
વિનોદ, *n.* મોજ; આનંદ. Merriment. મજાક. Jest.
વિપત,-દ,-તી, *n.* આફત; પીડા, Calamity.
વિપરીત, *a.* ઊલટું. Reverse ૨. વિરોધી. Hostile.
વિપર્યય,-ર્યાસ, *n*, ઊલટપૂલટ થઇ જવું તે, Inversion.
વિપાક, *n.* પરિપક્વતા. Maturity. પરિણામ. Result.
વિપુલ, *a.* વિશાળ. Broad ૨. પુષ્કળ. Abundant. ૩. ગાઢ. Dense.
વિપ્ર, *n.* બ્રાહ્મણ. Brahman.
વિપ્લવ, *n.* બળવો. Revolution. ૨. નાશ. Destruction.
વિફળ, *a.* નિષ્ફળ. Fruitless.
વિબુધ, *n.* જ્ઞાની. Learned.
વિભક્ત, *a.* જુદું પાડેલું. Divided.
વિભક્તિ, *n.* નામનો ક્રિયા સાગે સંબંધદેખાડનાર. Case.
વિભાકર, *n.* સૂર્ય. Sun.
વિભાગ, *n.* ભાગ. Division. ૨. હિસ્સો. Part.
વિભાજ્ય, *a.* ભાગી શકાય કે ભાગવા જેવું. Divisible.
વિભાવરી, *n.* રાત્રી. Night.
વિભિન્ન, *a.* પૃથક; જુદું. Different.
વિભિષીકા, *a.* ડર, ભય. Apprehension. [present.
વિભુ, *a.* સર્વ શ્રેષ્ઠ, Supreme. ૨. સર્વવ્યાપી. Omni-
વિભૂતિ, *n.* ભસ્મ. Ashes. ૨. મહત્તા. Greatness. ૩. સામર્થ્ય. Power; ૪. ઐશ્વર્ય. Splendour. ૫. સંપતિ. Prosperity.
વિભૂષિત, *a.* શણગારેલું. Adorned. [Confusion.
વિભ્રમ, *n.* શંકા. Doubt. ૨. ભ્રાંતિ. Illusion. ૩. ગભરાટ.
વિભ્રાંતિ, *n.* ગૂંચવણ. Perplexion.
વિમલ,-ળ, *a.* નિર્મળ, Pure.
વિમાન, *n.* આકાશમાં ફરી શકે તેવું વાહન. Baloon. ૨. હવાઇ જહાજ. Aeroplane.
વિમાસણ, *n.* પસ્તાવો. Repentance. ૨. ચિંતન, Deliberation.
વિમુખ, *a.* મોં ફેરવી લીધું હોય તેવું. That has turned. its face away. ૨. પ્રતિકૂળ. Adverse.
વિમોચન, *n.* છુટકારો. Liberation.
વિયાવું, *vt.* પ્રસવ થવો. To give birth to.
વિયોગ, *n.* વિરહ; જુદા પડવું તે. Seperation.
વિરક્ત, *a.* અનુરાગ કે સ્પૃહા વિનાનું. Indifferent.
વિરચિત, *a.* રચેલું. Composed.
વિરમવું, *vt.* અટકવું. To stop. ૨. થોભવું. To cease.
વિરલ,-લું, *a*, દુર્લભ. Rare.
વિરહ, *n.* પ્રિયજનનો વિયોગ. Seperation.
વિરંચી, *n.* બ્રહ્મા. Brahma.
વિરાગ, વૈરાગ્ય. Sany as.
વિરાગી, *n.* સાધુ; સંન્યાસી. Ascetic.
વિરાજવું, *vt.* પ્રકાશવું. To shine.
વિરાટ, *a.* વિશાળ; ભવ્ય. Great.
વિરામ, *n.* આરામ. Pause. ૨. અવશાન. Death.
વિરામવું, *vt.* થોભવું. To cease. 2. અટકવું, બંધ પડવું. Terminate.
વિરૂદ્ધ *u.* પ્રતિકુળ. Adverse.
વિરૂપ, *a.* કદરૂપુ. Ugly. Ill-looking.
વિરોધ, *n.* વિરૂદ્ધતા. Opposition. ૨. શત્રુતા. Enmity. ૩. કજિયો. Quarrel.
વિરોધાભાસ, *n.* માત્ર દેખીતો વિરોધ. Paradox.
વિરોધી, *n.* વેરી; શત્રુ. Opponent.
વિલક્ષણ, *a.* વિચિત્ર. Strange. ૨. અસાધારણ. Uncommon.
વિલય,-ન, *n.* નાશ. Dissolution.
વિલસિત, *a.* ઝળકતું. Shining.
વિલંબ, *n.* વાર; ઢીલ. Delay.
વિલંબિત, *a.* લટકતું. Hanging. ૨. મંદ. વિલાસ. Dull.
વિલાપ, *n.* રૂદન. આક્રંદ. Lamentation.
વિલાયત, *n.* વતન, Motherland. ઇંગ્લાંડ. England.
વિલાવું, *vt.* પીંગળવું. To wither. Melt.
વિલાસ, *n.* ખેલ; ક્રીડા. Sport. Merriment. ૨. શૃંગારચેષ્ટા. Amorous dalliance.
વિલાસવું, *vt.* વિલાસ કરવો. To sport.
વિલાસી, *a.* ચેનબાજી ઉડાવનાર. Sportive, ૨. વિષયી. Debauch.
વિલીન, *a.* નાશ પામેલું. ૨. લય પામેલું, Dissoldved.
વિલોકવું,-વવું, *vt.* જોવું. See. ૨. તપાસવું. To Examine.
વિલોચન. *n.* આંખ Eye. જોવું તે. Seeing.
વિલોમ, *a.* પ્રતિકૂળ ઊલટું. Adverse.
વિવર, *n.* દર, Hole. ૨. ગુફા. Cave. ૩. ઉપાય. Remedy.
વિવરણ, *n.* વિવેચન. Exposition.
વિવર્ણ, *n.* કદરૂપું. Pale. Ugly.

વિવર્ત-ન, *n.* રૂપાંતર. Change in form. ૨. ભ્રમ. Illusion. ૩. ચક્રાકારે ફરવું તે. Revolving.
વિવશ, *a.* પરાધીન.Dependent.૨.વ્યાકુળ. Agitated.
વિવાદ, *n.* ચર્ચા. Debate. ૨. ઝઘડો. Quarrel. ૩. મતભેદ. Controversy,
વિવાહ, *n.* વેવિશાળ. Betrothal. લગ્ન. Marriage.
વિવાહિત, *a.* પરણેલું. Married.
વિવિધ, *a.* અનેક પ્રકારનું. Diverse.
વિવિધતા, *n.* વિવિધ હોવાપણું. Diversity.૨. વિચિત્રપણું. Strangeness.
વિવેક, *n.*સભ્યતા,Etiquette.૨, કરકસર.Economy.
વિવેકી, *a.* વિચારવાન; જ્ઞાની. Discreet.
વિવેચન,-ના. *n.* સ્પષ્ટીકરણ; ટીકા. Commentary.
વિશારદ, *a.* નિપુણ. Proficient in, ૨. ચતુર.Clever. ૩. જ્ઞાની. Learned.
વિશાલ,-ળ,-ળું, *a.* મોટું.Large.૨.વિસ્તીર્ણ. Extensive.
વિશિષ્ટ,*a.* અસાધારણ. Uncommon. ૨.વિશેષતાવાળું. Distinct.
વિશુદ્ધિ, *n.* પવિત્રતા. સ્વચ્છતા. Purity.Cleanliness.
વિશે,-ષે, *ad.* સંબંધી. About.
વિશેષ, *a.* વધારે. More. ૨. ખાસ. Special *n.* ૩. તફાવત. Difference.
વિશેષણ, *n.* ગુણ કે સંખ્યા બતાવનાર, શબ્દ. Adjective.
વિશેષનામ, *n.* વસ્તુ માણસ આદીનું ખાસ નામ તે. Proper noun.
વિશેષ્ય, *n.* વિશેષણથી જેનો ગુણ કે વધારો બતાવાયો હોય તે શબ્દ. A word qualified by an adjective.
વિશ્રામ,-શ્રાંતિ *n.* આરામ. Repose. ૨. વિશ્રામ લેવાનું સ્થાન. Place of repose.
વિશ્રાંત, *a,* થાકી ગયેલું. Tired.
વિશ્રુત. *a.* પ્રખ્યાત, Famous. ૨. જાણેલું. Known.
વિશ્વ. *n.* જગત. World. *a.* સમગ્ર. Whole.
વિશ્વકર્મા, *n.* દેવોનો શીલ્પશાસ્ત્રી, ૨. ઇશ્વર. God. ૩, સુતાર, Carpenter.
વિશ્વજીત, *a.* વિશ્વને જીતનારૂં. Conquering the world.
વિશ્વરૂપ, *a.* સર્વવ્યાપી. Omnipresent.
વિશ્વવ્યાપી,*a.* સર્વવ્યાપી. Pervading through the whole world. *n.* ઇશ્વર. God.
વિશ્વસનીય,-સ્ત, વિશ્વાસ કરવા લાયક.Trustworthy.
વિશ્વાસ, *n.* ભરોંસો; ખાતરી. Trust.
વિશ્વાસઘાત, *n.* દગલબાજી. Breach of trust.
વિશ્વાસપાત્ર,-સુ. *a.* વિશ્વસનીય. Trustworthy.
વિષ, *n.* ઝેર. Poison.
વિષમ, *a.* અસમાન. Unequal. મુશ્કેલ. Difficult. પ્રતિકૂળ. Adverse.
વિષય, *n.* પદાર્થ. Subject. હેતુ. Object. મજકૂર. Matter. કામભોગ. Sexual enjoyment.
વિષયલંપટ,-ાસક્ત,-ાંધ,-ી.*a.*વ્યભિચારી.Debauch.
વિષયાંતર, *n.* પ્રસ્તુત વિષયમાંથી અન્ય વિષયમાં ઉતરી જવું તે. Digression.
વિષાદ,*n.*ખેદ; દિલગીરી. Grief. નિરાશા. Dejection.
વિષુવવૃત્ત, *n,* પૃથ્વીની ધરીની મધ્યમાં કાટખૂણે કલ્પેલું વર્તુળ. Equator.
વિષે, *ad.* સંબંધમાં. About.
વિષ્ટા, *n.* મળ; કચરો. Refuse. Excrement.
વિષ્ટિ,*n.*સમાધાનીવાટાઘાટ.Negotiations for peace.
વિસરાવવું,*vt.*ભૂલીજાયએમકરવું.To Make to forget.
વિસર્ગ, *n.* દાન. Gift. ૨. ત્યાગ. Abandonment. ૩. હકાર જેવા ઉચ્ચાર કરવાનું (:) આવું ચિહ્ન. Soft aspirate.
વિસર્જન,*n.*છોડીદેવું તે. Dissolutiou.૨.સમાપ્તિ.End.
વિસંવાદ, *n.* અસંગતિ; વિરોધ. Incongruity.
વિસાત, *n.* કિંમત. Price. ૨. મહત્વ. Importance. ૩. લેખું. Esteem.
વિસામો, *n.* થાક. Rest. થાકખાવાની જગા.Place for resting.
વિસારવું, *vt.* ભૂલી જવું. To forget.
વિસ્ખલન, *n.* ભૂલ. Error.
વિસ્તાર, *n.* ફેલાવો. Expanse.Extent. ૨.વિશાળતા. Amplitude.
વિસ્તરપૂર્વક, *ad.* લંબાણથી. In details,
વિસ્તારવું, *vt.* વિસ્તાર કરવો. To expand.
વિસ્તીર્ણ,-સ્તૃત, *a.* વિસ્તારવાળું. Extensive.
વિસ્મય, *n.* આશ્ચર્ય; અચંબો. Wonder.
વિસ્મયકારક,-કારી, *a.*આશ્ચર્ય પમાડે તેવું.Wonderful.
વિસ્મરણ,-સ્મૃતિ, *n.* ભૂલી જવું તે. Forgetfulness.
વિસ્મૃત, *a.* ભૂલી જવું તે. Forgotten.
વિહગ,-હંગ, *n.* પક્ષી. Bird.
વિહંગાવલોકન,*n.*ઉપલક. નીરીક્ષણ.Bird's eye-view.
વિહાર, *n.* ક્રીડા. Sport. ૨. ભ્રમણ. Roaming.
વિહિત, *a.* ફરમાવેલું. Prescribed.
વિહીન,-હોણું, *a.* વિનાનું. Being without.
વિહ્વલ,-ળ, *a.* વ્યાકુળ; બાવરૂ. Agitated. Eager.
વીખરવું, *vt.*વરાઇજવું;છુટાપડી જવું.To be scattered.
વીઘું,-ઘો, *n.*જમીનનુ એકમાપ.A measure of land.
વીછળવું, *vt.*પાણી રેડી હલાવી સાફ કરવું.To cleanse.
વીછી,-છુ, વીંછી, *n.* વૃષિક. Scorpion.
વીજ,-જળી, *n.* વાદ્યુત. Lightning; eletricity.
વીંજણો, *n.* પંખો Fan.
વીણવું, *vt.* ચૂંટવું. To pluck.પસંદ કરવું.To select, ૬. ઉપાડી લઇ દૂર કરવું. Pick up and seperate.
વીણા, *n.* એક તંતુવાદ્ય. Musical instrument.
વીતક, *n.* સંકટ. Misery; sufferings.
વીતરાગ,-ગી,*a.*આસક્તિવિનાનું.Free from passions
વીતવું, *vt.* ગુજરવું. To happen. ૨, પસાર થઈ જવું. Pass away. ૩. સહેવું, To suffer.
વીનવવું, *vt.* વીનવણી કરવી. To beseech.
વીમો, *n.* વસ્તુ કે જીંદગીને નુકશાન પહોંચતા તે બદલ પૈસાથી થતી ભરપાઇ. Insurance.
વીર, *a.* શૂર; પાક્રમી. Brave. *n.* ભાઇ. Brother,
વીરતા, *n.* પરાક્રમ. Heroism,

વીરહાક, *n.* યુદ્ધ પ્રસંગે યોદ્ધાઓની ભયંકર ચીસ. Battle-cry.
વીરો, *n.* ભાઈ. Brother.
વીર્ય. *n.* શુક્ર ધાતુ. Semen. ૨. પરાક્રમ. Valour.
વીર્યવંત,-વાન, *a.* પરાક્રમી. Brave.
વીર્યહીન, *a.* બાયલું; નામર્દ. Coward.
વીલું,*a.*શરમીંદું;ભોંઠું.Abashed.૨રઝળતું; છૂટું. Stray.
વીશી,-સી, *n.* નાણાં આપવાથી રસોઈ મળે તે જગા. Hotel; lodge.
વીસમવું,- શમવું, *vi.* ઠંડુ થવું. To cool down.
વીસરવું, *vt.* ભૂલી જવું. To forget.
વીંખવું, *vt.* પીંખવું. To tear and scatter.
વીંઝવું, *vt.* હવામાં જોરથી ઘુમાવવું. To whirl round in the air.
વીંટવું,-ટાળવું, *vt.* લપેટવું, To enwrap.
વીંટી, *n.* આંગળી પર પહેરવાનું ગોળ ઘરેણું Ring.
વીંધવું,*vt.*કાણું પાડવું. To bore. ૨. કોચવું.To pierce.
વીંધાવું. *vi.* કોચાવું. To be pierced.
વૃક્ષ, *n.* ઝાડ. Tree.
વૃત, *n.* વર્તુળ. Circle. ૨. સમાચાર. News. ૩. વર્તન. Conduct. ૪. અક્ષરમેળ છંદ. Metre.
વૃત્તપત્ર, *n.* છાપું. Newspaper.
વૃતાકાર, *a.* ગોળ-ગોળાકાર,
વૃત્તાર્ધ, *n.* અર્ધગોળ. Semi-circle.
વૃતાંત, *n.* સમાચાર. News. ૨. વર્ણન. Narrative.
વૃતિ, *n.* મનનું વલણ. Inclination. ૨. સ્વભાવ. Temperament. ૩. વર્તન. Behaviour.
વૃથા, *ad.* ફોગટ; નકામું. In vain.
વૃદ્ધ, *a.* ઘરડું. Old. ૨. વડીલ, Elder.
વૃદ્ધાવસ્થા, *n.* ઘડપણ. Old age.
વૃદ્ધિ, *n.* વધારો. Increase.૨. આબાદી. Prosperity.
વૃશ્ચિક, *n.* વીંછી. Scorpion. આઠમી રાશી. Sign of Zodiac.
વૃષ,-ભ, *n.* આખલો. Bull.
વૃષણ, *n.* અંડ; ગોળી. Testicless.
વૃષ્ટિ, *n.* વરસાદ. Rain.
વૃંદ. *n.* ટોળું. Crowd.
વૃંદા, *n.* તુલસી. Holy basil.
વેગ, *n.* ગતિ; ઝડપ. Speed. ૨. જોશ. Impetus. ૩. તાપ. Violence.
વેગળું, a. અલગ. Separate. ૨. દૂર. Distant.
વેગળે, *ad.* આઘે. Far off.
વેચવું, *vt.* કિંમત લઈને આપવું. To sell.
વેચાઉ, *a.* વેચવાની હોય એવું. Saleable.
વેચાણ, *n.* વેચવું વેચાવું તે. Sale.
વેચાણખત, *n.* વેચાતું આપ્યાનું લખાણ. Sale deed.
વેજ, *n.* નિશાન. Aim. ઉપાધિ. Affliction.
વેઠ, *n.* ફરજિયાત વૈતરું. Forced labour.
વેઠવું, *n.* સહન કરવું; નિભાવવું. To bear.
વેઠિયા, *n.* વગર પૈસાના નોકર. Unpaid labourer.
વેડફવું, *vt.* નકામું ખરચી નાખવું. To waste.
વેડમી; *n.* પૂરણપોળી. Sweet cake.
વેડવું, *vt.* ફળ ઈત્યાદિ વેડાવવું. To pluck.
વેઢ, *n.* આંગળાની વીંટી. Finger-ring. વેઢા.*n.*Finger-joint. આંગળી ઉપર સાંધા આગળનો કાપો.
વેણ, *n.* વચન, Word. ૨. કપાસનો છોડ. Cotton plant. ૩. પ્રસુતિની પીડા. Labour-pain. ૪.વાંસળી A flute. [ફૂલોનો ગજરો. Braid of hair.
વેણિ;-ણી, *n.* ગૂંથેલા વાળની લટ. અંબોડે બાંધવાનો
વેત, *n.* મોખ; ઘાટ. Proper opportunity. ૨. ત્રેવડ; accomodation.
વેતન,*n.*પગાર. Salary. [તજવીજ.
વેતર, *n.* એક એક વારનું જણતર. Brood.
વેતરણ, *n.* ગોઠવણ. Arrangement.
વેતરવું, *vt.* માપ પ્રમાણે લુગડું કાપવું. To cut out according to measure.
વેત્તા. *n.* જાણનાર. Knowing.
વેત્ર, *n.* નેતર, Cane ૨. છડી, Mace.
વેદ,*n.*જ્ઞાન. Knowledge. ૨. શાસ્ત્રીય જ્ઞાન. Science. ૩. આર્યોનું સૌથી પ્રાચીન ધર્મપુસ્તક. Most ancient Hindu sacred writing.
વેદના, *n.* પીડા. Pain. Trouble.
વેદવચન,-વાક્ય.*n.* વેદનું વચન, Vedic text. વેદ જેટલું પ્રમાણભૂત વચન. A word as sure and certain as the Vedas.
વેદાંત, *a.* ઉપનિષદ.Particular system of Hindu philosophy.
વેદિ,-કા,-દી, *n.* હોમ માટેના કુંડ. Altar.
વેધ,*n.*છિદ્ર; વેહ. Hole. ૨. ઘાવ. Defect, ૩. જખમ. Wound.
વેધવું,*vt.*છિદ્રપાડવું.કોચવું. To pierce.To penerate.
વેધશાળા,-ળા, *n.* ગ્રહાદિકની ગતિ વગેરે નીરખવાનું સ્થાન. Observatory.
વેન, *n.* વહન. Current, ૨, વાહન. Conveyance.
વેપાર, *n.* માલ વેચવા સાટવાનો ધંધો, Trade.
વેપારી, *n.* વેપાર કરનાર. Trader.
વેર,*ad.*શત્રુવટ.Til. *n.* Enmity. ૨. દ્વેષ, Spite.
વેરભાવ, *n.* શત્રુવટ, Enmity.
વેરણ-ખેરણ,-છેરણ, *a.* અસ્તવ્યસ્ત, Scattered.
વેરવું, *vt.* છૂટું છૂટું પડે એમ કરવું. To scatter.
વેરાગી, *n.* સાધુ. Ascetic.
વેરાન, *a.* ઉજ્જડ. Barren. Desolate.
વેરી, *a.* વેર રાખનારૂં. Hostile. *n.* શત્રુ. Enemy.
વેરે, *prep.* સાથે. With. પેઠે. Like.
વેરો, *n.* કર; જકાત. Tax. Atoll.
વેલ,-લી,-લો, *n.* લતા. Creeping plant.
વેલણ, *n.* રોટલી વણવાનો દંડૂકો.Roller for making bread.
વેલુ,-ળુ, *n.* રેતી. Sand.
વેવલું, *a.* દાધારંગું; ઢંગધડા વગરનું. Stupid.
વેવાં,-જાં, *n.* ફાંફાં વલખાં. Vain efforts.
વેવિશાળ, *n.* વિવાહ. Betrothal.
વેશ.-ષ, *n.* પહેરવેશ. Dress. રૂપ; સ્વાંગ, Guise.
વેશધારી, *n.* ઠગ; લુચ્ચું. Imposter.

વેશ્યા. *n.* ગણિકા. વારાંગના. Harlot.
વેષ્ટન. *n.* ઢાંકણું વીંટેલું તે. Covering.
વેહ. *n.* શાર; કાણું. દર. Hole.
વેળ, *n.* તાણ; આચકી. Fit. ૨. મનનો તરંગ. Whim, ૩. સમય; વખત. Time.
વેળા, *n.* વખત; સમય. Time. ૨. વાર. Delay. ૩. પ્રસંગ. Occasion. ૪. આપત્તિને પ્રસંગ. Time of [difficulty.
વેંગણ, *n.* રીંગણ. Brinjal.
વેંત, *n.* અંગુઠાની છેલ્લી આગળી સુધીનું અંતર. Distance from thumb to little finger.
વેંતિયું, *a*, વેંત જેવડું. Dwarfish.
વેકલ, *a*, મૂર્ખ; ઘેલું. Stupid.
વૈકુંઠ, *n.* વિષ્ણુનું ધામ. Abode of Vishnu.
વૈકુંઠવાસ, *n.* મૃત્યું. Death.
વૈકુંઠગામી, *a.* મૃત. Dead.
વૈચિત્ર્ય, *n.* વિચિત્રતા. Strangeness.
વૈજ્ઞાનિક, *n.* વિજ્ઞાનશાસ્ત્રી. Scientist. વિજ્ઞાનને લગતું. Relating to scince.
વૈતરૂં, *n.* વેઠ, Forced labour. મહેનતાણું. Wages.
વૈતરો, *n.* મજૂર; વૈતરૂં કરનારો. Labourer.
વૈતાલ,–ળ, એક પ્રકારનું ભૂત. Ghost.
વૈદ,–ઘ,–રાજ, *n.* દવા કરનાર. Physician.
વૈદક, *n.* રોગનાં નિદાન. ચિકિત્સા વગેરેનું શાસ્ત્ર. Science of medicine.
વૈદિક, *a.* વેદોને લગતું. Relating to the Vedas.
વૈદું, *n.* વૈદનો ધંધો. Profession of a physician.
વૈદ્યુત. *a.* વિદ્યુતને લગતું. Electrical.
વૈધવ્ય, *n.* વિધવાપણું; રંડાપો. Widowhood.
વૈભવ, *n.* વૈભવ. Splendour. Grandeur.
વૈમાનિક, *n.* વિમાન ચલાવનારો. Aeronaut, *a.* વીમાનને લગતું. Of baloons.
વૈયક્તિક. *a.* વ્યક્તિને લગતું. Of an individual.
વૈયાકરણી,–ણી, *a*, વ્યાકરણ સંબંધી. Relating to grammar. વ્યાકરણ શાસ્ત્રી. Grammarian.
વૈરભાવ, *n.* વેર. Enmity. Revenge.
વૈરાગ,–ગી. *n.* બાવા; સાધુ. Ascetic.
વૈરાટ, *a.* વિશાળ; વિસ્તૃત, Vast;
વૈવાહિક, *a.* લગ્ન સંબંધી. Relating to merriage.
વૈશ્ય, *n.* વેપાર કરનાર વર્ગનો માણસ. Individual of the mercantile class. [of a Vaishya.
વૈશ્યકર્મ,–વૃત્તિ, *n.* વૈશ્યનું કર્મ કે ધંધો. Occupation
વૈશ્વાનર,*n.* અગ્નિ. Fire. જઠરાગ્નિ.Fire of digestion.
વૈશમ્ય, *n.* વિષમતા, અસમાનતા. Inequality.
વૈષ્ણવ. *n.*&*a* વિષ્ણુંનીઉપાસના કરનારૂં. Worshipper.
વોંકળો, વોંકળો, *n* વહેળો. Streamlet.
વ્યક્ત, *a.* સ્પષ્ટ; ખુલ્લું. Clear.
વ્યક્તિ, *n.* કોઈપણ વર્ગમાંનું એક માણસ, Individual.
વ્યક્તિગત, *a.* અંગત. Personal. વ્યક્તિને લગતું. Individualistic.

વ્યગ્ર, *a.* વ્યાકુળ; અસ્થિર. Perplexed.
વ્યતિક્રમ,*n.* ઉલ્લંઘન કરવું તે; વિપર્યાસ.Contrariety.
વ્યતિરિક્ત.*a.*સિવાય. Excepted.૨.ભિન્ન.Different.
વ્યતિત, *a*, વીતી ગયેલું. Elapsed.
વ્યતિપાત. *n.* ઉત્પાત કે ઉપદ્રવ. Trouble.
વ્યભિચાર, *n.* પર સ્ત્રીપુરૂષનો આડો વ્યવહાર. Adultery. ૨. કર્તવ્ય ભ્રષ્ટતા Faithlessness.
વ્યભિચારી, *a.* વ્યભિચાર કરનારૂં. Adulterous.
વ્યય, *n.* ખરચ: વેપાર. Expense.
વ્યર્થ, *a.* નકામું ફોગટ. Fruitless.
વ્યવસાય. *n.* ધંધો. Occupation. [ment.
વ્યવસ્થા. *n.* બંદોબસ્ત. Order. ૨. ગોઠવણ.Arrange-
વ્યવસ્થાપક, *n.* વ્યવસ્થા કરનાર. Director.
વ્યવસ્થિત. *a.* બરાબર ગોઠવેલું.Regular.Arranged.
વ્યવહાર, *n.* સંબંધ. Intercourse.૨.ધંધો.Dealing. ૩. લોકરીતિ. Social conuct.
વ્યવહારકુશળ.–દક્ષ, *a.* વ્યવહારૂ. Practical. ૨. ચતુર. Clever. [ટેવ. Vice.
વ્યસન. *n.* ટેવ: લત. Habit. 2. માદક પદાર્થ લેવાની
વ્યસની, *a.* વ્યસનવાળું. Habitulated.
વ્યંગ, *a.* એકાદ અંગ વિનાનું. Mutilated.
વ્યંગ્ય. *n.* કટાક્ષ; વક્રોક્તિ, Irony. આડકતરૂં સૂચન. Insinuation.
વ્યંગ્યાર્થ, *n.* ગૂઢ અર્થ. Suggested. meaning.
વ્યંજક, *a.* સ્પષ્ટ કરનારૂં. Manifesting.
વ્યંજન, *n.* સ્વરની મદદ વિના ઉચ્ચાર થઈ ન શકે તેવો અક્ષર. Consonant.
વ્યંજના. *n.* વક્રોક્તિ. Sarcasm.
વ્યંઢલ.–ળ, *n.* નપુંસક. Eunuch.
વ્યાકરણ. *n.* ભાષાના શુદ્ધ પ્રયોગો,નિયમો વિગેરેનું શાસ્ત્ર. Grammar.
વ્યાકુલ,–ળ, *a*, વિહવળ:ગભરૂં. Agitated.
વ્યાકૃત. *a.* પૃથક્કરણ કરી સ્પષ્ટ કરેલું. Analysed.
વ્યાખ્યા. *n.* વસ્તુનું પૂરતું વર્ણન. Definition.
વ્યાખ્યાતા, *n.* વ્યાખ્યાન કરનાર. Lecturer.
વ્યાખ્યાન, *n.* ભાષણ. Speech.
વ્યાઘ્ર, *n.* વાઘ. Tiger.
વ્યાજ. *n* નાણાં વાપરવા બદલ મુળ રકમપર આપવોપડતો વધારો. Interest. ૨. બહાનું. Excuse.
વ્યાજખાઉ,–ખોર, *n.* વ્યાજ ખાનાર. Usurer.
વ્યાજવટું, *n.* વ્યાજ અને વટાવનો ધંધો. Usuary.
વ્યાધિ, *n.* રોગ. Disease. Malady.
વ્યાધિગ્રસ્ત. *a.* માંદું, Sick. Ill.
વ્યાપક,-પી,*a.*વિશાળ.Comprehensive.Pervading.
વ્યાપવું, *vi.* ફેલાવું. To spread. [Operation.
વ્યાપાર,*n.*ધંધો;વેપાર.Business.૨.પ્રાણીકેપદાર્થની ક્રિયા,
વ્યામોહ, *n.* મોહ; ભ્રાંતિ. Illusion.
વ્યાયામ, *n.* કસરત. Exercise.
વ્યાયામમંદિર,–શાળા, *n.* કસરતશાળા. Gymnasium.

વ્યાલ,-ળ, *n.* સાપ. Snake. ૨. ચિત્તો, Panther.
વ્યાસ, *n.* વર્તુળના મધ્ય બિંદુમાંથી પસાર થઈને તેના પરીધને બે બાજુ અડતી લીટી. Diameter. ૨. જાડાઈ. Width.
વ્યાસપીઠ, *n.* કથાકારને બેસવાનું ઊંચું સ્થાન. Dais.
વ્યુત્ક્રમ, *n.* ઊલટો ક્રમ. Inverted order. ૨. અવ્યવસ્થા. Confusion.
વ્યુત્ક્રાંતિ, *n.* ઉથલપાથલ; મોટી ક્રાંતિ. Revolution.
વ્યુત્પત્તિ, *n.* શબ્દની મૂળ ઉત્પત્તિ. Derivation.
વ્યૂહ, *n.* સૈન્ય. An array.
વ્યુહરચના, *n.* લશ્કરની યુદ્ધમેદાન પર ગોઠવણી. Battle-array.
વ્યોમ, *n.* આકાશ. Sky.
વ્યોમગંગા, *n.* આકાશગંગા. Milky-way.
વ્યોમચર, *n.* પક્ષી. Bird.
વ્રણ, *n.* ઘા. Wound. ૨. નારૂ. Sore.
વ્રત, *n.* નિયમપૂર્વક આચરવાનું પુણ્યકામ. Vow.
વ્રતચર્યા, *n.* વ્રત કરવું કે પાળવું તે. Taking or observing a vow.
વ્રેહ, *n.* વિરહ. Seperation.

'श'

શ, ત્રીસમો ગુજરાતી વ્યંજન: ચાર ઉષ્માક્ષરોમાંનો એક. The thirtieth consonant of the Gujarati
શક, *n.* વહેમ. શંકા. Doubt. ૨. સંવત. Era. ૩. એક જાતના લોક. A war-tribe.
શકટ, *n.* Cart.
શકટવ્યૂહ, *n.* શકટાકારે સૈન્યની રચના. The cart-form arrangement of troops in an army.
શકદાર, *a.&n.* જેના પર શક જતો હોય એવું. One under suspicion.
શકમંદ, *a.* શંકાસ્પદ. Doubtful.
શકરો, *n.* બાજ પક્ષી. Falcon.
શકવર્તી, *n.* શક વર્તાવે એવું. Epoch-making.
શકવું, *vt.* શક્તિમાન થવું. To be able.
શકુન, *n.* ભાવિ શુભાશુભસૂચક. ચિહ્‌ન;શુકન. Omen.
શકુની, *n.* Bird. ૨. ગીધ. Vulture.
શકુંત, *n.* મોર. Peacock. ૨. પક્ષી, Bird.
શકે, *conj.* જાણે કે. I think; possibly.
શકોરું, *n.* બટેરું. Earthen vessel.
શક્તિ, *n.* સામર્થ્ય; બળ. Ability. ૨. દેવી. Goddess. ૩. એક અસ્ત્ર. Spear.
શક્ય, *a.* કરી શકાય તેવું. Possible.
શક્યતા, *n.* સંભવ. Possibility.
શક્ર, *n.* ઇંદ્ર. Indra.
શખસ, *n.* માણસ. Man.
શગડી, *n.* કોલસા બાળવાનુ એક સાધન. Fire-pan.
શચિ,-ચી, *n.* ઇંદ્રાણી. Wife of Indra.
શઠ, *a.&n.* લુચ્ચું; ધૂર્ત. Cunning. Rogue.
શઠતા, *n.* લુચ્ચાઇ. Cunningness. Roguery.
શણ, *n.* એક છોડ. Hemp. Linen.
શણગાર, *n.* વસ્ત્ર ઘરેણાં પહેરાવવાં તે. Adoring.
શણગારવું, *vt.* વસ્ત્રઘરેણાં પહેરાવવાં. To adorn.
શત, *a.* સો. Hundred.
શતક, *n.* સોનો સમુદાય. Canto. Century.
શતપદ,-દી, *n.* કાન ખજુરો, Centipede.
શતમી, *n.* વહાણમાં ચડાવેલા માલની રસીદ, Bill of lading.
શતાબ્દિ, *n.* સો વર્ષનો ઉત્સવ. Centinary.
શત્ર, *n.* દુશ્મન, Enemy.
શત્રુતા,-ત્વ,-વટ, *n.* દુશ્મનાઇ. Enmity.
શનિ, *n.* એ નામનો ગ્રહ. Planet Saturn. ૨. નીલમ. Saphire.
શનિવાર, *n.* અઠવાડિયાનો સાતમો વાર. Saturday.
શનિશ્ચર, *n.* શનિ. Saturn. ૨. ખાર. Jealousy. 3. ઝેરીલો માણસ. Malignant person.
શબ, *n.* મડદું. Corpse.
શબ્દ, *n.* અવાજ. Sound. ૨. લબ્ઝ. Word.
શબ્દકોશ, *n.* ફરજંગ. Dictionary.
શબ્દવિચાર, *n.* વર્ણો વિષે વ્યાકરણની દૃષ્ટિએ વિચાર. Orthography.
શબ્દશાસ્ત્ર, *n.* શબ્દનું શાસ્ત્ર. Etymology.
શમ,-તા, *n.* શાંતિ, Tranquility. Patience.
શમન, *n.* શાંત પડવું તે. Tranquilizing.
શમવવું, *vt.* શાંત પાડવું તે. To tranqnilize.
શમવું, *vt.* શાંત પડવું. To be cooled down. નાશ પામવો. To disappear.
શમશેર, *n.* તરવાર. Sword.
શમિયાનો, *n.* તંબુ. Tent.
શમ્શુલઉલમા, વિદ્વાનોમાં સૂર્ય જેવો. Sun among the learned.
શયતાન, *n.* સેતાન. ફિરસ્તો; બદમાસ. Satan.
શયતાનિયત, *n.* બદમાસી. Croookedness.
શયન, *n.* સૂવું તે, Sleeping. પથારી. Couch.
શયનગૃહ, *n.* સૂવામાટેનોઓરડો. Sleeping apartment.
શય્યા, *n* પથારી. Bed.
શર, *n.* બાણ. Arrow. ૨. નિયમ. Law.
શરણ,-ણુ, *n.* આશ્રય. Protection. ૨. રક્ષણ; ઓથ. Shelter.
શરણાગત, *a.* શરણે આવેલું, Fugitive.
શરણાઇ, *n.* ફુંકીને વગાડવાનું વાજું. Blow-pipe.
શરત, *n.* હોડ; બોલી. Condition.
શરતી, *a.* શરત કરી હોય તેવું. Conditional.
શરદી, *n.* ભેજ; ઠંડી. Damp. ૨. સળેખમ, Cold.
શરબત, *n.* ફળના રસનું ઠંડુ પાણી. Syrup.
શરમ, *n.* લજ્જા. Shame. ૨. આબરૂ. Reputation. ૩. સ્યાનત. Disgrace.
શરમાવવું, *vt.* શરમાય એમ કરવું, To put to shame.
શરમાવું, *vt.* શરમ આવવી, To be ashamed.

શરમાળ, *a.* શરમવાળું. Bashful.
શરમિંદું, *a.* શરમથી ઝંખવાણું પડી ગયેલું. Ashamed.
શરાફ, *n.* નાણાવટી, Banker.
શરાફી, *n.* નાણાવટ. Banking. *a.* શરાફને લગતું. Of banking. ચોક્કસ. Precise.
શરાબ, *n.* દારૂ. Wine. Liqour.
શરાબી, *n.* કેફ. Intoxication.
શરિયત, *n.* ધાર્મિક નિયમો. Religious laws.
શરિક, *a.* સામેલ; સાથી. Concerned.
શરીફ, *a.* ઉંચા કુળનું. High born.૨.પ્રતિષ્ઠિત.Noble.
શરીર, *n.* દેહ. Body.
શરીરરચના, *n.*શરીરની રચના. Anatomy.
શરીરસંપતિ, *n.* આરોગ્ય, Health. શારિરીક શક્તિ. Bodily vigour.
શરૂઆત, *n.* પ્રારંભ. Beginning.
શર્કરા,-ક્કર, *n.* ખાંડ; સાકર. Sugar.
શલાકા, *n.* સળી; પીંછી. Stick.
શલ્યા, *n.* શિલા, પત્થરની છાટ. Stone-slab.
શશ,-ક, *n.* સસલું. Hare.
શશધર,-શાંક, *n.* ચંદ્રમા. Moon.
શસ્ત્ર, *n.* હથિયાર. Weapon.
શસ્ત્રધારી, *a.* શસ્ત્ર ધારણ કરનારૂં. Armed. *n.* યોદ્ધો.
શસ્ત્રપ્રયોગ, *n.* વાઢકાપ. Operation.
શસ્ત્રાસ્ત્ર, *n.* મારવાનાં તેમજ ફેંકવાનાં હથિયાર. Arms and missiles.
શહીદી, *n.* શહીદપણું. Martyrdom.
શહેનશાહ, *n.* સમ્રાટ; રાજાઓનો રાજા. Emperor.
શહેર, *n.* નગર; મોટું ગામ. City.
શહેરી, *n.* શહેરમાં વસનાર. Citizen. *a.* શહેરનું કે તે સંબંધી. Civil.
શંકર,-ભુ, *n.* મહાદેવ. Shiva.
શંકા, *n.* શક; સંદેહ. Suspicion.૨.કલ્પિત ભય, Misgiving.
શંકાસ્પદ,-શીલ, *a.* વહેમી, વહેમ ભરેલું, Doubtful.
શંકિત, *a.* શંકાવાળું. Doubting.
શંકુ, *n.* ઉપર જતા ગોળ થતી ઘન આકૃતિ. Cone. ૨. ટોચ. Top. ૩. દશ અબજ. Ten billions.
શંખ, *n.* એક જાતના દરિયાઇ પ્રાણીનુંકોટલું-જે ફૂંકવાથી અવાજ થાય છે, Conch-shell. ૨.ઠોઠ.Blockhead.
શંખજીરૂં, *n.* એક ઔષધિ. Silicate of magnesia.
શંખબારથી, *n.* મૂર્ખ શિરોમણી. Stupid fellow.
શંખણી, *n.* કર્કશા. Quarrelsome woman.
શંઢ, *n.* નપુંસક. Eunuch.
શાક, *n.* ખાઇ શકાય તેવાં કંદ, ફળ,ભાજી. Vegetable.
શાકપીઠ, *n.* શાકબજાર. Vegetable market.
શાક્ત, *a.* & *n.* શક્તિપૂજક. Worshipper of a female deity.
શાખ, *n.* આબરૂ.Reputation.૨.સાક્ષી.Testimony. ૩.સહી કરવી તે. Attestation.
શાખા, *n.* ડાળી. Branch. વિભાગ. Division.
શાગરીત,-દ,-ગિર્દ. *n.* શિષ્ય;ચેલો. Disciple. ૨. મદદગાર.Partisan.
શાણું, *a.* ડાહ્યું; ચતુર. Wise.
શાણપ.-પણ, *n.* ડહાપણ; ચતુરાઈ. Wisdom.
શાદી, *n.* લગ્ન; વિવાહ, Marriage.

શાપ, *n.* બદદુવા. Curse.
શાપવું, *vt.* શાપ દેવો. To curse.
શાપિત, *a.* શાપ પામેલું. Cursed.
શાબાશ, *inter.* ધન્ય; વાહ. Bravo.
શાબાશી, *n.* ધન્યવાદ વખાણ. Applause.
શામક, *a.* શાંતિકારક. Sedative.
શામળું, *a.* કાળું, Black.
શામિયાનો, *n.* તંબુ. Tent.
શાયર,-હેર, *n.* કવિ. Poet. Bard.૨.વિદ્વાન.Scholar.
શાર, *n.* છિદ્ર. Hole.
શારડી, *n.*શાર પાડવાનું અણીદાર ઓજાર. Instrument for boring.
શારદા, *n.* સરસ્વતી. Goddess of learning.
શારદાપીઠ,*n.* વિદ્યાપીઠ. University.
શારવું *vt.* કાણું પાડવું. To bore. ૨. મહેણું મારવાં. To taunt.
શારીરિક, *a.* શરીર સંબંધી. Bodily.
શાર્દૂલ, *n.* વાઘ. Tiger.
શાલા,-ળા, *n.* નિશાળ. School. ૨. મકાન; ઘર.Residence. ૩. સંપ્રદાય. Sect.
શાશ્વત, *a.* નિત્ય. Permanent.
શાસક, *n.* હાકેમ; રાજા. Ruler. ૨. સજા કરનાર. Punisher.
શાસન, *n.* શિક્ષા. Punishment. ૨. અમલ. Rule. ૩. હુકમ. Command. ૪. ઉપદેશ. Sermon.
શાસનપદ્ધતિ, *n.* રાજ્ય ચલાવવાની પદ્ધતિ. System of governing.
શાસ્ત્ર, *n.* કોઈપણ વિષયનું તાત્વિક તેમજ વ્યવસ્થિતજ્ઞાન. Science. ૨. ધર્મગ્રંથ. Scriptures.
શાસ્ત્રવિરૂદ્ધ, *a.* અશાસ્ત્રીય. Illegal.
શાહ, *n.* મુસલમાન રાજા, King. ૨. શરાફ. Banker.
શાહજાદી, *n.* રાજકુંવરી. Princess.
શાહજાદો, *n.* રાજકુંવર. Prince.
શાહજોગ,-ગી. *a.* લાવનારને નાણાં આપવા પડે એવી. Payable to the holder. ૨. કાયદાસર. Lawful.
શાહમૃગ, *n.* આફ્રિકાનું એક પક્ષી, Ostrich.
શાહવટ, *n.* પ્રમાણિકપણું. Honesty.
શાહી, *a.* શાહ સંબંધી. Royal. સામ્રાજ્યને લગતું. Relating to the govt. *n.* લખવામાં વપરાતો રંગીન પ્રવાહી પદાર્થ. Ink.
શાહીચૂસ, *n.* શાહીને ચૂસી લે તેવો કાગળ. Blotting-paper.
શાહુકાર, *n.* શરાફ. Banker.
શાહુકારી, *n.* પ્રમાણિકતા. Honesty.
શાહુડી, *n.* એક પ્રાણી. Porcupine.
શાહેદ, *n.* સાક્ષિ. Witness.
શાહેદી, *n.* પુરાવો. Evidence.
શાંત, *a.* શાંતિ ધારણ કરેલું. Calm. Quiet.
શાંતિ, *n.* ક્ષોભ કે ક્રિયાનો અભાવ. Quiet.૨. આરામ. Ease.
શિકરામણ, *n.*સ્વીકારવુંતે. Acceptanceવટાવ. Commission.
શિકલ,-ક્લ, *n.*ચહેરો.Face. ૨. દેખાવ.Appearance.
શિકસ્ત, *n.* હાર. Defeat.

શિકાર, *n*, મૃગયા. Hunting.
શિકારવું, *vt*. સ્વીકારવું. To accept,
શિકારી, *n*. શિકાર કરનાર. Hunter.
શિક્ષક. *n*. શિક્ષણ આપનાર. Teacher.
શિક્ષણ, *n*. કેળવણી. Teaching.૨.બોધ,Instruction.
શિક્ષણ પદ્ધતિ, *n*. શીખવાની રીત. System of Education. શિક્ષણ પદ્ધતિ.
શિક્ષા,*n*.જ્ઞાનબોધ.Instruction.૨.સજા.Punishment.
શિક્ષિત, *a*. શિક્ષણ પામેલું. Educated.
શિખર, *n*. પર્વતનું મથાળું. Peak. ૨. ટોચ, Top.
શિખવણી, *n*. ભંભેરણી. Instigation.
શિખવાડવું,–આડવું. *vt*. ભણાવવું. To educate. ભંભેરવું. To instigate. [૩. જ્યોત. Flame.
શિખા. *n*. ચોટલી, Lock of hair. 5. છોગું. Plume.
શિખાઉ, *a*. & *n*. શીખતું. Probationary.
શિખામણ, *n*. બોધ. Instruction. સલાહ. Advice.
સિગરામ, *n*. વાહન. Conveyance.
શિથિલ, *a*. નરમ; ઢીલું. Weak.
શિયાળ,–વું,–ળિયું, *n*. કૂતરાના વર્ગનું એક પ્રાણી, Fox.
શિયાળું, *a*. શિયાળામાં થતું. Of winter.
શિયાળો, *n*. ઠંડીની મોસમ. Winter.
શિર, *n*, માથું. Head. ૨,ટોચ, Top.
શિરછત્ર, *n*. વડીલ: પાલક. Elder.
શિરચ્છેદ, *n*. માથું કાપી નાખવું તે. Beheading.
શિરતાજ, *n*. તાજ. Crown. વડીલ. Elder.
શિરપેચ, *n*. પાઘડી કે ફેંટા પરનું છોગું. An ornament worn in the turban.
શિરસ્તેદાર, *n*. મુખ્ય કારકુન. Head clerk.
શિરસ્તો, *n*. ધારો; રિવાજ. Custom.
શિરા, *n*. રક્તવાહિની: નસ. Blood-vessel.
શિરામણ, *n*. નાસ્તો. Breakfast.
શિરાવવું, *vt*. નાસ્તો કરવો. To take breakfast.
શિરોબિંદુ, *n*. ઊચામાં ઊચું બિંદુ. Vertex.
શિરોમણિ, *n*. ચુડામણિ. Best of the kind.૨. નાયક. [leader.
શિલા, *n*. પથ્થરની છાટ. Stone.
શિલાછાપ. *n*. શિલાપર કોતરીને કરેલું છાપકામ. Lithographography, [Bitumen.
શિલાજીત, *n*, ડુંગરનો રસ બનતી એક પૌષ્ટિક ઔષધિ.
શિલ્પ,–વિદ્યા, શાસ્ત્ર, *n*. બાંધ કામની કળા, Science of architecture.
શિલ્પકાર,–શાસ્ત્રી, *n*. કારીગર; બાંધકામમાં પ્રવીણ માણસ, Architect. શાસ્ત્રી. Architect.
શિલ્પી, *a*, શિલ્પને લગતું. Architectural.*n*. શિલ્પ-
શિવ, *n*. કલ્યાણ. Welfare. ૨.મહાદેવ. Lord Shiva. *a*. શુભ, Ominous. [to Shiva.
શિવનિર્માલ્ય, *a*. શિવને અર્પણ કરેલું. Dedicated
શિવાલય, *n*. શિવનું મંદિર. Temple of Shiva.
શિશિર, *n*.પોષ અનેમાઘનીઠંડીઋતુ.Coldest season.
શિશુ, *n*. બાળક. Infant,

શિશુડો, *n*. સિસોટી; મીસ્વો Whistle.
શિષ્ટ, *a*. શિક્ષિત. Civil.
શિષ્ટાચાર, *n*. સભ્ય રીતભાત. Formality.
શિષ્ય, *n*. ચેલો. Disciple.
શિષ્યવૃત્તિ, *n*. શિષ્ય તેના ખરચપેટે મળતી મદદ. Scholarship. [Proper.
શિસ્ત, *a*. નિયમબંધ વર્તન. Discipline. *a*. લાયક.
શિંગ, *n*. કઠોળની કૈતેના જેવી બીવાળી પાપડી. Pod,
શિંગડું, *n*. પશુના માથા પરનો અવયવ. Horn. ૨. એવા આકારનું વાદ્ય. Trumpet.
શીકું, *n*. ખાવાનું અદ્ધર લટકાવવા મંદિની ઝોળી.Sling.
શીકે,–એ, *an*. સુદ્ધાં. Together with.
શીખવવું, *vt*. ભણાવવું. To teach.
શીખવું, *vt*. ભણવું. To learn.
શીઘ્ર, *a*. સત્વર; Quick. *ad*. જલદી. Quickly.
શીઘ્રકવિ,*n*.શીઘ્રકવિતા બનાવે તેવો કવિ. Extempore
શિઘ્રતા, *n*. ઝડપ; ઉતાવળ. Quickness. [poet.
શીત,–લ,–ળ,–ળું, *a*. ઠંડું, ટાઢું. Cold. *n*. શરીર ઠંડું પડી જવું તે. Perspiration. [Frigid zone.
શીતકટિબંધ, *n*. ધ્રુવ આસપાસનો શીતળકટિબંધ પ્રકાશ.
શીતજ્વર, *n*. ટાઢિયો તાવ. Malaria; ague.
શિતલા,–ળા, *n*. બળિયા. Small-pox.
શીતોષ્ણ, *a*. કોકરવરણું. Tepid.
શીધું, *n*. કાચી સામગ્રી. Uncooked food.
શીશ,–ષ, *n*. માથું. Head. [Heading.
શીર્ષક, *n*.માથું.Head. ૨. ખોપરી, Skull. ૩. મથાળું.
શીલ,–ળ, *n*, સ્વભાવ. Nature. ૨. વર્તન. Conduct. ૩. ચારિત્ર્ય. Character. પ્રત્યય છે, જેમકે દાનશીલ.
શીશી,–શો, *n*. બાટલી–લો, Bottle. [Suffix.
શુકન, *n*. શુભાશુભ, Omen.
શુક્ર,*n*.એ નામનો ગ્રહ.Planet Venus,૨;વીર્ય.Semen.
શુક્રવાર, *a*. અઠવાડિયાનો છઠ્ઠો દિવસ. Friday.
શુક્લ, *a*. સફેદ. White. [month.
શુક્લપક્ષ, *n*. અજવાળિયું, Bright half of a lunar
શુદ્ધ, *a*. સ્વચ્છ, Clean. ૨. પવિત્ર; Pure, ૩.દોષરહિત, Stainless, *n*. શુદ્ધિ, Consciousness.
શુદ્ધી, *n*. પવિત્રતા, Purity. ૨ જાગૃતિ. Consciousness. ૩. પ્રાયશ્ચિત કરી પવિત્ર થઇ પાછા આવવું તે. Expiation.
શુદ્ધીપત્રક, *n*. ભૂલોના સુધારાની યાદી.List of errata.
શુભ, *a*. કલ્યાણ. Auspicious; Welfare.
શુભચિંતક;–ભેચ્છક,–ભેચ્છુ,*n*. હિતસ્વી.Well-wisher
શુમાર, *n*.સુમાર અડસટ્ટો.Guess.ગણતરી. Counting.
શુશ્રૂષા, *n*. સેવાચાકરી Service.
શુષ્ક, *a*. સૂકું રસ વગરનું. Dry.
શું, *prep*. વસ્તુવાચક પ્રશ્નાર્થ સર્વનામ, What *n*. આશ્ચર્ય કે પ્રશ્નાર્થસૂચક. *ad*. With.
શુંઢ,–ડા, *n*. સૂંઢ. Trunk.
શુંઢમૂઢ, *a*. ગભરાટથી શૂનમૂન જેવું. Bewildered,

શૂદ્ર. n. સૌથી હલકી વર્ણનો માણસ. Individual of the lowest class.
શુદ્ધબુદ્ધ, n. ભાન; જાગૃતિ. Consciousness. ૨. અક્કલ; સમજ. Sense. [ખાલી.Empty. રહિત. Without.
શૂન,-ન્ય, n. મીંડું. Dot. ૨. અભાવ. Emptinese. a.
શૂર, a. બહાદુર. Brave. n. યોદ્ધા, Hero.૨. શૂરવીરતા,
શૂરવીર, a.&n. બહાદુર. Brave. [Bravery.
શૂરાતન, n. શૌર્ય. Bravery.
શૂલ,-ળ, n. કાંટો. Prick. ૨. કાંટો ભોંકાયા જેવું દરદ.
શૂળી,n.પ્રાણ લેવાનું એક સાધન. Gallows. [Colic.
શૃંખલા, n. બેડી; સાંકળ. Fetters. [Decoration.
શૃંગાર, n. વિલાસ; રતિ. Love affairs. ૨. શણગાર.
શૃંગારી, a. કામી. શૃંગાર સંબંધી, Voluptuous.
શેક, n. શેકવું તે. Fomenfation.
શેકવું, vt. શેક કરવો. To foment. દેવતાપર નાખી ચડવવું. To bake.
શેખચલ્લી,-સલ્લી, n. તરંગી માણસ. Boaster.
શેખી, a.&n. પતરાજી. Boasting.
શેઠ,-ઠિયો, n. ધણી; માલિક, Master. ૨. વેપારી;શાહુ-
શેડ. n. ધારા; ધાર. Jet of water.[કાર.Merchant.
શેઢો, n. ખેતરની ચોમેર ખેડ્યા વિનાની છેડાની પટ્ટી.
શેતરંજ, n. એક રમત. Chess. [Boundary.
શેતરંજી, n. એક રંગીન પથરણું. Carpet.
શેતાન, n. શયતાન. Devil.
શેતૂર, n. એક ફળ. Mulberry
શેર. n. ચાળીસ તોલાનું માપ, મણનો ચાળીસમો ભાગ. Pound; weight of 40 tolas. ૨. સિંહ. Lion. ૩. વાઘ. Tiger. ૪. કડી. Couplet.
શેરડી,-લડી, n. સાંઠો. Sugar-cane.
n. પગવાટ, Footpath. લોહી તરી આવવાથી મોં પર પડતા લિસોટા. Blush.
શેરિયો,-રીકો, n. શેર વજનનું કાટલું. Measure containing one pound in weight.
શેરો, n. અરજી વગેરે પર અધિકારીએ કરેલું ટૂંકું ટિપ્પણ. Endorsemeut.
શેવાલ,-ળ, n. લીલ. Moss. ૨. વરાળ. Vapour.
શેશ, a. બાકી વધેલું. Remaining. n. ભાગાકારમાં વધતી રકમ. Remainder. ૨. પ્રસાદ. Remainder of presentsmade to a God.
શેહ, n. દાબ; છાપ.Check. ૨. દબાવવું તે. Pressing.
શૈથિલ્ય, n. મંદતા. Laxity.
શૈલ, n. પર્વત, Mountain.
શૈલી, n. ઢબ; રીત. Mode. ૨. લખાણની રીત. Style.
શૈશવ, n. બાળપણ. Childhood.
શોક, n. ખેદ; દીલગીરી. Grief, [rowful.
શોકકારક,-કારી,-જનક, a.શોક ઉત્પન્ન કરાવે એવું.Sor-
શોકાતુર,-કાર્ત, a. શોકથી પીડીત. Aggrieved.
શોક, n. પતિની બીજી સ્ત્રી. Co-wife.
શોખ, n. ઈચ્છા, Liking. હોંશ. Desire.
શોખીન,-કીન, ખીલું, a. શોખ મારનારૂં. Pleasure
શોચ,-ના,n.શોક;ફિકર,પસ્તાવો.Regret. [seeking.
શોચનીય,-ચ્ય, a. શોચ કરવા યોગ્ય. Regretable.
શોચવું,vt. શોચ કરવો,To lament.વિચારવું.To think.
શોધ, n. શોધવું તે. ખોળ; તપાસ. Search.૨. શોધેલી વસ્તુ. Discovery.
શોધક, n. શોધ કરનાર. Discoverer.
શોધખોળ, n. શોધ કરવી તે. Investigation.
શોધન,-ના, n. શુદ્ધિ. Purification. પરિક્ષા, Examination. ૨. શોધવું તે. Searching.
શોધવું, vt. ખોળવું.To search,તપાસવું. To examine. ૩. શુદ્ધ કકરવું. To purify. ૪. નવી શોધ કરવી. To discover.
શોધિત, a. શુદ્ધ કરેલું સુધારો કરેલું. Refined.
શોભવું, vt. સુંદર દેખાવું; છાજવું, To shine.
શોભા, n. સૌંદર્ય. Beauty.૨.આબરૂ, Reputation.
શોભાયમાન,-ભિત;-ભીતું, a. શોભાવાળું. Elegent,
શોર,-બકોર, n, કોલાહલ; ઘોંઘાટ. Uproar.
શોષ, n. તરસ; પ્યાસ. Thirst. [dry.
શોષવું, vt. ચૂસી લેવું, To absorb. સૂકું કરી નાખવું.To
શૌચ, n. સ્વચ્છતા; પવિત્રતા. Purity. ૨. મળોત્સર્ગ.
શૌર્ય, n. વીરતા; પરાક્રમ. Bravery.
શૌહર, n, ધણી; પતિ. Husband.
શ્મશાન,-ભૂમિ, n, મડદાં બાળવાનુ સ્થાન. Cemetry.
શ્યામ,-મલ, a&n, કાળું; Black,[Burial ground,
શ્રદ્ધા, n, આસ્થા; વિશ્વાસ. Faith.
શ્રદ્ધાળુ,-ળુ, a,&n, શ્રદ્ધાવાળું. Believing.
શ્રમ, n, મહેનત, Labour,
શ્રમજીવી, n, શારીરિક શ્રમ કરી ગુજરાન મેળવનાર.
શ્રમિત, a, થાકેલું. Tired. [Labour.
શ્રવણેંદ્રિય, n. કાન. Ear.
શ્રાદ્ધ, n. પિતૃઓની તૃપ્તિમાટે શ્રદ્ધાથી કરાતી તર્પણક્રિયા.
શ્રાપ, n. બદદુવા. Curse. [Obsequies.
શ્રાવ્ય, a. સાંભળવા યોગ્ય. Audible;to be heard.
શ્રાંત, a. થાકેલું. Tired.
શ્રી, n. લખાણના પ્રારંભમાં વપરાતો મંગળશબ્દ.Sacred word to be written at the begimning of every writing. ૨, લક્ષ્મી. Wealth. ૩. સૌંદર્ય, Beauty.
શ્રીપતિ, n. ધનવાન માણસ, Rich,
શ્રીફળ, n. નાળિયર. Coco-nut.
શ્રીમંત, a. ધનવાન. Rich. Fortunate.
શ્રીમાન, a. ધનવાન. Rich. n.નામની આગળ વપરાતો આદરસૂચક શબ્દ. Term of respect.
શ્રુત, n. સાંભળેલું. Heard.
શ્રેણિ,-ણી. n. હાર પંક્તિ. Series.
શ્રેય, n. મોક્ષ. Absolution. ૨, કલ્યાણ. Welfare.
શ્રેયસ્કાર,-રી, a, શ્રેય કરવું તે. Fayourable.
શ્રેષ્ઠ, n. ઉત્તમ. Best.

શ્રેષ્ઠી, *n.* શેઠ. મહાજનનો આગેવાન. Head of a mercantileclass.
શ્રોતા, *n.* સાંભળનાર. Hearer.
શ્રોતાજન,-વર્ગ, *n.* સાંભળનારાઓનોસમુદાય, Audience.
શ્લાઘા, *n.* પ્રશંસા. Praise.
શ્લેષ્મ, *n.* કફ. Cough.
શ્લોક, *n.* ચાર ચરણનું પદ. Stanza.
શ્વસુર, *n.* સસરો. Father-in-law.
શ્વાન, *n.* કુતરો. Dog.
શ્વાસ, *n.* નાકથી વાયુ લેવો; મૂકવો. Breath. ૨. હાંફ. Panting.
શ્વાસનળી, *n.* જે દ્વારા ફેફસાંમાં શ્વાસ લેવાય છે તે નળી. Wind-pipe.
શ્વાસપ્રશ્વાસ,-સોચ્છ્વાસ,-સોશ્વાસ. *n.* શ્વાસ લેવો અને મૂકવો તે. Respiration.
શ્વેત, *a.* સફેદ. White.
શ્વેતાંબર, *a.&n.* સફેદ વસ્ત્રવાળો. Having white garment. એક જૈન વિભાગ. A Jain sect.

'ष'

ષ, ચાર ઉષ્માક્ષરો માંનો બીજો-એકત્રીસમો વ્યંજન. The thirty first consonant of the Gujarati Alphabet of the lingual class.
ષટ, *a.* છ, Six.
ષટકોણ, -ણાકૃતિ, *n.* છ ખૂણાવાળી આકૃતિ, Hexagon.
ષટપદ, *a.* છ પગવાળું. Six legged. ભમરો. Wasp.
ષડયંત્ર, *n.* કાવત્રું, Conspiracy.
ષંઢ, *n.* નપુંસક, Impotent man.
ષોડસ, *x.* સોળ. Sixteen.

'स'

સ, ચાર ઉષ્માક્ષરોમાંનો ત્રીજો; પણ વ્યંજનનો ૩૩ મો અક્ષર. The thirty second consonant of the Gujarati Alphabat, of the lingual class. *prep.* સાથે; સહિત. With.
સઇ, *n.* દરજી, Tailor.
સહિઅર, *n.* સખી. A female flrind.
સકર્મક, *a.* જેને કર્મ હોય એવું. Transitive.
સકર્મી, *a.* ભાગ્યસાળી, Lucky.
સકલ,-ળ, *a.* બધું, તમામ. Entire.
સકંચો,-જો, *n.* કાબુ. Grip. સખત પકડવાનું યંત્ર. Pressing machine.
સકુટુંબ. *a.* કુટુંબ સહિત. With family.
સક્રિય, *a.* ક્રિયાયુક્ત. Active.
સખણું, *a,* તોફાની નહી એવું. Well-behaved.
સખ,-ખ્ત, *v.* કઠણ. Hard. ૨. મજબૂત. Firm. ૩. મુશ્કેલ. Difficult,
સખા, *n.* મિત્ર. Friend.
સખાવત, *n.* દાન. Charity. ૨. ઉદારતા. Generosity.
સખી, *a.* ઉદાર. Generous, *n.* સહિયર; સાહેલી. Female friend.
સખેદ, *ad.* ખેદ સાથે. With regret.
સગડ,-ધ, *n.* સમાચાર. News. ખબર. Information.
સગપણ, *n.* સગાઈ; સંબંધ. Relation. ૨. વિવાહ. Betrothal.
સગર્ભા, *n.* ગર્ભવતી. Pregnant.
સગવડ, *n.* જોગવાઈ. Convenience.
સગવડિયું, *a.* સગવડવાળું. Convenient.
સગીર, *a.* કાચી ઉંમરનું. Minor.
સગું, *a.&n.* એક લોહીથી કે લગ્ન સંબંધથી જોડાયેલું-માણસ. Relative.
સગુંવહાલું,-સંબંધી, *n.* સગુ. Relative.
સગોત્ર, *a.* એકજ ગોત્રનું. Of the same race.
સઘળું, *a.* બધુ; તમામ. Whole.
સચરાચર, *a,* સ્થાવર; જંગમ બધું. Including movable and immovable things. *ad.* સર્વત્ર. Everywhere.
સચિત્ર, *a.* ચિત્રોવાળું, Illustrated.
સચીવ, *n.* પ્રધાન, Minister.
સચોટ, *a.&ad.* અચૂક; નિષ્ફળ ન જાય એવું, Firmly.
સચ્ચાઇ, *n.* પ્રમાણિકતા. Honesty. સાચાપણું. Truthfulsnes
સચ્ચિદાનંદ, *n.* પરમાત્મા. Supreme Being.
સજડ,-જ્જડ, *v.* મજબૂત; દૃઢ. Tight.
સજની, *n.* પ્રિયા. Sweetheart. ૨. સખી. Female friend.
સજલ,-ળ, *a.* જળવાળું. Watery. આંસુથી ભરેલું. Ful of tears
સજવું, *vt.* ધારણ કરવુ. To equip. શણગારવું. To decorate
સજા, *n.* શિક્ષા; દંડ. Punishment.
સજાત, *a.* કુલીન; ખાનદાન. Of good birth.
સજાતિ,-તીય, *a.* એક જાતિ વર્ગનું. Homogeneous.
સજાવટ. *n.* સજવું કે તેની ઢબછબ, રીત. Decoration.
સજીવ, *a.* જીવતું; જીવવાળું. Animate.
સજીવારોપણ, *n.* નિર્જીવમાં સજીવ પણાનો આરોપ કરવે તે. Personification.
સજોડે, *ad.* પતિકે પત્ની સાથે. Both together,

સજ્જ,-જ,-ત્રિત, *a.* Prepared.
સજ્જન. *n.* સદ્ગૃહસ્થ; સભ્ય. Gentleman.
સજ્જા, *n.* બખતર. Bed. Armour. પોશાક, Dress
સટકવું, *vt.* નાસી જવું, To run nway.
સટરપટર,-પથર, *a.* વેરણછેરણ. Scattered.
સટીક, *a.* ટીકાસહિત. Annotated.
સટોડિયો,-રિયો, *n,* સટ્ટો કરનારો. Gambler.
સટોસટ,-ડાસટ, *ad.* ઉપરાઉપરા. Successively.
સટ્ટો, *n.* લાભનું લેખું માંડીને કરેલું સોદાહેં સાહસ.Speculation. [સ્તબ્ધ, Motionless.
સડક, *n.* મુખ્ય રસ્તો, Main rcad. *a.* તંગ.Stiff. ૨.
સડવું, *vt.* કોહી જવું. To rot.
સડસડાટ,-ડેટાટ, *ad.* સપાટાબંધ. Swiftly.Nimbly.
સડો, *n.* કોહવાટ. Rot. ૨. ભ્રષ્ટતા. Corruption.
સઢો. *n.* પવન ભરાઈને વહાણને ગતિ મળે તે માટે વહાણના થાંભલાને બાંધવામાંઆવતુંકપડું.Sail of a ship.
સણકો, *n.* ચળ ભોંકાતી હોય તેવું દરદ.Shooting pain.
સત, *a.* સાચું; યથાર્થ. True, *n.* અસ્તિત્વ. Existence. ૨. સાર. Essence. સત્ય. Truth.
સતત, *a.&ad.* હંમેશ; ચાલુ. Continually.
સતામણી, *n.* પજવણી. arassment.
સતાવવું, *vt,* પજવવું. Harass.
સતી, *n.* પતિવ્રતા. Chaste and virtuous wife.
સતીત્વ, *n.* પાતિવ્રત્ય. Chastity.
સતેજ, *a.*પ્રકાશયુક્ત. Bright. Awakened.
સત્કર્મ,-કાર્ય, *n.* સારું કાર્ય. Virtuous action.
સત્કાર, *n.* સ્વાગત. Reception.
સત્કારવું, *vt.* સત્કાર કરવો. To welcome,
સત્તા, *n.* અધિકાર. Authority.૨. માલકી. Ownership. ૩. બળ. Power.૪. અસ્તિત્વ. Existence.
સત્તાવાર, *n,* સત્તાયુક્ત; પ્રમાણિત. Authorised.
સત્વ, *n.* અસ્તિત્વ.Existence.૨.અંત;કરણ.Heart, ૩. સાર. Essence. ૪. સદ્ગુણ. Virtue. Valour.
સત્ય, *a.* સાચું. True, *n.* સાચી વાત, Truth.
સત્ય,-પરાયણ, *a.*સાચનેજ વળગી રહેનારૂં, Truthful.
સત્યયુગ,-જુગ, *n.* ચાર યુગમાંનો પ્રથમ, Golden age.
સત્યવકતા,-વાદી, *n.*સત્ય બોલનાર. Truth-speaking.
સત્યાગ્રહ, *n.* સત્યપાલનનો આગ્રહ. Fight for the truth.
સત્યાનાશ.*n.* પાયમાલી;નખ્ખોદ.Utter destruction.
સત્ર, *n.* સમય; ગાળો. Term. યજ્ઞ. Sacrifice.સદાવ્રત. A place where food is distributed free.
સત્વર, *a.&ad.* જલદી, Quick.
સત્સંગ, *n.* સંત કે સજ્જનની સોબત.Good society.
સદડું, *a,* પ્રવાહી અને જાડું-ઘટ્ટ.Liquid and thick.
સદરઅદાલત. *n.* વડી કચેરી. High;court.
સદરઅમીન. *n.* જડજથી ઉતરતો વડો દેશી અમલદાર. Native civil subordinate jndge.
સદરહુ, *a.* આગળ જણાવેલું પૂર્વોક્ત. Aforesaid.
સદરો, *n.* ટૂંકી બાંયનું ખૂલતું પહેરણ. Short-sleeved
સદંતર, *ad.* સદાને માટે. Forever.૨.સર્વથા.Always.
સદા,-કાળ,-સર્વ, *ad,* સદાને માટે, Always.
સદાચરણ, *n.* સારો આચાર;સદ્વર્તન. Good conduct.
સદાચાર, *n.* સારૂં આચરણ. Good behaviour.
સદાવ્રત, *n.* અન્નક્ષેત્ર,દીન. Alimondy.
સદી, *n.* સૈકો. Century.
સદૃશ, *a.* સમાન. Similar.
સદેહે, *ad.* દેહ સાથે, Bodily.
સદૈવ,-દોહિત, *ad.* હંમેશાં. Always,
સદગત, *a.* મૃત. Dead.
સદ્ગતિ, *n.* ઉત્તમ લોકની પ્રાપ્તિ. Salvation.
સદ્ગુણ, *n.* સારો ગુણ. Virtue.
સદ્ગુણી, *a.* સારા ગુણવાળું. Virtuous.
સદ્ગૃહસ્થ, *n.* સજ્જન; પ્રતિષ્ઠિત માણસ. Centleman.
સદ્બુદ્ધિ, *n.* સારી બુદ્ધિ. Good understanding.
સદભાવ, *n.* સ્નેહની લાગણી. Affection,
સદ્ય, *ad.* તરતજ. Immediately.
સધર્મચારિણી, *n.* પત્ની. Legal wife.
સધવા, *n.* સૌભાગ્યવતી. Whose husband is living.
સધ્ધર, *a.* શક્તીમાન. Able. Solvent.
સન, *n.* શક; સંવત. Era.
સનદ,-નંદ, *n.* પરવાનો-નગી. Royal mandate; permission. Grant.
સનદી, *a.* સનંદ ધરાવતું. Commissioned.
સનસનાટી, *n.* આશ્ચર્ય કે હેબકની અસર. Sensation,
સનેપાત,-ન્નિપાત, *n.* ત્રિદોષો મુઝારો.Delirium.
સનાન, *n.* સગાસંબંધીના મરણથી કરાતું સ્નાન. Bathing for the death of a relative.
સન્માન, *n.* સત્કાર. Respect. ૨. પ્રતિષ્ઠા. Aonour.
સન્માર્ગ, *n.* નીતિનો માર્ગ. Right course.
સપડાવું, ટાવું, *vt.* ફસાવું.To be caught. જકડાવું. To be entrapped.
સપનું,-મણું, *n.* સ્વપ્ન. Dream.
સપરમું, *a.* મંગલકારી, શુભ. Auspicious.
સપરિવાર, *a.* & *ad.* કુટુંબ સહિત. With family.
સપાટ, *a.* ખાડા ટેકરા વિનાનું. Flat. એક સરખું.Even.
સપાટી, *n.* કોઈપણ વસ્તુનો ઉપરનો સપાટભાગ. Level; surface.
સપાટો, *n.* ઝડપ. Quickness. તમાચો. Slap. ચાબુકનો પ્રહાર. Whipping. ગપાટો. Gossip.
સપાટાબંધ,-સપ. *ad.* ઝડપભેર; તરત. Quickly,
સપાડું, *n.* આભાર; પાડ. Obligation,
સપુચ્છ, *a.* સપુચ્છ. બધું. Entire Whole.
સપિંડ,*a.&n.*એકજ લોહીનું. Of the same blood.
સપૂત. *n.* સારોપુત્ર. Dutiful son.
સપ્ત, *a.* સાત. Seven.
સપ્તપદી, *n.* વિવાહ વિધિમાં વરકન્યાને સાત પગલાં સાથે તે. ફરવુંતેના મંત્રો.The seven steps at a Hindu marriage ceremony; its hymns,

સમાહ, *n.* અઠવાડિયું. Week.
સપ્રેમ, *ad.* પ્રેમ સહિત, With love.
સફર, *n.* મુસાફરી. Journey.
સફરજન, *n.* એક ફળ. Pear.
સફરી, *a.* સફર કરનારૂં. See-going. *n.* ખલાસી. Sailor.
સફલ,-ળ. *a.* સિદ્ધ; ફળવાળું. Success.
સફાઈ, *n.* સ્વચ્છતા. Cleanliness.
સફીલ, *n.* વગોલગ અડેલી. Adjoining land.
સફીલદાર, *n.* પડોશી. Neighbour.
સફેદ, *a.* શ્વેત; ધોળું. White.
સફેદો, *n.* ધોળોભૂકો. White powder. Chalk.
સબડકો, *n.* પ્રવાહી પદાર્થ ચુસતાં થતો અવાજ. Smack.
સબડવું, *vi.* વાસી પડી રહેવાથી બગડી જવું સડવું. To rot.
સબબ, *n.* હેતુ. Object. ૨. કારણ. Reason.
સબરસ, *n.* મીઠું. Salt.
સબલ,-ળ, *a.* બળવાન. Vigorous.
સબૂર,-રી,-બર, *n.* ધીરજ; સહનશક્તિ. Patience.
સભા, *n.* મેળાવડો, પરિષદ. Conference. ૨, મંડળી. Association.
સભાપતિ, *n.* પ્રમુખ. Chairman.
સભાસદ, *n.* સભ્ય. Member.
સભ્ય, *n.* સભાસદ. Member. Polite.
સભ્યતા, *n.* સભ્યપણું.; સંસ્કૃતિ. Courtesy.
સમ, *n.* સરખું. Like.
સમકાલિન, *n.* એક કાળમાં સાથે વિદ્યમાન. Contemporary.
સમક્ષ, *a.* રૂબરૂ નજર સામે. In the presence of.
સમગ્ર, *a.* બધું; તમામ. Whole.
સમચરી,-છરી, *n.* સંવત્સરી; દર વર્ષે આવતી મરણતિથી–તે દિવસની ક્રિયા. Anniversary.
સમચોરસ, *n.* ચાર ખૂણા અને ચાર બાજુએ સરખી હોય તેવી આકૃતિ. Square.
સમચ્છેદ, *n.* અનેક અપૂર્ણાંકનો સમચ્છેદ. Common denominator.
સમજ,-ણ, *n.* અક્કલ; જ્ઞાન. Understanding.
સમજણું,-દાર,-જુ, *a.* સમજે એવું; સમજણવાળું. Prudent.
સમજવું, *vt.* જાણવું અર્થ ગ્રહણ કરવો, To understand
સમઝુત,-તી, *n.* ખુલાસો, વિવેચન. Explanation.
સમડી,-ળી, *n.* એક પક્ષી. Kite. શમીવૃક્ષ. Tree.
સમતલ, *n.* સરખો સપાટી. Plane.
સમતા,-ત્વ, *n.* સમાનતા. Equality.
સમતોલ, *a.* સરખાવજનનું સરખું. Of equal weight.
સમદર્શિ, -દ્રષ્ટિ, બુદ્ધિ, *a.* નિષ્પક્ષપાતી. Impartial.
સમન્વય, *n.* એક સરખો વ્યસ્થિત ક્રમ. Regular succession.
સમભાગ, *n.* સરખો ભાગ. Equal share.
સમભાવ, *n.* સમાનતાની બુદ્ધિ–ભાવ. Equality.
સમય, *n.* વખત. Time ૨. કાળ. Period. ૩. મોસમ. Season. ૪. લાગ. Opportunity.

સમયપત્રક, *n.* સમયની ફાળવણીનીનો પ. Time-table.
સમયસૂચકતા, *n.* સમયને યોગ્ય તત્કાળ કાર્ય કરવાની શુદ્ધિ. Presence of mind.
સમયાનુસાર,-યોચિત, *a.* & *ad.* સમય પ્રમાણે. According to time.
સમયાનુસારી, *a.* સમયને અનુસરીને વર્તનારૂં. Time-serving.
સમર,-ભૂમિ,-રાંગણ, *n.* યુદ્ધ. Battle.
સમરાવવું, *vt.* દુરસ્ત કરાવવું. To repair.
સમર્થ, *a.* બળવાન. Powerful.
સમર્થન, *n.* ટેકો આપવો તે; સાબીતિ. Supporting.
સમર્પણ, *n.* અર્પણ કરવું. Dedication.
સમર્પવું, *vt.* સમર્પણ કરવું. To dedicate.
સમવયસ્ક,-વયી, *n.* સરખી ઉમરનું. Of the same age.
સમવાયતંત્ર, *n.* અમુક સ્વયત્ત સમૂહોનું ઐક્ય સમવાયતંત્ર. Federation.
સમશીતોષ્ણ, *a.* સરખી ગરમી અને ગરમીવાળું. Temperate.
સમષ્ટિ, *n.* સમસ્ત; સમુદાય. Totality.
સમસ્ત, *a.&n.* બધું, તમામ. Entire.
સમસ્યા, *n.* કોયડો. Puzzle. ૨. સંકેત. Hint.
સમાગમ, *n.* મેળાપ. Meeting. ૨. સોબત. Company.
સમાચાર, *n.* ખબર. News.
સમાચારપત્ર, *n.* વર્તમાનપત્ર, Newspaper.
સમાજ, *n.* એકજ ધર્મ કે આચારવાળો જન સમુદાય. Society. ૨. સભા. Assembly.
સમાજવાદ, *n.* સમાજની સત્તાનો વાદ. Socialism.
સમાજિક, *n.* પ્રેક્ષક. Spectator. ૨. સભ્ય. Member.
સમાધાન,-ની, *n.* નિકાલ, Settlement. ૨. તૃપ્તિ. Satisfaction.
સમાધિ,-ધ, *n.* Deep contemplation. ૨. સાધુ સંતને દાટ્યા હોય તે જગા પર કરેલી દેરી. Saint's grave.
સમાન, *a.* સરખું. Equal.
સમાપ્ત, *a.* પૂર્ણ. Complete.
સમાપ્તિ-પ્ત્ના, *n.* અંત; છેવટ. End.
સમારકામ, *n.* દુરસ્ત કરવું તે. Repairs.
સમારવું, *vt.* દુરસ્ત કરવું. To repair. કાપવું. To cut.
સમારંભ, *n.* ઠાઠમાઠથીકરેલો આરંભ-ઉત્સવ. Celebration.
સમાવવું. *vt.* સમાય એમ કરવું. To include.
સમાવું, *vt.* અંદર માવુંઆવીજવું, To be contained in.
સમાવેશ, *n.* સમાવું તે. Inclusion. ૨, સમાસ. Accomodation.
સમાસ, *n.* સમાવેશ. See above. બે કે વધારે શબ્દોના સંયોગથી થયેલો શબ્દ. Compound word ૨. સંક્ષેપ Contraction.
સમાંતર, *a.* સમાન અંતરવાળું. Parallel.
સમિતિ, *n.* મંડળી સભા. Committee.
સમિધ, *n.* યજ્ઞોપયોગી ઇન્ધન Fuel for a sacrifice.
સમીકરણ, *n.* સરખું કરવું તે. Equation.
સમીક્ષા, *n.* બારીકતપાસ;સમાલોચના. Investigation.
સમીપ, *a.* નજીક, નીકટ. Near.
સમુચ્ચય, *n.* સંગ્રહ સમૂહ. Collection.

સમુદાય, *n.* ટોળું. Mass.
સમુદ્ર, *n.* દરિયો. Sea.
સમુદ્રકાંઠો, *n.* દરિયા કિનારો. Sea shore.
સમુદ્રફીણ, *n.* એક ઔષધિ. Cuttle fish;bone.
સમું. *a.* જેવું;સરખું. Similar. ૨. ઘટ્ટત. Rsght. *ad.* સહિત, With.
સમૂલ,-ળ,-ળું. *a.* મૂળ સહિત. With root.
સમૂહ, *n.* ટોળું. Multitude.
સમૂળગું. *a.* સમૂ. Entire.
સમૃદ્ધ, *n.* આબાદ. Prosperous.
સમૃદ્ધિ, *n.* આબાદી. Prosperity. ૨.સંપતિ. Riches.
સમેટવું, *vt.* આટોપવું; એકઠું કરવું. To wind up.
સમેત, *a.&.ad.* સુદ્ધાં; સહિત. Accompanied.
સમો. *n.* સમય, વખત. Time,
સમોવડ,-ડું,-ડિયું, *a.* પ્રતિસ્પર્ધી. Rival.
સમ્રાટ, *n.* રાજાધિરાજ. Emperor.
સરકટ, *n.* બરૂ જેવો એક છોડ. Coarse reed.
સરકણું, *a.* સરકી જાય એવું. Slippery.
સરકવું. *vi.* લપસવું, ખસવું. To slip. છટકવું,To sneak away.
સરકાર, *n.* પ્રજાનું શાસન કરનારી સત્તા. Government.
સરકારી, *a.* સરકારનું સંબંધી. Governmental.
સરકો, *n.*ધણોજ ખાટો રસ. Vinegar.
સરખામણી, *n.* તુલના; મુકાબલો. Comparison.
સરખાવવું, *vt.* મેળવી જોવું. Compare.
સરખું.-રીખું, *a.* સમાન. Equal. ૨. સમાન. Flat. ૩. વ્યવસ્થિત, Orderly. ૪. છાજતું. Proper.
સરઘસ, *n.* વરઘોડા જેવો સમુદાય. Procession.
સરજત,-ન, *n.* સરજેલી વસ્તુ. Creation.
સરજનહાર, *n.* સરજન કરનાર. Creator.
સરત, *n.* ધ્યાન.Attention. ૨. સ્મૃતિ. Memory.
સરતચૂક, *n.* નજરચૂક. Oversight.
સરદાર. *n.* આગેવાન; નાયક. Leader. ૨. ઉમરાવ, Nobleman.
સરદારી, *n.* & *a.* આગેવાની. Leadership.
સરનશીલ, *n.* પ્રમુખ. President,
સરનામું, *n.* નામઠામ વગેરે. Address.
સરપંચ, *n.* પંચનો વડો. Head juror.
સરપાવ, *n.* શાબાશી બદલ આપવામાં આવતો પોશાક. Reward.
સરભર, *a.* સરખેસરખું. Equal.
સરભરા, *n.* આદરસત્કાર સેવાચાકરી. Hospitality.
સરમુખત્યારી, *n.* કુલ સત્તા, Full power.
સરલ,-ળ, *a.* સીધું. Straight. ૨. મુશ્કેલ નહિ એવું. Not difficult, ૩. નિખાલસ. Simple.
સરવાળો, *n.* સંખ્યાઓ ભેગી ઉમેરવી તે-તેથી થતી રકમ. Total.
સરવાયું, *n.* આખા વરસના હિસાબનું તારણ. Balance-sheet.
સરવું, *vi.* સરકવું, To slip. પાર પડવું.To be accomplished. *a.* ઝટ સાંભળે તેવું. Keen in hearing.
સરસ, *a.* ઉતમ, Excellent. સુંદર, Beautiful.
સરસમાચાર,-સંદેશો, *n.* ખબર અંતર. Tidings.
સરસવ, *n.* એક જાતનું તેલી બી. Rape seed.
સરસાઇ,-સરસી, *n.* હરિફાઇ. Competition.
સરસામાન, *n.* બધોય સામાન. All things.
સરસૂબો, *n.* વડો સૂબો. Chief governor. પરગણાનો હાકેમ. District cfficer.
સરસ્વતી,*n*,વિદ્યાની દેવી;શારદા.Goddess of learning.
સરહદ, *n.* સીમા. Boundary. સીમાડો. Frontier.
સરંજામ, *n.* જોઇતી સામગ્રી. Materials.
સરાઇ, *n.* ધર્મશાળા. Inn. પોળ. Street.
સરાણ, *n.* ધાર કાઢવાનું યંત્ર. Grind-stone.
સરાવવું, *vt.* શ્રાદ્ધ કરવું. To offer funeral cakes.
સરિત,-તા, *n.* નદી. River.
સરિયામ, *a.* જાહેર.Public.મુખ્ય.Chief;સીધું. Plain.
સરેરાશ,-રાસર,-રી, *n.* નાની મોટી રકમનો જુમલો કરી કાઢાતું માન. Average.
સરેશ,-સ. *n.* એક ચીકણો પદાર્થ. Glue.
સરૈયો,*n.*સુગંધીદાર વસ્તુઓ વેચનાર.Purfume vender
સરોજિની, *n,* કમળની વેલ. Lotus plant.
સરોવર,-રવર, *n.* મોટું તળાવ. Lake.
સર્ગ, *n.*ઉત્પત્તિ; સૃષ્ટિ. Creation. અધ્યાય.Chapter.
સર્જક,-નહાર, *n.* સર્જનાર. Creator.
સર્જન, *n.* સર્જવું તે; કૃતિ; સૃષ્ટિ. Creating.
સર્જનજૂનું, *a.*સૃષ્ટિની શરૂઆતથી ચાલતું આવેલું. From times immemorial.
સર્જનસક્તિ,*n.*નવું રચવાની શક્તિ. Creative power.
સર્જવું, *vt.* નવું રચવું. To create.
સર્પ, *n.* સાપ. Snake.
સર્વ, *a.* બધું; તમામ. All.
સર્વકાલિન, *a.* બધો વખત ટકી રહેનાર. Perpetual.
સર્વજ્ઞ, *a.* બધું જાણનારૂં. Onniscient,
સર્વત્ર, *ad.* દરેક સ્થળે. Everywhere.
સર્વદા. *ad.* હમેશાં. Always.
સર્વનામ, *n.* નામને બદલે આવતો શબ્દ. Pronoun.
સર્વભક્ષી, *a.* બધું ભક્ષણ કરૂં, Omnivorous
સર્વમાન્ય,*a.*બધાનેમાન્ય.Universally accepted.
સર્વશક્તિમાન, *a.* સર્વ પ્રકારની શક્તિવાળું. Omnipotent.
સર્વશ્રેષ્ઠ,-ર્વોતમ,-ર્વોપરી, *a.* સર્વમાં ઉત્તમ, Best among all.
સર્વાનુમત, *a.* બધાંને કબુલ. Unanimous.
સર્વોપયોગી, *a.* સર્વને ઉપયોગી, Useful to all.
સર્વોપરીપણું, *n.* શ્રેષ્ઠત્વ. Supremacy.
સલવાવું, *vt.* ગુંચવાવું. To be entangled.
સલાટ, *n.* પથ્થર ઘડનારો, Stone-mason.
સલામ, *n.* નમસ્કારનો એક પ્રકાર. Salutation.
સલામત, *a.* સુરક્ષિત. Safe.
સલામતી, *n.* સુરક્ષિતતા. Safety.૨. આરોગ્ય.Health.
સલામી, *n.* સલામ દાખલ અપાતું મહેસૂલ કે ભાડું, Quit-rent.

સલાહ, *n.* શીખામણ. Advice.૨.અભિપ્રાય. Opinion. [૩.સુલેહ. Peace.
સલુકાઇ, *n.* સભ્યતા. Civility.
સલુણું, *a.* મનોહર; રસથી ભરેલું. Fine.
સલેપાટ, *n.* રેલના પાટા નીચે ગોઠવાતો પાટડો. Sleeper.
સલ્તનત, *n.* સામ્રાજ્ય, પાદશાહત, Empire.
સવળું,-ળ, *a.* સૂલટું; અવળાથી ઉલટું, Proper.
સવા, *a.* ૧¼. One ann quarted. એક બીજ. Plant seeds. *a.* પાધરૂં Agreeable.
સવાઇ, *n.* વધારેપણું. Excess.ચડિયાતાપણું. Superiority.
સવાણ. *n.* આરામ. Relief from pain.
સવાયું, *a.* સવાગણું. More by 25 p. c. ૨. ચડિયાતું. Surpassing. [૩. ઘોડેસ્વાર. Rider.
સવાર, *n.* વ્હાણુ, Morning. ૨. પ્રાતઃકાળ. Dawn.
સવારી, *n.* વરઘોડો Procession. ૨. સવાર થવું તે. Riding.૩.ઉતારૂ. Passenger.૪.મુસાફરી, Journey.
સવાલ, *n.* પ્રશ્ન. Question. ૨. અરજ. Request.
સવિનય; *a.&ad.* વિનયયુક્ત. Humble,
સવિનયભંગ, *n.*વિનયપૂર્વકભંગ. Civll disobedience.
સવિસ્તર, *a.&ad.* વિસ્તર પૂર્વક, In detail.
સવેળા, *ad.* વખતસર આગળથી. In proper time.
સશક્ત, *a.* શક્તિવાળું. Poweful.
સશસ્ત્ર, *a.* શસ્ત્રસજ્જ; શસ્ત્ર સાથે. Armed.
સસણી, *n.* બાળકનો એક રોગ, Whooping cough.
સસરો, *n.* વહુ કે વરનો બાપ. Father-in-law.
સસલો,-સો, *n.* એક નાનું ચોપગું પ્રાણી. Rabbit.
સસ્તુ, *a.* સોંઘું. Cheap.
સહ,-હિત, *ad.* સાથે. With.
સહકાર,-યોગ, *n.* એક બીજાને મદદગાર થવું તે. Co-operation [society.
સહકારીમંડળ,*n.*સહકારથીચાલતુંમંડળ,Co-operative.
સહગમન, *n.* સાથે જવું તે.સતીથવુંતે.Accompanying.
સહગામી, *a.* સહગમન કરનારૂં. Con-current.
સહચાર, *n.* સાથ; સોબત. Accompanying. ૨.સુસંગતપણું. Aarmony. [Wife.
સહચારિણી,-રી,-ધર્મચારિણી,-ધર્મિણી, *n.* પત્ની.
સહજ, *a.* કુદરતી; સ્વાભાવિક. Natural. સાથે જન્મેલું. Born with. *ad.* Easily.
સહજબુદ્ધિ, *n.* કુદરતી કે પ્રેરણા. Instinct.
સહન, *n.* સહેવું તે. Bearing. Endurance.
સહનશક્તિ,-શીલતા, *n.*સહન કરવાની શક્તિ.Forbearance.
સહનશીલ, *a.* શાંત. Patient.
સહવાસ, *n.* સાથે વસવું તે. Dwelling with. સોબત; સંબંધ. Aquaintance. ૩. મહાવરો. Practice.
સહશિક્ષણ, *n.* છોકરા-છોકરીઓને સાથે શિક્ષણ આપવું તે. Co-education.
સહસા, *ad.* ઉતાવળે. Rashly.૨.અચિંતુ.Suddenly. ૩.વિચાર કર્યા વિના. Indiscreetly.
સહસ્ત્ર, *a.* હજાર. Thousand.
સહાધ્યાયી,-હપાઠી,*n.*સાથેભણનારો.Fellow-student.
સહાનુભાવ,-ભૂતિ, *n.* સમભાવ;દિલસોજી. Sympathy.
સહાય,-તા, *n.* મદદ. Help.
સહાયક, *a.&n.* મદદગાર. Helping.
સહાયભૂત, *a.* મદદગાર થયેલું. Helping.
સહિયર, *n.* સખી, સાહેલી. Female friend.
સહિયારૂં, *a.&n.*ભેગું;પંતિયાળું. Held in common.
સહી, *n.* દસ્કત; મતું, નીચે પોતાનું નામ લખવું તે. Signature. *a.* સાચું. Right. *ad.* કબૂલ; નક્કી. Accepted.
સહીસલામત, *a.* સુરક્ષિત. Safe.
સહીસલામતી. *n.* સુરક્ષિતતા, Safety.
સહુ, *a.* સર્વ; સર્વ.All.
સહેજ,-સાજ, *a.&ad.* થોડું. Little.
સહેજે, *ad.* સહેલાઈથી. Easily.
સહેલ, *a.* સહેલું. Easy. *n.* મોજમજા. Merriment.
સહેલગાહ, *n.* મોજમજા માણવાની જગા. Place of amusement.
સહેલસપાટા,*n.*મોજમજા.Merriment.
સહેલું,-સટ, *a.* મુશ્કેલ નહિ એવું. Easy.
સહેવું, *vt.* સહન કરવું. ખમવું. To bear.
સહોદર, *a.&n.* એકજ પેટે જન્મેલું.Co-uterine. ભાઈ.
સહ્ય, *a.* સહી સકાય એવું. Bearable.
સહ્યભેદ, *n.* કર્મણી પ્રયોગ. Potential mood.
સળ, *n.* ગેંટ; આંકો. Fold.
સળગવું, *vt.* બળવું. To burn.
સળવળવું, *vt.* હાલવું, To move. કશું કરવા તત્પર થવું. To stir.
સળવળાટ, *n.* અંપો; સળગવું તે. Restlessness.
સળંગ, *a.&ad.* આખું. Whole. To the end.
સળિયો, *n.* ધાતુનો લાંબો કકડો. Bar.
સળેખમ, *n.* શરદી; એક રોગ. Cold.
સળો, *n.* સળવું તે, Rottenness.
સંકટ, *n.* દુઃખ આફત. Calamity.
સંકડામણ,-ડાશ, *n.* જગાની તંગાશ; ભીડ. Closeness. Trouble. [આવવું. To be in difficulty.
સંકડાવું. *vi.* ભચડાવું, To be crowded. મુશ્કેલીમાં
સંકલન,-ના, *n.* એકઠું કરવું તે; સંગ્રહ, Act of collecting.
સંકલ્પ, *n.* નિશ્ચય,મનસૂબો.Resolve. ૨.તરંગ.Fancy. ૩. નિશ્ચય લેવો, Solemn declaration.
સંકલ્પવિકલ્પ, *n.* તર્કવિતર્ક. Hesitation.
સંકીર્તન, *n.* સ્તુતિ. Worship.
સંકુચિત, *a.* સંકોચ પામેલું. Contracted. ૨. સાંકડું. Narrow.
સંકેત, *n.* ઇશારો. Hint. ૨. અગાઉથી કરેલી છૂપી ગોઠવણ. Prearranged secret a rrangement.
સંકેતસ્થાન, *n.* સંકેત પ્રમાણે મળવાની જગા, Rendezvous. [gather.
સંકેલવું, *vt.* સમેટાલેવું.To wind up. એકઠું, કરવું. To
સંકોચ, *n.* તંગી. Want. ૨. ખચકાવું તે.Hesitation. ૩. લજ્જા. Modesty. ૪. બીડાવું તે.Contraction.

સંકોચવું,-ડવું, *vt.* બીડી દેવું. To close. To draw.
સંકોચાવું, *vt.* સંકોચાવાય એમ કરવું-થવું. To ge
સંકોરવું, *n.* પ્રજ્વલિત કરવું. To stir.
સંક્રાંતિ, *n.* સૂર્ય યા ગ્રહનું એક રાશિમાંથી બીજી રાશિમાં જવું તે. Passing of sun or other planets from one sign of the Zodiac into into another.
સંક્ષિપ્ત, *a.* ટૂંકું. Short; concise.
સંક્ષેપ, *n.* ટૂંકાણ. Conciseness ૨. સાર.Summary.
સંક્ષોભ, *n.* ખળભળાટ; ગભરાટ. Commotion.
સંખ્યા, *n.* આંકડો.Number.૨.ગણતરી.Calculation.
સંખ્યાત્મક,-વાચક, *a.* સંખ્યાને લગતું. Numerical.
સંગ, *n.* સંયોગ. Association.૨.સોબત.Company.
સંભોગ. Coition. ૪. સ્પર્શ, Touch.
સંગઠન,-ના,-ઘટન,-ના, *n.* એકત્રિત કરવું તે.Bringing together.
સંગઠિત, *a.* સંગઠનવાળું;એકત્ર,Brought together
સંગત, *a.* સંબત, Accompanying. ૨. સુસંગત. Harmonious. ૩. પ્રમાણસર. Symmetrical.
સગતિ,*n.*સોબત. Company.પ્રમાણપણું.Symmetry.
સંગમ, *n.* મેળાપ. Union. Junction.૩. બે નદીઓનું મિલન-તે સ્થાન, Confluence.
સંગાથ,-ઘાત, *n.* સાથ; સોબત. Company.
સંગાથી,-ગી,-ઘાતી, *n.&a.* સોબતી. Companion.
સંગીત, *n.* વાદન. Music. ગાયન. Singing.
સંગીન, *a.* મજબુત. Hard. *a.* બંદૂકની નળીને છેડે ઘાલવામાં આવતું ભાલા જેવું અણીદાર પાનું,Bayonet.
સંગેમરમર, *n.* આરસપહાણ. Marble.
સંગ્રહ,-ઘરો, *n.* એકઠું કરવું તે. Gathering. ૨. સંઘરેલો જથો. Collection.
સંગ્રહણી,-ઘરણી, *n.* એક રોગ. Dysentery.
સંગ્રહસ્થાન, *n.* જાણવા જોગ વસ્તુઓનો સંગ્રહ-તેરથાન. Musuem,
સંગ્રામ, *n.* યુદ્ધ. Battle.
સંઘ, *n.* ટોળું.Multitude,૨. સમુદાય,Mass.
સંઘરવું-ગ્રહવું, *vt.* એકઠું કરવું. To hoard.જમા કરવું.
સંઘર્ષ,-ણ, *n.* બે વસ્તુઓનું ઘસાવું કે અથડાવું તે, Friction. સ્પર્ધા. Rivalry. [Lathe.
સંઘાડો, *n.* હાથીદાંત, લાકડું વગેરેનો ઘાટ ઉતારવાનું યંત્ર.
સંઘાતક. *n.* નાશ કરનારૂં. Destructive.
સંચ, *n.* ગુપ્તકરામત;પેટીકે પટારામા ગુપ્તખાનું. Secret
સંચય, *n.* સંગ્રહ, જમાવ, Accumalation.
સંચરવું,*vt.*દાખલથવું Go.Enter. સંચયકરવો.Collect.
સંચલન, *n.* ડોલવું-હાલવું તે. Moving.કંપ Tremor. હિલચાલ. Agitation.
સંચવુ, *vt.* એકઠું કરવું. Collect. ઢગલો કરવો. Heap.
સંચળ, *n.* એક ક્ષાર. Chloride of sodium.
સંચાર,-ચર, *u.* ફેલાવો, Spread. માં થઇને જવું તે. Penetration. [tiles of a roof. રેડવું.Pour.
સંચારવું, *n.* નળિયાં ફેરવીને ઠીકઠાક કરવાં Turn the
સંચાલક. *n.* ચલાવનાર. Director.
સંચાલન, *n.* વ્યવસ્થા કરવી તે. Directing.
સંચો, *n.* યંત્ર. Machine.
સંજવારી, *n.* કચરો; પૂંજો, Dust.
સંજીવન, *n.* મરેલું જીવતું કરવું તે. Reanimation.
સંજીવની. *n.* મરેલાંને જીવતાં કરવાની વિદ્યા કે દવા.
સંજોગ, *n.* સંયોગ; ભેટો. Coincidence. પરિસ્થતિ. Circumstande. ૩. દૈવયોગ. Accident.
સંજ્ઞા, *n.* ભાન; ચેતના. Conciousness. ૨. જ્ઞાન; સમજ. Understanding. ૩. સાન. Gesture. ૪. નામ. Name.
સંડાસ, *n.* જાજરૂ. Privy.
સંડોવવું, *vt.* સપડાવું; સામે કરવું. To Implicate.
સંત *a.&n.* સાધુ પુરૂષ. Saint.
સંતતિ, *n.* બાલબચ્ચા. Progeny.
સંતતિનિયમન, *n.* સંતતિ વધતી કે થતી અટકાવવી તે. Birth-control.
સંતરૂ, *n.* એક ફળ. Citron.
સંતલસ, *n.* ખાનગી મસલત. Artifice.
સંતાકૂકડી, *n.* એક રમત. Game of hide and seek.
સંતાડવું, *vt.* છુપાવવું. To hidet
સંતાન, *n.* સંતતિ. Progeny. ઓલાદ. Issue.
સંતાપ, *n.* દુઃખ ઉદ્વેગ. Affliction,
સતાપવું,-તારવું,, *vt.* પીડવું. To harass.
સંતાવું, *vt.* છુપાવું. ગુપ્ત રહેવું. To be concealed.
સંતુષ્ટ,-તોષી, *a.* સંતોષ. Gratified.
સંતોલો, *n.* બારદાન સહિત કુલ વજન. Tare.
સંતોષ, *n.* તૃપ્તિ; પામેલું. Satisfaction.
સંતોષકારક, *a.* સંતોષ આપે એવું. Satisfactory.
સંત્રી, *n.* પહેરેગીર. Guard.
સંદર્ભ, *n.* ગૂંથવું તે; ગોઠવાવું તે. Weaving to gether.આગળ પાછળના અર્થનો સંબંધ. Connection of a writing with another.રચના.Context.
સંદિગ્ધ, *a.* અસ્પષ્ટ, સંદેહ યુક્ત. Dubious.
સંદેશ,-શો, *n.* કહેણ; ખબર. Message, સમાચાર.
સંદેહ, *n.* વહેમ. શંકા. Doubt.
સંધાડવુ, *vt.* જોડવુ; સાંધવું. To unite.
સંધાણ,-ન, *n.*જોડાણ; સાંધણ. Joint.૨, નિશાન.Aim. ૩. લાગ. Opportunity.
સંધવું, *vt.* સંધાય એમ કરવું. To be sewn.
સંધિ, *n.* જોડાણી; સંયોજન. Union. ૨. સાંધો Joint. ૩, સુલેહ. Acace. ૪. અણિનો વખત. Climax. બે યુગો વચ્ચેનો સમય. Transtion period.
સંધિવા,*n.*સાંધા અકડાઇ જવાનો રોગ.Rheumatism.
સંધ્યા,-કાલ,-ળ-સમય, *n.* સાંજ. Evening.
સંનિધ, *ad.* નજીક; પાસેનું. Near.
સંનિપાત,-નેપાત, *n.* ત્રિદોષ, મુંઝારો. Delirium. ૨. ઢગલો. Heap.
સંન્યસ્ત, *a.&n.* સન્યાસી થવું તે. Asceticism.

સંન્યાસી,*n.*જેણે સન્યાસલીધોહોય તેવો સાધુ. Ascetic.
સંપ. *n.* એકતા મેળ. Unity.
સંપત,-દ,-દા, *n.* સંપતિ. Wealth.
સંપતિ, *n.* ધન. Riches. ૨. આબાદી, Prosperity.
સંપન્ન, *n.* વૈભવશાળી, Rich. સહિત. With.
સંપર્ક, *n.* સંગ, સબંધ. Contact.
સંપવું, *vt.* સંપ કરવો. To unite.
સંપાદન, *n.* મેળવવું તે. To obtaining.
સંપાદક,*n.* મેળવનાર, One who obtains. Editor.
સંપી,-લું, *n.* સંપવાળું, Harmonious.
સંપુટ, *n.* હાથના પંજા જોડી કરેલો ઘાટ. Cavity.
સંપૂર્ણ,*a.* પરિપૂર્ણ.Complete.૨.સમાપ્ત. Finisked. ૩. વધું. All.
સંપૂર્ણતા, *n.* પરિપૂર્ણતા. Completion.
સંપેતરું, *n.* સોંપાયેલુ વસ્તુ. Thing entrusted.
સંપ્રદાન, *n.* આપવું તે. Giving. ૨. દાન. Gift.
સંપ્રદાય, *n.* Sect. પંથ. Doctrine.
સંબંધ, *n.* જોડાણ. સગાઈ. Relation. ૨. વિવાહ.Betrothal. ૩. પરિચય. Acquaintance.
સંબંધી, *n.* સગું. Relative. *a.* સંબંધવાળું. Related. *a.* બાબતે, Regarding.
સંબોધવું, *vt.* બોલાવવું. To address. ૨.સમજાવવું.To explaitn. [૩. ઉત્પતિ. Production.
સસંભ, *n.* ચક્યતા, Possibility. ૨. મૂળ. Origin.
સંભવનિય,-વિત, *a.* શક્ય. Possible.
સંભવવું, *vt.* સંભવ હોવો. To be likely. ૨. ઉત્પન્ન થવું. To originate. ૩. બનવું. To happen.
સંભારણું, *n.* યાદગીરી-તેવી વસ્તુ. Keep-sake.
સંભારવું. *vt.* યાદ કરવું. To remember.
સંભાવના, *n.* શક્યતા. Possibility.૨.કલ્પના.Fancy. ૩. આદરસત્કાર. Reception. ૪. ઈજ્જત. Credit.
સંભાવિત, *a.* પ્રતિષ્ઠિત. Respectable.
સંભાષણ, *n.* વાતચિત, Discourse.
સંભાળ, *n.* તપાસ; કાળજી. Care.
સંભાળવું, *vt.* સંભાળ રાચવી. To take care.
સંભોગ, *n.* મૈથુન. Sexual intercourse. ૨. ઉપભોગ. Enjoyment.
સંભ્રમ, *n.* ગભરાટ. Confusion. ભૂલ. Error.
સંમત,*a.*સંમતિવાળું.Agreed to.૨.માન્ય.Accepted.
સંમતિ, *n.* અનુમતિ. Approval. ૨. કબુલાત. Agreement.
સંમાન, *n.* સન્માન. Respect. ૨. પ્રતિષ્ઠા. Credit.
સંમિશ્ર,*a.* મિશ્રિત. Intermixed.
સંમુખ, *a.* સામે મુખવાળું. Confrontidg. *ad.* રૂબરૂ; સામે. Face to face.
સમેલન, *n.* મેળાવડો. Gathering.
સંમોહ, *n.* મૂર્છા. Unconsiousness. ૨. ભ્રાંતિ, Illusion. ૩. મોહ, Fascination.
સમ.-ન,*n.*નિગ્રસ.Restraint.૨.દાબી સખવું તે.Check,
સંયુક્ત, *a.* યુક્ત. Joint.
સંયોગ,-યોજન, *n.* જોડાવું કે ભેગા થવું તે. Union. ૨. સંબંધ. Connection. ૩. મેળવણી. Mixture. ૪. પરિસ્થતિ, Circumstance.
સંયોગભૂમિ;-મી, *n.* જનના બે મોટા પ્રદેશોને જોડનારી સાંકડી જમીનની પટી. Isthmus.
સંરક્ષણ, *n.* રક્ષણ. Protectiou.
સંરક્ષિત, *a.* રક્ષિત. Protected.
સંલગ્ન, *a.* ચોટેલું; વળગેલું. Attached.
સંવત, *n.* વિક્રમ સંવત. Era of Vikrama.
સંવત્સર, *n,* વર્ષ. Year.
સંવત્સરી, *n.* વાર્ષિક મરણ તિથિ. Anniversary.
સંવનન, *n.* પ્રેમ કરવો તે. Courtship.
સંવર્ધન, *n.* લધવું તે.Growth. ઉછેરવું તે.Breeding.
સંવાદ,*n.*ચર્ચા.Dialogue.૨.વાતચિત.Conversation.
સવાહક, *a.* વહન કરનારૂં. Conducting.
સંવિધાન,*n.* અયોજના.Performance.ગોઠવણી.Plan.
સંવૃદ્ધિ, *n.* આબાદી. Prosperity.
સંશય, *n.* વહેમ. Doubt. દહેશત. Fear.
સંશયાત્મક, *a.* વહેમ ભરેલું. Doubtful,
સંશોધક, *n.* શુદ્ધ કરનારૂં. Purifying, તંત્રી.Editor.
સંશોધન, *n.* Research. Purification.
સંશદ, *n.* સભા. Sociery.
સંસર્ગ, *n.* સંબંધ.Contact. ૨.સોબત.Association.
સંસાર, *n.* જગત. Universe. ૨. માયા. Illusion. ૩. ગૃહસંસાર. Affairs of life.
સંસારવ્યવહાર, *n.* દુનિયાદારીનું જીવન. Worldy life.
સંસારસુખ, *n.* સંસારરસ ભોગનું સુખ.Worldly bliss.
સંસારસુધારો, *n.* સમાજીક બાબતોમાં સુધારો. Social. reform.
સંસિદ્ધિ, *u.* સફળતા; પ્રાપ્તિ. Accomplishment.
સંસ્કાર, *n.* શુધ કરવું તે. Purificaticn. ૨. શણગારવુ તે. Adorning. ૩. કેળવણી. Education.
સંસ્કારી, *a.* સારી કેળવણી પામેલું. Polished.
સંસ્કૃત, *a,* સંસ્કાર પામેલું. Cultured, ૨. શણગારેલું Dadorned. *n.*ગીવાર્ણ ભાષા.Sanskrit language.
સંસ્કૃતિ, *n.* સામાજીક પ્રગતિ. Civilisation.
સંસ્થા, *n.* મંડળ; સ્થાપિત વ્યવસ્થા. Institution.
સંસ્તાન, *n.* વસાહત, Colony. ૨. રજવાડું. State.
સંસ્મરણ,-સ્મૃતિ, *n.* પૂર્વસ્મરણ. Reminisciences.
સંહિત, *n.*સમુદાય.Multitude. ૨,સંગઠન;સંપ.Union.
સંહાર, *n.* કત્લ નાશ. Massacre.
સંહારવું,-હરવું, *vt.* સંહાર કરવો. To massacre.
સંહિતા, *n.* સમુચ્ચય. Collection.૨.વ્યવસ્થિત સંગ્રહ. [Digest.
સાઈસ, *n.* ઘોડાવાળો; રાવત. Syce.
સાકર, *n.* ખાંડના પાસાદાર ગાંગડા. Sugar-candy.
સાકરવું, *vt.* બોલાવવું. To call.
સાસ, *n.* વિદ્વાન; પંડિત. Scholar.
સાક્ષાત, *ad.* જાત, In person. ૨. નજરોનજર. Be-

fore the eyes of.
સાક્ષાત્કાર, *n.* નજરોનજર જોવું તે. Manifestation.
સાક્ષી, *n.* સીહેદી. Witness. સાખ. Evidence.
સાખ. *n.* સાક્ષી, Attestation. ૨. આબરૂ. Credit. ૩. ઝાડ ઉપર જ પાકેલું ફળ. Ripe fruit. ૪. બારણું. Door. [of short poem.
સાખી, *n.* બે ચરણનો એક પ્રકારનો દોહરો કે પદ, Kind
સાખોસાખ, *ad.* લગોલગ. Very near.
સાગ,-વાન, *n.* જેમાં ઇમારતી લાકડાં બને છે તે ઝાડ. Teak-wood.
સાગર, *n.* દરિયો. Sea. Ocean.
સાગરિત,-દ, *n.* ચેલો; શિષ્ય. Disciple.
સાગોળ,*n.*ચાળેલો બારીક ચૂનો.Fine chunam powder.
સાચ. *n.* સત્ય. Truth.
સાચ,-કલું, *a.* સાચાબોલું. Truthful.
સાચવણ,-ણી,-ટ, *n.* સંભાળ. Carei
સાચવવું. *vt* સભાળ રાખવી. To take care of. ૨, જતન કરવુ. To preserve.
સાચું, *a.* ખરૂં, સત્ય. True. ૨. એક વચની. Truthful.
સાચુંજૂઠું, *n.* ભંભેરણી. Instigation.
સાચે, *ad.* ખરેખર. Indeed.
સાચેસાચું, *a.&n.* ખરેખર. Truly.
સાજન,-મહાજન, *n.*વરઘોડા સાથે રહેલું પ્રતિષ્ઠિત લોકોનું મંડળ. Bridegroom's retinue.
સાજીખાર, *n.* એક ક્ષાર. Carbonate of soda.
સાજું, *a.* તંદુરસ્ત. Healthy. ભાગેલું નહિ એવું, Unbroken. [hearty.
સાજુંતાજું,-સમું. *a.* તાજું અને નિરોગી, Hale and
સાટકો, *n.* ચાબુક; કોરડો. Larh.
સાટું, *n.* સોદો; કબાલો. Bargain. ૨. કરાર. Contract. ૩, બદલો. Return. [the contrary.
સાટે, *ad.* ના બદલામાં. In return for. ૨.બદલે. On
સાડલો,-લ્લો, *n.* સ્ત્રીઓનું વસ્ત્ર. Female garment.
સાડી, *n.* કિંમતી સાલ્લો. Costly female garment.
સાઢું,-ડું, *n.* સાળીના વર. Husband of one's wife's sister.
સાણશી-સી, *n.* પકડ જેવું એ સાધન.Kind of tongs.
સાત્વિક, *a.* સદ્દગુણી. Virtuous.૨. પ્રમાણિક,Honest. ૩. નરમ. Mild. [ation. *ad.* સાથ. With.
સાગે. *n.* સોબત. Company. ૨. સહકાર. Co-oper-
સાથરો, *n.* ઘાસનું; પરાળની શય્યા. Grass-bed,
સાથવો,-તવો,-તુ, *n.* શેકેલો અનાજનો લોટ. Flour of
સાથળ, *n,* જાંઘ. Thigh. [parched grain.
સાથિયો, *n.* સ આવી મંગળસૂચક આકૃતિ. An auspicious mark,
સાથી, *n.* સોબતી; મદદગાર. Companicn.
સાથે, *ad.* જોડે; સંગાથે. With.
સાદ. *n,* અવાજ, ઘાંટો. Voice. ૨.બુમ. Cry.
સાદડી, *n.* ચટાઈ. Mat.
સાદાઇ, *n.* સાદાપણું Simplicity.
સાદું, *a.* ભપકા કે આડંબર વિનાનું. Simple. ૨. સીધું. Plain. ૪. કોરૂં. Neat.
સાદૃશ્ય, *n.* સમાનતા. Similarity.
સાદ્યંત, *a.&n.* સંપૂર્ણ. Entirely.
સાધક, *a,&n.* સાધના કરનાર. Worshipper.
સાધન, *n.* ઉપાય. Means. સામગ્રી. Materials,
સાધનાભૂત, *a.* સાધનારૂપ બનેલું, Instrumental.
સાધના, *n.* સાધવાની ક્રિયા. Worship.
સાધવું, *vt.* પાર પાડવું, To aocomplish. ૨. સાબિત કરવું. To prove. ૩, ધાધના કરવી. To worship. ૪, લાભ ઉઠાવવો. To avail.
સાધારણ, *a,* સામાન્ય બધાંને લાગુ પડે તેવું. Common. ખાસ નહિ એવું. General.
સાધુ, *n.* ત્યાગી; બાવો, Sage, *a.* પવિત્ર. Holy. ૨. સારૂં. Good. ૩. યોગ્ય. Fit.
સાધુતા,-વૃતિ, *n.* પવિત્રતા; સદાચાર. Purity.
સાધ્ય, *a.* સાધી શકાય તેવું. Attainable. *n.* સિધ કરવાનું તે. That which is to be proved.
સાન. *n.* ઈશારો; સંકેત. Hint,૨.આંખ મચકારો. Wink ૩. અક્કલ. Sense. ૪. સવેજ ગીરો મૂકવું તે. Pawnu
સાનગીરો, *a.*સાનમાં મૂકવું તે. Mortgaged.
સાનંદાશ્ચર્ય, *n.* આનંદયુક્ત આશ્ચર્ય. Admiration filled with joy. [Helping.
સનુકૂલ,-ળ, *a.* અનુકૂળ. Favouvable. ૨. મદદગાર.
સાપ, *n.* સર્પ. Snake.
સાપરાધ, *a.* અપરાધી. Guilty.
સાપોલિયું,*n.*સાનુંબચ્ચું. Young one of a suanke.
સપ્તાહિક. *a.&n.* અઠવાડિય. Weekly.
સાફ, *a.* સ્પષ્ટ; સ્વાચ્છ. Clean. ૨. સપાટ. Plain. ૩. નિષ્કપટી. Atless.
સાફસાફ, *ad.* સ્પષ્ટ રીતે. Cleary.
સાફસૂફ, *n.* સ્વચ્છતા. ચોખવટ. Cleanliness.
સાફી, *a.* ચોકખું; સળતર વિનાનું. Net.
સાબદું, *a.* તમામ, Entire,૨.તૈયાર. Ready. ૩.સાજું. Healthy.
સાબર, *n.* શિગડાંવાળું હરણ જેવું એક પ્રાણી. Stag.
સાબરશિંગું,-શીંગુ, *n.* સાબરનું શિગડું. Stag-horn.
સાબાશ, *vt.* શાબાશ, Brave.
સાબિત, *a.* સિદ્ધ; પુરવાર. Proved.
સાબિતી, *n,* પુરાવો; ખાતરી. Proof.
સાબુ,-સ, *n.* મેલ કાપે તેવો પદાર્થ. Soap.
સાબુચોખા,-ગુચોખા, *n.* તાડ જેવા થડના ગરના બનેવેલા દુધિશા કણ. Sago.
સાબુત, *a.* આખું. Uninjured. સંગીન. Sound.
સાબુતી, *n.*સુરક્ષિતતા.Safety.૨.મજબુત.Durability.
સામગ્રી, *n.* ઉપયોગી સામાન. Materials.
સાહુ, *a.* એકીસાથે. Wholesale.
સામનેનો, *n,* સામે થવું તે, વિરોધ, Opposition,

સામયિક, *a.* સમયોચિત. Timely. *n.*નિયત સમયે પ્રગટ થતું છાપું. Newspaper.
સામર્થ્ય, *n.* બળ; શક્તિ. Strength.
સામસામું, *ad.* બરાબર સામુ. Face to face.
સામંત, *n.* ખંડિયો રાજા. Petty chief. ર. યોદ્ધો. Warrior. ૩. સરદાર. Leader.
સામાજીક. *a.* સમાજ સબંધી. Social.
સમાન, *n.* સાહિત્ય. Goods. ૨.રાચરચીલુ.Furniture.
સામાન્ય, *a.* ખાસ નહિ એવું. Common. ૨. સાધારણ. General. [Common noun.
સામાન્યનામ, *n.* કોઈ એક આખા વર્ગને લાગુ પડતું નામ.
સામાવાળુ,-ળિયું,*a.*સામાપક્ષનું.Of the opposite side.
સામાવાળો, *n.* હરિફ. Rival.
સામુદ્રધુની, *n.* બે મોટા સમુદ્રને જોડનારી ખાડી. Strait.
સામુદ્રિક, *n,* હસ્તરેખા વિજ્ઞાનશાસ્ત્ર. Palmistry.
સામું, *a,* સામે આવેલું. Opposite,૨.વિરૂદ્ધ.Contrary.
સામે, *ad.* રૂબરૂ. Face to face. વિરૂદ્ધમાં. On the contrary.
સામેલ. *a.* સામેલું. Sinbioined.
સામૈયું, *n.* વાજતે ગાજતે સામે લેવા જવું સરઘસ. Ceremonial reception.
સામ્ય, *n.* સમાનતા. Equality.
સામ્યવાદ, *n.* માલમતા વગેરે સામાજીક માલિકીનાં ગણી. દરેકનું સામ્ય સ્થાપનારો વાદ. Communism.
સામ્રાજ્ય, *n.* એક હકૂમત નીચે આવેલાં અનેક રાષ્ટ્રોનો સમૂહ. Empire.
સાયંકાલ. ળ, *n.* સાંજ Evening.
સાર, *a.* ઉત્તમ. Best. *n.*કસ; સત્વ.Essence.૨,સારાંશ. Summary. ૩. લાભ. Profit.
સારક, *a.* રેચક. Purgative.
સારણગાંઠ, *n.* પેઢામાં થતી એક જાતની ગાંઠ. Hernia.
સારથિ. *n.* રથ હાંકનાર. Charioteer.
સારવાન, *n.* ઊંટવાળો રાયકો. Camel-driver.
સારવાર, *n.* સેવા ચાકરી; બરદાસ. Nursing.
સારવું, *vt.* કાણું પાડવું. To bore. 2. પાર પાડવું. To serve the purpose.૩, શ્રાધ કરવું.Offer funeral [cakes.
સારસ, *n.* એક પક્ષી. Indian crane.
સારંગ, *n.* વહાણના કપ્તાનનો મદદનીશ. First mat of the ship. ૨. રાગ. Tune. ૩. મૃગ. Antelope.
સારંગી, *n.* એક તતુવાદ્ય. Fiddle.
સારાસાર, *n.* સારૂ અને ખોટું. Meritand Demerit.
સારાસારી, *n.* સારો મેળ કે સંબંધ. Harmony.
સારાંશ, *n.* ભાવાર્થ મતલબ. Substance. તાત્પર્ય. Essence,
સારીકા, *n.* મેના. Canary bird.
સારૂ, *ad.* ને માટે; વાસ્તે. For.
સારૂં. *a.* શુભ. Good. ૨. સુંદર. Beautiful. *Int.* ભલે.
સાર્થ, *a.* અર્થયુક્ત. Significant.
સાર્વજનીક,-નીન,-લૌકિક, *a.* જાહેર. Public. ૨.સર્વ લોકોનું. Commou.

સાર્વત્રિક, *a.* સર્વવ્યાપી. Universal.
સાર્વભૌમ, *n.* ચક્રવર્તી રાજા. Emperor. *a.* આખી પૃથ્વીનું. Universal.
સાલ. *n.* નડતર, Hindrance. ૨, વર્ષ. Year. ૩. બંધબેસતો સાંધો. Joint that fits a socket.
સાલગરેહ,-ગીરી, *n.* જન્મગાંઠ. Bith-date.
સાલવાર, *ad.* વરસવાર. Chronologically.
સાલવારી, *n.* બનાવોનીસાલવારગોઠવણી.Cetonology.
સાલવવું, *vt.* પંચાત ઉભી કરવી. To entangle. ૨. સાલ બેસાડવાં. To make joints.
સાલવી, *n,* સુથાર. Carpenter.
સાલવું, *vt.* ખટકવું. To pinch. દુઃખ થવું. To ache.
સાલસ, *a.* નરમ સ્વભાવનું. Mild.
સાવાર, *a.* આગેવાન; મુખ્ય. Chief.
સાલિયાણું, *n.* વર્ષાસન. Annuity.
સાવ, *ad.* તદ્દન. Wholly.
સાવકું, *a.* ઓરમાયું;અપરમાનું.Related to a different mother. [Vigilant.
સાવચેત,-ધ,-ધાન, *a.* હોંશીયાર.Careful.૨,સચેતન.
સાવજ, *n.* વાઘ. Tiger.
સાવચેતી,-ધાની, *n.* જાગૃતિ. Vigilance. ૨. ચેતવણી.
સાવરણી, *n.* પૂંજો વાળવાનું સાધન. Broom.
સાશ્ચર્ય, *a.&ad.*અચંબા સાથે.With astonishment.
સાષ્ટાંગ, *a.* શરીરના આઠે અંગ સહિત. Made with eight members of the body.
સાસ, *n.* શ્વાસ. Breath. ૨. જીવ. Life.
સાસરવાસો, *a.* સાસરે જતી દીકરીને અપાતી વસ્તુઓ. Things given to a daughter when she goes to her husband's house. [paternal house.
સાસરૂં, *n.* સાસરાનું ઘર. Husband's or wife's
સાસુ, *n.* વર કે વહુની માં. Mother-in-law.
સાહજિક, *a.* કુદરતી; સ્વાભાવિક. Natural.
સાહવું, *vt.* પકડવું; ઝાલવું. Hold.
સાહસ, *n.* જોખમભરેલું કામ.Adventure.૨. અવિચારી કામ. Rash act. ૩, હિમ્મત. Boldness.
સાહસિક,-બી, *a.* સાહસ કરનારૂં. Enterprising.
સાહરય,-હ્ય, *n.* મદદ. Help. Assistance.
સાહિત્ય, *n.* સાધન; સામગ્રી. Implement.૨. વાઙમય, Literature.
સાહિત્યકાર, *n.* સાહિત્ય રચનાર. Literary man.
સાહિત્યપરિષદ, *n.* સાહિત્ય. ચર્ચા કરનારી પરિષદ.Literary conference.
સાહી, *n.* શાહી. Ink.
શાહુકાર, *n.* વેપારી. Banker. A shroff.
સાહેબ, *n.* ધણી. Owner. ૨. મોટા માણસ.Big man. ૩. ટોપીવાળો. European. ૪, ઈશ્વર. God.
સાહેબા, *n.* શેઠાણી; પ્રતિષ્ઠિત સ્ત્રી. Lady.
સાહેબી, *n.* જાહોજલાલી. Grandeur. આબાદી,Prosperity.
સાહેબો, *n.* વર. Husband.
સાહેલી, *n.* સખી. Female friend.

સાળ, *n.* કપડાં વણવાનું ઓજાર. Loom.
સાળવી, *n.* કપડાં વણનાર; વણકરે. Weaver.
સાળી, *n.* વહુની બહેન. Sister-in-law.
સાળુ, *n.* સ્ત્રીઓને પહેરવાનું ઝીણું રંગીન વસ્ત્ર.Female garment.
સાળો, *n.* વહુનો ભાઇ. Brother-in-law.
સાંઇ, *n.* ફકીર. God. ફકીર. Mendicant. A Fakir.
સાંકડું, *a.* પહોળાઈમાં ઓછું. Narrow.
